પ્ર.- પણ બધામાં એ આવડત ક્યાંથી હોય ?

ઉ.- કીધું નહિ ? સંસારમાં જ્યાં પૈસાની કે બીજી દવા-ડોકટરની ગરજ છે ત્યાં સામાનું પચાવવાની આવડત બધાયને હોય છે. દા.ત. ડોકટર મિજાજી હોય પણ હોશિયાર અને જશરેખાવાળો હોય તો એના બધાય દરદીને એનો ગરમ સ્વભાવ પચાવી લેતાં આવડે છે, ને એની દવા કરી સાજા થઇ ખુશી થાય છે. સમજે છે કે 'બીજો સારા સ્વભાવનો ડોક્ટર જોવા જઇશું પણ એ એવો હોશિયાર નહિ હોય તો ભલેને એની દવા લેવાય છતાં માંદા જ રહીશું. એ તો એની સામે નરમ રહેવાનું એટલે વાંધો ન આવે, ને એની દવાથી સારા થઇ જવાય.'

આમ જો ગમે તેવા મિજાજી પણ દરદીને ત્યાં ગરમ સ્વભાવવાળા ડોકટર પાસે નરમ થતાં આવડે છે, તો વૈરાગ્યથી દીક્ષા લેનાર શિષ્યને ગુરુના ગરમ સ્વભાવની સામે નરમ થતાં ન આવડે ? વાત એ છે કે અહીં આત્માના વિષય-કષાયના રોગ કાઢવાની ગરજ જોઇએ. તો ગુરુનો સ્વભાવ પચાવી લેતાં અર્થાત્ એને અનુકૂળ થઇ જતાં આવડે. ત્યારે પૂછો-

પ્ર.- ગુરુનો સ્વભાવ તો સારો હોય પણ સાથેના સાધુ-સમુદાયમાં કોઇના સ્વભાવ તીખા હોય તો કેમ નભે ?

ઉ.- દીકરી માટે સાસરિયાનાં બધાનાં ઠંડા સ્વભાવ જોવા કોણ બેસે છે ? એ તો ડાહી દીકરી સમજે છે કે 'આપ ભલા તો જગ ભલા' અને ભલી થઇ ને રહેતાં બધાને એ પ્રિય થઇ પડે છે. તો આને સંસાર માંડવામાં કશો મોક્ષનો ઉદ્દેશ પણ નથી, કેવળ કર્મ બંધાવનારાં સંસારસુખ જ જોઇએ છે, છતાં એ પણ 'આપ ભલા તો જગ ભલા, ના સૂત્રથી સુખે જીવી શકે છે, તો પછી જેને મોક્ષનો ઉદ્દેશ છે ને એ માટે કર્મક્ષય તથા નવીન કર્મની અટકાયતનો ઉદ્દેશ છે, એવા સુશિષ્યને સમુદાયમાં રહેતાં શું આ ન આવડે કે આપ ભલા તો જગ ભલા ? સમુદાયમાં ભલા થઇને રહેતા કશો બાધ નથી આવતો...ને સાધુઓને પ્રિય થઇ પડે છે. ત્યારે દીક્ષા સામે આ પ્રશ્ન આવે, કે-

પ્ર.-એકદમ દીક્ષા લઇ લેવામાં ત્યાં તો સંસારીથી તદ્દન જુદું જીવન, તે એમાં ફાવે શી રીતે ?

ઉ. આનો પણ ખુલાસો સરળ છે. દીકરી પારકે ઘરે જઇ શું કરે છે ? તદ્દન અપરિચિત ઘરમાં જવા છતાં પોતાનું મન જ એવું બનાવી દે છે કે 'આ મારું ઘર, આ મારા પતિ', વગેરે નક્કી કરી લે છે, તો એને જોતજોતામાં એવું ફાવી જાય છે





કે પછી બાપનું ઘર યાદેય નથી આવતું, એમ અહીં સંયમ જીવનમાં મન બનાવી લેતાં ન આવડે ? સાસરે જનારી કન્યા મન મનાવી લે છે કે 'હવે આ મારું ઘર, આ મારા જીવનસાથી પતિ અહીંની સગવડ એ જ મારી સગવડ.' એમ મન મનાવી લેવાથી ખુશીથી એને ફાવી જાય છે, તો સંયમ જીવનમાં એ રીતે 'આ મારું ઘર, આ મારા જીવનસાથી ગુરુ, અહીં ની સગવડ એ જ મારી સગવડ.' એમ મન મનાવી લે તો સંયમ-જીવનમાં કેમ ન ફાવી જાય ? બાકી મનમાં સંસારી સગાં, સંસારી ઘર, સંસારી સગવડો મનમાં ભરીને સંયમ જીવનમાં આવે, એણે ભલે એકદમ સંયમ ન લીધું હોય, તોય એને એમાં નહિ ફાવે.

**મન મનાવી લેવાથી તો મોટી તપસ્યાઓ થાય છે, જ્ઞાનપ્રાપ્તિની અથાગ ભગીરથ મહેનત થાય છે, કડક ગુરુની કડકાઇને આનંદથી વધાવી લેવાય છે. ક્ષમાદિ ગુણો વિકસાવી શકાય છે. બધું મન મનાવી લેવાથી.**

દીક્ષાની વાત આવે ત્યારે કહે છે,

પ્ર.- પણ ભણ્યા વિના શી રીતે દીક્ષા લેવાય ?

ઉ.- તો પૂર્વના મોટા શાલિભદ્ર અને સનત્કુમાર વગેરે અને બીજા લાખો કરોડો જે એકાએક દીક્ષા લેનારા બન્યા, તે શું ભણી કરીને બનેલા ? ના, તો ભણ્યા વિના શી રીતે દીક્ષા લીધી ? કહો એ સમજેલા કે-

**દીક્ષા એટલે-**

**(૧) પંડિત જીવન નહિ, પણ સંયમ જીવન, અનંતાનંત જીવોને અભયદાન દેવાનું જીવ,**

(૨) મોહને મારવાનું જીવન,

(૩) ઇન્દ્રિયોને ને કષાયોને વશ કરવાનું જીવન.

(૪) અઢાર પાપસ્થાનકથી આત્માને બચાવી લેવાનું જીવન,

(૫) લોટબંધ કર્મક્ષય કરવાનું જીવન,

(૬) સંસાર, સંસારી સગા અને પાપ વેપાર-પાપ પૈસા વગેરેની માયા મૂકી, પરમાત્માની માયા લગાડવાનું ને પ્રભુને જ ભજવાનું જીવન,

(૭) સંયમી ગુરુની જીવનભર સેવા કરીને ભવસાગર તરી જવાનું જીવન.

આવું આવું સમજેલાઓએ ભણ્યા વિના પણ સંયમ જીવન એકદમ લઇ લીધેલું.

**અસલમાં, એવા ઉત્કટ વૈરાગ્ય, પરલોકભય, પાપઘૃણા વગેરેનાં ફાંફાં છે માટે બહાનું કઢાય છે કે ભણ્યા વિના શી રીતે દીક્ષા લેવાય ?**

બાકી જો પહેલા કહ્યા તેવા-સંયમ જીવનના વિવિધ અર્થ જીવનમાં ઉતારવા હોય, અને સંસારની માયા ભૂલી ભગવાનની માયા લગાડવી હોય, તેમ જ જિનાજ્ઞા મુજબ જ જીવન બનાવવું હોય, તો એ સંયમ જીવનમાં જ શક્ય છે ને એ તરત જ લેવાની તાલાવેલી રહે. પૂર્વના મહાપુરુષોના પ્રસંગો જુઓ કે કેવા કેવા વિચાર પર એકદમ જ સંયમ લઇ લેનારા બન્યા, તો હૈયાનાં કમાડ ઊઘડી જાય. જુઓ એના દાખલા,

**એકાએક સંયમ લેનારમાં કારણભૂત વિવિધ એકેક વિચારની નોંધ :-**

રાજા ગુણસેન આરામથી ઝરુખે બેઠો કોઇની સ્મશાનયાત્રા જોઇ વિચારે છે કે, 'અહો ! આ માણસ કદાચ અભિમાની હશે પણ જમરાજ કેવો આને ઠાઠડીમાં બંધાવીને અગ્નિમાં સળગાવી દેવાની સ્થિતિમાં મૂકે છે ! અહો ! મોટા ઇન્દ્રોને પણ જમરાજ છોડતો નથી ! આખા વિશ્વ પર યમરાજની વિજયયાત્રા ચાલે છે ! તો હું શું જોઇને અસંયમમાં બેસી રહ્યો છું ? સંયમ-જીવન તો એવા વિશ્વ-વિજયી પણ જમરાજ પર વિજય અપાવે છે, મૃત્યુનું જ મૃત્યુ કરી આપે છે ! તો ઉઠ જીવ ! ઉઠ, લે સંયમ.'

આ વિચાર પર ગુણસેન તરત ઊઠ્યા, દીકરાને રાજ્ય સોંપી તરત બીજે દિવસે જ ગુરુ પાસે જઇ ચારિત્ર લેવું છે. પણ રાત નકામી કેમ ગુમાવવી ? તેથી મનથી સંયમ ધારી લઇ એકાંતમાં ધ્યાનમાં બેસી ગયા.

**(૧) એક જ મૃત્યુના જ વિચાર પર એકદમ જ સંયમ લેવાની તૈયારી !**

**(૨) કર્મથી કચરાવા કરતાં જાતે કર્મને જ કચરવાના વિચાર પર સંયમ ગ્રહણ.**

સીતાજીને દિવ્ય કર્યા પછી ભારે યશવાદ મળ્યો, રામ વગેરે કુટુંબીજનો એમને ઘરે ચાલવા કરગરે છે, ને હવે મહામાન-સન્માનપૂર્વક ઠરીઠામ બેસી આભાર નીચે દબાયેલા પતિ સાથે રાજાશાહી સંસાર સુખો ભોગવવાનો અવસર આવ્યો છે, પણ એમના મનને વિચાર આવ્યો કે 'આમ પુણ્યના વિશ્વાસે રહી કર્મની ત્રણ વાર તમાચ ખાધી.

(૧) રામ જેવા પતિ મળવા છતાં મહેલવાસ ને બદલે વનવાસ આવી પડ્યો.





(૨) વનમાંય રામ-લક્ષ્મણ જેવા રખેવાળ છતાં રાવણે ઉપાડી,

(૩) ત્યાંથી રામે છોડાવી ઘરે લાવી આરામથી બેસાડી તો ય એમણે જ લોક-નિંદાના ભયથી વનમાં એકલી અટૂલી તરછોડાવી ! આમ કર્મની ત્રણ તમાચ ખાધી, તો હવે પાછું રાજમહેલમાં જતાં પાછી કર્મની નવી કોઇ તમાચ માટે તૈયારી કરવી ? ના, ના,

**કર્મ મને શું તમાચ મારે ? હું જ ચારિત્ર દીક્ષા લઇ અહિંસા-સંયમ-તપથી કર્મોને તમાચ કાં ન લગાવું ?' આ એક વિચાર.**

અથવા, 'અત્યાર સુધી જે આપદાઓ આવી તે મારા વિષય-રાગના કારણે. વિષયરાગી સંસાર જ ન માંડ્યો હોત તો આ આપદાઓ ને નાલેશી શાની થાત ? તો જે વિષયરાગનાં કટુફળ અહીં જ મેં અનુભવ્યાં, અને જ્ઞાનીઓ તો આથીય ભયંકર કટુફળ નરકાદિ દુર્ગતિઓના ભ્રમણનાં બતાવે છે, તે વિષયરાગને આટલું જોયા પછી હવે પાછી ઘરે જઇને પોષું ? ના.

**(૩) જે વિષયરાગે અહીં સંસારી જીવન અને ત્રણવાર નાલેશી આપી તેમજ પરભવે જે નરકાદિનાં દુઃખ દેખાડે એ વિષયરાગને સંયમ જીવન લઇ મૂળમાંથી ઊખેડી નાખું.' આ વિચારી સંયમગ્રહણ.**

આટલા વિચાર પર સીતાજી દિવ્ય કરીને એકદમ ચારિત્ર-દીક્ષા લેવા ચાલ્યાં, વહાલસોયા બે દીકરાનો મોહ પણ મૂકી દીધો ! રામ મૂર્છિત થઇ ગયા તો યે એમને મૂકીને ચાલી નીકળ્યાં ! શું આમ કશા અભ્યાસ-ભણતર-પરિચય વિના એકદમ જ સંયમ લઇ લેવાય ? હા, વિષયરાગના અનર્થ જોતાં ઉત્કટ વૈરાગ્યનો વિચાર જોરદાર આવે કે લઇ લેવાય. વળી-

**(૪) તરત જ સંયમગ્રહણ માટે એક બીજો વિચાર-**

કૃષ્ણ વાસુદેવની પટ્ટરાણી રુક્મિણીને નેમનાથ ભગવાને કહ્યું, 'તેં પૂર્વ ભવમાં કંકુવાળા હાથે મોરલીનું ઇંડું ઊંચકી લીધેલું તે લાલ થઇ જતાં પાછું મૂક્યા પછી મોરલી એને ઓળખી શકી નહિ. ઝૂરવા લાગી ને સોળ ઘડી પછી વરસાદ પડતાં એ ઇંડાનો રંગ ધોવાઇ ગયો. મોરલીએ હવે એને ઓળખ્યું, રાજી રાજી થઇ ગઇ. આ સોળ ઘડીનો વિયોગ કરાવવાના કર્મે તારે અહીં તારા વહાલા પુત્ર પ્રદ્યુમ્નનો સોળ વરસ જેટલો વિયોગ થયો !' ત્યાં રુક્મિણી વિચાર કરે છે કે 'અરે ! તો પછી મોજમાં, રમતમાં, હસવામાં આવાં તો કેટલાંય કર્મ બાંધ્યાં ને બંધાતાં હશે ? એના કેવાં કેવાં દારુણ ફળ ભવાંતરે ભોગવવાં પડે ? તો લાવ, ચારિત્ર જ લઇ

લઉં, જેથી સંયમના પ્રભાવે એવા મારણહાર મોજ-રમત-ચેષ્ટા વગેરે થાય જ નહિ. બસ, એટલા વિચાર પર એકદમ જ ચારિત્ર લઇ લીધું ! શું ?

**મોજની ચેષ્ટાથી બચવાના વિચાર પર સંયમગ્રહણ.**

**(૫) એક અશુભ જેવા બીજા અશુભના ઉદયની સંભાવનાથી સંયમગ્રહણ -**

શેઠની કન્યાને લગ્ન પછી પતિ પહેલ વહેલીવાર તેડવા આવ્યો. એક વ્યંતરદેવે આ મજાક કરી કે જેવો પતિ એના ઓરડામાં પેસવા જાય છે કે તરત જ સામી બાજુની બારીથી કે બારણેથી એક માણસ ભાગી જતો દેખાડ્યો ! પતિ એ જોઇ વહેમાયો કે 'આ કન્યા સારી ચાલની કેમ હોય ?' તે તરતજ ત્યાંથી પાછો વળી પોતાના ઘરે ચાલ્યો ગયો, ને ફરીથી એને ન જાતે તેડવા આવ્યો કે ન બીજા પાસેથી તેડાવી.

આ કન્યા વિચારે છે, 'અહો ! મારું કોઇ એવું પૂર્વનું અશુભ જ કર્મ કે પતિએ મને પરણ્યા બરાબર છોડી ! તો હવે મારે શા સારુ આશામાં રહેવું કે આજે નહિ, ને કાલે પતિ મને બોલાવશે ? અરે ! બોલાવે તો ય કોને ખબર, મારા આત્માની વખારમાં બીજાં કેટલાંય અશુભ કર્મ પડ્યાં હશે એ પાછાં ઉદયમાં આવી બીજાં અનર્થ ન સરજે ? શી ખબર ? માટે એના કરતાં હવે તો પતિએ સારું થયું, જેની સગવડ કરી આપી, એ સંયમ જ લઇ લેવા દે.' બસ, આ વિચાર પર ઊઠી ચારિત્ર દીક્ષા લઇ લીધી.

**(૬) મંત્રીપદ સામે આવતાં સર્વત્યાગનો વિચાર :-**

સ્થૂલભદ્રજીને નંદરાજા મંત્રી બનવા કહે છે. એના પર એ વિચાર કરે છે કે 'મંત્રી બનું તો એ જવાબદારી ઉપાડવાની ખટપટમાં રોકાતાં મારે કોશા વેશ્યાનાં ચોવીસે કલાકનાં જે સુખ મળી રહ્યાં છે તેમાં મોટા ભંગ પડી જાય ! તો આવા મંત્રીપણાનાં માન શું કરવાના ? મંત્રીપણું ન જોઇએ.' એ આટલું વિચારી અટક્યા નહિ, તરત જ પાછા એમ વિચારે છે કે 'તો પછી હું મોક્ષનાં અનંતસુખ કેમ ભૂલી જઉં છું ? આ વેશ્યાનાં સુખ લેવામાં મોક્ષનાં સુખ તદ્દન દૂર થઇ રહ્યાં છે. એ સુખને લાવનાર સંયમ છે, અને સંયમ માત્ર મનુષ્યભવમાં જ મળે અને મનુષ્યભવે જ આરાધાય. વેશ્યાનાં સુખ લેવા જતાં મોક્ષ સુખદાયી સંયમની અણમોલ તક વેડફાઇ રહી છે. તેમ સંયમના સુખ પણ કાંઇ કમ નથી.





અર્થ-કામનાં સુખ કરતાં સંયમનાં સુખ કેઇગુણા ચડિયાતાં છે. તો કેમ હું વેશ્યાના સુખમાં અંધ બની એ વિચારી રહ્યો છું ? ભલેને વેશ્યાનાં સુખ જિંદગીભર ભોગવવા મળ્યાં પણ પછી ઘોર અંધારું છે. ત્યારે અહીં સંમય સાધી લેવાય તો જીવનભર સમાધિનાં ચિત્તસ્વાસ્થ્યનાં સુખ, અને પછીનો દીર્ઘકાળ ઉજ્જવળ છે. સદ્ગતિ સંયમથી મળે છે, વેશ્યાના રંગરાગથી નહિ. અંતકાળ પણ સંયમમાં સુખદ આવે છે, વેશ્યા સાથેના રંગરાગમાં નહિ. એમાં તો ઊલટું 'હાય ત્યારે ! આ વેશ્યા ને એના સુખ છોડીને મરવાનું ?' એમ પીડાનો પાર નહિ રહે. તો તો ઊઠ જીવ ! ઊઠ,

**કોશાના સુખ ખાતર મંત્રીપણું ન જોઇએ એમ મોક્ષસુખદાયી સંયમ ખાતર સંસારસુખ ન જોઇએ.**

બસ, આટલા વિચાર પર એકદમ જ ત્યાં કેશનો લોચ કરી નાખી સાધુવેશ ધરીને ગુરુ પાસે જવા નીકળી પડ્યા ! અહીં આવ્યા તો રાજા કેમ બોલાવે છે, માત્ર એ સાંભળવા આવેલા. ને તે પણ વેશ્યાને કોલ આપીને આવેલા કે 'હું તરત પાછો આવું છું,' ત્યાં ક્યાં દીક્ષાની લેશ પણ વાત હતી ? છતાં એક ચોક્કસ વિચાર પર તરત જ દીક્ષા લઇ લીધી !

ત્યાં કશું વિચારવા ન રહ્યા કે '(૧) આપણે ભણ્યા નથી, (૨) સાધુના પરિચયમાં રહ્યા નથી, (૩) ગુરુ કરવા પહેલાં ગુરુનો સ્વભાવ કેવો છે તથા (૪) સમુદાય કેમ છે, કાંઇ અનુભવ્યું નથી, તો પછી એમ જ એકદમ દીક્ષા કેમ લેવાય !' આ કશું વિચારવા ન રહ્યા.

એક જ વિચાર છે કે 'એક પળનું પણ સંયમ કેમ ગુમાવાય ? બાકી ગુરુ કરશું એ જ્ઞાની સંયમી કરશું પછી એ આપણને સંયમ અને જ્ઞાનમાં જ દોરશે. ત્યાં પરિચય નહિ તોય શું ખોવાનું હતું ?' આપણે જ મન ફેરવ્યું કે 'હવે મારે મારા તરીકે કુટુંબી નહિ કે પત્ની નહિ, પણ ગુરુ મારા, ને મારું ઘર તે સાંસારિક ઘર હવે નહિ, કિન્તુ સાધુસમુદાય એ મારું ઘર,' એટલે એમાં સહેલાઇથી એડજસ્ટ થઇ જવાય, ગોઠવાઇ જવાય. તેમ ગુરુ અને સમુદાય સાથે વ્યવહારમાં તો 'આપ ભલા તો જગ ભલા' સૂત્ર રાખીને ચાલ્યા એટલે એમની સાથે પરસ્પર પ્રેમ જ ઊભો થવાનો. આ હિસાબ માંડ્યા હોય ત્યાં એકદમ પણ દીક્ષા લઇ લેતાં અને લીધા પછી વાંધા શાના ઊભા થાય ?

**(૭) મૂળને વળગવું કે ડાળ-પાંખડાંને પકડી બેસી રહેવું એ વિચાર પર સંયમ :-**

મરીચિ ભરત ચક્રવર્તીના પુત્ર ચક્રવર્તીના ઘરની બાદશાહી ભોગવનારા પરંતુ ઋષભદેવ ભગવાન પધાર્યા છે તેથી પિતા વગેરેની સાથે સમવસરણે આવ્યા ત્યાં સુધી કશો વિચાર ચારિત્ર લેવાનો નથી, અને પછી સમવસરણની સમૃદ્ધિ જોઇ આશ્ચર્ય પામ્યા કે-

'અહો ! આ વૈભવ ? જોજન એટલે ચાર ગાઉના જંગી મોટા સમવસરણમાં ચાંદી-સોના-રતનના કિલ્લા ! રત્નોના ઝગારા મારતા ! આવો વૈભવ મારા પિતા ચક્રવર્તીના નવ નિધાનમાંય નથી. પરંતુ-

આ સમવસરણનો અચિંત્ય વૈભવ શાના ઉપર સરજાયો ? મારા દાદાએ સંયમ-ધર્મ સાધ્યો એના પર. તો મૂળ તો ધર્મ જ છે, ને આ પૌદ્‌ગલિક વૈભવ શું, કે પિતાના ઘરનો વૈભવ શું, એ તો એના પર ઊગેલાં ડાળ-પાંખળા છે. તો મારે મૂળને વળગવું ? કે ડાળ પાંખળાને પકડીને બેસી રહેવું ? વૈભવ તો જનમજનમ મળશે, પણ સંયમ ધર્મ તો મનુષ્ય ભવમાં જ પકડી શકાશે. માટે મારે સંયમધર્મ જ મુબારક હો.'

બસ, આટલા વિચાર પર પ્રભુ પાસે પહોંચી તરત સંયમ લઇ લીધું. 'હજી ભણ્યો નથી, સાધુ-પરિચય નથી,' એવું કશું વિચારવા રહ્યા નહિ.

**(૮) પુણ્યોદયનો ભરોસો કરવા જેવો નહિ એ વિચાર પર સંયમ-**

વાલિરાજાને વશ કરવા રાવણ લડવા આવેલો પણ વાલિથી હારી ગયો. ઉમદા દિલના વાલિ રાવણને શિખામણ આપે છે, ''જો રાવણ ! મિત્રાચારીનો સંબંધ રાખવા હું તૈયાર હતો, પરંતુ બળ-પરિવાર-સેના-ચંદ્રહાસખડ્‌ગ સુધીનાં શસ્ત્રો, વગેરેની પુણ્યાઇના ભરોસે તારે મારા પર સ્વામિપણું જોઇતું હોવાથી લડવા આવ્યો, તો પુણ્યે તને દગો દીધો. માટે પુણ્યનો વિશ્વાસ કરવા જેવો નથી.'' અહીં શિખામણ આપવા સુધી વાલિને સંયમ લેવાની કોઇ કલ્પના ન હોતી. પણ એ શિખામણ પોતાની ઉપર ઉતારી વિચારે છે કે-

'અરે ! હું એને શિખામણ આપું છું પણ હું પોતે શું કરી રહ્યો છું ? એ જ ઠપકો મને ય લાગુ પડે છે. હું કેમ પુણ્યના વિશ્વાસે બેઠો છું ? મારી પાસેનાં રાજ્ય, બળ અને આયુષ્યનાં પુણ્યના વિશ્વાસ પર જ હું સંસારમાં-અસંયમમાં બેસી રહ્યો છું. શું આ પુણ્ય મને દગો નહિ દે ? આયુષ્ય ક્યારે તૂટે શી ખબર ? હજી





આયુષ્ય ટકવાનું ય હોય પણ બળ ક્યારે ખૂટે એનીય ક્યાં ખબર છે ? એના ભરોસે રહેતાં કદાચ પુણ્ય ખૂટી ગયાં ને સંયમની આરાધના વિના રહી જાઉં, મનુષ્ય-જનમ સંયમની આરાધના અને તે દ્વારા આત્માની મુક્તિ કરવા માટે જ છે તે વેડફાઇ જાય. માટે ઊઠ જીવ ! ઊઠ, લેવા દે સંયમ.'

બસ, આટલા જ વિચાર પર નાના ભાઇ સુગ્રીવને રાજ્ય સોંપી ચારિત્ર લઇ લીધું. એકદમ જ ? હા, કશા અભ્યાસ, સાધુ પરિચય, વગેરે કર્યા વિના જ ? હા, કારણ સંયમથી કર્મોનો કચ્ચરઘાણ કાઢવાનો નિર્ધાર છે, પછી બધી મામૂલી બાબતો શાની આડે આવી શકે ? ગુરુનો કે સમુદાયના સાધુનો સ્વભાવ ઉગ્ર હોય તો તે કર્મક્ષય માટે થવાનો. એવા સ્વભાવમાં સમતાથી સહી લેવામાં એકાંતે કર્મની નિર્જરા જ છે. અને-

ભણ્યા નથી પણ ભણવાનું તો સંયમ લઇને એ જ કરવાનું છે, એટલે બની જવાનું. ભણવાનું શ્રાવક પણામાં કદાચ કરાય તો ય કેટલું ? બહુ ઓછું સાધુ-પણામાં જે ભણવાનું છે તે તો ઘણું ઘણું ભણવાનું છે. એટલે દીક્ષા પહેલાં કદાચ નથી ભણ્યા તો પણ દીક્ષા લઇને જ ભણી શકાય છે એ ઘરવાસમાં ક્યાંથી ભણી શકાય ?

**(૯) હાર-જીત કર્મના હાથની વસ્તુ, સંયમ મારા હાથની વસ્તુ-એ વિચાર પર સંયમ-**

રાવણના વડવા પાસેથી લંકાનગરી પચાવી બેઠેલ વૈશ્રવણ હવે મોટા થયેલ રાવણના હાથે હાર્યો ત્યાં યુદ્ધના મેદાન પર વિચારે છે કે 'રાવણને અભિમાનના તોર પર ચાલ્યો જા, નહિતર લડાઇમાં માર્યો જઇશ એમ કહેનાર હું હવે જગતને મોં શું બતાવું ? માટે આપઘાત જ કરું.' અહીં સુધી એને દીક્ષા લેવાની મનમાં કોઇ કલ્પના ય નહિ. પરંતુ હવે વિચાર થયો કે-

''અરે ! આ શું ખોટો વિચાર કરું છું ? એમ મરું તો તો સંયમ માટે જ યોગ્ય આ અમૂલ્ય માનવ જિંદગીનો મારા હાથે જ નાશ થાય ! હારવાનું અપમાન એ કઇ મોટી ચીજ છે ?

**આપઘાતથી મરું એમાં કર્મ તરફથી મોટી મશ્કરી, મોટું અપમાન છે કે 'લે, સંયમ જીવનની તક સાધી લેવાની તારી શાબાશી કેવી મેં ધૂળ ભેગી કરી ?'**

જીતવું-હારવું એ તો કર્મના હાથની વસ્તુ હતી, પણ સંયમ લેવું એ તો

મારા હાથની વસ્તુ છે, તો શું કર્મની વસ્તુ પર મારી વસ્તુ ગુમાવવી ? હારવામાં કર્મે તમાચ મારી, હવે સંયમની તક નષ્ટ કરવામાં મારા જ હાથે મને તમાચ મારું ? ના, ના, સંયમ તક સાધી લઉં.''

બસ, આટલા વિચાર પર ત્યાં યુદ્ધભૂમિ પર જ સાધુપણું સ્વીકાર લઇ ધ્યાનમાં ઊભા રહી ગયા ! દીક્ષા એમ એકદમ લેવાય ? હાં લેવાય.

**આપઘાતથી જીવન ગુમાવવું જ હતું તો એ જીવન સંયમને સોંપવું શું ખોટું ?**

**'માનવ જીવનની વિશિષ્ટ શક્તિ-પુણ્યાઇ અને ખુદ માનવભવ એ પાપની નહિ પણ સંયમ આરાધનાની જ મહાન સામગ્રીરૂપ છે.' એમ સમજાય તો સંયમ માટે ક્ષણનો ય વિલંબ શા સારુ કરાય ? પૂછો-**

પ્ર.-પણ એમ આવેગ આવવાથી દીક્ષા લઇ તો લીધી, પણ પછી મન પાછું પડે તો ?

ઉ.-આ સવાલ એટલા માટે થાય છે કે મૂળમાં હૈયે આ ચોંટ નથી કે 'માનવૈભવ શરીર વગેરે એ અસંયમનાં પાપો કરવા નહિ પણ સંયમ-જીવન આરાધવા માટેની જ સામગ્રી છે.' હૈયે એ સચોટ બેસી જાય પછી મન શાનું પાછું પડે ? તો કહે છે-

પ્ર.- પણ મોહનો ઉદય જાગે તો પતન થાય ને ?

ઉ.- આ સવાલ પણ સંયમ જીવન શું છે એની અજ્ઞાનતાના ઘરનો છે.

**સંયમ જીવનમાં મોહનો ઉદય કેમ ને જાગે ? -**

(૧) સંયમ જીવનની ચર્યાઓ, જેવી કે જોઇને જ ચાલવું, વારે વારે પૂંજવું-પ્રમાર્જવું, ઉપયોગપૂર્વક જ બોલવું, નિર્દોષ જ ગોચરી...વગેરે એવી છે કે એમાં હૈયામાં જીવરક્ષા અને જીવો પર કરુણા એવી ખીલતી જાય છે કે પછી જીવહિંસાથી ભરેલા સાંસારિક જીવન તરફ ઘૃણા જ ઘૃણા થતી રહે. વળી-

(૨) સંયમ જીવનમાં સંયમી મુનિઓનો ચોવીસે કલાકનો સહવાસ એવો છે કે મન સંયમમાં પલોટાતું અને વધતા ઉલ્લાસવાળું બનતું જાય. પછી મોહ શું કરે ? વળી-

(૩) સંયમ જીવનમાં શાસ્ત્ર-સ્વાધ્યાય એવો છે કે એના રસ આગળ સંસાર સુખ કૂચા લાગે. તેમ જ એ શાસ્ત્રો પણ સંસારની ભરચક અસારતા બતાવ્યા જ કરતાં હોવાથી ભવ-વૈરાગ્ય વિષય-વૈરાગ્ય વારે ને વારે મન પર અંકાતો રહે છે.





વળી-

(૪) સંયમ જીવનમાં સાચી અખંડ પરમાત્મ પ્રીતિ એવી જામતી રહે છે કે પછી પ્રભુ જેવું બીજું કશું ગમે જ નહિ. સંસારનાં સગાં શું, કે સંસારના પદાર્થો શું, એ પ્રેમ, રાગ કરવા લાયક જ નથી લાગતા. એટલે ક્યારેક કદાચ કર્મવશ મોહનો વિચાર આવ્યો તો તરત મનને થાય છે કે 'અરે ! હું આ શું વિચારી રહ્યો છું ? અમૃતસમી પરમાત્માની જ એક માયા લગાડવા અને પોષવા માટેના આ ભવમાં હવે કુટિલ માયાનાં ઝેર પીઉં ?' ત્યાં તરત મોહ શમી જાય.

(૫) સંયમ જીવનનાં આ બધાં સ્વરૂપ અને લાખો ક્રોડો સંયમ સાધી ગયાના દાખલા વિચારાય તો આવો કાયરતાનો બાલિશ પ્રશ્ન જ ન ઊઠે કે 'આવેગથી એકદમ સંયમ લઇ તો લઇએ, પણ પછી મોહનો ઉદય જાગે તો ?' પૂર્વના કોક સંયમથી પડ્યાના દાખલાની સામે લાખો-કરોડો સંયમ સારું આરાધી ગયાના દાખલા નહિ જોવાના ?

એ જો નજર સામે હોય તો મોહનો ઉદય શાનો ? અસ્તુ. હજી તરત સંયમ માટેનો એક વધુ વિચાર જુઓ.

## (૧૦) સંસાર જીવને અજ્ઞાત રાખી અજુગતાં કાર્ય કરાવે છે માટે સંયમ :-

રામાયણમાં વિદ્યાધર રાજપુત્રનો પ્રસંગ આવે છે. એ વર્ષોના દેશાટન પછી પોતાના નગરમાં પાછો આવે છે. પિતા એનું મોટું સામૈયું કરાવે છે. સામૈયામાં હાથીના હોદ્દે બેઠેલો એ નગરને નિહાળી રહ્યો છે એમાં એક નવીન મહેલના પાછળના ભાગના ઝરૂખે એક રૂપવાન કુમારી જોઇ, મોહિત થઇને વિચારે છે કે 'આ પરણવા મળે તો કેવું સારું !' સામૈયું તો આગળ ચાલી બીજા રસ્તા પર વળી એ જ મહેલના આગળના દરવાજે આવી ઊભું રહે છે. રાજપુત્રને અંદર લઇ જવામાં આવે છે, ત્યાં માતાને જોઇ એ પગમાં પડી નમસ્કાર કરે છે. રાજી રાજી થઇ ગયેલી માતા કુમારે પેલી પાછલે ઝરુખે જોયેલી કુમારીને કહે છેઃ 'જો બેન ! તારા જનમેય નહોતો થયો ત્યારે આ તારો ભાઇ દેશાટને ગયેલો, તે હવે પાછો આવ્યો. તું મોટાભાઇને પગે પડ.'

આ સાંભળીને વિદ્યાધર રાજપુત્ર ચોંકી ઊઠ્યો ! વિચાર કરે છે કે 'અરે ! તો મેં આ શું વિચાર્યું ? બેનને પરણવાનો ને બેનને ભોગવવાનો વિચાર કર્યો ? ધિક્કાર છે મને ને મારી વિષયવૃત્તિને ? પણ એથી વધુ ધિક્કાર તો આ સંસારને છે

કે જે જીવને અજ્ઞાત રાખી એની પાસે અજુગતા વિચાર-વાણી-વર્તાવ કરાવે છે ! સર્યું મારે આવા સંસારવાસથી.'

બસ, આટલા વિચાર પર તરત જ માતાને કહી દીધું કે 'હું ચારિત્ર લેવા જાઉં છું.' ને એનું કારણ બતાવી એકદમ જ સંયમ લઇ લીધું. એકદમ લેવાય ? હા,

**અજુગતું કરાવનાર સંસારમાં ઘડીય ન બેસી રહેવાય.**

નહિતર સંસારમાં બેસી રહે તો તો એનો અર્થ તો એ થયો કે અજુગતા વિચાર-વાણી-વર્તાવની સૂગ જ નથી. કહેશો,

પ્ર.-પણ સમજુ માણસે સંસારનાં ખાતાં તો પતાવવાં પડે ને ?

ઉ.-સંસારમાં ખાતાં કોઇ પૂરા પતાવી શક્યું છે તે તમે પતાવશો ? ને સંસારનાં ખાતાં પતાવતાં પહેલાં પોતે જ પતી ગયા તો સંયમ કયા ભવમાં લેવાનું ? તો શું પૂર્વ પુરુષોએ સંસારનાં ખાતાં પતાવ્યા વિના એમ જ ઊભાં રાખીને સંયમ લીધાં તે બધા અણસમજુ ? ને તમે જ સમજુ ? એ પુણ્યપુરુષોને અણ-સમજુ કહેતા નહિ, નહિતર મહાપુરુષની આશાતનાના ઘોર પાપમાં પડવાનું થશે.

**(૧૧) વૈરાગ્ય બોલ કાઢ્યા તે ન ફરે માટે સંયમ :-**

વજબાહુ ઇક્ષ્વાકુ વંશનો રાજકુમાર, તે અપ્સરાસમી રાજકન્યા મનોરમાને પરણીને એને રથમાં લઇને ચાલ્યો આવે છે. સાળો શ્યામસુંદર હોંશથી સારથિ બન્યો છે. હોંશ એટલા માટે કે આવી બેન જેને મારા પિતાજીએ બીજા અનેક રાજા-રાજકુમારોને અવગણી વજબાહુને ખાસ પસંદ કરીને પરણાવી. એવા આ વડસોભાગી બનેવીને બેન સાથે જવા માટેનો રથ હાંકવાનું મને મળે, એ મારું પણ સૌભાગ્ય છે. હવે રસ્તામાં ડુંગર પર મુનિને જોતાં રથની અંદર પડદામાં બેઠેલ વજબાહુ કહેઃ 'શ્યામસુંદર રથ ઊભો રાખો.'

શ્યામસુંદર કહેઃ 'કેમ ?'

વજબાહુ કહે, 'જોતા નથી સામે મુનિ મહાત્મા દેખાય છે એ ?'

અહીં શ્મામસુંદરને આશ્ચર્ય થયું કે 'અરે ! મોટા રાજાઓનાં મન લોભાવે એવી મારી બેનને પરણીને હજી હમણાં આવી રહ્યા છે, એની સાથે અત્યારે પડદામાં પ્રેમ-ગોષ્ઠી કરવાના અવસરે આમને મુનિ સાંભરે છે ?' આ આશ્ચર્ય પર એને બનેવીની જરા મજાક કરવાનું મન થયું, એટલે કહે છે

'શું વૈરાગ્ય-બૈરાગ્ય થઇ ગયો છે ?'

વજબાહુ કહી શકત કે 'ભલા આદમી ! આમાં વૈરાગ્યની ક્યાં વાત છે ?





આ તો મહાત્માને વંદન કરીને જઇએ એટલી જ વાત છે.' પરંતુ એમ દીનતા-કાયરતા દેખાડી પતાવવું નથી. એમને તત્ત્વ બતાવવું છે. એટલે કહે-

'વૈરાગ્ય શું પૂછો છો ? ખબર નથી કે શ્રાવિકાના દીકરાને જન્મથી વૈરાગ્ય હોય ?'

સાળો મજાકમાં હજી આગળ વધે છે, 'તો પછી સંસાર પર વૈરાગ્ય છતે સંસારમાં તમે કેમ બેસી રહ્યા છો ? સંસાર ત્યાગ કરી ચારિત્ર લેવા માટે સહાયની જરૂર હોય તો હું સહાય કરું.'

વજબાહુ કહે 'સાચું ?'

સાળો મજાકમાં કહે 'હા, હા, સાચું, તમારી આગળ જૂઠું બોલાય ?' સાળો મનમાં સમજે છે કે આવી અપ્સરા જેવી મારી બેન પરણવા મળી છે તે હમણાં ને હમણાં એમ દીક્ષા શાના લઇ લે ? એટલે આમ કહે છે કે 'સાચું, તમારે દીક્ષા લેવી હોય તો હું સહાયમાં ઊભો છું.'

વજબાહુને હમણાંની ઘડી સુધી મનના કોઇ ખૂણામાં દીક્ષા લેવાની કલ્પના ન હોતી. પરંતુ હવે વિચાર આવ્યો કે-

''મેં કહ્યું છે શ્રાવિકાના દીકરાને જન્મથી વૈરાગ્ય હોય, અને આ કહે છે, ''તો સંસારમાં બેસી કેમ રહ્યા છો ? દીક્ષા લેવી હોય તો હું સહાયમાં ઊભો રહું.' તો એની વાત તો સાચી છે કે વૈરાગ્ય થયા પછી અડચણ હોય તો જ દીક્ષા લેતાં અટકવાનું થાય.

**વૈરાગ્ય એનું નામ કે સંસાર અસાર જૂઠો લાગે, ફેંકી દેવા જેવો લાગે.**

પછી કશી અડચણ ન હોય તો શું કામ એવા સંસારને પકડી રાખે ? ને આ સાળો અડચણની સામે સહાય કરવાનું કહે છે. તો હવે વાત વધાવી લેવા દે. ક્ષત્રિયના બોલ કાઢ્યા તે કાઢ્યા. એમાં ફેરફાર ન થાય. એ તો સર્વસ્વ જતું કરીને પણ પાળવાના, અને ચારિત્ર લેવાય એમાં ખોટું શું છે ? આ નિમિત્તે પણ જીવને અનાદિકાળથી વળગેલી બલા છૂટે છે ને ? પત્નીના મુખ ને સુખ તો અનંતી વાર જોયાં, જીવને ક્યાં તૃપ્તિ થઇ છે ? તે અહીં ફરી પાછાં એ સુખ ભોગવીને તૃપ્તિ થવાની છે ? કાયમી તૃપ્તિ થાય તો તે વિષય-ત્યાગથી થાય, વિષય-ભોગથી નહિ, માટે ઊઠ, ચારિત્ર લઇ લેવા દે.''

બસ, આટલી જ વાત પર વજબાહુ ઊઠયા, ગયા પર્વત પર અને એકદમ જ કેશ લોચ કરી ચારિત્ર લઇ લીધું.

'ચારિત્ર માટે ભણ્યા શું ? ગુરુનો પરિચય કેટલો સાધ્યો ? ગુરુનો સ્વભાવ કેટલો પરખ્યો ? આવી રૂપસુંદરીને પરણ્યા બરાબર છોડી દઇ ચારિત્ર લેતાં જીવ શી રીતે ચાલે ? એમ સાહસ કરતાં પછીથી જો એનો રાગ, મોહ જાગ્યો તો શું થાય ?' આ કશું જોવાનું નહિ ? ને એકદમ ચારિત્ર લેવાનું ?

**એકદમ સાહસના સંસારના દાખલા :-**

હા, કશું જોવાનું નહિ, મુખમાંથી નીકળી ગયેલા ઉદ્‌ગાર પાળવા દશરથ રાજાએ વહાલસોયા અને મહાલાયક પુત્ર રામને આપવા નક્કી કરેલી રાજ્યગાદી, કૈકેયીને પૂર્વે આપેલ વરદાનમાં હવે કૈકેયીની વરની માગણીથી, ભરતને આપી દીધી ! અહીં ક્યાં એમણે રામને કે રામની માતા કૌશલ્યાને મનાવવાની વાટે ય જોઇ ?

મયણાસુંદરીએ 'કર્મ કરે તે થાય, માતાપિતા તો નિમિત્તમાત્ર છે,' એ કાઢેલા ઉદગાર સાચા કરવાનો અવસર આવ્યો તો મનના ખૂણામાંય કલ્પના નહિ એવા કોઢિયાનો તરત હાથ પકડી લીધો ! ત્યાં કશું વિચાર કરવા પર રાખ્યું નહિ, કે માતાને પૂછવા પર પણ રાખ્યું નહિ. માતાને કદાચ આ ન ગમે, ને ધાંધલ માંડે તો પણ મયણાની એ ય વેઠી લેવાની તૈયારી હતી. 'કર્મ કરે તે થાય,' એવો જ સિદ્ધાન્ત રજૂ કર્યો એની રક્ષા કરવાના અવસરે સાહસ કરવું પડે તો કોઇની ય રાહ નહિ જોવાની શું ?

**રજૂ કરેલા સિદ્ધાન્તની ભારે ભોગ આપીને પણ રક્ષા કરવાની.**

મયણાએ આ ખોટું તો નહોતું કર્યું ને ? જો એ ન કર્યું હોત તો શાસ્ત્રનાં પાને ચડત કે કેમ અને આપણે એને યાદ કરત કે કેમ એ સવાલ છે.

વાત આ છે- કાઢેલા ઉદ્‌ગાર પાળવા ખાતર બધુંય જતું કરાય, કોઇને પૂછવા-વાટ ન રખાય, અને એકાએક સાહસ થાય, એવું અહીં વજબાહુને બને છે.

વળી વૈરાગ્યનો અર્થ શ્યામસુંદર એવો કરે છે કે વૈરાગ્ય હોય તો ચારિત્ર લઇ લેવું જ જોઇએ. કશી અડચણ હોય અને કોઇની સહાયતાથી અડચણ મટતી હોય, તો સહાયતા લઇને પણ ચારિત્ર લઇ જ લેવું જોઇએ. વજબાહુએ પોતે વૈરાગ્ય જન્મથી હોવાનો દાવો રાખ્યો છે, એટલે હવે 'સાળાએ કરેલ વૈરાગ્યનો અર્થ વધાવી લેવો જોઇએ' એવો હિસાબ રાખી નવી પત્નીને પણ પૂછવાનું રાખ્યું નહિ. તેમ 'હજી તો ભણ્યા નથી ગુરુના પરિચય કર્યા નથી, એમનો સ્વભાવ જોયો નથી'...વગેરે કશું જોવાનું રાખ્યું નહિ.





'આ બધું ન જોવું એ એમણે અજુગતું કર્યું' એમ કહેતા નહિ.

**આપણી કમ અક્કલે અજુગતું લાગતું પૂર્વ પુરુષોએ ન કર્યું હોત તો એ મહાન બન્યા ન હોત.**

સીતાજીને સામે ખોટી રીતે કાઢી મૂક્યા પછી 'સીતા બાપને ઘરે જઇ રામ પર તવાઇ ન લાવ્યાં', એ કમ અક્કલે અજુગતું લાગે, પરંતુ સીતાજીએ એમ ન કર્યું તો મહાન બની ગયાં.

મયણાએ બાપનું સિદ્ધાંત વિરુદ્ધ કહ્યું ન માન્યું, ને હઠે ચડી એ કમ અક્કલે અજુગતું લાગે, પરંતુ મયણાએ એમ કર્યું તો જ એ મહાન બની ગયાં.

એમ વજબાહુ વગેરે પૂર્વ પુરુષોએ ભણ્યા કર્યા વિના અને ગુરુનો પરિચય સહવાસ કર્યા વિના એકદમ ચારિત્ર માર્ગે ઝુકાવી દીધું, એ કમ અક્કલે અજુગતું લાગે, પરંતુ એમણે એમ કર્યું તો જ મહાન બની ગયા.

તમારે ક્યાં મહાન બનવું છે ? એટલે જ દીક્ષા ન લેવા બહાનાં કઢાય છે- 'ભણ્યા નથી, ગુરુનો સહવાસ નથી કર્યો, ભાવના નથી થતી, ઉંમર થઇ ગઇ...' વગેરે. હમણાં જો કોઇ લાખો રૂપિયા રોકી દુકાન કરતો હોય અને તમને વગર મૂડી-રોકાણે વર્કિંગ પાર્ટનર બનાવવા આવે તો ત્યાં આ કશા બહાનાં ન કાઢો કે 'સહવાસ પરિચય નથી, ઉંમર થઇ ગઇ, ભાવના નથી થતી...' વગેરે. ત્યાં તો વર્ષે હજારોનો નફો દેખાય છે એટલે એકદમ જ ઝુકાવી દેવાય છે. અહીં ચારિત્રમાં એવો નફો ક્યાં દેખાય છે ? તે દલીલ કરવી છે 'ચારિત્ર નાનીસૂની વાત છે તે એકદમ જ લઇ લેવાય ?' ખરી વાત એ છે કે-

**જીવનમાં ધરખમ પાપ દિલ કંપાવતાં નથી, એટલે એ પાપ ધોનારા ચારિત્ર માર્ગને લેવાની તાલાવેલી નથી થતી.**

જીવનમાં અઢાર પાપ સ્થાનકનાં પાપ ઓછાં સેવ્યાં છે ? (૧) વેપારમાં રોજનાં જૂઠાં કેટલાં ? વરસ દહાડાનાં કેટલાં ? એક પણ જૂઠ વચન એ પાપ, તો આ વાર્ષિક એકલા જૂઠનાં પાપોનોય જુમલો કેટલો ? (૨) એવાં બીજા રોજના અસંખ્ય સ્થાવર જીવોના સંહાર કેટલીવાર કર્યા ? (૩) એકેક વિષય સેવનમાં બેથી નવ લાખ ગર્ભજ પંચેંદ્રિય મનુષ્યોની હત્યા છે, તો એવી જીવનમાં કેટલા મનુષ્યોની હત્યા કરી નાખી ? (૪) રાગનાં પાપ કેટકેટલી વસ્તુ પર કેટકેટલીવાર કર્યા ? એક ફર્નિચર સારું વસાવ્યું તો જ્યાં સુધી એ સારું રહ્યું ત્યાં સુધી એના પર રાગ રાગ થયા જ કર્યા, તો એવી તો સુમાર વિનાની વસ્તુઓ પરના રાગ કેટલીવાર... ?

જીવનમાં પાપો નથી કર્યાં ? ધરખમ પાપો કર્યાં છે, માત્ર એનો દિલમાં કંપ થવો જોઇએ. કંપ થાય કે 'હાય ! કેટલાં પાપ ? આનાં ભયંકર પરિણામ પરભવે કેવાં આવવાનાં ? દુઃખ પણ કેવાં ? ને આ પાપોના ઘેરા સંસ્કારોથી, હાય ! જનમ જનમ પાપવૃત્તિઓ કેવી થવાની ? પાપિષ્ઠ જીવનો કેવાં બનવાનાં ? એથી નરકાદિ ગતિ કેવી ? તો પછી આ જનમમાંથી હાય ! મારે આ લઇ જવાનું ?' એમ હૈયે કંપારો થાય, હૈયું ધ્રૂજી ઊઠે, તો એ ધોવા માટે સંયમ-માર્ગ લેવાની તાલાવેલી થાય. પછી ત્યાં કશાં બહાનાં ન કઢાય કે 'ભણ્યા નથી, ઉંમર થઇ ગઇ, અથવા હજી નાના છીએ, થાય છે, શી ઉતાવળ છે ? ગુરુનો પરિચય નથી, ભાવના નથી...'

દ્રાવિડ ને વારિખિલ્લ ૧૦-૧૦ ક્રોડના લશ્કર સાથે પરસ્પર લડ્યા ત્યાં સુધી લડ્યા, પરંતુ જ્યાં ઋષિનાં વચનથી પોતાનાં પાપોનો દિલમાં કંપારો ઊઠ્યો કે તરત જ એ પાપો ધોવા ચારિત્ર લઇ લીધું. તે સાથેના બચેલા ૫-૫ ક્રોડના લશ્કરે પણ પોતાનાં પાપ ધોવા એમની સાથે જ ચારિત્ર લઇ લીધાં.

કરેલાં પાપોથી દિલ ધ્રૂજી ઊઠવું જોઇએ. પછી બહાનાં ન રહે કે 'દીક્ષા એકદમ કેમ લેવાય ?...ઘરમાં મોટા તરીકે પૂજાઇએ છીએ, દીક્ષા લઇને બધા સાધુથી નાના થવું પડે એ કેમ સહન થાય ?...દીક્ષા મામૂલી વસ્તુ છે...? કુંડલી ના કહે છે...'

એ બહાનું કાઢનારને ખબર નથી લાગતી કે 'કર્મ-સત્તા જાણે કહી રહી છે કે હમણાં દીક્ષા લઇ નાનો ન થા, મર્યા પછી કેવો નાનો તને કરું છું એની ખબર પડશે ! અરે ! અહીં પણ મોટો ને પૂજ્ય હોવાનું અભિમાન રાખ, પરંતુ જ્યારે રોગથી ઘેરાઇશ કે ઘડપણ આવી અશક્ત બનીશ ત્યારે નાનાઓ તારી મગગમતી સેવા નહિ કરે ત્યાં કેવો સિદાશે ? હૃદયસંતાપ કેવો અનુભવશે ? એની ત્યારે ખબર પડશે. ચારિત્રમાં તો સારા સમુદાયમાં નાનો ય થઇશ તો પણ રોગ વગેરેમાં મોટાઓ ય તારી સેવા સંભાવ કરશે.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

**સંસારમાં મોટાપણું ખોટું, સંયમમાં નાના-પણું ય સારું.**

એ ક્યાં જોવું છે ? મૂળમાં જીવનનાં પાપોનો કંપારો નથી.

યશોધર મહાત્માનો પહેલો ભવ રાજા સુરેન્દ્રદત્તનો, એનો પુત્ર રાજા ગુણચંદ્ર. એકવાર એ શિકારે નીકળ્યો. નગર બહાર દૂર મુનિને જોઇ 'આ માથા-





મૂંડિયાના દર્શનનાં અપશુકન ક્યાં થયા ?' તે ગુસ્સામાં એમના પર બે શિકારી કૂતરા છોડ્યા પરંતુ કૂતરા મુનિના ધર્મતેજમાં અંજાઇ જઇ મુનિના સામે શાંત થઇ બેસી ગયા ! રાજાને પસ્તાવો થયો કે 'હાય ! આ મેં શું કર્યું ? હું કૂતરાથી ય ગયો ? મારા કરતાં આ જનાવર કૂતરા સારા કે મુનિની સેવામાં બેસી ગયા ! ત્યારે મેં મહાત્માને મારી નખાવવા ધાર્યું ?' આવ્યો મુનિ પાસે, ને ક્ષમા માગી કહે છે-

મારા જેવો પાપી ધરતી પર ઊભવા લાયક નથી, ધરતી મારાથી ભારે મરે છે, માટે આપઘાત કરું.' એમ કહી આપઘાત માટે તલવાર ખેંચી કાઢી.

મહાત્મા કહે,

**'એમ આપઘાતથી જીવનનો અંત આવશે, પણ જીવનમાં કરેલાં પાપોનો અંત નહિ આવે.**

**પાપો ઊભાં રહી જશે તે જીવની સાથે ચાલી દુર્ગતિઓમાં ભટકાવશે !'**

રાજા કહે, 'તો પ્રભુ ! પાપોનો અંત કેમ આવે ? એમાંય આવું ઘોર પાપ ધોવાય ?'

મહાત્મા કહે-'પાપોનો અંત અહિંસા સંયમ અને તપથી આવે. ઘોર પાપ પણ સંયમ- તપથી ધોવાય,'

રાજાનું દિલ પાપથી ધ્રૂજી ઊઠ્યું હતું, તેથી તરત જ ત્યાં ખબર પડતાં આવી ગયેલ કુટુંબને બનેલું બધું સમજાવ્યું, અને ત્યાં જ પુત્રને રાજ્યગાદી સોંપી પોતે તરત જ ચારિત્ર લઇ લીધું.

હજી ક્ષણ પહેલાં તો ચારિત્રની શું, ધર્મની ભાવના નહોતી, ભાવના હતી શિકારની, જીવતાં હરણિયાં મારવાની ને આગળ વધીને સાધુને શિકારી કૂતરા દ્વારા જીવતા ફાફેડી નખાવવાની ભાવના હતી. તેનાથી હવે ભલે ચિત્ત પલટાયું પણ એકદમ ચારિત્ર લેવાય ?

**જો ઘોર પાપીથી એકદમ ચારિત્ર લેવાય, તો ધર્મી જીવ તમે તમારાથી એકદમ ચારિત્ર ન લેવાય ?**

ચારિત્ર કોણ લે ? પાપી ? કે ધર્મી ? કહો, જેનું હૈયું પાપથી કંપી ઊઠે એ, પછી પાપી હોય કે ધર્માત્મા. એ ચારિત્ર લઇ લે. શું તમારા મનને આશ્ચર્ય નથી લાગતું કે 'હું ધર્મી હોવાનો દાવો રાખું છું, તો પાપી કરતાં મારામાં તો ચારિત્રનો પ્રેમ હોય, તો હું ચારિત્રથી ભડકું છું ? પાપીને પાપનું દુઃખ થાય એના કરતાં

ધર્મી એવા મને પાપનું દુઃખ વધારે જોઇએ. એના બદલે મને દુઃખ નથી ?' આમ આશ્ચર્ય સાથે ખેદ થાય છે ખરો ?

**જેને પાપનું દુઃખ ન થાય એ ધર્મી નહિ.**

**ધર્મીને ધર્મનો આનંદ પછી, પહેલાં પાપનું દુઃખ લાગવું જોઇએ.**

**ધર્મ પાપનાં વળતર ને પાપથી બચવા માટે.**

ધર્મીને પાપનું દુઃખ લાગે છે માટે જ એ પાપોનું વળતર વાળવા, ને નવા પાપથી શક્ય બચવા માટે ધર્મ કરવા તલસે છે. દા.ત. સાંસારિક આરંભ-સમારંભનાં કામોમાં સ્થાવર જીવોની બેસુમાર હિંસાનું પાપ થાય છે. એનું ધર્મી જીવને ઘણું દુઃખ હોય છે, એના વળતર માટે પ્રતિક્રમણ ધર્મ કરે છે, જેથી પાપો લાગેલાં ઓછાં થાય, અને સાથે શુભ ભાવોની કમાઇ થાય. એમ પોતાનું બધું જ જીવન જીવહિંસામય આરભ-સમારંભ અને વિષય-વિલાસોના તથા ધનમૂર્ચ્છાના પાપમાં ન જાય માટે એમાંથી બચાવી લેવા એ કિંમતી સ્વદ્રવ્યથી પરમાત્મ-ભક્તિનો ધર્મ કરે છે. ધનવ્યયથી સાત ક્ષેત્રની ભક્તિનો ધર્મ કરે છે. એમાં એટલું ધન ગયાથી એટલાથી થનાર હિંસા ને વિલાસના પાપથી બચી જવાય છે.

**ધન રાખી મૂકયે મૂર્ચ્છાપાપ ક્ષણે ક્ષણે**

ઉઘાડો હિસાબ છે ને ? કે વર્ષે હજાર રુપિયા ધર્મમાં ખરચ્યા, એ જો ન ખરચ્યા હોત તો એ દુન્યવી આરંભ-સમારંભ કે વિષય-વિલાસનાં પાપમાં ખરચાત, આ રાખી મૂક્યે ધનમૂર્છાનું પાપ લગાડ્યા જ કરત, લગાડ્યા જ કરત, એ આરંભ-વિષય-પરિગ્રહનાં પાપનું હૈયે દુઃખ છે. તેથી જ પાપથી બચાવનાર દાનધર્મ કર્યાનો આનંદ છે. માટે તો ધારવા કરતાં વીતરાગભક્તિ વગેરે દાનધર્મમાં વધારે ખરચાઇ ગયા તો ય એ આનંદ માને છે કે 'ચાલો સારું થયું, આટલા વધુ ખરચાયા તો એટલા આરંભાદિ પાપમાં જાત, તે પાપથી બચ્યા ! અને ધર્મનો વધુ લાભ થયો એ નફામાં.' મૂળ પાયામાં, પાપનું હૈયે દુઃખ છે એટલે ધર્મનો આ આનંદ થાય છે.

પરંતુ જેને પાપનું દુઃખ નથી, ને દાનધર્મ કરે છે એને જો વધુ ખરચાઇ ગયા, તો મનને ક્લેશ થવાનો, રોદણું રોવાનો કે 'હાય ! ખરચો વધારે થઇ ગયો.' આ શું કરી રહ્યો છે ? કરેલાં સુકૃતને બાળી રહ્યો છે ! કોણ કહે એને 'અલ્યા ભલા આદમી ! માન, વધુ ખરચાઇ ગયા, પણ ક્યાં ખરચાયા છે ? પાપમાં કે ધર્મમાં ? ધર્મમાં ને ? તો ઘી ઢળ્યું તો ખીચડીમાં, એમાં રોવા શું બેઠો ?' પણ રોતા એને ખબર નથી-





**કરેલા સુકૃતનો પસ્તાવો એ સુકૃતનાં ફળને બાળવાનો અને ભવાંતરે સુકૃતની બુદ્ધિને શક્તિ નષ્ટ કરવાનો ધંધો થાય.**

'વધુ પૈસા ખરચાઇ ગયા.' એટલે ? 'હાય ! વધુ ધનદાન થયું !' આ વધુ ધનદાનના સુકૃત સાથે 'હાય' લાગ્યું, એ પસ્તાવાનો-સંતાપનો શબ્દ છે,. સુકૃત પર સંતાપ એ સુકૃતનાં ફળને બાળે છે. એટલું જ નહિ, પણ ભવાંતરે સુકૃતની બુદ્ધિ નષ્ટ કરે છે, સુકૃતની શક્તિ નષ્ટ કરે છે.

જુઓ, મમ્મણને શું થયું ? પૂર્વ ભવે મુનિને મોદક ખૂબ ઊછળતા ભાવોલ્લાસથી વહોરાવ્યો. પણ પછી 'હાય ! મેં ક્યાં આવો સારો મોદક વહોરાવી દીધો !' એમ સુકૃતનો પશ્ચાત્તાપ કર્યો તો એ સુકૃતનું ફળ બાળ્યું નહિતર મમ્મણના ભવમાં જે લક્ષ્મી મળી એના કરતાં કેટલીય વધુ લક્ષ્મી મળત, એમ કહી શકીએ. આ ઉપરાંત, મમ્મણના ભવમાં કંજૂસાઇ એટલી બધી ભારે આવી ગઇ કે એક પૈસાનુંય દાન ક્યાં છે ? થોડા ખર્ચનું સુકૃત ક્યાં છે ? કેમ નહિ ? કહો,

**પૂર્વના સુકૃત-સંતાપે ભવાંતર માટે સુકૃતની બુદ્ધિ-સુકૃતશક્તિ નષ્ટ કરી દીધી.**

આ સૂત્ર બહુ ખ્યાલમાં રાખવા જેવું અને વ્યાપક રીતે લગાડવા જેવું છે. કોઇપણ સારા કામની બળતરા કરો એટલે ભવાંતર માટે એ સારા કામની શક્તિ-બુદ્ધિ જ નષ્ટ થઇ ગઇ સમજો...ત્યાં સારા કામની શક્તિ જ નહિ રહે, બુદ્ધિ જ નહિ થાય. મમ્મણને જીવનભર દાન-સુકૃતની લેશ પણ બુદ્ધિ ન થઇ.

મેતારજના જીવને પૂર્વ ભવે 'આ ગુરુએ ચારિત્ર પરાણે ક્યાં આપ્યું !' એમાં ! 'હાય ! પરાણે ચારિત્ર ?' એમ ભલે પરાણે, પણ ચારિત્ર પર સહેજ સંતાપ થયો, તો એણે મેતારજના અવતારે ચાલીસ વરસ સુધી ચારિત્રની લેશ પણ બુદ્ધિ ન થવા દીધી ! દેવતા પ્રતિબોધ કરવા આવ્યો, પૂર્વ જન્મ દેખાડ્યો, ચારિત્રનાં મળેલાં ફળ સમજાવ્યાં, ઘણાં ઘણાં વાનાં કર્યાં, છતાં ચારિત્રના ભાવ ન જાગ્યા !

**વિશ્વભૂતિ મુનિને સુકૃતબુદ્ધિ નષ્ટ :-**

મહાવીર ભગવાનના જીવ સોળમાં ભવે વિશ્વભૂતિ મુનિને મનમાં આવું કાંઇક આવ્યું હશે કે હાય ! ધરમ ધરમ શું કર્યું ? આ ધર્મથી હું દૂબળો પડી ગયો, તો પિતરિઇયાને મશ્કરી કરવાની સૂઝી. માટે 'જો આ તપ-સંયમનું ફળ હોય તો હું ભવાંતરે અખૂટ બળનો ધણી થાઉં,' એમ નિયાણું કર્યું, પરંતુ સાથે 'તપ સંયમ પણ પામું' એવી બુદ્ધિ ન થઇ. પછી તપ સંયમના પ્રભાવે ત્રિપૃષ્ઠ વાસુદેવ તો થયા,

પણ પૂર્વના સુકૃત-સંતાપે અહીં સહેજ પણ સુકૃત-બુદ્ધિ ધર્મબુદ્ધિ ન થઇ, એકલી વિષય વિલાસ અને કષાયની ભરચક બુદ્ધિ રહી ને મરીને સાતમી નરકે ગયા.

### સંભૂતિ મુનિને સુકૃત બુદ્ધિ નષ્ટ

એવું, બ્રહ્મદત્ત ચક્રવર્તીના જીવ સંભૂતિમુનિને થયું. મહાસંયમી મહાતપસ્વી એવા એમને સનત્કુમાર ચક્રવર્તી પટ્ટરાણી સાથે વંદનાર્થે આવ્યો. પટ્ટરાણી વંદન કરતાં એના માથાની કેશલટ આગળ ઊછળી પડી ને મુનિના ચરણે સહેજ અડી ગઇ. ચક્રવર્તીની પટ્ટરાણી એટલે એના વાળ કેવા હોય ? અતિ સુંવાળા, તેય પાછા બહુ ઊંચી કોટિના તેલથી વધુ સુંવાળા કરેલા, એ મુનિના ચરણે અડી જતા મુનિના શરીરમાં સ્પર્શની ઝણઝણાટી થઇ. મુનિના મનને થયું, 'અહોહો ! આટલા બધા સુંવાળા મુલાયમ વાળ ! ત્યારે આનું શરીર વળી કેવું સુંવાળું મુલાયમ હશે ! તો આનો ભોગવનાર કેટલો બધો ભાગ્યશાળી ! ત્યારે જો આપણે આટલો બધો તપ કર્યો, સંયમ પાળ્યું, ને આ ભોગો જો ન મળે તો શું કામનું ? બસ, આ તપ-સંયમના પ્રભાવે કાંઇ મળતું હોય તો આવી સમૃદ્ધિ, આવા ભોગો મળો,' નિયાણું કર્યું. શું કર્યું આ ? 'હાય ! તપ-સંયમ, ભોગ ન મળે તો, શું કામના ?' એ કલ્પનામાં આવા ભોગ મળે તો 'હાશ ! સરસ,' નહિતર 'હાય ! હું આ તપ-સંયમમાં ક્યાં લાગ્યો ?' એમ તપ-સંયમના સુકૃત પર ગર્ભિત રીતે સંતાપ કર્યો. એણે ભવાંતર માટે સુકૃત-બુદ્ધિ નષ્ટ કરી નાખી. તે બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા પછી પૂર્વ ભવના ભાઇ મુનિ અહીં પણ અવધિજ્ઞાની મુનિ થઇને એને પ્રતિબોધ કરવા આવ્યા, ખૂબ ઉપદેશ આપ્યો, બ્રહ્મદત્તને ખુદને પણ જાતિસ્મરણથી પૂર્વ ભવો યાદ આવેલા, છતાં એને બોધ લાગ્યો નહિ, ધર્મબુદ્ધિ જાગી જ નહિ ! ઊલટું ભાઇ-મુનિને કહે છે 'મારી શું દયા ખાઓ ? આ મને તમારી દયા આવે છે, કે આવા ચીંથરિયા કપડે દરિદ્ર જેવા ભટકો છો ને ભીખ માગીને ખાઓ છો ? આ મૂકી દો, આવા મારા ભેગા, તમને રાજ્ય ખજાનો-રમણીઓ આપું !'

બોલો, બ્રહ્મદત્ત ચક્રવર્તીની સુકૃત-બુદ્ધિ ધર્મ-બુદ્ધિ કેટલી બધી નષ્ટ ? કે પોતાને જાતે ધર્મ કરવો તો નથી, પરંતુ ભાઇમુનિના મહાન સંયમધર્મની અનુમોદના ય નથી થતી !

### પૂર્વ ભવના સીધા કે આડકતરા સુકૃતના સંતાપ વિના ભવાંતર માટે સુકૃતબુદ્ધિ નષ્ટ ન થાય.

ત્રિભુવન ગુરુ ઋષભદેવ ભગવાનનો જીવ પાંચમા ભવે લલિતાંગદેવ,





એની મુખ્ય દેવી સ્વયંપ્રભા કાળ કરી ગઇ, ગરીબ બ્રાહ્મણપુત્રી અનામિકા થઇ, મુનિ મળવાથી વ્રત નિયમ તપસ્યા અને છેવટે અનશનમાં ચડી. સ્વયંપ્રભા પાછળ ઝૂરતો લલિતાંગ એની પાસે આવી પાછી સ્વયંપ્રભા દેવી થવા માટે નિયાણું કરવા કહે છે. કર્યું નિયાણું, અનશનમાં મરીને સ્વયં પ્રભા દેવી થઇ, પણ ત્યાં સુકૃતબુદ્ધિ નષ્ટ ન થઇ. અહીં સવાલ થાય,

### સ્વયંપ્રભા-અનામિકાને નિયાણું છતાં સુકૃતબુદ્ધિ કેમ નષ્ટ નહિ ?

પ્ર.- નિયાણું કરીને સ્વયંપ્રભાદેવી થઇ, તો ત્યાં સુકૃતબુદ્ધિ કેમ નષ્ટ ન થઇ ? નથી થઇ એ હકીકત છે, કેમકે પછીથી ઉત્તરોત્તર ઠેઠ શ્રેયાંસ થવા સુધી એના સારા ભવ થાય છે. એ અહીં સુકૃતબુદ્ધિ તદ્દન નષ્ટ હોત અને ત્રિપૃષ્ઠ બ્રહ્મદત્ત આદિની જેમ એકલી ભોગબુદ્ધિ ને વિષયાંધતા હોત તો પછીથી સારા સદ્ગતિના ભવ ન મળત. તો નિયાણું છતાં સુકૃતબુદ્ધિ કેમ નષ્ટ નહિ ?

ઉ. - આનો જવાબ આ જ કે અનામિકાએ નિયાણું કર્યું પણ સુકૃતનો સંતાપ કરીને નહિ કે 'હાય ! આ વ્રત-નિયમ-અનશન શા કામનાં જો લલિતાંગ સાથે દેવતાઇ ભોગસુખો ન મળે ?' ભોગસુખો ખાતર વ્રત નિયમ-અનશન સાથે હાયકારો જોડ્યો નહોતો. તો પૂછો-

પ્ર.-પણ એણે સ્વયંપ્રભાદેવી થવાનું તો માગેલું ને ?

ઉ.-માગેલું, પરંતુ તે ભોગસુખો ખાતર નહિ, કિન્તુ લલિતાંગ એક ઉત્તમ આત્મા છે, એનો સુંદર સહયોગ અનુભવ્યો છે, એ ફરીથી મળે તો સારું એ માટે સ્વયંપ્રભા થવાનું માગેલું. આવા પ્રકારની ઉત્તમ આત્માના સહયોગની આશંસામાં ગર્ભિત રીતે લલિતાંગ દેવના સદ્ગુણ-સુકૃતની ચાહના પડેલી છે. આવી ચાહનાથી આશંસા કરી હોય ત્યાં સુકૃતનો સંતાપ રહ્યો જ ક્યાં ? ઊલટું સુકૃત-સદ્ગુણની ચાહના રહી. પછી ભવાંતર માટે સુકૃતબુદ્ધિ નષ્ટ થવાની વાત શાની રહે ? વાત આ છે-અહીં સુકૃત-સદ્ગુણના સંતાપ વિના ભવાંતર માટે સુકૃત-સદ્ગુણની બુદ્ધિ નષ્ટ ન થાય એવો સંતાપ કરો તો સમજી રાખવાનું કે એથી સદ્બુદ્ધિ નષ્ટ થઇ જવાની.

કોઇની સાથે વૈર-વિરોધ-અંટસ રાખતા હો, ને અમારા જેવા કદાચ સમજાવે કે 'ભાઇ ! આ ઊંચો ભવ જ ક્ષમા મૈત્રી આદિ સુંદર પવિત્ર ભાવો માટે છે. તો એ રાખો, અંટસ કાઢી નાખો,' તો શું વૈર-વિરોધ અંટસ કાઢી નાખો છો ? ના, કહો છોઃ 'એવા હરામી માણસ પર ક્ષમા શી ? મૈત્રી શી ? શાનું અંટસ કાઢી નાખે ?'

**અહીં સદ્ગુણ-બુદ્ધિ નષ્ટ પર પૂર્વભવે સદ્ગુણસંતાપનું અનુમાન :-**

આ શું છે ? મૈત્રી-સદ્ગુણની બુદ્ધિ જ નથી થતી. તો સમજી રાખવાનું કે પૂર્વભવે સદ્ગુણના સંતાપ કર્યા હશે. દા.ત. કોઇના પ્રત્યે ક્ષમા રાખી મૈત્રી રાખી પછી કાંઇક પ્રતિકૂળ થતાં સંતાપ કર્યો હશે, કે 'હાય ! મેં ક્યાં આવાને ક્ષમા આપી ? હાય ! આવા પર મેં ક્યાં મૈત્રીભાવ રાખ્યો ?' આમ ક્ષમા-મૈત્રી રાખ્યાનો સંતાપ કર્યો હશે તે અહીં એની બુદ્ધિ જ નષ્ટ થઇ ગઇ !

**ગુણના સંતાપથી ગુણની બુદ્ધિ નષ્ટ...**

આ પરથી શીખવા જેવું છે કે અહીં કોઇ ક્ષમા, ઉદારતા, મૈત્રીભાવ, ગંભીરતા, સહિષ્ણુતા વગેરે સદ્ગુણ રાખ્યા પર કદી એનો સંતાપ નહિ કરવો. નહિતર ભવાંતર માટે એની બુદ્ધિ જ નષ્ટ થઇ જશે, તે એવી નષ્ટ કે ત્યાં મોટા મહાત્મા સમજાવવા આવશે તોય સદ્ગુણની બુદ્ધિ નહિ જાગે. મમ્મણશેઠે પૂર્વભવે 'હાય ! ક્યાં મેં લાડવો વહોરાવવાની ઉદારતા કરી !' એમ ઉદારતા કર્યાનો સંતાપ કર્યો, તો પછી મમ્મણના ભવમાં ઉદારતાની બુદ્ધિ જ નષ્ટ તે મહાકૃપણ થયો.

આ જોઇને ક્યારેય મનમાં એવું લાવતા નહિ કે 'હાય ! ક્યાં મારા ભોગ લાગ્યા કે આ સુકૃત કર્યું ? ક્યાં મેં આ ક્ષમા વિનયાદિ સદ્ગુણ રાખ્યો !' આજે કેટલાંક માબાપ ઉલ્લંઠ બની ગયેલા દીકરાથી કંટાળીને કહે છે ને કે 'અમારા ક્યાં ભોગ લાગ્યા કે આને સારી રીતે ઉછેરીને મોટો કર્યો ?' પણ એમને ખબર નથી કે આમાં તમે શું કરી રહ્યા છો ? જો સુકૃત અર્થાત્ કર્તવ્ય માનીને દીકરા તરીકે આશ્રયે આવેલા જીવને સારી રીતે ઉછેર્યો છે, તો હવે એ સુકૃત પર સંતાપ કરવાનું થાય છે, ને એથી ભવાંતર માટે સુકૃતની બુદ્ધિ નષ્ટ થઇ જાય છે ! માટે-

**સંતાપ સુકૃત પર નહિ, પણ પૂર્વ કર્મ દુષ્કૃત-દુષ્કૃતકારી આત્મા પર.**

પ્ર.-પણ દીકરો આવો હરામખોર પાકે તો સંતાપ ન થાય ?

ઉ.-સંતાપ આપણા પોતાના સુકૃત પર શા સારુ થાય ? સંતાપ થાય તો આપણા કમભાગ્ય-અશુભ કર્મ પર થાય કે 'હાય ! કેવાં મારાં અશુભ કર્મ કે દીકરાનું સુખ ગયું ને દીકરો અમારી આબરુ બગાડે !' એટલું જ નહિ, પણ સંતાપ આપણા પૂર્વ ભવના દુષ્કૃત પર અને એ દુષ્કૃત કરનાર આપણા આત્મા પર થાય કે 'હાય ! કેવાં મેં પૂર્વ ભવે દુષ્કૃત કર્યાં હશે કે એનાથી બંધાયેલાં આ અશુભ કર્મ ઉદયમાં આવ્યાં ! હાય ! કેવો હું અધમ કે એવાં દુષ્કૃત મેં કર્યાં !'

આવો સંતાપ થાય, તો નવાં દુષ્કૃત-દુર્ભાવ કરતાં વિચાર પડે, દુષ્કૃત-





દુર્ભાવ કરવામાં સંકોચ કરાય, એના બદલે-

**વર્તમાન સુકૃત સદ્ગુણ પર સંતાપ કરવા જતાં ભવાંતર માટે સુકૃત સદ્ગુણની બુદ્ધિ ખોવાનું થાય છે.**

**ત્યારે પૂર્વનાં દુષ્કૃતનો સળગતો સંતાપ કરવાથી અહીં દુષ્કૃતમાં સંકોચ કરાય છે, ને વર્તમાન કરેલું સુકૃત સુરક્ષિત રહે છે.**

**વર્તમાન સુકૃત સાથે દુઃખની કડી ન જોડો**

બીજી એ પણ વાત છે, કે દા.ત. દીકરો હરામખોર પાક્યો એ દુઃખ આવ્યું. એ દુઃખની કડી એને ઉછેરવાના આપણા સુકૃત સાથે શા માટે જોડવી ? એવું શા સારુ ચિંતવવું કે 'આ આપણે સારી રીતે ઉછેર્યો માટે આ હરામખોર બનવાનું દુઃખ આવ્યું ?' ભૂલશો નહિ-ખરાબ દીકરાનું ઉછેરવાના સુકૃતને લીધે નહિ કિન્તુ આપણા પૂર્વના અશુભ કર્મના લીધે આવ્યું છે. સારી રીતે ઉછેર્યો એ તો સુકૃત થઇ ગયું, એને સુરક્ષિત રહેવા દો. એની સાથે દુઃખની કડી નહિ જોડવાની. દુઃખની કડી આપણા અશુભ-કર્મ સાથે અને આપણાં પૂર્વનાં દુષ્કૃત સાથે જોડવાની. એથી જ સીતાજીને જંગલમાં તરછોડાતાં રામ પર ગુસ્સો ન આવ્યો, રામને દોષિત નહિ, પણ પોતાના પૂર્વના અશુભ કર્મને, અશુભ કર્મ પાછળના કોઇ દુષ્કૃતને તથા વિષય-રાગને ને વિચિત્ર સંસારને જવાબદાર લેખ્યા. હૃદયમાં આ બધું ટાંકી રાખવા જેવું છે.

**આપણા દુઃખમાં કારણભૂત ચાર વસ્તુ છે**

(૧) આપણાં જ પૂર્વનાં અશુભ કર્મ,

(૨) એ કર્મને ઊભાં કરનાર આપણા દુષ્કૃત-દુર્ભાવ,

(૩) વર્તમાન વિષય-રાગ, અને

(૪) વિચિત્ર સંસાર.

આમાં ત્રીજી-ચોથી વાત જરા સમજી લો.

(૩) સીતાજીએ આ વિચાર્યું હશે કે 'આ નાનપણમાં સંસાર-ત્યાગ ન કર્યો ને વિષયરાગ ઊભો રાખ્યો તો એથી પતિ કર્યો ને આ દુઃખ આવ્યું. વિષયરાગ જ ન રાખ્યો હોત તો હું પતિ જ શું કામ કરત ? ને પતિ તરફથી આ હકાલપટ્ટીય શાની આવત ?

જોજો, દીકરા તરફથી સેવારૂપી વિષયની ઇચ્છા છે, રાગ છે માટે જ જો દીકરો સેવા ન કરે તો દુઃખ લાગે છે. જેને સેવા લેવાનો રાગ નથી એને દુઃખ નથી લાગતું. એટલે જ સમજવાનું કે દુઃખ દીકરાથી નથી, આપણા વિષય રાગથી છે.

સેવાનો રાગ જ ન હોય તો ભલે ને દીકરો સેવા ન કરે, આપણે શું કામ દુઃખ લગાડીએ ?

**સેવા પર રાગના લીધે જ દીકરો સેવા ન કરતાં દુઃખ લાગે છે. પૈસા પરના રાગને લીધે જ સરકારી ટેક્ષ વગેરેનું દુઃખ લાગે છે.**

એમ, પૈસા રૂપી વિષયનો રાગ છે માટે જ પૈસા જતાં દુઃખ થાય છે. એટલે જ ત્યાં 'સરકારે ઊંધું માર્યું' બજાર બગડ્યા, તેથી કરીને પૈસા ગયા' એવું દુઃખ નહિ માનવાનું. 'આપણને પૈસાનો રાગ જ ન હોત તો ગયાનું દુઃખ જ શું કામ થાય ?' એ જ વિચારવાનું. શરીર તપથી દૂબળું પડ્યું, દુઃખ થાય છે. શા સારુ ભાઇ ! દુઃખ કરવાનું ? દૂબળું શરીર પાપમાં વધારે નહિ દોડે એ તો સારું જ છે. પાપ પર કાપ પડે એ સારું નહિ ? પણ દુઃખ કેમ થાય છે ? પાપ વિષય પર અને સશક્ત શરીર રૂપી વિષય પર રાગ છે માટે. 'સારું સારું તગડું શરીર રહે તો સારું,' આ વિષયરાગ છે. એટલે 'તપથી શરીર દૂબળું પડે એમાં તપ ખરેખરો થયો, વાસ્તવિક થયો,' માની આનંદ રાખવો જોઇએ. એના બદલે દુઃખ કરાય છે, કે 'હાય ! મારું શરીર બગડયું !' એમ દુઃખ કરવા જતાં તપસ્યા ઉપર આ રીતે ગર્ભિત દ્વેષ અરુચિ ઊભી થાય છે, કે 'આ તપ વધારે પડતો કરી નાખ્યો એટલે શરીર દૂબળું પડ્યું !' કેવી મૂઢતા ! તપ તો કર્યો તે તો વીતી ગયો. હવે એના પર સંતાપ કરવાનો હોય ? પણ શરીરરાગ વિષયરાગ આ મૂર્ખાઇ કરાવે છે, આ મૂર્ખાઇ કેવી મોટી છે કે એમાં પહેલાં કહ્યું તેમ અહીંના તપસુકૃતના સંતાપથી ભવાંતર માટે તપની બુદ્ધિ પર જ ઘા પડે છે ! આ કોના પાપે ? વિષયરાગના પાપે. આ જો વિચારીએ તો વિષયરાગને જ મારવાનું મુખ્ય ધ્યાન રહે, પણ તારણહાર તપને દંડવાનું ન થાય.

(૪) ચોથી વાત,-'દુઃખ કેમ આવ્યું ? વિચિત્ર સંસારના કારણે.' આમ માનવાથી દુઃખમાં સંસાર પર વૈરાગ્ય વધે કે 'અહો ! આ સંસાર કેવો વિચિત્ર કે એમાં જીવની દુઃખની ઇચ્છા નહિ-છતાં દુઃખ લમણે લાગે ! હાલતાં ને ચાલતાં કાંક પ્રતિકૂળ થયું, કોક દુઃખ આવ્યું, કાંઇક આપત્તિ આવી, કશુંક મનનું ધાર્યું ન બન્યું, ને નહિ ધારેલું બન્યું, કોઇ રોગ આવ્યો, ધાંધલ આવી...બધે જ આ સૂત્ર લગાડાય કે 'અહો ! આ સંસાર જ એવો વિચિત્ર છે કે એમાં આવું બધું બન્યા જ કરે, બન્યા જ કરે.'

**જો ઠામઠામ 'આ સંસાર જ એવો વિચિત્ર છે' એમ થયા કરે, તો સંસાર પરથી માન ઊઠી જાય. એ જ ભવ-વૈરાગ્ય.**





સંસારને જ સર્વ દુઃખનું કારણ માનવાથી પછી દુઃખમાં કોઇને દોષ દેવાનું મન ન થાય. મનને એમ સમાધાન રહે કે 'એ બિચારા શું કરે ! આ સંસાર જ એવો છે કે એમને ખોટી બુદ્ધિ થાય, ને મને દુઃખ આવે એટલે મારા દુઃખમાં કારણભૂત એ લોક નહિ, પણ સંસાર'. કહેતા નહિ-

પ્ર.-તો પછી શું પહેલાં કહ્યાં તે આપણા પૂર્વનાં દુષ્કૃત અને અહીંના વિષય-રાગ દુઃખમાં કારણભૂત નહિ માનવાનાં ?

ઉ.-માનવાનાં. પણ ભૂલશો નહિ, પૂર્વનાં દુષ્કૃત કે વર્તમાન વિષયરાગ પણ સંસારની અંતર્ગત છે, અને સંસારના કારણે જ છે. એટલે 'આ સંસાર જ એવો વિચિત્ર છે કે જીવને દુષ્કૃત કરાવે, ને વિષયરાગ કરાવે, ને રાગમાં મરવા વિષયો પૂરા પાડે.' એમ સંસાર પર વૈરાગ્ય વધતાં તદન્તર્ગત દુષ્કૃત્યો અને વિષયો પર પણ વૈરાગ્ય વધતો જાય.

**મૂળમાં સંસારને જ દુઃખનું કારણ માનવાથી વિશેષ લાભ આ, કે લક્ષ્મી લાડી-વાડી-ગાડી, ખાનપાન-માન સન્માન, કીર્તિ-વાહવાહ એ બધી સંસારની જ બાબતો દુઃખદાયી લાગે.**

**વિવેક કેવો ? દુઃખનું સાચું કારણ ઓળખાવે તે.**

જીવન જીવતાં વિવેક રાખો. વિવેક આ, કે દુઃખમાં કારણભૂત આપણાં કર્મ લાગે, પૂર્વ દુષ્કૃત લાગે, વર્તમાન વિષયરાગ લાગે અને સર્વોપરિ કારણ વિચિત્ર સંસાર લાગે. સાવધાની આ, કે એવા સંસાર અને સંસારની બાબતો પર માન-બહુમાન ન રહે તેમ જ સુકૃત-સદ્ગુણના ક્યારેય સંતાપ ન કરીએ. તે એ સમજીને કે એથી ભવાંતર માટે સુકૃત સદ્ગુણની બુદ્ધિ જ ખોવાઇ જશે.

દાનના સુકૃતમાં વધારે પૈસા ખરચાઇ ગયા તેમ સંતાપ કરનાર શું કરી રહ્યો છે ? એ હવે સમજાયું હશે. સુકૃતનો સંતાપ છે એમાં કેમ સંતાપ કરે છે ? કહો, દાન ધર્મના આનંદ પહેલાં પૈસાના પાપનું દુઃખ નહોતું રાખ્યું માટે. જો એ દુઃખ રાખ્યું હોત તો દાનમાં વધુ પૈસા ખરચાઇ જતાં આનંદ માનત કે 'હાશ ! આમ તો મારે આટલા પૈસા ખરચવા નહોતા, છતાં એટલું વધારે પૈસાનું પાપ ગયું તે સારું થયું.' એમ તપના આનંદ પહેલાં શરીર એ પાપ માન્યું હોત તો તપથી શરીર દૂબળું પડતાં આનંદ થાય-'હાશ, પાપ-શરીર ઘસાયું તે સારું થયું !'

**દાન ઇચ્છતા પહેલાં 'પૈસા પાપ' લગાડો.**

**તપ ઇચ્છતા પહેલાં 'શરીર પાપ' 'ખાવું પાપ' લગાડો.**

વાત આ છે-

**સાચા ધર્મી જીવને ધર્મના આનંદ પહેલાં પાપનું હૈયે ભારે દુઃખ છે.**

એટલે જ સમજાશે કે જયવીયરાય સૂત્રમાં 'ભવ નિવ્વેઓ' પહેલું માગ્યું તે આ જ સૂચવે છે કે 'ભવ એટલે સંસાર, સંસાર એટલે પાપોનું જીવન' એના પર નિર્વેદ લાવો, કંટાળો લાવો, અરુચિ ગ્લાનિ, દુઃખ લાવો.

**જેના હૈયે પાપ ખટકે એને પાપમય સંસાર પણ ખટકે.**

સંસાર પાપમય છે, ને પાપ ખટકે. એટલે વાત આ આવીને ઊભી રહે છે કે 'મૂળમાં પાપનો ખટકો લાવો, પાપનો કંપ લાવો તો જ ધર્મનો સાચો આનંદ આવે.' એમ, પાપનો કંપ ભારે હોય તો મોકો આવતાં સંયમ જીવન પણ એકાએક લેવાનું થાય.

☙ ☙ ☙ ☙ ☙ ☙

રાજા ગુણચંદ્રના પ્રસંગમાં પણ આ બન્યું. મુનિ મહાત્મા પર એણે એમને અપશુકન માની એમને મારી નખાવવા શિકારી કૂતરા છોડ્યા, પણ કૂતરા મુનિરાજના ધર્મતેજમાં પણ અંજાઇ જઇ પાસે સેવામાં બેસી ગયા ! તે જોઇ શરમાઇ જઇ રાજાને પોતાના આ પાપ માટે એવો કંપારો લાગ્યો કે મરવા તૈયાર થઇ ગયો ! એટલે મહાત્માએ કહ્યું-'એમ મરવાથી પાપ નહિ મરે. પાપ મારવાનો ઉપાય સંયમ છે ને સંયમ જીવતા રહીને સધાય, જીવતા રહીને સંયમ જ સાધવાનું.' બસ, પાપનો ભારે કંપ છે, ખટકો છે, એટલે રાજા ગુણચંદ્ર તરત જ સંયમ માટે તૈયાર થઇ ગયો.

આ વાત એના પર ચાલી કે 'લગ્ન એકદમ લેવાય, લગ્ન આવશ્યક છે, લગ્ન વિના ન ચાલે,' આ બધું મગજમાં બેસે છે, પણ દીક્ષા માટે આ મગજમાં બેસતું નથી ! કેવું આશ્ચર્ય !

**કનકશ્રી એકદમ પરણવા ઉત્સુક**

રાજા અનંતવીર્ય અને મોટોભાઇ અપરાજિત નટીના વેશે પ્રતિવાસુદેવ દમિતારિ રાજાને ત્યાં ગયેલા છે, ને રાજાએ એમના કળા કૌશલ્યથી મોહિત થઇ પોતાની દીકરી કનકશ્રીને નૃત્યકળા શીખવવા એમને સોંપી છે. એમાં શિક્ષણની વચમાં વચમાં અપરાજિત અનંતવીર્યના ગુણગાન કરતા રહે છે. એમાં કનકશ્રી મોહિત થઇ અનંતવીર્યનાં દર્શન ઝંખી રહી છે, તો બંનેએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી દેતાં કનકશ્રી અનંતવીર્યને સાક્ષાત્ જોઇ વિશેષ આકર્ષાઇ. અને હવે કહે કે 'નારદજીનું અહીં આવવું, તમારી બે નટીના વખાણ કરવા, નટીને બોલાવવી





એમાં તમારું જ આવી જવું, વગેરે બધું અસંભવિત સંભવિત બન્યું ! તો હવે જેમ પહેલાં તમે મારા નાટ્યાચાર્ય બન્યા, એમ હવે મારા પતિ થાઓ. મારો હાથ ગ્રહણ કરો, નહિ ગ્રહણ કરો તો હું આત્મહત્યા કરીશ, તમને સ્ત્રીહત્યાનું પાપ લાગશે.'

લગ્ન માટે એકદમ જ કેવી તલપાપડ ! કેવી તમન્ના ! અનંતવીર્યની પ્રશંસા સાંભળી છે એટલો જ પરિચય, બાકી કનકશ્રીને 'એનો સ્વભાવ કેવો હશે ? સાસરિયામાં બીજા કેવા હશે ? એની સાથે ફાવશે કે કેમ ?' આ કશો વિચાર નથી અને ચારિત્રની વાત આવે ત્યારે જ આવા પ્રશ્ન સામે ધરાય છે ! કલિકાલની વિચિત્રતા છે, કહો કે જીવોનાં પુણ્ય કાચાં કે આજનું વાતાવરણ આવું પાપની દલાલીનું જ મળ્યું. કહો, એકમાત્ર આર્ય મનુષ્ય જનમમાં જ જે મળી શકે એવું સંયમ-જીવન સાધુજીવન લેવાની આડે આવી અજ્ઞાનતા-મૂઢતા ભર્યા પ્રશ્નો ધરાય ! અસ્તુ.

**અનંતવીર્ય-કનકશ્રીનો સંવાદ**

અનંતવીર્ય પણ કનકશ્રીને જોઇ મોહિત થઇ ગયેલ છે, એટલે એની માગણી સ્વીકારી લેતાં કહે છે, 'તારી ઇચ્છા બરાબર છે, પરંતુ પહેલાં તું આપણી શુભાનગરીએ ચાલ, ત્યાં ધામધૂમથી લગ્ન-વિધિ કરશું.'

કનકશ્રી કહે, 'એમેય હું તૈયાર જ છું, પરંતુ મને ભય છે કે તમે મને એમ જ લઇ ચાલો તો તમે શસ્ત્રરહિત છો, ને મારા બળવાન પિતા દુષ્ટ છે. તમારા પર મહા અનર્થ લાવે !'

અનંતવીર્ય કહે, 'ભોળી ! કાયર ન થા. તું અમને ઓળખતી નથી. અમારું બળ તેં શું જોયું છે ? બલિષ્ઠ એવા અમારી આગળ તારો પિતા કોણ માત્ર છે ?'

અનંતવીર્યના લોખંડી અવાજે નીકળતા આ બોલ પર કનકશ્રીને એના બળ ઉપર વિશ્વાસ પડ્યો, સંતોષ થયો, ભય નીકળી ગયો. તે કહે છે, 'તો ભલે ત્યારે, અત્યારે જ આપણે અહીંથી છૂપા છૂપા નીકળી જઇએ.' અહીં જોવા જેવું છે કે કનકશ્રી પોતાના સગા બાપને દુષ્ટ કહી રહી છે તે શાના હિસાબે ? પોતાના સ્વાર્થની એ આડે આવનાર છે માટે ? કે કોઇ બીજા હિસાબે ?

**દમિતારિ દુષ્ટ શા માટે ?**

કનકશ્રીને પોતાનો સ્વાર્થ વળગ્યો છે, અનંતવીર્યને પરણવું છે, ને બાપ એમાં કાંઇ સંમત થાય નહિ. ઊલટું લડાઇ કરી કનકશ્રીના પોતાના પ્રિયને મારી નાખવા સુધી તૈયાર થઇ જાય. વાત સાચી, પરંતુ એ માટે પિતા દુષ્ટ લાગે છે એવું નથી, કેમકે એ સમજે છે કે જો હું અનંતવીર્યને પસંદ કરવામાં સ્વતંત્ર છું, તો

પિતા આમને ન પસંદ કરવામાં સ્વતંત્ર છે. મારી બુદ્ધિ આમ કામ કરે, એમ એમની બુદ્ધિ એમ કામ કરે એટલા માત્રથી પિતા દુષ્ટ ન ગણાય. એ તો ઉપલકિયું કારણ છે.

તો પછી કનકશ્રી પિતાને કેમ દુષ્ટ તરીકે ઓળખાવી રહી છે ? એટલા જ માટે કે પિતા પોતાના મહાન બળ અને સૈન્યના જોરે બળસૈન્ય વિનાના ઉપર જોહુકમી ચલાવે છે. દા.ત. અનંતવીર્ય રાજાની બે નટીઓ જોઇતી હતી તો જોહુકમીથી લઇ આવવા દૂતને મોકલેલો. કનકશ્રીએ પિતાના એવા નાનાઓ પર જોહુકમીનાં બીજાં કામ દેખ્યાં હશે તેથી પિતાને દુષ્ટ કહી રહી છે.

ધ્યાનમાં રહે કે કનકશ્રી ઊંચી કોટિનો આત્મા છે, તેથી એ જન્મથી પાળી ઉછેરી મોટી કરનાર ઉપકારી પિતાને એમ એકદમ દુષ્ટ ન કહે. પરંતુ પિતાની એક દુષ્ટતા આ જોહુકમીની જોયેલી, તેમ જ બીજી દુષ્ટતા આ જોયેલી કે 'સામો નાનડિયો કે અલ્પબળી છતાં વિશિષ્ટ ગુણવાન છે તો લાવો એની કદર કરીએ' એ પણ પિતાને આવડતું નહિ હોય, દા.ત. અને આ ખબર પડે કે 'નટીના વેશે આ તો અપરાજિત-અનંતવીર્ય નાના રાજા પોતે જ માયાથી અહીં ઘૂસી ગયા ?' તો પછી એમને દુશ્મન જ દેખવાના, પછી ભલે ને આ બે ભાઇ ગમે તેટલા વિશિષ્ટ ગુણવાન હોય, તોય એમણે મહાન દુશ્મનનું કામ કર્યું માટે હરામી અને વધ્ય માનવાના.' આવી જે ગુણવાનની બેકદર, એ દુષ્ટતા નહિ તો બીજું શું કહેવાય ?

ધ્યાન રાખવાનું છે કે આપણને કોઇ અમુક કારણે અનુકૂળ ન રહેતો હોય તોય એનામાં વિશિષ્ટ ગુણ હોય એની કદર ન ભુલાય.

**ગુણની કદર એ મોટી ચીજ છે. ગુણનો દ્વેષ ખતરનાક છે.**

એટલા જ માટે ચરમાવર્તકાળ અર્થાત્ મોક્ષ પામવા પૂર્વના છેલ્લા પુદ્ગલ પરાવર્ત કાળમાં જીવ આવ્યાનું અને અનાદિનો સહજ મળ જે કહેવાય એ ગાઢ રાગ ઓછો થયાનું એક લક્ષણ આ છે **'अद्वेषो गुणवत्सु च'** અર્થાત્ ગુણવાનો ઉપર દ્વેષ નહિ.

કેમ આ લક્ષણ બનાવ્યું હશે ? એટલા માટે કે-

જીવને આ ભીષણ ભવસાગરથી ઉદ્ધાર થવાની ભૂમિકા ચરમાવર્તમાં જ શરૂ થાય છે. એ પૂર્વના અનંતા પુદ્ગલપરાવર્ત કાળ તે ઠેઠ ચરમાવર્તની નજીકનો પુદ્ગલપરાવર્ત કાળ, એ બધો અચરમાવર્તકાળ કહેવાય. એમાં ભલે મોટા તીર્થંકર ભગવાન વિચરતાનો સંયોગ મળે, છતાં જીવના ઉદ્ધારની ભૂમિકા જ નથી બનતી. હા, દેવતાઇ સુખ વગેરેની લાલસાથી ધર્મની પ્રવૃત્તિ ય કરે, યાવત્ ચારિત્ર સાધુ-દીક્ષા લે, પરંતુ એના અંતરમાં ઉદ્ધારની ભૂમિકા નહિ ! એનું કારણ સહજ મળનું





જોર છે. સહજ મળના જોરમાં આત્માના ગુણની કદર નથી. મોકો આવ્યો ગુણગાન ઉપર દ્વેષ ઝળહળી ઊઠે છે.

**ગુણવાન પરનો દ્વેષ ગુણ પર પહોંચી જાય છે, માટે ગુણવાન પર દ્વેષ નહિ કરવો.**

તમે પૂછશો,

પ્ર.-અમે ગુણ પર તો પ્રેમ રાખીએ. પણ ગુણવાન કશું ખોટું કરતો હોય એટલે એના પર દ્વેષ-અરુચિ ઘૃણા થાય એમાં પેલા ગુણ પર પ્રેમને શો વાંધો આવે ? શું ખોટા કામ પર દ્વેષ ન થાય ?

ઉ.-માત્ર ખોટાં કામ પર દ્વેષ હોય ત્યાં સુધી વાંધો નહિ, પરંતુ જો એટલું જ હોય તો મનને એમા થાય કે 'આ કામ ખરાબ, બાકી ભાઇનો જીવ તો સારો છે, અને જીવ પર દ્વેષ કરાય નહિ. નહિતર આપણો મૈત્રીભાવ ખંડિત થઇ જાય.' મૈત્રીભાવ આ છે-

'સર્વ જીવેષુ સ્નેહ-પરિણામો મૈત્રીભાવઃ'

**સમસ્ત જીવો પ્રત્યે આપણા અંતરમાં સ્નેહભાવ એ મૈત્રીભાવ, આ ધર્મનો પાયાનો ગુણ છે.**

**મૈત્રીભાવ લાવવા ઉપાયભૂત વિચારણાઓ,**

આપણે જીવ છીએ. જીવમાત્રને આપણા જાતભાઇ સમજીએ તો એમના પર સ્નેહ લાવવો સહેલો છે. પરદેશ ગયેલો ગુજરાતી ભાઇ ત્યાં આવેલા બીજા ગુજરાતી ભાઇને જાતભાઇ સમજે છે, તો એને સહજે એના પર સ્નેહ રહે છે. એમ આપણે આપણા મૂળ દેશ મોક્ષને બદલે પરદેશ જેવા સંસારમાં છીએ અને પરદેશમાં છીએ ત્યાં બીજા સંસારી જીવો પણ એ જ રીતે પરદેશમાં છે, એટલે આપણા જાતભાઇ કહેવાય. એ જાતભાઇ સમજીએ એટલે કુદરતી રીતે એના પર સ્નેહ રહે, મૈત્રીભાવ રહે, દુશ્મન ભાવ નહિ.

(૨) સકલ જીવ પર સ્નેહભાવ માટેની બીજી વિચારણા એ છે કે જીવો બિચારા ખોટું કામ કરતા હોય તોય એ કર્મવશ કરે છે. એટલે એક તો એ બિચારા કર્મનો માર ખાઇ રહ્યા છે. હવે એના પર વધારામાં આપણે દ્વેષ શો કરવો ? દ્વેષના માર શા મારવા ? આપણે તો એની કર્મપીડિત દશા જોઇ ગદ્ગદ થઇ એને સ્નેહથી નવરાવી નાખવો જોઇએ.

(૩) સ્નેહ પરિણામ લાવવા માટે ત્રીજી વિચારણા આ છે, કે આપણે અનંતાનંત કાળથી જીવો પર દ્વેષ તો કરતા આવ્યા છીએ, હવે આ જીવનમાં પણ એ જ કરવાનું રાખીશું તો સ્નેહ કરવાનું ક્યા ભવે કરવાનું ? ત્યારે નડે છે આ, કે-

પ્ર.-પણ કોઇ આપણું બગાડતો હોય એના પર દ્વેષ કેમ ન થાય ? સ્નેહ શી રીતે થાય ?

ઉ.-એના પર પણ દ્વેષ નહિ કિન્તુ સ્નેહ આ રીતે રાખવાનું થાય કે-

(૪) જે એની દૃષ્ટિએ આપણે જોઇએ છીએ કે એ આપણું બગાડનારો છે, એના બદલે આપણી દૃષ્ટિથી જોવાનું કે આપણે દ્વેષ કરીએ તો આપણા આત્માનું બગડે છે. એણે તો બગાડ્યું તે આપણા આત્માને બગાડ્યો. દા.ત. એણે (૧) આપણી નિંદા કરીને આપણી કીર્તિ-આબરૂને બગાડી, યા (૨) આપણા પર ખોટો રોષ કરીને આપણી આંખનો વિષય બગાડ્યો. આપણી આંખને ગમતો વિષય હતો સામે પ્રેમાળ માણસ, તે એ રોષીલો માણસ જોવા મળ્યો. આ આંખનો વિષય બગાડ્યો, એમાં આત્માનું શું બગડ્યું ?

આમ, સામો આપણું બગાડે છે તે કીર્તિ યા પ્રેમાળ ચહેરા રૂપી જડ પદાર્થ. જ્યારે આપણે દ્વેષ કરીને આત્માને જ બગાડીએ છીએ.

**આપણી કીર્તિ કે પ્રેમાળ ચહેરો એ કાંઇ આપણો આત્મા નથી તેથી એને બગાડનાર સામો આપણા આત્માને નથી બગાડતો.**

**પણ આપણે દ્વેષ કરીએ એ આપણા આત્માનો વિકાર છે, તેથી દ્વેષ કરીને આપણે જાતે આપણા આત્માને બગાડીએ છીએ !**

(૫) કોણ મોટો ગુનેગાર ? સામો કે આપણે ? સામો આપણા આત્માની બહારનાને બગાડે છે. આપણે આપણા આત્માને જ બગાડીએ છીએ. એટલે આપણે જ દ્વેષ કરીને મોટા ગુનેગાર ઠરીએ છીએ.

બસ, સામો આપણું બગાડે છે એમ સામાની દૃષ્ટિએ જોવા કરતાં આપણી દૃષ્ટિએ જોઇએ કે 'દ્વેષ કરવા જતાં આપણે જ આપણા આત્માને બગાડીએ છીએ તો શા સારુ એવા અક્કલહીન થવું ?' એમ વિચારતાં આપણે આપણા હૈયામાં દ્વેષ ન ઊઠવા દઇએ, દ્વેષને અટકાવી શકાય, મૈત્રીભાવ અખંડ રાખી શકાય.

આમ, મૈત્રીભાવ માટે ત્રણ રીતે વિચારી શકીએ, (૧) આપણો જાતભાઇ છે, (૨) કર્મ એને મારે છે, (૩) મૈત્રીભાવ અહીં નહિ કરું તો કયા ભવે કરીશ ! (૪) સામાની દૃષ્ટિએ નહિ પણ આપણી દૃષ્ટિએ જોવું કે દ્વેષ કરવામાં આપણે જ





આપણા આત્માને બગાડીએ છીએ. (૫) કોણ મોટો ગુનેગાર ? સામો કે આપણે ?

ત્રીજી વિચારણામાં આ વિચારવાનું કે આમ દ્વેષ કરી કરીને સ્વાત્માને બગાડીશ તો-

**સ્વાત્માને દ્વેષ અટકાવી સુધારવાનું ક્યારે ક્યા જન્મારે કરીશ ? આ વિચારથી સામા પર દ્વેષ અટકે ને સ્નેહ જાગે, મૈત્રીભાવ રહે.**

એમ નથી માનવાનું કે-

પ્ર.-હમણાં તો દ્વેષ કરી લઇએ. ને આપણે જાગતા છીએ એટલે આગળ પર દ્વેષ અટકાવીશું.

ઉ.-આ માનવું ખોટું, કેમકે અનાદિની દ્વેષની કુટેવ છે જ. એને અત્યારે પોષવાથી એ વધુ રીઢ થઇ જતાં આગળ પર એ કુટેવ સહેલાઇથી અમલમાં આવશે. જુઓ ને, એમ જ બીડીની કુટેવ વધતાં પાંચ પરથી પચાસ બીડી સુધી પહોંચે છે ને ?

હવે સમજાઇ ગયું હશે કે આપણું બગાડનાર પર પણ દ્વેષ કેમ અટકાવાય, ને એના પર પણ સ્નેહ પરિણામ કેમ રખાય. દ્વેષ અટકાવી સ્નેહ-પરિણામ રાખવા આ પણ એક વિચારણા છે, કે-

(૬) દ્વેષ કરી કરી ભવાંતર માટે દ્વેષના કુસંસ્કારનો જથ્થો નથી લઇ જવો, પણ સ્નેહ કરી કરી સ્નેહ પરિણામના સુસંસ્કાર લઇ જવા છે. આ એટલા માટે કે-

દ્વેષના કુસંસ્કારને યોગ્ય ભવ ખરાબ મળવાનો, ત્યારે સ્નેહના સુસંસ્કારને યોગ્ય ભવ સારો મળવાનો. તેમજ-

**(૭) માનવભવના શુભ અશુભ ભાવના ભવાંતરે ગુણાકાર પણ થાય છે, તેથી દ્વેષના બદલે સ્નેહ કરતાં ભવાંતરે એના ગુણાકારમાં ઉચ્ચ સંતનું જીવન જીવવા મળે.**

**મૈત્રીભાવ કેમ પાયાનો ગુણ ?**

આ પણ વિચારણા સ્નેહ પરિણામ લાવવા ટકાવવા બહુ ઉપયોગી છે. હવે વિચારીએ-

પ્ર.-મૈત્રીભાવ એ સર્વ જીવ પર સ્નેહ પરિણામ, અને ધર્મનો પાયાનો ગુણ કેમ કહ્યો ?

ઉ.-એટલા માટે કહ્યો કે જો મૈત્રીભાવ યાને સ્નેહભાવ નથી, તો દ્વેષભાવ આવવાનો, ને એમાં દિલ સળગતું રહેવાનું. એટલે સળગતા દિલમાં ધર્મ કેવી રીતે

સ્થાન પામે ?

**ધર્મ આંતરિક શુભ પરિણામ છે. એ શીતળ સૌમ્ય દિલમાં જાગે ? કે સળગતા દિલમાં ?**

ભલે ને દાન દેવા નીકળી પડ્યો, યા બ્રહ્મચર્ય સદાચાર પાળે છે, કે તપસ્યા કરે છે, કિન્તુ દિલમાં જો સર્વ જીવ પ્રત્યે સ્નેહ નથી. ને આના પર દ્વેષ, પેલાના પર દ્વેષ, ઓલાના પર દ્વેષ, એમ દ્વેષથી દિલ સળગતું છે, તો એવા દિલમાં દાનાદિ ધર્મના શુભ ભાવ શી રીતે રહે ?

જુઓ મમ્મણ શેઠે પૂર્વભવમાં મુનિને લાડવો વહોરાવ્યા પછી પાછો લેવાની બુદ્ધિ થઇ, ને સાધુ પાસેથી ન મળ્યો. તો સાધુ પર દ્વેષ-અરુચિ થતાં એના દિલમાંથી દાન પરિણામ સાવ નષ્ટ થઇ ગયો, ને મહાકૃપણ મમ્મણ થયો.

સિંહગુફાવાસી મુનિ સ્થૂલભદ્રજી અને ગુરુ પર દ્વેષ-અરુચિ કરવા જતાં ઇર્ષ્યામાં વેશ્યાને ત્યાં ચોમાસું કરવા ગયા, ને શીલનો ભાવ ગુમાવી બેઠા.

જો આ બધાએ મૈત્રીભાવ-સ્નેહભાવ રાખ્યો હોત તો એમના અંતરમાં ધર્મ ટકી રહેત, ને કટુ ફળો ન નીપજત.

એટલે હવે જ્યારે મૈત્રીભાવ પાયાનો ગુણ છે, તો કોઇના ય પર દ્વેષ નહિ, તો ગુણવાન ઉપર તો દ્વેષ કરાય જ કેમ ?

ગુણવાન પર દ્વેષ એ ગુણ પર પહોંચે છે, કેમકે ગુણને અકબંધ રાખી અર્થાત્ ગુણની કદર જ રાખી માત્ર ગુણવાન પર દ્વેષ કરવાનું ગજું નથી, સત્ત્વ નથી, એટલે તો દેખાય છે કે દા.ત. કોઇને ગુણવાન પર દ્વેષ છે. એ ગુણવાનના કોઇ દાનસુકૃત-સદ્ગુણની પ્રશંસા કરતો હોય તો તે સાંભળીને ગુણવાનના દ્વેષીથી. સંભવ છે, એમ બોલાઇ જાય કે 'જોયું જોયું એનું દાન ! એના દાનમાં શો ભલીવાર છે ?'

આ શું કર્યું એણે ? પેલાના દાન-સુકૃત પર અરુચિ-સૂગ-દ્વેષ કર્યો. એમાં ગુણવાન પરનો દ્વેષ પહોંચ્યો ગુણ પર, એમાં એના ગુણની કિંમત જ ન આંકી, કદર જ ન કરી, કેમ જાણે માણસની કિંમત નહિ એટલે એના ગુણની કિંમત નહિ !

મેતારજ મુનિએ પૂર્વભવમાં ચારિત્ર સારું પાળેલું તેથી ત્રણ જ ભવમાં એમનો સંસાર મર્યાદિત થઇ ઊભો ! પરંતુ એક વાર મનમાં એમ આવ્યું કે 'ચારિત્ર મળ્યું એ તો સુંદર થયું, પરંતુ ગુરુએ ચારિત્ર પરાણે આપ્યું એ ઠીક નહિ. ગુરુ જરા ઉતાવળિયા તે સમજાવી પટાવીને ન આપ્યું. આમ વિચારવામાં એ દુર્લભ બોધિ





થયા ! કેમ વારુ ? આટલી બાબતમાં ગુરુની કિંમત ઉતારી નાખી, ગુરુ પર અરુચિ ઊભી કરી, એ પહોંચી ગુણ પર-કેમ જાણે આવું કરનાર ગુરુ કિંમતી નહિ એટલે એમણે કરેલું ચારિત્ર દાન કિંમતી નહિ, એમણે આપેલું પરાણે ચારિત્ર કિંમતી નહિ !

આ ચારિત્ર ઉપરના દ્વેષે એમને મેતારજના ભવમાં દેવતા પ્રતિબોધ કરવા આવ્યો છતાં વર્ષો સુધી ચારિત્રના ભાવ જ ન થવા દીધા. એ બતાવે છે કે-

**ગુણ પરનો દ્વેષ ભવાંતરે ગુણની દુર્લભતા કરે છે.**

કહો જોઉં,

પ્ર.-અહીં સારો ઉપદેશ સાંભળવા મળ્યો છતાં અને સારા સારા વૈરાગી સાધુ, સાધ્વી દેખાવા છતાં વૈરાગ્ય કેમ નથી થતો ?

ઉ.-વૈરાગ્ય એટલે વિષયો પર ઘૃણા-વૈરાગ્ય, વિષયો પર અભાવ. એ ગુણ છે. પૂર્વભવોમાં વિષયોનો રાગ એટલો ગાઢ રાખેલો કે વિષય-વૈરાગ્યની વાત ન ગમે. વૈરાગ્ય પર અરુચિ દ્વેષ રહે તો એ ગુણ-દ્વેષ અહીં ગુણ ન પાળવા દે, એ સ્વાભાવિક છે. મનમાં માને છે શું આવા મજેના સુખદાયી લાડી વાડી ગાડી રૂપી વિષયો પર અભાવ થતા હશે ? અભાવ તે કરાતા હશે ?

જીવે અનંત અનંત કાળ આ કર્યું છે, ગુણ ઉપર દ્વેષ-અરુચિ-અભાવ. એટલે જ ચરમાવર્તમાં આ આવશ્યક ગણ્યું કે ગુણવાન પર દ્વેષ એટલે કે ગુણ પર દ્વેષ ન હોવો જોઇએ. ચરમાવર્ત કાળ ધર્મ પાળવાનો કાળ. ધર્મ પાળવો હોય તો ગુણ પર દ્વેષ નહિ કહેતાં એમ કહેવાને બદલે ગુણવાન પર દ્વેષ નહિ કેમ કહ્યું ?

ઉ. આટલા માટે ન કહ્યું કે ગુણવાન પર દ્વેષ ગુણ પર દ્વેષ લઇ આવે છે. મોહની કરામત છે કે મન માન્યા કરશે કે 'મને ગુણ તો ગમે છે, ગુણ પર કોઇ અભાવ નથી, પણ મને એ ગુણવાળી વ્યક્તિ નથી ગમતી કેમકે એનાં કારસ્તાન એવાં છે !' આમ મન મનાવી રહ્યું છે પરંતુ એ વ્યક્તિ દ્વેષની અનાદિની કુટેવથી ગુણ દ્વેષ આવી જાય છે.

**ઇર્ષ્યા ચીજ એવી ભયાનક છે કે જેના પર ઇર્ષ્યા આવી એ વ્યક્તિનું સારુંય ખરાબ મનાવે.**

વ્યક્તિ પર ઇર્ષ્યા કરવા જતા એની સારી વિશેષતા પર પણ અભાવ થાય છે, આ અભાવ એ ગુણદ્વેષ છે. એ ભવાંતર માટે ગુણની દુર્લભતા કરે છે.

**ને ગુણની દુર્લભતા એ ગુણના પાયા પર ઊભા રહેતા ધર્મનેય દુર્લભ બનાવે છે.**

ચરમાવર્ત કાળમાં ધર્મ હવે દુર્લભ ન રહે એટલા જ માટે ગુણ દ્વેષ ત્યાજ્ય કહ્યો, એ માટે ગુણવાન પર દ્વેષ ત્યાજ્ય કહ્યો, ધર્મના પાયાનો ગુણ વૈરાગ્ય. ગમે તે કારણે જો વિરાગી પર દ્વેષ કરવા ગયા, તો એના વૈરાગ્ય પર દ્વેષ થઇ આવવા મોટો સંભવ છે. પૂછો-

પ્ર. કોઇ બીજા કારણે વ્યક્તિ પર દ્વેષ આવે એટલે એના ગુણ પર દ્વેષ આવે છે એમ કેમ કહેવાય ?

ઉ. એટલા માટે કહેવાય છે કે જો દ્વેષ ન આવતો હોત તો તેના ગુણની કદર રહેત, પ્રશંસા ઉપબૃંહણા કરત. પરંતુ એ ક્યાં કરાય છે ? એ તો વ્યક્તિ પર દ્વેષના લીધે મોઢું સીવી લેવાય છે, ને ભૂલેચૂકે એના ગુણની પ્રશંસા ન થઇ જાય એવી તકેદારી રખાય છે. કોઇ મોમાં આંગળા ઘાલી બોલાવે કે 'કેમ ભાઇ ! ફલાણાની ક્ષમા-સરળતા કેવી ? એ વ્યક્તિ પર જો ઇર્ષ્યા છે તો બોલાઇ જાય છે, કે 'હવે માફ રાખો, જોઇ એમની ક્ષમા ને સરળતા. આ સૂચવે છે કે એના ગુણ પર દ્વેષ છે. એ જો ન હોત તો તો હાથ જોડાત, ને કહેત કે 'મારે એ વ્યક્તિ સાથે ભલે મેળ ન હોય પરંતુ કહેવું પડે કે એમની ક્ષમા સુંદર, સરળતા સારી.

ક્યાં બોલાય છે આ ? વાત આ છેઃ

**ગુણની ભારોભાર કદર હોય તો દુશ્મનના પ્રત્યે ગુણની અરુચિ દ્વેષ ન કરાય.**

પેલી કનકશ્રીને બાપ પર ઇર્ષ્યા નથી, તે બાપને દુષ્ટ કહે, તેમ કનકશ્રી પોતાનો સ્વાર્થ ભંગ કરનાર માની દુષ્ટ નથી કહેતી. પરંતુ બાપની કરણી એવી જુએ છે માટે અનંતવીર્ય આગળ બાપને દુષ્ટ તરીકે ઓળખાવી રહી છે, કહે છેઃ 'તમે મારા દુષ્ટ બાપને ઓળખતા નથી, તમે જો મને એમ જ શસ્ત્રાદિ સામગ્રી વિના લઇ ચાલો તો એ દુષ્ટ તમને અનર્થ કરે એ મને ભય છે.'

ત્યારે અનંતવીર્ય કહે છે, 'ગાંડી ! કાયર ન થા, મારા જેવા બળવાન આગળ એ કોણ વિસાતમાં છે ?'

**લોખંડી અવાજનો પ્રભાવ :-**

અનંતવીર્યના લોખંડી અવાજે આ બોલાએલા શબ્દોથી કનકશ્રીને ભય દૂર થયો, હિંમત આવી, અને સાથે જવા તૈયાર થઇ ગઇ. લોખંડી અવાજના શબ્દો





પોતાનામાંય હિંમત અને પુરુષાર્થ શક્તિ પ્રગટ કરે છે, પુરુષાર્થ વિકસ્વર કરે છે ને બીજાનામાંય એ જાગ્રત કરે છે. રણમેદાનમાં શું થાય છે ? સેનાપતિ લોખંડી અવાજે લડવૈયાઓને પ્રેરણા કરે છે, દા.ત. બોલે છે ''યા હોમ કરીને પડો ફતેહ છે આગે.'' ને ત્યાં પોતાને ને સૈનિકોને તે પોરસ ચડે છે.

વર્તમાનમાં જાણો છો ને બીજા વિશ્વયુદ્ધ વખતે બ્રિટનના વડાપ્રધાન ચર્ચીલે પ્રજાને હાકલ કરીઃ 'વી ફોર વિકટરી' અને ત્યાંના લશ્કર અને લોકોને પોરસ ચડ્યું ને સૈનિકો લડાઇમાં મરણિયા થઇને ઝઝૂમ્યા, ને લોકો યુદ્ધ-ખર્ચ માટે ટેક્ષેશનને (અધિક કરવેરાને) વધાવી લેનારા બન્યા. લોખંડી અવાજ શું કામ કરે છે ?

પહેલા વિશ્વયુદ્ધ વખતે નેપોલિયન બોનાપાર્ટની આગેવાની નીચેના ફ્રાન્સની સામે બ્રિટનનું લશ્કર હારમાં હતું, પણ બ્રિટિશરોએ અહીંથી લઇ ગયેલા ભારતીય ગુરખા લશ્કરને 'તમે ભારતીયો કેવા બહાદુર, તમારો ઇતિહાસ કહે છે તમારાથી અહીં જરૂર વિજય છે.' વગેરે કહી એના એરમાર્શલે પોરસ ચડાવ્યું, ને ગુરખા લશ્કરે ફ્રાન્સવાળાની મોટી તોપોની સામે બંદૂકો વગેરે લઇને જે પ્રચંડ ધસારો કર્યો એમાં ફ્રાન્સ લશ્કર મહાત થઇ ગયું.

આવું આપણે ધર્મની બાબતમાં કરવાનું છે. નાનડિયાને એ રીતે લોખંડી અવાજે ધર્મનું પોરસ ચડાવવાનું છે. તેમ આપણી જાતને પણ એ રીતે પાવર ચડાવવાનો છે. દા.ત. તપ કરવાની વાત આવે ત્યાં પોતાની જાતને લોખંડી અવાજે કહેવાય, 'છે શું ? તપ કરીને તોડી નાખું કર્મોને.'

લોખંડી અવાજે પોરસ ચડાવતાં ગજબનું કામ થાય છે, એટલો જ બોધ આવાં દ્રષ્ટાંતોમાંથી લેવાનો. બાકી આપણે બહારની લડાઇની અનુમોદના નથી લેવાની, આ ખાસ ધ્યાનમાં રહે, 'સારું થયું આવા ફ્રાન્સને છકડ ખવરાવી દીધી !' આ અનુમોદના નથી કરવાની, નહિતર એમાં એ અનુમોદના ક્યાં સુધી પહોંચે, જાણો છો ? એ લડાઇમાં લડનારાઓને જે ભયંકર કષાયો અને રૌદ્રધ્યાન અને કાળી લેશ્યાઓ થઇ, તેમાં જે ભયાનક માનવ હત્યાઓ થઇ એ બધાની અનુમોદના થઇ ! શું કમાયા ? દુનિયાના બનાવો તો ચાલ્યા જ કરવાના છે, તો શું એ બનાવો પરથી આપણે રાગ દ્વેષ કષાયો દુર્ધ્યાન વગેરે કર્યા કરવાનું ? એમાંથી કાળી લેશ્યાઓ કમાવાની ? એમાં આપણા આત્માનું શું થાય ?

જગતના બનાવો તો એનાં કારણો અનુસાર ચાલ્યા જ કરવાના છે. એમાં આપણા આત્માને રાગ દ્વેષથી ને પાપસ્થાનકોથી ખરડાતો નથી. આ તો 'જાનમાં

કોઇ જાણે નહિ, ને વરનો ભા હું' એમ લડાઇ ચાલતી હોય ત્યારે આપણા રાગ દ્વેષ રૌદ્રધ્યાન વગેરેનું કશું ઉપજવાનું તો હોતું નથી. જેની તરફ રાગથી ખેંચાઇ એ એ કાંઇ આપણા રાગથી વિજય પામી જવાનો નથી, કે જે પાર્ટી તરફ દ્વેષ કરીએ એ કાંઇ આપણા દ્વેષથી હારી જવાનો નથી, છતાં કેમ જાણે આપણે લડાઇનો ઠેકો રાખ્યો તે એનું ચોપાનિયું લઇ બેસીએ, સળગતા રાગ-દ્વેષ-દુર્ધ્યાન કરીએ ! શું એનું ઊપજવાનું છે ? તેમ લડાઇ તો પતી ગઇ, હવે એ યાદ કરીને એના અંગે રાગ દ્વેષ દુર્ધ્યાન કરીએ. પાપાનુમોદના કરીએ, તેથી ભૂતકાળની બની ગયેલી વસ્તુ કઇ ફરવાની હતી ? કશું જ નહિ ને આપણે ઢગલો પાપકર્મ બાંધવાના ?

**જ્યાં આપણા રાગ દ્વેષનું કશું ઊપજવાનું નહિ એ રાગ દ્વેષ કરવા એ નકામા છે, મૂર્ખાઇ છે.**

પ્ર. તો એમ તો શું વીતરાગ પર રાગ કરવો નકામો નથી થતો ? એ કાંઇ આપણા રાગથી રીઝતા નથી.

ઉ. અલબત્ત વીતરાગ પર રાગ કરો તો વીતરાગ રીઝવાના નથી એ દ્રષ્ટિથી એ રાગ કરવો નકામો થયો, છતાં એ રાગ આપણા પોતાના અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, દુન્યવી પદાર્થ પરના રાગને તોડે છે, માટે એ દૃષ્ટિએ વીતરાગ પરનો કરેલો રાગ નકામો ન થયો, નિષ્ફળ ન ગયો. સુંદર વૈરાગ્ય ફળ ઊભું કર્યું માટે એ કર્તવ્ય ગણાય, ને એ કરવો એમાં મૂર્ખાઇ નહિ, પણ બુદ્ધિમત્તા છે.

પરંતુ જ્યાં દુનિયામાં ચાલતા આવા યુદ્ધ વગેરેના પ્રસંગ પર આપણા રાગ-દ્વેષનું કશું ઉપજતું નથી, તેમ જ એ રાગ-દ્વેષ આપણા આત્માની અંદર કેવળ બગાડો જ વધારે છે, ત્યાં એ રાગ-દ્વેષ કરવા એ મૂર્ખાઇ છે, દોઢ ડહાપણ છે, માત્ર નકામા નહિ, પણ આપણા જ પોતાના નુકસાનમાં ઊતરનારા છે. આ વાત લખી રાખો કે-

**વીતરાગ પરનો રાગ વૈરાગ્યરૂપી સુંદર ફળ ઊભું કરે છે.**

**બાકી-જ્યાં આપણા રાગદ્વેષનું કાંઇ ઉપજે નહિ, બલ્કે એ આપણા આત્માને ખાડામાં ઉતારે એ રાગદ્વેષ કરવા એ મૂઢતા છે.**

**ચોથી ભાવના શા માટે ? -**

એટલે જ જ્ઞાનીઓએ મૈત્રી આદિ ચાર ભાવનાઓમાં ચોથી ભાવના-ઉપેક્ષા ભાવના, માધ્યસ્થ ભાવના કહી છે. એટલે કે મધ્યે રહેવાપણું. કોની મધ્યે ? રાગ અને દ્વેષની મધ્યે. અર્થાત્ ન રાગમાં તણાવું, કે ન દ્વેષમાં તણાવું, તો શું કરવું ?





ઉપેક્ષાભાવ, એટલે ઉદાસીન ભાવ, આપણા આત્માને એની સાથે કશી નિસ્બત નથી, એવું વલણ. દા.ત. પાડોશીના ઘરમાં ધમાધમ ચાલી, ત્યાં આપણે જો દ્વેષથી મન બગાડીએ કે 'આ લોકો કેમ રોજ ને રોજ લડ્યા કરે છે ? આ કેવા લડવાડિયા લોકો છે !' તો એમાં એ પાડોશી પર દ્વેષ થાય છે, દ્વેષમાં તણાવાનું થાય છે. એ દ્વેષથી બચવા ઉપેક્ષાભાવ કેળવવાનો, અને પાડોશીની ધમાધમ તરફ ઉદાસીન બનવાનું. આપણને એની સાથે કોઇ નિસ્બત નથી એવું મનનું વલણ રાખવાનું. આપણું મન એમાં ન જાય એ માટે આપણે આપણા હિતની પ્રવૃત્તિમાં મગ્ન રહેવાનું.

શાસ્ત્ર કહે છે, 'પર દોષોપેક્ષાણમ્ ઉપેક્ષા' બીજાના દોષ તરફ મન ન લઇ જવું. ધ્યાન ન દેવું, એ ઉપેક્ષા ભાવ પર દોષ દ્રષ્ટિ ન રાખવી, બીજાના દોષ જોતાં ન બોલવું કે 'આ આવો ખરાબ છે, ને પેલો આવો ખરાબ છે' એમ જેની ને તેની હલકાઇ ન જોયા કરવી, પરંતુ આપણને એની સાથે કશી નિસ્બત નથી, એવું મનનું વલણ રાખવું. એ ઉપેક્ષા ભાવના.

પ્ર.-પાડોશી ધરાર ખોટું લડતા હોય તો શું એ જોઇ આપણને કાંઇ ન થાય ?

ઉ.-ના, પહેલી વાત તો આ છે કે આપણે ત્યાં મન જ શું કામ લઇ જઇએ ? અને કદાચ દ્રષ્ટિ પડી ગઇ કે કોઇએ આપણા કાન પર નાખ્યું, તોય આપણે એ મન પર લેવાનું જ નહિ.

વાત એ છે કે આપણે આપણા હિતની પ્રવૃત્તિમાં એવા લીન રહેવાનું, એવા ઓતપ્રોત રહેવાનું છે કે બહારમાં આપણી દ્રષ્ટિ જ ન જાય.

**શું આપણે એવા નવરા બેઠા છીએ છે કે એ જોયા કરીએ કે ફલાણો શું કરે છે ને પેલો શું કરે છે ? ને આપણે આપણા ઘણા બધા આત્મહિત વિચાર્યા કરવા જવો તેનો વિચાર ન કરીએ ?**

**એ તો નવરાના ધંધા છે કે બીજાનું જોતો ફરે.**

દુકાનદાર પોતાના ઘરાક પતાવવામાં લીન હોય છે તો કયાં એ જોતો બેસે છે કે 'સામેની દુકાનવાળાએ ઘરાકને પતાવ્યો કે હડધૂત કર્યો ? બાજુના દુકાનદારે શું કર્યું ? એનામાં આવડત છે કે નહિ ?' આવું કશું જોવા નથી બેસતો, એમ કરવા જાય તો પોતાના ઘરાક ખોઇ બેસે, કેમ કે પેલા ધ્યાનમાં પોતાના ઘરાકની સાથે વાત કરવામાં લોચા વળી જાય. એમ બીજા-બીજાનું જોતો ફરે તો પોતાના આત્મહિતની પ્રવૃત્તિમાં લોચા વળી જાય. પૂછો.

પ્ર. પણ પોતાનું કામ પૂરું થયા પછી તો બીજામાં મન જાય ને ?

ઉ. ના, પોતાનું કામ પત્યા પછી પણ એક મોટું કામ ઊભું છે એ જાણો છો ? એ નથી જાણતા એટલે જ એ છોડીને બીજામાં મન જાય છે. પ્રતિક્રમણ કરનારા કેટલાય જણ પ્રતિક્રમણ પૂરું થયું કે તરત પરચિંતામાં પડી જાય છે. કેમ વારુ ? પ્રતિક્રમણ પત્યા પછી એક મોટું કામ ઊભું છે એની એમને ખબર નથી.

**કામ પત્યા પછી પણ મોટું કામ આ ઊભું છે કે આપણું મન ન બગડે એ માટે પૂર્વ પુરુષોનાં ચરિત્ર વાંચન-મનન કરવાં.**

બીજાની વાતો કરવા લાગીએ તો એના પ્રત્યે દ્વેષ-ઇર્ષ્યા-અભાવ-દુર્ભાવ વગેરેથી આપણું મન બગડે છે. માટે તો પ્રતિક્રમણ પછી તરત સ્વાધ્યાયમાં લાગવાનું છે. દુન્યવી કામ પતાવ્યા પછીય મહાન પૂર્વ પુરુષોના ચરિત્ર વિચારવા એ મોટું કામ છે. માટે તો શ્રાવકની ભાવના બતાવી ને કે **'ચઉવીસજિણ વિણિગ્ગય કહાહિં વોલંતુ મે દિયહા'** અર્થાત્ 'મારા દિવસો ચોવીશ તીર્થંકર ભગવાને કહેલી કથાઓમાં પસાર થાઓ.'

શું પૂર્વ પુરુષોની કથાઓ વિચારવાનું કામ નાનું છે ? ઓછી કિંમતનું છે ? ના, નાનુંય નથી, ને ઓછા લાભનુંય નથી. શાસ્ત્રોમાં પૂર્વ પુરુષોની કથાઓ એટલી બધી ભરી પડી છે ને એવા એવા વિસ્તારવાળી છે કે એ વાંચવા-સાંભળવામાં ને વિચારતા રહેવામાં જિંદગી પસાર થઇ જાય, તોય એ કામ ખૂટે નહિ એટલું મોટું છે ! જુઓ ત્રેસઠ શલાકા પુરુષ ચરિત્ર. એમાં ૨૪ તીર્થંકર ભગવાન, ૧૨ ચક્રવર્તી, ૯-૯-૯ વાસુદેવ-પ્રતિવાસુદેવ-બળદેવનાં ચરિત્ર, એમ ૬૩ ઉત્તમ પુરુષોનાં ચરિત્ર એવા વિસ્તારથી આલેખાયેલાં છે કે એ એકવાર વાંચી જતાં પણ સમય લાગે, ને એમ એકવારનાં વાંચનથી એ કાંઇ બધું યાદ રહે નહિ એટલે ફરીથી વાંચવા પડે. એમાંય પૂરું યાદ ન રહે તેથી ત્રીજી વાર ચોથી વાર વાંચવું પડે. વળી પાછું વાંચી તો લીધું, કિન્તુ એને પછીથી યાદ કરવું પડે કે ચરિત્રમાં શું શું આવ્યું ? એમ વાંચતાં વિચારતાં બોલો કેટલો સમય પસાર થાય ? આ તો એક ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્રની વાત, એવાં સમરાદિત્ય કેવલી ચરિત્ર, કુવલયમાલા ચરિત્ર, ભરહેસર સજ્ઝાયનાં નામોનાં ચરિત્ર, 'ઉપમિતિ'માનું સંસારી જીવનું ચરિત્ર, જંબુકુમાર ચરિત્ર, રામાયણ, પાંડવચરિત્ર વગેરે વગેરે ચરિત્રો એવા હયાત છે કે એનું વારંવાર વાંચન શ્રવણ અને ચિંતન-પારાયણ હોય તો નવરાશના સમયે મગજમાં એ ચરિત્રોના પ્રસંગો અને એનાં પરિણામ મગજમાં ઘૂમ્યા કરે.





બોલો, ચાલુ કામ પત્યા પછી આ કામ મોટું નથી ? નાનું કામ છે આ ? આવા મોટા કામમાં મન રચ્યું પચ્યું રહેતું હોય તો પડોશીને ત્યાંની ખટપટ રગડામાં મન શાનું જાય ? ખબર છે ને કે પ્રભુ મહાવીર ભગવાનની મહાન શ્રાવિકા સુલસાને પાડોશણો કહેવા આવી 'ચાલ જોવા બાઇ સુલસા ! નગર બહાર બ્રહ્માજી સાક્ષાત્ ઊતર્યા છે,' ત્યારે સુલસા કહે છે, 'મારે નથી આવવું, મારે મારા મહાવીર ભગવાનનું એટલું બધું જોવા વિચારવાનું છે કે મને ફુરસદ જ નથી.'

ચંદનબાળાને મૂળા શેઠાણીએ એના કેશ મૂંડાવી ભોંયરામાં પૂરી બેડીએ જકડી. તો ત્યાં ચંદનબાળાએ મૂળા અંગે કશા કષાયના ખોટા વિકલ્પ ન કર્યા. આટલો બધો જુલ્મ થાય, ને મનમાં કષાય ન થઇ આવે ? કષાયના વિચાર ન આવે ? ના, ચંદનબાળા પાસે મહાવીર ભગવાનનું જીવન વિચારવાનું અને તત્ત્વચિંતનનું એટલું બધું મોટું કામ હતું કે એને એ વિચારવા ફુરસદ જ નહોતી. આ તો જેની પાસે તીર્થંકર ભગવાનના જીવન, મહાપુરુષોના જીવન અને જૈન તત્ત્વોનો ભરચક મસાલો ને વિચાર-વર્તન નથી એને એ મૂકીને આહટ્ટ-દોહટ્ટ વિચારો ને ખોટા વિકલ્પ કરવાનું સૂઝે છે.

**ખોટા વિચાર કેમ અટકે ? -**

માટે ખોટા વિચારોથી બચવું હોય તો આ મોટું કામ છે કે ઉત્તમ પુરુષોનાં જીવન અને જૈન તત્ત્વોનો સારો અભ્યાસ કરો, ને એને મગજમાં એવા રમતા કરી દો કે પછી જ્યાં બીજા કામમાંથી ફુરસદ મળી એટલે મન એમાં લાગ્યું રહે. બહારની લડાઇઓ વગેરેમાં મન લઇ જવા જેવું નથી, નહિતર ફોગટિયા રાગ દ્વેષ-દુર્ધ્યાન જેમાંથી કંઇ સારું ઉપજવાનું નહિ, ને આભાને કાળોમેશ કરવાનું થાય.

વાત આ હતી કે લોખંડી અવાજે પ્રેરણા અપાય, પ્રોત્સાહન અપાય, તો એની સામા પર અસર પડે છે. અનંતવીર્યના લોખંડી અવાજે બોલાએલા શબ્દો કે 'મારા જેવા બલિષ્ઠ આગળ તારો બાપ શી વિસાતમાં છે ?' એ શબ્દોએ કનકશ્રી પર ભારે અસર કરી, એનામાં હિંમત આવી ગઇ, અને એ એની સાથે ચાલવા તૈયાર થઇ ગઇ.

**કનકશ્રીને ઘોષણા સાથે વિમાનમાં લઇ ચાલે છે**

અપરાજિત અને અનંતવીર્ય બંને ભાઇઓએ કનકશ્રીનું પાકું મન જાણી મહાવિદ્યાના બળે વિમાન વિકુર્વ્યું ને એમાં કનકશ્રીને લઇને બેઠા, અને હવે ત્યાંથી ઉપડતાં પહેલાં આકાશમાં રહેલ વિમાનમાંથી જવાની ઘોષણા કરે છે. કેમકે ખાનગી

ચોરી ચૂપકીથી ઉપાડી ગયા એવું દમિતારિ અને એના પરિવારને લાગવા દેવું નથી, સમજે છે કે એમાં કાયરતા છે. તેમજ ચોરી-અનીતિ શા માટે કરવી ?

રાવણ રામ-લક્ષ્મણથી ગભરાનારો તેથી કાયર હતો એટલે એ બંનેની અજાણમાં સીતાજીને ઉપાડી ગયો. તેમાં સીતાજી પરણેલાં હતાં તેમજ પરપુરુષ માત્રને નહિ ઇચ્છનારા હતાં, છતાં એમને રાવણ બળાત્કારે ઉઠાવી ગયો, એ એની પરસ્ત્રીની ચોરી હતી. અનીતિ હતી, જ્યારે અહીં કનકશ્રી ઉંમરલાયક કુમારિકા છે અને અનંતવીર્યને પોતે ઊઠીને વરનારી છે તેમજ પોતે હવે કહે છે, 'મને શુભા નગરીમાં લઇ ચાલો,' એટલે આમાં અનંતવીર્યની ચોરી-અનીતિ નથી, છતાં દમિતારિ કે એનો પરિવાર એવો ચોરીનો આક્ષેપ કરે એવુંય રાખવા માગતા નથી તેમજ ગભરાતા પણ નથી કે મોટા લાવ-લશ્કરવાળા દમિતારિ રાજાને જાણ થાય અને એ સામે લડવા આવે તો આપણે બે જણ એકલા શું કરી શકીએ ? તેથી આકાશમાં વિમાનમાં રહ્યા ઘોષણા કરે છે કે-

'હે દમિતારિ રાજાના સુરક્ષક સેનાપતિ ! અમાત્યો ! મંત્રી મંડળ ! સુભટો ! અને દમિતારિના આજ્ઞાંકિત રાજાઓ ! આ અમે શુભાનગરીના અપરાજિત અને અનંતવીર્ય આ તમારા રાજા દમિતારિ રાજાની કુંવરી કનકશ્રીની ઇચ્છાથી એને અહીંથી લઇ ચાલીએ છીએ. તમે એમ ન કહેતા કે અમને ખબર ન આપી. માટે તમને આ જાણ કરી. તો હવે તમારે જો લડવું હોય તો આવી જજો. આ અમે ચાલીએ છીએ.'

રાજા દમિતારિ આ સાંભળીને ક્યાં ઊભો રહે ? એને તો અહીં અપરાજિત અને અનંતવીર્ય આવ્યાની કલ્પના જ ન હોતી, તેમજ કનકશ્રીને બે નટીઓને સોંપ્યાનું જ સમજતો હતો, તે હવે એકાએક જ આ સાંભળી ખળભળી ઊઠ્યો. એના મનને થયું 'અરે ! આ શું ? મોટા ચમરબંધી વિદ્યાધર રાજાઓને અયોગ્ય સમજી એમાંના કોઇને હું કનકશ્રી ન આપનારો, એવી આ મારી વહાલી દીકરી કનકશ્રીને આ મામુલી રાજા અનંતવીર્ય ઊઠાવી જાય ? ન જવા દઉં એને. હરામખોર શું સમજે છે ? હમણાં એને પકડાવી મંગાવું છું યા એને ખત્મ કરાવું છું !'

દમિતારિ એ નથી જોતો કે આ ઘોષણામાં કહે છે 'કનકશ્રી એની પોતાની ઇચ્છાથી જઇ રહી છે, તો હવે મારો ખળભળાટ નક્કામો છે.' એટલે અજ્ઞાનતાના કારણે પોતાના હાથે જ પોતાના વિનાશને નોંતરી રહ્યો છે.





**અજ્ઞાન અને અભિમાન પોતાના હાથે જ પોતાના વિનાશનાં કામ કરાવે છે.**

રાવણે વાલિરાજાને આજ્ઞામાં આવી જવા કહેરાવ્યું. વાલિ સામું કહેવરાવે છે,-''પરાપૂર્વથી ચાલ્યો આવતો મિત્રાચારીનો સંબંધ જોઇતો હોય તો હું તૈયાર છું. બાકી સ્વામિ-સેવકભાવના સંબંધનો લોભ કરવો રહેવા દે.'' રાવણ શાનો આ કબૂલે ? એને ભાવીનું અજ્ઞાન છે, તે સાથે અભિમાન છે કે 'હું કોણ ? હજારો વિદ્યાધર રાજાઓને વશ કરનારો, તે મારી આગળ આ નાનકડો રાજા વાલિ કોણ માત્ર છે ?' આ અજ્ઞાન અને અભિમાનમાં તણાયો રાવણ યુદ્ધ કરવા આવે છે ! એ શું કરી રહ્યો છે ? આગળ ભયંકર પરાજય અને નાલેશી થાય એવું કામ અજાણ્યે કરી રહ્યો છે.

માણસ પરાજય-નિષ્ફળતા-નાલેશી અને વિનાશ પામવા માટે કશું કામ કરવા નથી પ્રેરાતો. કામ કરતાં એવો એનો ઉદ્દેશ નથી હોતો, પરંતુ અજ્ઞાન અને અભિમાન એની પાસે એવું કામ કરાવે છે કે જેમાં પરિણામ આ જ આવીને ઊભું રહે. એટલે કામ વિનાશનું થયું. એ હિસાબે કહેવાય છે કે 'અજ્ઞાન અને અભિમાન જીવને એવું કરવા પ્રેરે છે કે જેનું પરિણામ વિનાશમાં આવે.'

**અજ્ઞાને રાવણને વાલિરાજા આગળ નાલેશી અપાવી :-**

જો અજ્ઞાન ભાગ ન ભજવતું હોત, તો રાવણ સમજી જાત કે 'જ્યારે વાલિરાજા આમ મને અનેક વિદ્યાધર રાજાઓને વશ કરનાર તરીકે જાણવા છતાં આવું કહેવરાવે છે, તો જરૂર એની પાસે નક્કર તાકાત હોવી જોઇએ કે જે મને મહાત કરી નાખે. તો પછી એની સાથે એ કહેવરાવે છે તેમ મિત્રાચારીનો જ સંબંધ રાખવો સારો છે,' પરંતુ રાવણને આ સમજ નથી, અજ્ઞાન છે, તેથી લડવા આવી ઊભો. પરિણામ ? હારવું પડ્યું, નાલેશી થઇ, અને મિત્રાચારીનો ય સંબંધ તો દૂર, ઊલટું જો વાલિરાજા ઉદાર અને નિર્લોભી ન હોત તો પોતાને સેવક બનવાનો પ્રસંગ આવીને ઊભો રહેત ! અજ્ઞાન આ પરિણામે લઇ જાય.

**અભિમાને રાવણ રામ-લક્ષ્મણથી મરાયો :-**

અભિમાન પણ વિનાશમાં ભારે ભાગ ભજવે છે. એટલે તો એ જ રાવણ રામ-લક્ષ્મણ સાથેના યુદ્ધમાં ખત્મ થઇ ગયો. જો અભિમાન ન હોત તો એણે ધાર્યું હતું કે 'આ સીતા માને એવી છે નહિ. ને પરસ્ત્રી ન માને ત્યાં સુધી એનો સંબંધ મારે ન ખપે એવી મારે પ્રતિજ્ઞા છે, તો પછી હવે ખેંચવું નકામું છે. સીતાને હું

પાછી સોંપી દઉં,' આમ ધાર્યું એટલે સીતાને રામ પાસે મોકલી દેત, ને એમાં કશો અનર્થ ન વહોરવો પડત. પરંતુ અભિમાન આડે આવ્યું કે એમ સીતાને સોંપું તો તો મારી હલકાઇ થાય કે જોયું ? ઉપાડી તો ગયા, પણ પછીથી ભાઇ સાબને રામ લક્ષ્મણની બીક લાગી, એટલે સીતાને સોંપી દીધી. માટે એમ તો નહિ, પણ રામ-લક્ષ્મણ સાથે લડી લઇ એમને હરાવી અહીં પકડી લાવું, ને ભરી સભા વચ્ચે એમને કહું જાઓ તમારા જેવું કોણ થાય ? લઇ જાઓ સીતાને, હું દયાદાન કરું છું.' આમ અભિમાનનાં કારણે લડાઇ માંડી, ને એમાં અંતે પોતાના જ ચક્રથી પોતાને મરવું પડ્યું. અભિમાને વિનાશ લાવી આપ્યો.

માણસ અજ્ઞાન અને અભિમાનનાં કારણે અનર્થને નોંતરે છે, તેથી આ બે મહાદોષ સેવતા પહેલાં ઊભા રહેવા જેવું છે. કોઇ પણ પગલું ભરતા પહેલાં એ જોવાની જરૂર છે કે આમાં ક્યાંય અજ્ઞાનવશ તો નથી પ્રેરાતો ને ? ક્યાં અભિમાનથી તો પગલું નથી ભરતો ને ? બજારમાં મોટો સોદો કરવા જાય પણ તે કોઇના અધકચરા અહેવાલ પરથી, ને આજુબાજુ કશી તપાસ ન કરે, તો સંભવ છે, એમાં તમાચ ખાઇ જાય. એમાં કેટલાય ખુવાર થઇ ગયા. એવી રીતે દા.ત. બહારથી ઘરમાં પેઠો ને ઘરના કોઇએ ઘરના બીજા વિરુદ્ધ કશી ફરીયાદ કરી, હવે જો સામાને પૂછે ગાછે નહિ કે આવી ફરીયાદમાં સાચી હકીકત શી છે, ને એકદમ એના પર ઉતરી પડે તો એ અજ્ઞાનની પ્રવૃત્તિ થઇ ગણાય. એમાં સામાનો સ્નેહ-સદ્ભાવ ગુમાવે, તેમજ પછીથી સાચો ખુલાસો મળે એટલે એક તરફી સાંભળીને પોતે તોલ બાંધ્યો ને ગુસ્સો કર્યો એનો પસ્તાવો કરવાનો અવસર આવે.

આવું અભિમાનથી પ્રવૃત્તિ કરતાં ય બને છે. માણસ પોતાની આવડતના અભિમાન પર કશું કરવા જાય છે, તે એમાં પછાડ ખાય છે. દા.ત. પોતે ઘરનો વડેરો છે, ને અભિમાનથી નાનડિયા પર રોફ મારી એને મામુલી ભુલમાં ખુબ દબડાવે તો એ નાનડિયાને એ વડીલ પર અભાવ-દુર્ભાવ થાય છે, જેમાં જતે દહાડેહ ખરાબ પ્રત્યાઘાત પેલા વડીલ પર આવી પડે છે. લગભગ ઘેર ઘેર આનાં દાખલા મળે. એમ અભિમાનથી પ્રવર્તવામાં બીજાં પણ નુકશાન ઊભાં થાય છે. દા.ત. ધવલશેઠે બબ્બર દ્વીપ પર પોતાના હજાર સુભટના મદમાં ત્યાંના રાજાનું દાણ ન ભર્યું તો રાજાના સિપાઇઓથી મુશ્કેટાટ બંધાવાનો અવસર આવ્યો.

**દમિતારિ સુભટો છોડે છે :-**

રાજા દમિતારિ પણ અભિમાનમાં તણાય છે કે આ અપરાજિત અને





અનંતવીર્ય મારી આગળ કોણ માત્ર ? તે એમની ઘોષણા સાંભળીને સુભટોને હુકમ કરે છે 'જાઓ જાઓ જલ્દી, અને એ બેને મારીને પણ આપણી કનકશ્રી લઇ આવો પાછી.'

સુભટો પણ વિદ્યાધર છે, ઉપડ્યા આકાશમાં વિમાનની પૂઠે, અને હાક મારતાં મારતાં અનંત વીર્યને પડકારે છે કે આવીજા આવીજા સામે, જોઇએ તો ખરા, કે તારું કેટલું બળ છે ? મૂકી દે કન્યાને, નહિતર માર્યો જઇશ, માર્યો, એમ હાકોટા કરીને શસ્ત્રો છોડે છે. અનંતવીર્ય પાસે સ્વતઃસિદ્ધ મહાવિદ્યા છે, એ એના બળે શસ્ત્રો વિકુર્વે છે, અને પેલા સુભટોના શસ્ત્રોને પરાસ્ત કરી દે છે. ઉપરથી બીજા શસ્ત્રો એવા છોડે છે કે સુભટો ભયનાં માર્યા ત્યાંથી પલાયન થઇ જાય છે !

**દમિતારિ પોતે લડવા ઊતરી પડે છે -**

સુભટોને ભયભીત થઇ પાછા આવેલા જાણી દમિતારિનો ગુસ્સો ઓર વધી ગયો, તે હવે પોતે મોટી સેના તથા વિદ્યાધર રાજાઓની સાથે અનંતવીર્યની પૂંઠે દોડ્યો. બુમરાણ મચાવે છે કે હે વિદ્યાધર રાજાઓ ! આ હરામખોરને મારી કૂટી યાવત્ હણી નાખી કન્યાને ઝટ પાછી લઇ આવો.'

મોટો હલ્લો જોઇ કનકશ્રી ગભરાઇ ગઇ. એ રાડ પાડી ઊઠે છે 'હે આર્યપુત્ર ! હે આર્યપુત્ર ! આમાં તમારું શું થશે ?'

અનંતવીર્ય કહે છે, 'હે મુગ્ધા ! ડર નહિ, ગભરામા, હમણાં જોઇ લે મારું બળ અને શક્તિ.'

એમ કહી અનંતવીર્ય સામાની સેના કરતાં બમણી સેના વિદ્યાના બળે વિકુર્વી વિમાનની બહાર પડે છે. હવે ચાલી બંને સેનાઓની લડાઇ. એવું રમખાણ મચ્યું કે એ જોવા દેવતા અને દેવાંગનાઓ આવી ! એમાં દેવાંગનાઓ સુભટો સામે ભાલા તલવાર વગેરે શસ્ત્રના પ્રયોગ થતા જોઇ સુભટોને પાણી ચડાવવા પોકારી રહી છે. 'આ હોંશથી ભાલે વીંધાતો સુભટ મારો પતિ થાઓ,' 'આ તલવારે ખુશમિશાલ કપાઇ મરતો સુભટ મારો હૃદય-વલ્લભ દેવ થાઓ,' આવા અવાજ સાંભળીને એ સુભટોને ઓર પાણી ચડે છે, ને પોતાનાં શસ્ત્રો લઇ સામેના ભાલાવાળા તલવારવાળા સૈનિકોની સામે કૂદી પડે છે, ને કદાચ સામાનો ભાલો છાતી પર આવ્યો, કે તલવાર શરીર પર આવી તો તેનો પ્રહાર હોંશે હોંશે ખાઇને પણ પોતાના શસ્ત્રોથી સામાને મહાત કરવા ઝઝુમી રહ્યા છે, ખૂનખાર જંગ મચ્યો !

**દેવની નિરાંત આગળ માણસને ધંધા ધાપાનો મજૂર છે -**

દેવ દેવીઓને આવા ખુનખાર યુદ્ધ જોવાનો રસ ? હા, દેવતાઓમાં મિથ્યાદ્રષ્ટિ દેવતાઓ નવરા ધુપ જેવા છે, એમને પૈસો કમાવવાની ધંધો ધાપો કરવાની બંગલા બંધાવવાની કુટુંબ સાચવવાની વગેરે કોઇ મજૂરી જ નથી. એ મજૂરી માણસ-મજૂરને. માણસને આવું બધું બજાવવું પડે એ મજુરી લમણે લાગી છે, એટલે મોટો શેઠ પણ એક પ્રકારનો મજુર છે, હા, પણ તમને આ ગળે નહિ ઊતરે, કેમ કે મોહનો કેફ છે, નશો છે. અંધાપો છે. એટલે જ સરાસર મજૂરી ને નાલેશીને બદલે શાબાશી માનો છો તે આ મજૂરી મૂકી ત્યાગ અને સંયમ સાધવાનાં ભવ્ય પરાક્રમ કરવા મન પણ નથી થતું. ત્યાગ અને સંયમ-ચારિત્રનું કેમ મન નથી થતું ?

**સંસારની મજૂરીને શાબાશી માની જોજો એમાં અનહદ આનંદ છે, તથા એમાં ગૌરવ લેવાય છે માટે ચારિત્રનું મન નથી થતું.**

ગર્વ અનુભવો છો, 'હું મોટો ઉદ્યોગપતિ !' 'હું મોટો વેપારી !', 'હું મોટો દલાલ !', 'મોટો કુટુંબી !' આવા આવા મજૂરીમાં ગર્વ લેવાતા હોય, ને એમાં અપાર આનંદ મનાતા હોય, ત્યાં સંયમ લેવાનું સ્વપ્નું ય શાનું આવે ? એ તો ખરેખર મજૂરીની નાલેશી લાગે કે, 'હાય ! આવા અનુપમ જિનશાસન સાથેના રૂડાં આર્ય માનવ અવતારે મારે આ ધંધાધાપા અને પાપઘર ચલાવવાની અને કુટુંબ સંભાળવા વગેરેની મજૂરી શી ?' તો એ મજૂરી મૂકીને સંયમ સાધનાની સ્વતંત્રતા-શેઠાઇ ભોગવવાનું મન થાય.

**સંસારમાં કેટલી પરાધીનતા ?**

ભૂલશો નહિ, તમે મોટા કરોડપતિ હો તો પણ સંસારની અનેકાનેક બાબતોમાં પરાધીનતા ભોગવી રહ્યા છો. તમે સ્વતંત્ર નથી, પરતંત્ર છો, બજારના સમય, પદ્ધતિ અને કાયદા-કાનુનને આધીન રહેવું પડે છે, ઘરાકને આકર્ષવા એડવર્ટાઈઝમેન્ટ, કમીશન, મનોહર ડેકોરેશન...વગેરે ચાપલુસી કરવી પડે છે. ઘર ચલાવવામાં કેટલીય વાતોને પરાધીન રહી કામ કરો છો. ઘર અને દુકાન બંનેની પરાધીનતામાં મનગમતી આરામી જતી કરવી પડે છે. કુટુંબ સંભાળવાય તો પત્ની-દીકરા-દીકરી, ભાઇ-બેન વગેરે દરેકના મન સાચવવા ગુલામીની જ કાર્યવાહી કરવી પડે છે. સારું સંભાળવા છતાંય એમાં કોઇના મન ઉદાસ દેખતાં માન મૂકીને મનામણાં આદિ કરવા પડે છે. સંસારમાં જડ વસ્તુઓની આધીનતાનો પાર નથી.

આવી પરાધીનતા, આવી ભરચક ગુલામી, ભોગવતાં કશી તમોને નાલેશી નથી લાગતી ? વાતે વાતે ગુલામી ભરી મજૂરીમાં શાબાશી માનો છો ! કેવું કારમું





અજ્ઞાન ! કેવી મહા મૂઢતા ! જો આ અજ્ઞાન ખસેડી નાખો તો ન્યાલ થઇ જાઓ.

જડની ગુલામીમાં શાબાશી માનવાની અજ્ઞાનદશા હટાવી દેવાય તો ઠેઠ કેવળજ્ઞાન સુધીની અનંત સંપત્તિ હાથમાં છે.

**ઇલાચીકુમારને ગુલામીમાં નાલેશી ન લાગી -**

ઇલાચીકુમાર મોટા લાખોપતિ શેઠીયાનો લાડકવાયો પુત્ર છતાં નટડીમાં મોહિત થઇ એની પૂંઠે લાગ્યો બાપે ઘણું ય સમજાવ્યો કે 'તને લાખોપતિની રૂપાળી ખાનદાન કન્યા પરણાવું. તું આ હલકી જાતની નટડીનો મોહ છોડી દે. એમાં તારી ને અમારી કોઇ શોભા નથી.'

લોકમાં નિંદા થાય, નાલેશી થાય, પરંતુ ઇલાચી કુમાર સમજતો નથી. આવી નટડીની ગુલામી મન પર લીધી એને નાલેશી માનતો નથી, એટલે શું કામ એ ગુલામી છોડે ? પેલી નટડીનો બાપ કહે 'તારા બાપના પૈસાથી નહિ, પણ તું નટનો ખેલ કરી મોટા રાજા જેવાને રીઝવી મોટું દાન મેળવે તો એ પૈસાથી ધામધુમથી લગ્ન-વિધિ કરી તને મારી કન્યા પરણાવું !'

રાજાને રીઝવે એવો નટનો ખેલ કરવા માટે પહેલાં નટકળા કેવી શીખવી પડે ? કેવો એનો ભારે અભ્યાસ કરવો પડે ? એ કરીનેય પાછું ગામે ગામ લોકો આગળ સારી નટકળાના ખેલ કેટલા બતાવવા પડે ? ત્યારે વિશ્વાસ આવે ને કે 'હવે મોટા રાજા આગળ અદ્‌ભુત ખેલ બતાવી શકીશ અને રાજા એથી ખૂબ પ્રસન્ન થઇ ભારે ઇનામ આપશે.' આટલી સ્થિતિએ પહોંચવા માટે કેટલા મહિના કેટલા વરસ નટની જમાત સાથે ભટકવું પડે ? પણ એ બધું કરવા ઇલાચીકુમાર તૈયાર થઇ ગયો !

કેમ વારુ ? નટડીનાં ગુલામીના કારણેસ્તો. એમાં પિતાના ઘરની લાખોની સંપત્તિનાં સુખ મૂકતાં આંચકો ન આવ્યો, કેમ કે નટડીની ગુલામીમાં નાલેશી લાગતી નથી. આ શાબાશી લાગે છે કે 'બસ, લોક ભલે નિંદા કરે, હું નટડીને પરણું ત્યારે ખરો.'

**સંસારમાં નકરી નાલેશી સમજનારને હું-પદ નહિ.**

માણસ એક કરવામાં જો નાલેશી સમજતો હોય તો મનમાં આ ખુશી ને આ મહત્વ ન લાવે કે 'હું આ કામ કરું ત્યારે ખરો.' દા.ત. કોઇની સાથે અબોલા લીધા હોય, મનમાં નક્કી કર્યું હોય કે આની સાથે જીંદગી સુધી બોલું નહિ, અને

જ્યાં મોકો મળ્યો ત્યાં બીજાની આગળ એના હલકાઇ ખૂબ ગાઇ હોય, પરંતુ પછી કોઇ એવો કટોકટીનો પ્રસંગ આવી જાય કે દીકરીને ઠેકાણે પાડવાનો અવસર આવી લાગે, અને પેલાની સહાય વિના એ કામ પતે એમ જ ન હોય, તો શું કરે એ ? પેલાને કહેવું કરગરવું જ પડે છે. પરંતુ એમાં પોતાની શાબાશી નહિ, નાલેશી સમજે છે એટલે જ એ એવું અભિમાન નથી ધરતો કે 'હું આને મનાવું ત્યારે ખરો, લોકો જોઇ રહે.' પેલાને કરગરવામાં આનંદ નથી માનતો ઊલટું હૈયું કચવાઇ જાય છે, પોતાનો મહાન પાપોદય સમજે છે કે 'ક્યાં મારા ભોગ લાગ્યા કે આવાને આ કરગરવાનું આવ્યું ? આમાંથી ક્યારે છૂટું ? એક શબ્દે કામ પતે તો ચાર શબ્દ ન બોલું. ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

નાલેશી સમજવા પાછળ એ લાભ કે એ પ્રસંગમાં કશી ખુશી નહિ થાય કશું અભિમાન નહિ થાય, મોટા કરોડપતિને શ્રીમંતાઇ ચાલી ગઇ, રોટલાના વાંધા પડવા માંડયા, હવે ભીખ મજૂરી કે નોકરી કરવાનો અવસર આવ્યો, તો એ કામમાં શાબાશી નહિ માને, મહાનાલેશી માનશે, ને એ ભીખ માંગતાં, મજૂરી કરતાં, કે નોકરી કરતાં, કશી લેશમાત્ર ખુશી નહિ માને, આનંદ નહિ અનુભવે, તો સમજો ત્યારે કે આ સંસારમાં જન્મ એ જીવને કર્મસત્તા તરફથી મોટી ગુલામી છે, તો શું એમાં જીવે શાબાશી માનવાની ? કે નાલેશી માનવાની ? સમજુ હોય એના મનને એમ થાય કે 'ક્યાં મારી અરૂપી સ્વતંત્ર અમર અવસ્થા ને ક્યાં આ પુદ્‌ગલના લોચામાં મારે જન્મ-જરા-મરણથી જકડાવાનું ? ક્યાં મારી અનંતજ્ઞાન-અનંત સુખમય અવસ્થા ? ને ક્યાં આ અજ્ઞાન અબુઝ અને દુઃખમય અવસ્થા ? આવો અજ્ઞાનભર્યો દુઃખાવહ અને જડની પારાવાર ગુલામી આપનારો, નાશવંત જનમ મારા લમણે લખાયો ! કેવી મારી નાલેશી ! આ સમજ હોય તો જનમ પર એ ખુશી માને ? સાલો સાલ જન્મગાંઠ ખુશી ખુશીથી ઉજવે ? જનમ પર શું એ અભિમાન લે કે કેવો મારો શ્રીમંતને ત્યાં જનમ ?' પરંતુ કેમ અવળી ગંગા વહે છે ? કહો જનમમાં નાલેશી લાગતી નથી.

**'જનમને નાલેશી સમજનાર ખુશીથી સાલગીરી ન ઊજવે કે જનમના વરસો પર અભિમાન ન લે કે હું આટલો મોટો !'**

**પોતાની સાલગીરીના આનંદ અને ઉંમરના અભિમાન તો જનમને**





**શાબાશી સમજનારના લક્ષણ છે.**

ઇલાચીકુમારને અભિમાન રહે છે કે 'હું નટડીને પરણું ત્યારે ખરો !' આમાં ખાનદાન કન્યા મૂકી નટડીની પાછળ લાગવામાં એ નાલેશી ક્યાં સમજ્યો ? એ તો શાબાશી માને છે નટડીની પૂંઠે લાગ્યો ! લાગ્યો તે ક્યાં સુધી ? ખાનદાન ઘર છોડ્યું, મા-બાપ છોડ્યા, સંપત્તિ શ્રીમંતાઇ છોડી, નટોની સાથે ગામ ગામ ભટકે છે, નટની કળા શીખે છે ! યાવત્ હોશિયાર થઇ રાજાની આગળ નટનો ખેલ કરવા ઊભો થઇ ગયો છે, ને ખેલ કરવામાં ઊંચા વાંસે ઊંચે બાંધેલા દોરડા પર નોંધારો નાચી રહ્યો છે !

અહીં સુધી છે કોઇ વિષય-વૈરાગ્ય ? છે કોઇ આત્મહિતનો પુરુષાર્થ ? ના જો નટડીના વિષયની ગુલામીમાં નાલેશી સમજે તો પછી વૈરાગ્ય તરફ પગલું મંડાય ને ? વિષયનો રંગિલો બન્યો હોય, અને એમાં શાબાશી સમજતો હોય, ત્યાં વૈરાગ્ય શાનો થાય ?

**વિષય-વૈરાગ્ય આ, કે કદાચ વિષયનો રાગ થતો હોય પણ વિષયનું રંગિલાપણું ન હોય, અને વિષય-ગુલામીમાં નાલેશી દેખાય, વિષયો પાછળ ગુલામ જીવ અનહદ કંગાળ બને છે : રાજા ભૂલ્યો -**

ઇલાચીકુમારને નટડી-વિષયનો રંગ લાગ્યો છે, એમાં નાલેશી દેખાતી નથી, એટલે એક વખતનો મોટા શ્રીમંતનો નબીરો અહીં મદારીના માંકડાની જેમ રાજા અને લોકની સમક્ષમાં ઊંચા દોરડા પર નટનો ખેલ કરી રહ્યો છે ! ખેલ કરીને નીચે ઉતરી રાજા પાસે દાનની ભીખ માગે છે, પરંતુ રાજાની સ્થિતિ જુદી થઇ છે એ વળી નીચે ઘુમરી લઇને ઢોલ બજાવતી રૂપ સુંદરી નટડીને જોઇ એના પર મોહિત થઇ ગયો છે ! એટલે નટના ખેલ વખતે એની કળા હોંશિયારી જોવાને બદલે રાજા એ વિચારી રહ્યો છે કે 'જો ખેલ કરતાં નટ નીચે પડે ને મરે તો સારું, જેથી પછી નટડીને હાથ કરી લઉં.'

બોલો, જીવની વિષયો પાછળની કંગાલિયતતાની છે કોઇ હદ ?

વિષયો પાછળ જીવ કેટલી હદે કંગાળ બને ? કોઇ એની હદ નથી. સારી સુશીલ અને ખાનદાન રૂપાળી રાણીઓ મૂકી હલકી જાતની નટડીમાં મોહિત થવું, એને પટ્ટરાણી બનાવવાના કોડ થવા એ કેટલી બધી નીચી હદની કંગાળ પામર દશા ? કોણ કરાવે છે આ ? વિષયોનું રંગિલાપણું, વિષયોની કારમી ગુલામી.

**વિષયો ભુંડા, કેમ કે જીવને એ મહાકંગાળ ભુંડ જેવો બનાવે છે.**

હવે ઇલાચીકુમાર દોરડાથી નીચે પટકાઇ તો પડ્યો નહિ, ને જીવતો રાજા પાસે દાન માગવા આવ્યો છે, તો બદદાનતવાળો રાજા એમ શાનો દાન આપી પતાવે ? રાજા કહે, 'મારું માથું દુઃખતું હતું તે તારા ખેલમાં ધ્યાન રહ્યું નહિ. તું ફરીથી ખેલ કર, હું બરાબર ધ્યાન રાખીશ.'

થાકેલો ઇલાચીકુમાર દાનના લોભમાં ફરીથી દોરડે ચડી ખેલ કરે છે. ખેલ પતાવી પાછો આવ્યો રાજા પાસે, દાન માગે છે.

વળી એને જીવતો જોઇ રાજા બહાનું કાઢે છે, 'ભાઇલા ! તારા ખેલ વખતે રાજ્ય-સંચાલનની એક મોટી ખટપટ મનમાં એકાએક આવી ગઇ તે તારા ખેલમાં ધ્યાન રહ્યું નહિ. અમારે કેવી આપદા છે ? જરા ભઇલા ફરીથી ખેલ કરી બતાવ.'

રાજાની દાનત ખોટી છે, 'થાકેલો ઇલાચી પુત્ર દોરડા પર નાચતાં કાંક લથડિયું ખાઇ પડે છે ? પડે તો તો મરે, ને નટડી મારા હાથમાં આવી જાય. આવી ખોટી દાનત રાજાની છે, અને હજી સુધી ઇલાચીકુમારને આની ગંધ આવતી નથી, તેથી નટડીને પરણવાના ખર્ચ માટે રાજા પાસેથી મોટું ઇનામ મળે એના લોભમાં પાછો ઊભા વાંસ પર ચડી ઊંચે દોરડા પર જઇ ઊભો. હજી સુધી એ નટડી રુપી વિષયની લંપટતામાં છે, ગુલામીમાં છે, અને એમાં એને કશી નાલેશી લાગતી નથી.

પરંતુ આપણે એ જોવું છે કે જીવને જ્યાં વિષય લંપટતામાં વિષય ગુલામીમાં નાલેશી લાગી જાય કે તરત એનામાં કેવો સત્પુરુષાર્થ ઝળહળી ઊઠે છે !'

**ઇલાચીપુત્રને રાજાની ખોટી દાનતનું ભાન.**

ઇલાચીકુમારને દોરડાપર નાચતાં સામે રાજા પર દ્રષ્ટિ પડી ગઇ તો એણે જોયું કે રાજા આ ખેલ જોવાને બદલે નટડીને જોવામાં પડ્યો છે. ત્યાં તરત એને રાજાની બદદાનતનો ખ્યાલ આવી ગયો કે આ રાજા કેમ મને વારંવાર ખેલ કરવાનું કરાવે છે ? હવે સમજાયું કે,

**'હું ધન વંછું રે રાયનું, રાજ વંછે મુજ ઘાત !, કર્મ ન છુટે રે પ્રાણિયા'**

રાજા ઇચ્છે છે કે 'આ નટ નાચતાં નાચતાં ક્યાંય નીચે પડી મરે છે ? તો પછી નટડીને હું જ કબ્જે કરી લઉં.'

એવામાં બન્યું એવું કે ત્યાં થોડે દૂર એક હવેલીના ચોકમાં એક પદ્મિની સ્ત્રી હાથમાં લાડવાનો થાળ લઇ સામે ઊભેલા મુનિરાજને વિનંતી કરી રહી છે કે





'મહારાજ ! લ્યો આ લાડવા, કાઢો તમારું પાતરું પણ મુનિરાજને કોઇક અભિગ્રહ-નિયમ હશે, તે રાહ જોતા હશે કે અહીં અભિગ્રહ પૂરો થાય છે ? તે નીચી દ્રષ્ટિ રાખી ઊભા છે, પણ રૂપ રૂપના અંબાર સમી આ પદ્મિની સ્ત્રીની સામું જોતા નથી.

ઇલાચીકુમારની અહીં દ્રષ્ટિ પડી ગઇ, તે એ જોતાં ચોકી ઊઠ્યો કે 'આ શું ? આ નટડી કરતાં તો કેઇ ગુણી રૂપાળી પેલી પદ્મિની સ્ત્રી ! અહો ! મુનિરાજ એની સામુંય જોતા નથી ? ને હું નટડીને જો-જો કરવામાંથી ઊંચે નથી આવતો ? શું આ ? કેટલો બધો મહાત્મામાં ને મારામાં તફાવત ?

ઇલાચીકુમારની વિચારધારા આગળ ચાલી.

**મુનિદર્શને ઇલાચીપુત્રની સદ્બુદ્ધિ**

અરે ! હું કેવો વિષયલંપટ ? ને મુનિરાજ કેવા વિરાગી ! પદ્મિની સ્ત્રી મુનિના સામું જોઇને કરગરી રહી છે. મુનિને વહોરવાનું નિમિત્ત છે, તે એની સામુ જુએ તો કોણ એમને રોકવાનું હતું ? કોઇજ નહિ, છતાં રૂપ રૂપની અંબાર સમી એ સ્ત્રીને જોવાની પણ મુનિને પડી નથી. કેટલો એમનો જ્વલંત વૈરાગ્ય ! ત્યારે આ નટડી એના બાપના હકુમત નીચે રહેલી, જ્યાં સુધી હું રાજાનું દાન મેળવું ત્યાં સુધી મારી સામું જોવાની પરવાય નથી કરતી, છતાં હું એના રૂપનાં ઝેરપાનને અમૃતપાન સમજી પી રહ્યો છું ! કેવી મારી વિષય ગુલામી ! આ ગુલામીમાં કેટકેટલી મેં નાલેશી વહોરી છે ! ધિક્કાર છે આ નાલેશી ભરી વિષય ગુલામીને, ને એ ગુલામી કરનાર મારા આત્માને !

**વિષય ગુલામીમાં નાલેશી લાગ્યા પછી સત્પુરુષાર્થ સુલભ -**

ઇલાચીકુમારને વિષયની ગુલામીમાં હવે નાલેશી લાગી લાગી તે કેવી લાગી ? હાડોહાડ લાગી, એ વિચારે છે કે-

'અરે ! અનંત અનંત કાળથી આ વિષય-ગુલામીમાં વિષય લંપટતામાં હું આ સંસારમાં અનંતા ભવ ભટક્યો, અનંતીવાર નરકમાં ને નિગોદમાં પૂરાઇ મેં અનંતા દુઃખ સહ્યાં, કર્મે મારી કેવી કેવી નાલેશી કરી ! વિષયલંપટતાથી કરેલા વિષયભોગમાં માનેલી હોશિયારી કેટલી ટકી ! અલ્પકાળ ! અને પછી કર્મે નાલેશી કેટલો કાળ કરી ? દીર્ઘાતિદીર્ઘ શું, અનંતકાળ દુર્ગતિઓમાં ભયંકર રીબાવી રીબાવી મારી અનંતાકાળ સુધી નાલેશી કરી !

છતાં અહીં હજી હું શું કરી રહ્યો છું ? ઉત્તમ શ્રાવકના અવતારે આવવા છતાં અને મહામંગળમય મોંઘેરા જિનશાસનને-જિનવચનને પામવા છતાં હું હજી

સુધી વિષયલંપટતા રાખી રહ્યો છું ?

વિષય લંપટતાને તોડવાનો ભવ માનવભવ, તોડવાનું સ્થાન જૈનકુળ, ને તોડવાની સામગ્રી વિશિષ્ટ દેહ વગેરે, આ પામ્યા છતાં મારી આ કંગાળ દશા. કુટિલ કાયાને હરામખોર ઇન્દ્રિયોની તુષ્ટિ પુષ્ટિ !

ધિક્કાર છે આ કાયાને ! ને ધિક્કાર છે આ ઇન્દ્રિયોને ! ધિક્કાર છે એને મહેકાવનાર સંસારના વિષયોને ! જગતમાં જડ વિષયો જ ન હોત તો કાયા ઇન્દ્રિયોને કોના પર મહેકાવાનું રહેત ? માટે વિષયો ગોઝારા છે ! ને એ વિષયો જગતમાં હોવા છતાં જો મારી કાયા અને ઇન્દ્રિયો એમાં તણાતી ન હોત, લંપટ ન બનતી હોત, તો મારે શાનું દુર્ગતિઓમાં અનંતકાળ ભટકવાનું રહેત ? એટલે સંસારના અનંતકાળનાં દુઃખો ઊભા કરનારી આ વિષયવંત કાયા અને ઇન્દ્રિયો છે. તેથી વિષયો ગોઝારાની જેમ કાયા- ઇન્દ્રિયો પણ ગોઝારી છે.

**ઉન્નતિમાં સોપાન :-**

બસ, આમ ઇલાચીકુમાર (૧) વૈરાગ્ય ભાવનામાં ચડ્યો. (૨) મનથી એણે વિષયોના સંગ છોડ્યા, 'ન જોઇએ મારે આ વિષયલંટપતા અને વિષયો.' (૩) એ વિષયો પાછળ કરાતા હિંસા, જુઠ વગેરે પાપ છોડ્યા. ન જોઇએ મારે હિંસાદિ પાપો. (૪) એથી આગળ વધીને એ વિષયસંગ અને હિંસાદિ પાપો કરાવનાર કાયા અને ઇંદ્રિયોની આસક્તિ છોડી, 'મારે આ કાયા અને ઇંદ્રિયો સાથે શું લાગે વળગે ? એ નાશવંત અને હું અવિનાશી આત્મા. એમ કરતાં કરતાં અહંત્વ તો એમ પણ મૂક્યું, હું કોણ ? અજ્ઞાન અબુઝ મારી કશી કિંમત નથી. ચડ્યા શુદ્ધ આત્મ સ્વરૂપના ધ્યાનમાં 'મારો આત્મા નિરંજન નિર્વિકાર અનંતજ્ઞાનનો ધણી, આમ,

**ઇલાચિપુત્ર વિષયલંપટના ગુલામીમાં નાલેશી માનવાપર ઉન્નતિના સોપાન ચડતો ગયો.**

ઇલાચીકુમારે (૧) મિથ્યાત્વ છોડ્યું, સમ્યકત્વે ચડ્યો, (૨) અવિરતિ છોડી સર્વ વિરતિએ ચડ્યો, (૩) પ્રમાદ આસક્તિ છોડી અનાસંગ યોગમાં ચડ્યો. (૪) એમ કરતાં સમત્વ યોગમાં સ્થિર થઇ, શુક્લધ્યાન લગાવ્યું ક્ષપકશ્રેણિ માંડી, અને (૫) ચારે ઘનઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપાર્જ્યું !

શું નટના દોરડા પર કેવળજ્ઞાન ! એમ વાત વાતમાં થાય કેવળજ્ઞાન ? પણ કહો આત્માનો આંતરિક પ્રચંડ પુરુષાર્થ અપાર ઝળહળી ઊઠે તો આ કશું અશક્ય નથી. એ આત્મા પુરુષાર્થ ઝળહળી ઊઠવા માટે વિષયોની લંપટતામાં ને





ગુલામીમાં અને એ ગુલામી કરાવનાર વિષયો અને કાયા-ઇન્દ્રિયો લમણે લાગ્યા હોવામાં ભારોભાર નાલેશી લાગવી જોઇએ.

બોલો મનગમતા વિષયો મળ્યામાં નાલેશી લાગે છે ? લાખ રૂપીયા મળ્યા, ફ્લેટ મળ્યો, ગાડી મળી, લાડી મળી, એમાં નાલેશી થયાનું માનો છો ? કે શાબાશી માનો છો ? નાલેશી શાની લાગે ? એનાથી મધ્યમ લોકોમાં વાહ વાહ થાય છે કે 'ભાઇ કેવા સુખી ! કેવા પુણ્યશાળી ! આવું લાગે એટલે જાતે શાબાશી લેવાય, એમાં નવાઇ નથી. ત્યારે ખરેખર હકીકત કેવી છે ?

**આજ વિષયોના કારણે ભારે રાગ, રોફ, રોષ આદિ કષાયો, હિંસાદિ, દુષ્કૃત્યો, પાપોના બંધ અને દુર્ગતિ પરંપરા સરજાય છે, માટે એવા વિષય ભયંકર નાલેશી કરનારા હોવાથી નાલેશી રૂપ છે.**

**દેવોને કેમ કૌતુક બહુ ?**

આ જો મન પર લેવાય તો મનગમતા વિષયો મળ્યામાં શાબાશી લેવાનું સૂકાઇ જાય. શાબાશી મનાય છે, માટે જ એની પાછળ મજૂરી સંતાપ ચિંતાઓ કરવામાંય નાલેશી લાગતી નથી. બોલો, સવારથી રાત સુધી કેટકેટલી ચિંતાઓ થાય છે ! વચમાં વચમાં કેવા કેવા સંતાપની વાદળિયો આવી જાય છે ! મજૂરી, સેવા, ગુલામી, કેવી કેવી કરવી પડે છે.

દેવતાઓને મનુષ્ય જેવી મજૂરી નથી કરવી પડતી, મનુષ્ય જેવી ચિંતાઓ નથી, એવા સંતાપ નથી, કેમ કે એને પુણ્ય એવું મળ્યું છે કે એનાથી વિષયો વગર કમાયે સહેજે આવી મળ્યા છે, એને મેળવવાની સાચવવાની નષ્ટ થવાની ચિંતા જ નહિ. માણસને તો ચિંતાના ભારે ઢગ ! એટલે ? ઊંઘવાનીય ચિંતા, 'જો ઊંઘ બરાબર નહિ આવે તો આ ખાધેલું પચશે નહિ.' દેવતાને કોળિયાનો આહાર જ નહિ, પછી શું પચાવવાની ચિંતા ? એને ઊંઘવાની પણ જરૂર નહિ,

આવા નિશ્ચિન્ત દેવતાઓ-દેવીઓને નવરાશ બહુ, તેથી શું કરે ? એમને ગીત-નૃત્ય વગેરેનાં કૌતુક ઘણાં, એટલે દમિતારિ અને અનંતવીર્યના લશ્કરોના યુદ્ધ જોવા એ ઊતરી પડ્યા છે, તે મર્દાનગીથી લડનાર સુભટોને વખાણે છે. એમાં દેવીઓ પાણી ચડાવે છે કે 'આ ભાલે વિધાંતો સુભટ મારો પતિ થાઓ, 'આ પેટમાં ભાલો ઝીલનાર સુભટ મારો પતિ થાઓ.

**દમિતારિની સેના હતાશ -**

દમિતારીના સુભટો ખૂનખાર યુદ્ધ કરી રહ્યા છે, અનંતવીર્યના કૃત્રિમ

વિકુર્વેલા સૈન્યથી ગાંજ્યા જતા નથી, એટલે હવે અનંતવીર્ય પાંચ જન્ય શંખ ફૂંકે છે. એનો ભયંકર અવાજ સાંભળતાં દમિતારીની સેનાના હાંજા ગગડી ગયા. સુભટો ગભરાઇ જઇને પડ્યા નીચે, લડવાનું ગયું. ત્યાં દમિતારી એ જોઇને વધારે ગુસ્સે ભરાયો કે આ નાદાન શું સમજે છે ? શું શંખથી એ મારી સેનાને હતાશ કરે ? તો લાવ, હવે આ અનંતવીર્યનું મારા ચક્રથી ગળું જ છેદી નાખું.

બસ, દમિતારી આવ્યો અનંતવીર્યની સામે. આવી હાકલ કરે છે કે 'અરે, નાદાન ! તારી મને દયા આવે છે. આ મારું ચક્ર જોયું છે ? ગળું કપાઇ જશે. ડાહ્યો થઇ મારી કન્યા કનકશ્રીને મૂકી દે, ને જીવતો ચાલ્યો જા.'

અનંતવીર્ય કહે, 'રાખ, રાખ, હવે તો માત્ર તારી કન્યા નહિ, પણ તારી કન્યા ને તારા પ્રાણ સાથે લઇ જઇશ. અજમાવી લે તારી તાકાત, પાછું એમ ન બોલતો કે 'મને કહ્યું નહોતું.' હવે મારા પ્રાણ ઊડ્યા સમજી કામ કરજે.

દમિતારીથી આ શબ્દો સહન થાય કે 'તારી કન્યાને તારા પ્રાણ સાથે લેતો જઇશ ?' એણે ચક્ર હાથમાં લઇ ભમાવીને છોડ્યું અનંતવીર્ય ઉપર.

**દમિતારિ ચક્ર છોડે છે.**

ચક્ર અનંતવીર્યની છાતી પર આવી પછડાયું, આઘાત લાગ્યો, તેથી એ મૂર્છિત થઇ પડ્યો નીચે, એ જોતાં કનકશ્રી ગભરાઇ ગઇ 'હે આર્યપુત્ર ! હે આર્યપુત્ર ! હાય ! હાય ! તમને આ શું થયું ?' ચીસો પાડવા લાગી,

અપરાજિત એને હિંમત આપે છે, 'ભોળી કાયર ન થા, આતો જરા એને ચક્રનો આઘાત લાગ્યો એટલે મૂર્ચ્છા આવી છે. બાકી એનું પુણ્ય જો, કે શું ચક્રે કાંઇ ગળું છેદ્યું છે ? ચક્ર એમજ ઊભું છે એટલે હવે તો તારા બાપનું આવી બન્યું છે. એ હઠે ચડ્યા છે તેથી એજ ભારે જોખમમાં છે, અનંતવીર્ય નહિ.'

અપરાજિત કનકશ્રીને આ આશ્વાસન આપે છે. એટલામાં તો અનંતવીર્યને કળ વળી, સફાળો ઊભો થઇ ગયો, ને ચક્ર હાથમાં લીધું.

**પ્રતિવાસુદેવના ચક્ર સામે વાસુદેવની હોશિયારી નહિ, પુણ્ય કામ કરે છે -**

ચક્રનો સામાન્ય નિયમ કે 'દુશ્મનનું ગળું છેદીને પાછું આવે.' પરંતુ અહીં અનંતવીર્યનું ગળું છેદ્યું તો નહિ, ઊલટું દમિતારિ પાસે પાછું પણ ગયું નહિ, ને અનંતવીર્યની સામે ઊભું રહ્યું ! એનું કારણ ? આમાં કાંઇ વાસુદેવ અનંતવીર્યની





હોશિયારી કામ નથી કરી રહી. કેમકે પહેલું જ જ્યારે ચક્ર દમિતારિએ છોડયું ને અનંતવીર્ય તરફ સનસનાટ આવ્યું, એ વખતે અનંતવીર્ય એને રોકી શક્યો નહિ પકડી પણ ન શક્યો, ઊલટું ચક્ર એની છાતી પર જોરથી અફળાયું એવું અફળાયું કે એને છાતી પર જોરદાર આઘાત લાગતાં એ બેભાન થઇ ગયો. સારું થયું કે ચક્રના દાંતિયા નહિ અથડાયા હોય, નહિતર કદાચ એના હૃદયને જ ભેદી નાખત ! એ અથડાયું હશે એની મધ્ય બાજુથી તેથી આઘાત માત્ર લાગ્યો. આમ અનંતવીર્યને ચક્રના દાંતિયા ન લાગતાં પીઠ લાગે એ રીતે એની તરફ ચક્ર આવવામાં પણ અનંતવીર્યની હોશિયારીએ કામ નથી કર્યું.

તો કોણ આમાં કામ કરી રહ્યું છે ?

અનંતવીર્યનો માત્ર પુણ્યોદય કામ કરી રહ્યો છે, એ કહેવું પડે. એના પુણ્યનો ઉદય જ એવો કે એ ચક્રને આ રીતે જ એની પાસે લાવી મૂકે, તેમજ અનંતવીર્ય બેભાન પડ્યો છે, ચક્રને પકડી રાખવાનો એનો કોઇ પ્રયત્ન નથી, છતાં ચક્ર એની પાસે જ ઊભું રહી જાય, પણ પાછું એના માલિક દમિતારિ પાસે જાય નહિ, એમાં ય અનંતવીર્યનો કોઇ પ્રયત્ન કે હોશિયારી વપરાઇ નથી, એટલે માનવું જ પડે કે અનંતવીર્યનું માત્ર પુણ્ય જ કામ કરી રહ્યું છે. આ સૂચવે છે કે

**દુન્યવી સંપત્તિ-વિપત્તિમાં પુણ્ય-પાપ એ સર્વ પ્રબળ કારણ છે. માટે**

(૧) અહંભાવ દીનતા ન કરો, કર્મ ગુલામી સમજી રાગ, દ્વેષ, હર્ષ, ખેદ ન કરો.

(૨) પૂર્વ સુકૃત-દુષ્કૃત પર ધ્યાન રાખી, હવે સુકૃત-પ્રવૃત્તિ, દુષ્કૃત-ત્યાગનો ઉદ્યમ રાખો.

(૩) આત્માની કર્મ ગુલામી-કર્મ વિટંબણાથી ઉભગી જઇ મોક્ષની તીવ્ર આશંસા કરો.

આ ત્રણે ય વસ્તુ ખૂબ લક્ષમાં લેવા જવી છે. ને તે પ્રમાણે જાગૃતિ સાવધાની રાખી પ્રયત્ન કરવા જેવો છે. સંપત્તિમાં અહંભાવ, રાગ અને હરખ ન હોય, તો ઘણા કષાયથી અને દુષ્કૃત્યોથી બચી જવાય. સંપત્તિ પર ખોટા-ખરાબ, વિચારો-વાણી-વર્તાવથી બચી શકાય. જીવનમાં તપાસશો તો જણાશે કે સારા પૈસા-ટકા મળ્યા, સારી ચીજ-વસ્તુ મળી, સારાં માન સન્માન મળ્યા, તો એના પર કેવો અહંભાવ આવે છે ! કેવા રાગ-આસક્તિ થાય છે ! કેટલો હરખ હરખ થાય છે ! પછી એની કવિતા કેવી ગવાય છે ! મન એમાં દટાયું કેવું દેવ-ગુરુ-ધર્મને ભૂલે

છે ! બીજા કર્મ વિડંબિત જીવો પર કેવો રોફ બજાવાય છે ! કેવા ધમધમાટ કરાય છે ! આવું બધું સંપત્તિના પાપે ને સંપત્તિ પર અહંભાવ રાખવાના પાપે બને છે.

એમ સંપત્તિમાં પુણ્ય પાછળ એને પૂર્વ જન્મનાં સુકૃત યાદ ન આવવાથી, અહીં એ સંપત્તિથી સુકૃત કરવાને બદલે દુષ્કૃતો આચરાય છે.

કેવી મૂર્ખાઇ ! સંપત્તિને જન્મ આપનાર મૂળમાં પૂર્વનાં સુકૃત અને શુભ ભાવ છે. એને જ ભૂલી જવાના ? ને ઉપરથી દુષ્કૃત અને દુષ્ટ અશુભ ભાવો કરવાના ?

**સુખ સગવડનાં જનક પૂર્વ ભવના શુભ ભાવ છે. અહીં સુખ સગવડમાં દુષ્ટ ભાવ કરવા એ જનક બાપનું ખૂન છે.**

**ધર્મ માટે ૨ દ્રષ્ટિ -**

**અહીં સુખ, પૂર્વે પાપ કર્યા માટે નથી મળ્યું પરંતુ ધર્મ કર્યો માટે મળ્યું છે.**

તો અહીં સુખમાં પાપો કરીને ભવિષ્યમાં સુખની આશા ? કે દુઃખની ? જીવનમાં પાપનો ત્યાગ અને ધર્મની આરાધના કરવામાં બે દ્રષ્ટિ છે-

(૧) એક તો સુખ આપનાર ધર્મ ઉપકારી છે, તેથી કૃતજ્ઞતારૂપે ધર્મ જ કરવા જેવો છે, અને (૨) બીજું એ કે ભવિષ્યમાં સુખની ઇચ્છા હોય તો પણ સુખનાં કારણભૂત ધર્મને જ સેવવા જેવો છે.

સુખ-સગવડ એ વિટંબણા કેમ ?

વિશેષ તો આ જોવા જેવું છે કે દુન્યવી સુખ, સગવડ, સંપત્તિ, પરાધીન છે, આપણી ઇચ્છાનુસાર ચાલનારી નહિ. કર્મ ફરે એટલે એ ફરી જાય. શુભ કર્મ વાંકા થતાં એમાં ઓટ આવે, શુભ કર્મ પૂરા થઇ જતાં એ સુખ સગવડ સંપત્તિ પલાયન થઇ જાય, આપણે સુખમાં આ ફેરફારો આ ઘટાડો, નાશ ઇચ્છતા નથી, આપણને એ ગમતું નથી. છતાં માથે આવી લાગે, એ આપણી વિટંબણા નથી ? પત્ની સારી જોઇને કરી, પુત્ર સારો નીવડે એ માટે મહેનત કરી ઉછેર્યો, પછી એ પત્ની કે પુત્ર ખરાબ નીવડતા દેખાય તો વિટંબણા લાગે છે ને ? તો સુખ સગવડ પણ અવળા થાય એય શું છે ? વિટંબણા જ ને ? કોનાં સુખ સગવડ સરખા ટક્યા છે તે તમારા ટકશે ?





**દુન્યવી સુખ પણ વિટંબણારૂપ સમજાય તો વિટંબણા વિનાના મોક્ષ સુખની સાચી ઇચ્છા થાય.**

પ્રભુ આગળ બોલીએ તો ખરા કે 'સેવક અરજ કરે છે રાજ શિવ સુખ અમને આપો, પરંતુ ત્યાં જોવા જેવું છે કે આ માગણીની પાછળ વિટંબણા વિનાનું શિવસુખ એટલા માટે જોઇએ છે કે દુન્યવી સુખ વિટંબણા રૂપ છે ? એવું લાગે છે ખરું ? જો, દુન્યવી સુખ વિટંબણારૂપ લાગતું હોય તો એ સુખ ખાતર કાળાં કામ કરાય ખરા ? સુખ સગવડ ખાતર સગા ભાઇ સાથે ય ઝઘડો એટલે વૈર વિરોધ કરાય ? સુખની લાલચમાં જૂઠ-અનીતિ, દગો-વિશ્વાસઘાત કરાય ? દુન્યવી સુખ-સંપત્તિ માટે ઘોર પાપનાં ધંધા આચરાય ? સુખ-સગવડ-સંપત્તિ પર જીવન રોફરોષભર્યું જીવાય ? પણ આ બધું કેમ ચાલે છે ?

**સુખ-સગવડ-સંપત્તિ વિટંબણારૂપ લાગતા નથી માટે જ એના પર કાળાં કામ કરાય છે.**

જૈન શાસન મહામોંઘેરું પામ્યા છો, એની કદર કરો, અને એ સમજાવે છે એમાં સુખ-સગવડ-સન્માનને વિટંબણારૂપ દેખો ને લેખો, અને વિટંબણા રહિત એકમાત્ર મોક્ષ સુખની તીવ્ર ચાહના લાલસા રાખો. તો જીવનમાંથી પાપનાં કામ ઓછા કરી આત્માની ઉન્નતિ સધાશે.

**આત્માની ઉન્નતિ સદ્ગુણ, સુકૃત અને શુભ ભાવથી છે.**

**મોક્ષનું સાચું લક્ષ કોને કહેવાય ? -**

ધર્મ આ રીતે જ કરવાનો છે કે જેથી ધર્મ કરતાં કરતાં આજ એક લક્ષ રહે કે આત્મામાં ને જીવનમાં સદગુણો આવે, હૃદયમાં નિષ્કામ સુકૃતનો ભાવ આવે, અને કામ-ક્રોધાદિ મલિન ભાવો ઓછા થઇ સંયમ બ્રહ્મચર્ય ક્ષમા-નિસ્પૃહતા આદિ શુભ ભાવ આવે, ને વધે.

મોક્ષનું સાચું લક્ષ આ, કે સુકૃતો સદ્ગુણો અને શુભ ભાવો કમાતા રહેવાનું લક્ષ રહે. આ લક્ષ નથી તો મોક્ષનું લક્ષ શું ?

પ્ર. સુકૃતો વગેરેનું લક્ષ ન હોય તો શું મોક્ષનું લક્ષ નહિ ?

ઉ. એ તો સીધો હિસાબ છે કે દુષ્કૃત-દુર્ગણો દુષ્ટ ભાવોથી કદી મોક્ષ થાય જ નહિ, નહિતર બધાજ જીવોનો મોક્ષ થઇ ગયો હોત, મોક્ષ સુકૃતો સદ્ગુણો સમ્યગ્ ભાવોથી જ થાય, તો પછી જેને ખરેખરી મોક્ષની ઇચ્છા છે અને શું સુકૃત-

સદ્‌ગુણો-સમ્યગ્ ભાવોની ઇચ્છા ન હોય ? જેને પૈસા કમાવવાની ઇચ્છા છે, એને શું ધંધા-ધાપાની ઇચ્છા ન હોય એ બને ? રોગ કાઢવાની ઇચ્છા છે પણ 'રોગ કાઢનાર દવા ઉપચારની ઇચ્છા નથી' એ બને ? એમ ભગવાન પાસે મોક્ષ માગીએ ને મોક્ષની ખરેખરી ઇચ્છાય હોય તો મોક્ષ લાવી આપનાર સુકૃત સદ્‌ગુણ શુભભાવોની ઇચ્છા ન હોય એ બને ? અને જો એ ઇચ્છા છે, તો એનો પ્રયત્ન કેટલો છે ? ને દુષ્કૃત દુર્ગણો તથા કષાયના અશુભ ભાવોનો કેટલા પ્રયત્ન છે ? તપાસો, જીવને ગમે છે શું ? દાન-સુકૃત ? કે પરિગ્રહ દુષ્કૃત ? ક્ષમા સદ્‌ગુણ ? કે ક્રોધ દુર્ગુણ ? સંસારના મલિન વિચારો ? કે ધર્મના શુભ વિચારો ? શું ગમે છે ? ભૂલશો નહિ.

**દાનાદિ સુકૃત-નમ્રતાદિ સદ્‌ગુણ ક્ષમાદિ શુભભાવ ગમે એને જ મોક્ષ ગમે છે.**

વાત આ છે, પૂર્વ ભવેથી લાવેલ પુણ્ય એ ત્યાંના સુકૃત-સદ્‌ગુણ-શુભભાવથી ઊભા થયેલા છે, આ બરાબર લક્ષમાં રાખવા જેવું છે. જેથી આ જીવનમાં પુણ્યે કાંઇ અનુકુળતા મળી ત્યાં ઝટ દાનાદિ સુકૃત યાદ આવે-નમ્રતાદિ સદ્‌ગુણ યાદ આવે, શુભ વિચારસરણી ચાલે. સાથે પુણ્યની નાશવંતતા અને પુણ્યમાં જીવની કર્મ પરાધીનતા જોઇ, એ વિટંબણાથી મુક્ત થવાની યાને મોક્ષ પામવાની ઇચ્છા થાય.

જેમ પુણ્યનો વિચાર કર્યો એમ પાપનો વિચાર કરવા જેવો છે. પાપમાં દીનહીન ઓશિયાળા ને રોતડ બનવા જેવું નથી.

**દુઃખમાં, પાપના ઉદયમાં રોતડ કેમ બનાય છે ?**

(૧) સુખની લંપટતા અને દુઃખનો દ્વેષ છે.

(૨) વળી જીવે જાણે માની લીધું છે કે હું સુખનોજ અધિકારી છું.

(૩) જગતના પલટાતા ભાવોનું લક્ષ નથી.

(૪) માનવ જીવનનું લક્ષ્ય સુખ-ભોગ માન્યું છે સુકૃત-સદ્‌ગુણ-શુભભાવની કમાઇ નહિ, તેમજ

(૫) દુઃખ વખતે પાપનો ઉદય માન્યો પણ પાપનો નિકાલ નહિ માન્યો, આ કારણોએ દુઃખમાં રોતડ થવાય છે.

ત્યારે પહેલું તો આ સમજવા જેવું છે કે સુખની બહુ લંપટતાજ દુઃખ પર





દ્વેષ કરાવે છે ને દ્વેષ કરાવી દુઃખમાં કાયર અને રોતડ બનાવે છે. તો પછી શા સારુ આવા સુખની અતિ લંપટતા રાખવી કે જે દુઃખમાં આપણને રોતડ, કાયર, કંગાલ જેવા બનાવે ? સત્ત્વહીન બનાવે ? મોટો પહેલવાન હોય અને તાવ આવે ત્યારે રોતડ બને એ શું સારો લાગે ? શ્રીમંતાઇમાં છાતી કાઢીને ફરતો હોય ને શ્રીમંતાઇ જતાં દીનહીન રોતડ કોણ બનાવે છે. શાસ્ત્ર એને ગારવ કહે છે. શાતાગારવ અને ઋદ્ધિગારવ, તેમજ રસગારવ આત્માના એ ત્રણ મહાન દોષ છે. ગારવ એટલે અભિમાન અને આસક્તિ. ચાહે એ શરીરની તગડેબાજતા પર હોય, કે ઋદ્ધિ સંપત્તિ-વૈભવ પર હોય, યા મનગમતા રસદાર ખાનપાન પર હોય. એ એકેક ગારવ એવા જોવા જેવા છે કે આત્માને કષાયમાં ને પાપમાં પછાડે, શુધ બુધ રહેવા ન દે, અને કષાય તથા પાપમાં આળોટતો કરી નાખે.

દારૂ પીને માણસ કેવો શુધ બુધ ગુમાવી જમીન પર આળોટતો કે ભલું હોય તો ગટરમાં આળોટતો થઇ જાય છે ! એમ.

**રસ-ઋદ્ધિ-શાતા ગારવનો દારૂ જીવને ભાન ભૂલો બનાવી કષાય અને પાપમાં આળોટતો કરી દે છે.**

**રાજા સોદાસ રસગારવે રાક્ષસ–**

રઘુવંશમાં પૂર્વે થઇ ગયેલ રાજા સોદાસ રસગારવમાં લપટાયો, એમાં જિનભક્તિનો અઠ્ઠાઇ મહોત્સવનો પ્રસંગ આવતાં મંત્રીઓએ પૂર્વ પ્રણાલિકા મુજબ જાહેર કરાવ્યું કે આ દિવસોમાં ક્યાંય હિંસા ન થવી જોઇએ, ત્યાં રાજાને માંસાહાર પ્રિય હોવાથી રસગારવ જાગ્યો, મારે તો માંસ ખાવા જોઇએ જ, પરંતુ શું કરે ? રાજ્યમાં ઘોષણા મુજબ સર્વત્ર હિંસા બંધ હતી. રસોઇયો ક્યાંથી માંસ લાવી રાજાને રાંધી ખવરાવે ?

રાજા સોદાસને માંસ સ્વાદની આ તલપ એ રસનો ગારવ એ ચેન પડવા દેતો નથી. રસોઇયાને કહે 'તું ગમે ત્યાંથી માંસ લાવી મને રાંધી આપ,' રસોઇયો શોધવા નીકળ્યો તે ઊકરડે એક તાજુ મરેલું બાળક એનું કલેવર પડેલું, તે ઉપાડી લાવી એના માંસને રાંધી રાજાને ખવરાવે છે. રાજાને તે બહુ ભાવી ગયું, એનો રસ દાઢે વળગ્યો, તે બીજે દહાડે એવું. જ માંસ ભોજન માગે છે. પેલાએ ખુલાસો કરી કહ્યું, 'રોજ ને રોજ ક્યાંથી આવું મરેલું બાળક મળે ? આ તો કોઇ વિધવા કે કુંવારીએ કાળું કર્યું હશે ને ગર્ભ રહી જતાં બાળક જનમ્યું હોય તેની ગળચી ટૂંપી અંધારે ઊકરડે ફેંકી દીધું હશે તે મળેલું, પણ રોજ એવું ક્યાંથી મળે ?'

રાજા કહે છે, 'તું એમ કર સમી સાંજ પછી અંધારું થતાં નગરમાં નીકળી પડ, ક્યાંક ઘરના આંગણે એકલું બાળક દેખાય તે ઉપાડી લાવી એના માંસનું ભોજન બનાવી મને આપ. મારે એ વિના નહિ ચાલે. તારે કાંઇક આપત્તિ આવે તો હું બેઠો છું. તને બચાવી લઇશ.'

મન માન્યા રસના સુખની કેવી ખતરનાક લંપટતા ! કેવો ગોઝારો રસગારવ ! રસોઇયાએ એ પ્રમાણે રોજ કરવા માંડ્યું, જીવતા બાળકને ઉપાડી લાવી મારીને એનું માંસ રાંધી આપવા માંડ્યું, ભાનભુલા રાજા સોદાસને એ એટલું બધું પ્રિય લાગવા માંડ્યું કે રસોઇયાને એ શાબાશી આપે છે, ને એની પાસે રોજ આ બાળહત્યાનું ગોઝારું પાપ કરવા-કરાવવામાં એને કશો આંચકો નહિ, કશી દયા નથી આવતી.

**ગારવ ચીજ એવી છે કે જીવને પોતાના સ્થાનનું પોતાના કુળનું ને ધર્મનું કશું ભાન ન રહેવા દે, અને એને ક્રોધ-લોભ-હિંસા-જૂઠ ચોરી વગેરેના પાપમાં ઉતારી નાખે છે.**

માંસ સિવાયનું બીજું ભાવતું નથી એટલે માંસ વિના કેમ ચલાવાય ? હું રાજા છું મને તો મનગમતું મળવું જ જોઇએ આ રસ ઋદ્ધિ-ગારવમાં માંસ વિના સહન ન કરી શકવાની સ્થિતિએ સોદાસના ઘોર પાપને પણ ખુલ્લા કરી નાખ્યા, ગારવની સ્થિતિ કેટલી હદના પાપ કરાવે ?

રોજ ને રોજ રાજદરબારે ફરીયાદ આવવા લાગી કે અમારું બાળક કોઇ ઉપાડી ગયું છે ! મંત્રીઓ વિમાસણમાં પડ્યા કે આ શું થઇ રહ્યું છે ? એમણે ગુપ્તચર છુપી પોલિસ મંડળીને તપાસ સોંપી, અને તપાસમાં રસોઇયો નાનું બાળક ઊઠાવી જતો પકડી પાડ્યો-લાવીને મંત્રીઓ આગળ એને ઊભો કરી દીધો.

મંત્રીઓએ ધમધમાવીને પૂછતાં એણે રાજાની હકીકત કહી દીધી કે રાજાના દબાણથી 'પોતે જ રોજ બાળક ઉઠાવી જતો, અને એને મારીને એનું માંસ રાજાને રાંધી ખવરાવતો.

### પાપ પીંપળે ચડીને પોકારે છે ?

માણસ સમજે છે કે હું છૂપી રીતે પાપ કરું છું. એટલે કોઇને એની ખબર નથી પડતી. પરંતુ એવો અવસર આવી લાગે છે કે જ્યાં પાપ એવું ખુલ્લં ખુલ્લા જાહેર થાય છે કે ત્યાં ગુપ્તતા રહેતી નથી. કેમ જાણે પાપ જાહેરમાં કોઇની આગળ





અવાજ કરી રહ્યું છે કે હું અહીં છું આ મને જુઓ. કહેતા નહિ,

પ્ર.- પણ બહુ સીફતથી પાપ કરે તો તો ન પકડાય ને ?

ઉ.- પાપ વિષય સાથે સંલગ્ન હોય છે. મન ગમતા કોઇક વિષયની ખાતર પાપ આચરાય છે ને વિષય કોઇને કોઇ બીજા એવા વિષય સાથે સંકળાયેલા રહે છે કે એ વિષય બહારમાં પ્રગટ થઇ જતાં પાપ ખુલ્લું પડે છે ! એટલે શી ખાતરી કે પાપ ગુપ્ત જ રહેશે ? ને કદાચ ગુપ્ત રહી ગયું તો પણ અંતરમાં એનો અવાજ વધી જતાં જાણે એના સંતાપના ઘંટના રણકાર બજે છે. હવે કદાચ સમજો કે ઘોર પાપાત્માને પાપના સંતાપના અંતર્નાદ ન ય થાય, તો ય ભવાંતરે એ સંતાપરહિત સેવેલાં પાપના અતિ ભયંકર વિપાક અગણિત કાળ સુધી એવી રાડો પાડીને ભોગવવા પડે છે કે એમ કહેવાય કે એ બધો પાપનો પોકાર કહેવાય.

### સોદાસ પાપના લીધે રાજ્ય ભ્રષ્ટ

પેલા મંત્રીઓને રસોઇના પાસેથી રાજાની વિગત મળતાં એમણે પૂછ્યું આ શું છે ? જીવતા બાળકોને ખાઇ જવાનું ?

રાજા પાસે આનો ઉત્તરેય નહોતો અને આ વાત બહાર પડતાં એને પરિવારમાંથી એક પણ વ્યક્તિનો અરે નાના હવાલદારનો ય ટેકો નહોતો. એટલે કોના જોર પર પોતે સત્તા અજમાવી શકે ? કોના જોર પર મંત્રીઓને ધુત્કારી શકે ?

મંત્રીઓએ રાજાને ગાદી પરથી ઉઠાડી મૂકી, એકલો અટુલો દેશનિકાલ કર્યો, અને એનાં સ્થાને એનાં એના પુત્ર નઘુષને રાજા બનાવ્યો.

**ઘોર પાપ કર્યે અહીં પણ બચાવનાર સહારો ન મળે, તો પરલોકે સહારાની વાતે ય શી ?**

પરંતુ પાપાત્માને આવી કોઇ ચિંતા જ નથી હોતી, તેથી ખુશમિશાલ પાપ કર્યે જાય છે.

રાજા સોદાસ જંગલમાં રખડતો થઇ ગયો, આટલી મોટી સજા મળી છતાં એને પાપનો પસ્તાવો ક્યાં છે ? પાપની ઘૃણા ક્યાં છે ? ઘૃણા નહિ ઊલટું પાપનો ચડસ છે, એટલે જંગલમાં ય એ રાક્ષસ જેવો બની જીવતા જીવતા સસલા જેવા જીવોને પકડી પકડીને ખાઇ જાય છે. પાપમાં ખુશમિશાલ પ્રવર્તનારો, પત્તો નહિ, કેટલી હદે નીચે ઉતરી જાય ? કહે છે તે વટલેલી બ્રાહ્મણી તરકડીથી ભુંડી.' તરકડીને

ઘણી ગણતરીના, પણ ભ્રષ્ટ થયેલ બ્રાહ્મણીને પછી મન પરથી આચાર-બદ્ધતા જ નીકળી ગઇ એટલે કેટલા યાર કરે તેની સિમા જ નહિ. સોદાસ રાજા ક્રૂરતાના પાપમાં બહુ આગળ વધી ગયો.

**જ્યાં પાપનો સંતાપ નહિ, પાપની ઘૃણાજ નહિ, ત્યાં પાપાચરણ અટકે નહિ.**

કાલસૌકરિક કસાઇને રાજા શ્રેણિકે કૂવામાં ઊંધો લટકાવરાવ્યો, તોય ત્યાં કૂવાની ભીંત પર પાડા ચિતરી એના ગળાં કાપે છે ! જીવતા પાડા નથી એટલે હિંસા પાપ કરવાની સામગ્રી નથી, કાયાથી પાપાચરણ શી રીતે કરે ? પરંતુ અંતરમાં પાપાચરણ ચાલુ છે.

તમારા જીવનમાં તપાસો તો દેખાશે કે કાયા કે વાણીથી જે પાપાચરણ નહિ થતા હોય એવા વિચારોથી પાપાચરણ બને છે કે નહિ ? ધંધો કર્યો ને અવળો પડ્યો ત્યાં જો મનને થાય છે કે ''આ ભૂલ થઇ, ધંધો આમ નહિ, આમ કરવો જોઇતો હતો, જરાક ધીરતા રાખી સામા વેપારીને પેચમાં ઉતાર્યો હોત તો ભારે કામ થઇ જાત. ખેર, હવેથી બરાબર ધ્યાન રાખી આ રીતેજ કરું.'' તો એ શું છે ? માત્ર વિચારમાં પાપાચરણ, કોઇએ દબાવ્યા દબાઇ ગયા પછી મનને જો સંતાપ થાય કે 'આ ભૂલ થઇ, આવાને તો બરાબર દબડાવી જ નાખવા જોઇતા હતા.' તો ક્યાં કાયાથી કે વાણીથી પાપ આચર્યું નથી, પરંતુ વિચારમાં પાપાચરણ છે, પોતાની પાસે મૂડી નથી, એટલે એવો મોટો ધંધો કરી શકતો નથી, પરંતુ બજારમાં રૂખ દેખી મનને જ થાય છે કે મારી પાસે મૂડી હોત તો આમ ધંધો કરી નાખત. આ મૂડી વાલા બુધ્ધુ છે એમને રુખની ગમ પડતી નથી કે હિંમત નથી એટલે કમાઇ લેવાના અવસરે સુસ્ત બેઠા રહ્યા છે ! એમના સ્થાને હું હોઉં તો મોટા સોદા કરી ખાસું કમાઇ લઉં' આ પણ શું ? વિચારમાં પાપાચરણ. પરંતુ ખબર નથી કે,

**તંદુલિઓ મચ્છ કેમ નરકમાં જાય છે ? કાયાથી પાપ કરીને નહિ, પરંતુ વિચારણામાં પાપાચરણથી.**

**તપાસો વિચારણામાં કેટલા પાપ ચાલે છે ?**

તંદુલિયો મચ્છ એમ વિચારે છે કે 'આ મોટા મગરમચ્છની જગાએ હું હોત, તો મોમાં પાણીના મોજાં સાથે સહેજે સહેજે આવેલા ઘણા બધા માછલાઓને સીધો પેટમાં જ પધરાવી દેત, એકનેય છોડત નહિ, આ મૂરખો, બધાને જવા દે





છે !' વિચારણામાં પાપાચરણ છે. તપાસજો.

જીવન જીવતાં વિચારણામાં હિંસા જૂઠ અનીતિ, દુરાચાર, રસિલાં ખાન પાન, રાગ દ્વેષ વગેરેના કેટકેટલાં પાપાચરણ ચાલે છે ? એમ દુઃખ આપત્તિ વખતે કેવાં ને કેટલાં વિચારમાં પાપાચરણ ?

કેમ આમ ચાલે છે ? જાણે માની લીધું છે કે 'હું સુખનોજ અધિકારી છું દુઃખનો નહિ.' મન જો સમજે કે મારું પુણ્ય જ દુબળું છે, ને સુખ દુઃખની દોરી પુણ્ય-પાપ કર્મના હાથમાં છે, તો કર્મને આધીન સુખ પર મારે દાવો શો રાખવાનો ? દાવો રાખું તો કર્મ મને મૂર્ખ બનાવે છે. કર્મ મારા દાવાને હકને ગણતું નથી, ને ઉપરથી ઊલટું બનાવી મૂકે છે.

દા.ત. મોટા માણસની આગળ નાનો બાળક 'હું આમની ટાંગ ખેંચી નીચે પાડી નાખીશ.' એમ દાવો કરી ટાંગ ખેંચવા જાય, ને મોટો એને કહે 'રહેવા દે, તારું ગજું. નહિ,' પણ પેલો માને નહિ, ને ડંફાસ ઠોકે, હવે ત્યાં માણસ એ બાળકને એક લાત મારી ભોંય ચાટતો કરે, તો બાળકનો દાવો શો રહ્યો ? ખોટો દાવો કરવા પર નાલેશી થઇને મૂર્ખજ બનવું પડ્યું ને ? એમ આપણે સુખનો દાવો રાખીએ ને કર્મ આપણને પછાડે તો આપણે મૂર્ખ બન્યા કે નહિ ?

**આ આપણી કર્મ-પરવશતા નજર સામે હોય તો સુખમાં છકી ન જવાય, દુઃખમાં દીન ન બનાય.**

**જીવનનું લક્ષ્ય એટલે જીવન જીવતાં શું સાધવું છે ?**

દુઃખ આવતાં મનને થાય કે 'સુખ કર્માધીન હોઇ સુખ પર મારો દાવો જ ક્યાં છે કે મને સુખજ મળવું જોઇએ ? બધું કર્મને આધીન, એટલે કર્મ વશ જેમ સુખ મળે તેમ કર્મવશે દુઃખ પણ આવે, તો દુઃખ ભલે આવ્યું હું શું કામ દીન બનું ?

જીવનના સાચા લક્ષ્યનો વિચાર દુઃખમાં દીન નહિ બનવા દે.

દુઃખ વખતે આ વિચારવું જોઇએ છે કે 'મારા જીવનનું લક્ષ્ય શું મારે જીવન જીવતાં શું સાધવાનું છે ? દુન્યવી સુખ સગવડ-સન્માન એ કાંઇ આ ઉચ્ચ જીવનનું લક્ષ્ય નથી. કે એને જ સાધવાનું નજર સામે ને નજર સામે લાવ્યા કરાય. એટલું કરવાનું તો જનાવર અને નાના કીડા કીડીને ય આવડે છે. મારે સાધવાનું છે,

(૧) એક તો દાનાદિ શક્ય સુકૃત અને (૨) બીજું એથી વધુ અગત્યનું આ

કે પાપ-ત્યાગ સધાતા આવે. આ બે લક્ષ્ય નજર સામે હોય તો સુખ દુઃખમાં મદ-દીનતા શી કરવાની હોય ?

**માનવ જીવનમાં બે મોટાં લક્ષ્ય પાપ ત્યાગ અને સુકૃત-કમાઇ, એ ધ્યાનમાં રહે તો સુખ દુઃખ એ મદ-દીનતાથી મનને બગાડે નહિ.**

**મન ન બગાડવા દેવાની આ ચાવી- પાપ ત્યાગ, સુકૃત કમાઇનું જીવન લક્ષ્ય નજર સામે લાવો.**

ભૂલશો નહિ-હરખ, મદ, અભિમાન ઇર્ષ્યા એ બધા મનના ભારે બિગાડા છે, એથી મનની લેશ્યા બગડે છે, ને પછી એ ખોટા કામ કરાવે છે, એમ દીનતા, સંતાપ ઉદ્વેગ એ પણ મનના બિગાડા છે. એમાં મન સ્વસ્થ નથી, તંદુરસ્ત નથી, એમાં ય પછી ખોટા વિચાર આવે, મુફલીસ ઉદ્‌ગાર નીકળે, ને ન કરવાનાં કામ પણ કરાય ! આ બધા રોગિષ્ઠ મનનાં સર્જન છે.

હવે જ્યાં સુખમાં હરખ ઊઠ્યો, મદ આવ્યો, ત્યાં જ જો જીવન લક્ષ્ય વિચારાય કે,

**મારે આ જીવન જીવતાં આવાં તુચ્છ સુખને સિદ્ધ કરવા એ મુખ્ય કાર્ય નથી. પરંતુ પાપત્યાગ અને સુકૃત કમાઇ કરતાં રહેવું એ મુખ્ય કાર્ય છે, તો સુખ વખતે અતિહરખ અભિમાનમાં પાપ શા માટે કરું ? કાંઇક સુકૃત-કમાઇ લેવાનું વિચારું.'**

આ જો દ્રષ્ટિ રહે તો હરખ મદના વિચારને બદલે સુકૃત કમાઇના વિચાર કરાય.

એમ જો દુઃખ વખતે પણ આ પાપત્યાગ સુકૃત કમાઇના લક્ષ્ય નજર સામે લેવાય, તો ઝટ વિચાર આવે કે 'અરે ! દુઃખમાં મારે દીન શું બનવાનું ? મનને ઓછું શું લાવવાનું ! મારે તો જીવન જીવતાં પાપત્યાગ અને સુકૃત-કમાઇ સાધવાના છે, તો એ વિચારવા દે કે 'આવા સમયે હું ક્યાં ક્યાં પાપ છોડી શકું ? કેવા કેવા સુકૃત આચરી શકું ? આ જીવન લક્ષ્યનો વિચાર કરવામાં આવે તો દુઃખમાં દીનતા ઓશિયાળાપણું-નીસાસા શાના થાય ?

### દુઃખમાં દમયંતી કેવા પાપ છોડે છે ?

દુઃખ વખતે પાપો તજવા હોય તો ઓછા છે ? દમયંતીને નળરાજા જંગલમાં એકલી અટુલી સૂતી મૂકીને ચાલ્યો ગયો, સવારે દમયંતી જાગીને જુએ છે તો પતિ





ગુમ છે. સાડીના પાલવ પર નળે લખેલ અક્ષર વાંચ્યા 'તું તારા પિયરનો રસ્તો લેજે' એ પરથી એ સમજી ગઇ કે મને પહેલાં ય પતિ કહેતા હતા કે 'તું મારી સાથે આ કપરી સ્થિતિમાં વનમાં ક્યાં ભટકીશ ? માટે તારા પિયર ચાલી જા' પણ મેં તેમ કરવા ઘસીને ના પાડેલી, તેથી જ મને પિયર મોકલવા આ રસ્તો કાઢ્યો લાગે છે કે પોતે અહીંથી મારી નિદ્રા અવસ્થામાં ચાલી ગયા છે,' ખેર, હવે મારા શીલની રક્ષાર્થે મારે પિયરનો રસ્તો લેવો પડશે, પરંતુ આ પતિ-વિયોગનું કેવું ભારે દુઃખ આવ્યું !

દમયંતીને દુઃખ આવ્યું, પરંતુ એણે દીનતા ન કરી, નીસાસા ન નાખવા માંડ્યા કે 'હાય ! હવે મારે કેમ જીવવું ?' એવા સંતાપ ન આદર્યા એણે તરત ત્યાં પતિ ન મળે ત્યાં સુધીના માટે ચાર પ્રતિજ્ઞા કરી લીધી. શું ?

**દમયંતીને પતિ-વિયોગના દુઃખમાં રોદણાં નહિ પણ પાપ ત્યાગ-**

(૧) રંગીન વસ્ત્ર ન પહેરવાં, (૨) શૃંગાર ન સજવા, (૩) છ વિગઇઓનો ત્યાગ રાખવો. (૪) તળાઇમાં ન સુવું.

શા માટે આ પ્રતિજ્ઞા કરી ? પતિ વિના ગમતું નથી માટે નહિ, પતિના પ્રેમ ખાતર નહિ, પરંતુ પતિના વિયોગમાં શીલની બરાબર રક્ષા રહે એ માટે.

ઉંમરમાં આવેલી કુમારીએ શીલની રક્ષાર્થે આ ખુબ વિચારવા જેવું છે. તો સાધુ સાધ્વીઓએ તો આ કેટલું બધું વિચારવું જોઇએ ?

**શૃંગાર ટાપટીપ, રસકસવાળાં ભોજન, મુલાયમ પથારી, આ બધું શું છે ? શીલ ભંજક પાપો.**

દમયંતીને પતિ-વિયોગનું દુઃખ આવ્યું તો દીનહીન બની હાયવોય કરવા ન બેઠી, વિચારણામાં પાપાચરણ ન ઘાલ્યાં, પણ શીલ સુકૃતની ચિંતા કરી, ને એના માટે પાપત્યાગ અપનાવ્યો.

રંગીન શોભિતા વસ્ત્ર એ કામનો ઉન્માદ જગાડનાર છે, વાસના વિવશકરનાર છે, પતિની ગેરહાજરીમાં એ કુશીલમાં ઘસડનાર પાપ છે, માટે એનો ત્યાગ કર્યો.

એજ રીતે શૃંગાર, મુલાયમ પથારી, અને ષડ્‌રસનાં ભોજન પણ વાસના-વિવશ કરનારા છે, કુશીલમાં તાણનારાં પાપ છે, તેથી એના ત્યાગ કર્યા.

**પિયરમાં વિચારણામાં પતિ વિયોગના શોકનું પાપાચરણ આવે. એના કરતાં ગુફામાં જિનભક્તિ-તત્વચિંતનનાં સુકૃત સારાં -**

દમયંતીને પછી પણ આગળ ચાલતાં કુશીલનો ભેટો થયો, પણ એમાંથી છૂટી પર્વતની ગુફા મળી તો ત્યાં સાત વરસ ઠહેરી ગઇ ! કેમ વારુ ? દુઃખમાં પિયેર જઇ રહેતાં વિચારણામાં શોક-પાપનાં આચરણ આવે, એના કરતાં અહીં એકાતમાં પ્રભુભક્તિ અને તત્વચિંતનનાં સુકૃતની કમાઇ કરતા રહેવાથી શોક ભુલાય, આ હિસાબ પર એણે ત્યાં માટીનું શ્રી શાંતિનાથ ભગવાનનું બિંબ બનાવી ભગવાનની પૂજા ભક્તિ, જાપ ધ્યાન વગેરે કરવાનું રાખ્યું. સાથે શીલની પાકી પવિત્ર ભાવના કરવાનું રાખ્યું.

**દમયંતીના શીલ સમ્યકત્વનો પ્રભાવ -**

ત્યારે એની પ્રભુભક્તિ, શીલ અને સમ્યક્ત્વનો પ્રભાવ કેવો પડ્યો ! એકવાર ત્યાં વરસાદમાં પાણીનું પૂર આવવા જેવું થયું. બાજુમાં તાપસોનો આશ્રમ હતો. તાપસો ડૂબી જવાના ભયે ચિચિયારી કરતા હતા, દમયંતીએ ઊઠીને પૂર આવતા પહેલાં આખા આશ્રમને ફરતી રેખા કરી જાહેર કર્યું કે 'મારું શીલ અને સમ્યક્ત્વ વિશુદ્ધ હોય તો એના પ્રભાવે આ આશ્રમમાં પાણી ન આવો.'

બસ, પાણીના પૂરે આટલી જગ્યા છોડી દીધી અને વરસાદની હેલીએ પણ આ જગાં પર વરસવાનું બંધ રાખ્યું ! તાપસો ચકિત થઇ ગયા, અને દમયંતીને પગે લાગી પૂછે છે 'આ શી રીતે થયું ?'

દમયંતીએ ત્યાં જૈનધર્મનો પ્રભાવ બતાવી જૈનધર્મની ઓળખ કરાવી, તાપસોએ જેથી ધર્મનો સ્વીકાર કર્યો.

દમયંતીની, દુઃખમાં પણ પાપાચરણને બદલે, કેવી સુકૃત કમાઇ !

કેમ વારુ ? માનવજીવનનાં બે લક્ષ્ય પાપત્યાગ અને સુકૃત કમાઇ, એની નજર સામે તરવરતા હતા. માટે દુઃખમાં દીનતાથી પોક મૂકતી ન બેસી રહી. પણ શક્ય પાપના ત્યાગ અને સુકૃતની કમાઇ પર મન કેન્દ્રિત કરેલું એને દુઃખ મામૂલી નહોતાં, પતિને રાજ્યપાટ ગયા એટલે મહેલવાસના તથા બીજા રાજાશાહી સુખ ગયાં, ને જંગલમાં ભટકવાનું આવ્યું ! વધારામાં પતિ છોડી ચાલી ગયા, આ અને ખાનપાન તથા બીજી સગવડ સરખી ન મળવામાં કેટલાં પારાવાર દુઃખ ? પરંતુ એમાં ન દીનતા ન નીસાસા, નહિ કોઇ અફસોસી-ઉદ્વેગ ! એક જ વાત 'પાપ છોડો સુકૃત કમાઓ,'.





દમયંતીનું ધૈર્ય જોવા જેવું છે ! સાત વરસ ગુફામાં રહી, ત્યાં એને પ્રભુ-ભક્તિ અને તત્વચિંતન આવડે છે, પણ દુઃખના રોદણાં-રુદન નહિ. કેમ કે એણે સમજી રાખ્યું છે કે,-

**માનવ જીવનમાંથી સાધી લેવા જેવી ચીજ સુખ નહિ, પણ સુકૃત સદ્‌ગુણ અને શુભ ભાવ છે.**

આ આપણા માટે મહાન આલંબન છે. દમયંતીને આ સ્થિતિમાં રહેલી નજર સામે રાખો, તો આજનાં દુઃખ શી વિસાતમાં લાગે ? જેની તેની આગળ અને એકલા પડ્યા પણ દુઃખનાં રોદણાં શાનાં હોય ?

દમયંતીનું દ્રષ્ટાન્ત મામૂલી સમજતા નહિ. જોજો દમયંતી પતિ નળ મળવાની આશાએ ગુફા છોડી આગળ જાય છે તો નબળી ભેટ નથી થતી, પરંતુ ભારે દુઃખ વેઠતી ક્રમશઃ માસી રાણીને ત્યાં મૂકાઇ જાય છે, તો ત્યાં પણ પોતાની માસીને કલ્પના જ નથી કે દમયંતી અહીં આવે, એટલે એને એક અનાથ નિરાધાર બાઇ તરીકે રાખે છે ! તો એમજ રહે છે. પરંતુ પોતાની ઓળખ નથી આપતી. દુઃખમાં દીનતા હોત તો મોટા ભેંકડા સાથે પોતાની ઓળખ આપી દુઃખનું રોદણું રોવત, દિયરિયા પુષ્કરનાં પ્રપંચ કહેત, પરંતુ ના એણે તો દુઃખમાં સત્ત્વગુણ કેળવી લેવાનું રાખ્યું. કેમ ?

**ગુણોનો સંરક્ષક સત્ત્વગુણ એ મોટો સદ્‌ગુણ દુઃખમાં કમાવા મળે છે.**

સુખનાં લાલચુડા જીવને સુખમાં લહેવાઇ ન જવાનું સત્ત્વ નહિ, સુખમાં તો છકંછકા હોય, એ ભોગવવામાં શું સત્ત્વ કેળવવાનું હોય ? હા, સુખમાંય પુણ્યોદય પર અભિમાન ન કરવું, નિરાંત ન માનવી, બીજાને દબડાવવા નહિ, વગેરે સાચવી પુણ્યોદયથી લહેવાઇ ન જવા માટે સત્ત્વ કેળવી શકાય, પરંતુ સુખના લાલચુડા જીવને એ આવડે નહિ. છતાં દુઃખમાં ધારે તો રોદણું રોવાનું કે દીનતા ન કરવાનું સત્ત્વ કેળવી શકે. આજે એવી શ્રાવિકાઓ ય છે જે પતિની નિર્ધન બની ગયેલી સ્થિતિમાં આવું સત્ત્વ રાખી જરાય રોતડ ન બનતાં પતિને આશ્વાસન આપે છે, કે 'મુંઝાઓ છો શું ? કરમની દશીવીશી ચાલ્યા કરે, મને થોડામાં ઘર ચલાવતાં આવડે છે. ધર્મ આગળ પૈસા કઇ મોટી ચીજ છે ? અહો ભાગ્ય છે, આપણા કે આપણને લાખ રૂપિયાનો જિનેશ્વરભગવાનનો ધર્મ મળ્યો છે, અનંત સુખદાતા ભગવાન મળ્યા છે, ક્રોડોની કિંમતનો નવકાર મહામંત્ર મળ્યો છે, એના પર મસ્ત રહો !'

**ત્યારે સત્ત્વ-સદ્ગુણને શું સમજો છો ?**

**ગુણોનો સંરક્ષક સત્વ ગુણ છે.**

શીલની રક્ષા કરવી છે, પણ સત્વ નહિ હોય, તો આમ શીલભંગ કરવાની ઇચ્છા નહિ છતાં પ્રલોભન કે આપત્તિમાં નિઃસત્ત્વ બની શીલ ગુમાવાશે ! પેલા શ્રેષ્ઠિ પુત્ર નંદે સિંહથી ચવાઇ જતાં પત્ની લક્ષ્મીએ એમજ શીલ ગુમાવી રાજરાણી બની બેઠેલી ને ?

ગુસ્સો નથી કરવો, પરંતુ જરાક પ્રતિકૂળ બનતાં સત્વ નહિ હોવાથી, દિલમાં કચવાટ-ધમધમાટ આવી જશે.

અનીતિ કરવી ગમતી નથી, પરંતુ સારા પૈસાની તંગીમાં સત્ત્વ ન હોવાના કારણે અનીતિ તરફ જીવ ઘસડાય છે.

ભાઇ-ભાઇમાં મૈત્રીભાવ સારો, પરંતુ ભાઇ તરફથી કશું વાંકું બનતાં સત્ત્વનાં અભાવે એની સાથે વિરોધ અંટસ ઊભું કરાય છે.

આ બધે જો સત્ત્વ હોય તો દીનહીન રોતડ ન બનતાં 'છે શું ?' કહીને ઊભા રહેવાય અને શીલ ક્ષમા-નીતિમત્તા મૈત્રીભાવ જાળવી હરખાય. આજે એવાય મોટા ભાઇઓ છે, જે નાના ભાઇની ઉદ્ધતાઇ ઘમંડ છતાં એના પર મૈત્રીભાવ જાળવી રાખે છે. સત્વ કેળવીને વિચારે છે કે 'જીવો કર્માધીન છે. તેથી નાનાને કર્મ નડતા હોય એટલે બિચારાને ઘમંડ આવે એ બનવા જોગ છે. આપણે સ્નેહગુણ ગુમાવવો નહિ. એના વાંકે આપણે વૈરવિરોધથી આપણું હૈયું શા માટે બગાડવું ?' શું ? વિચાર જોઇએ કે,-

**બીજાના વાંકે શું આપણું હૈયું આપણી જાતે જ બગાડવું ?**

સત્ત્વગુણ આ મહત્ત્વનો વિચાર લાવી હૈયાની પવિત્રતા ટકાવી રખાવે છે. બીજાએ કાંઇક આપણું વાકું કર્યું એ આપણને પ્રતિકુળ પડ્યું, હવે આ દુઃખમાં સત્વ હોય તો રોતડ ન બનાય, ઝટ વિચારાય કે 'એ ગમે તે કરે, પરંતુ મારે અસૂયા દ્વેષ વગેરેથી મારું દિલ મારી જાતે જ શા માટે બગાડવું ?'

**સત્ત્વ સમક્તિ પમાડે છે.**

જીવ શુભ ભાવમાં યથાપ્રવૃત્તિકરણ કરી આગળ વધે છે ત્યાં અપૂર્વકરણ કરી સમકિતને રોકનારા રાગદ્વેષની ગ્રન્થિનો ભેદ કરે છે. પણ આ તોજ બને કે જો સત્ત્વ હોય, અને એથી શુભ ભાવને ઢીલો ન પડવા દેતાં વધારે વિકસ્વર કરે. સત્વહીન જીવને યથાપ્રવૃત્તિકરણથી શુભ ભાવમાં આવવા છતાં, સત્વના અભાવે વિષયની





લાલચમાં કે કષાયની આંધીમાં પડી જતાં શુભ ભાવને મોળો પાડી દે છે. સત્વ હોય તો એ લાલચને બાજુએ ફગાવી દે.

એમ સમકિત પામેલા પણ જીવ કોઇક દુઃખ પ્રતિકૂળતા આવી જતાં અસદ્ વિચારમાં ચડી જઇ સમકિત ગુમાવી નાંખે છે. મરીચિને શિષ્યના લોભનો ખોટો વિચાર ઊઠ્યો એમાં શિષ્ય થવા આવેલ કપિલના દુરાગ્રહે 'પોતાની કલ્પિત સંન્યાસી અવસ્થામાં પણ ધર્મ છે' એવી મહોર છાપ મારવાનો અસદ્ વિકલ્પ ઊઠ્યો, એણે સમકિતનો નાશ કર્યો !

આ અસદ્ વિકલ્પ કેમ રોકી શક્યા નહિ ? કહો, સત્વ નહોતું. સત્વ હોત તો મન કહેત, ''શિષ્ય ન થાય તો કોઇ નહિ. પણ અત્યાર સુધી મારાથી બુઝેલાને હું કહેનારો કે 'ધર્મ જોઇએ તો પ્રભુ પાસે જાઓ સાધુ પાસે જાઓ, હું તો પતિત છું. મારી પાસે ધર્મ નથી,' એ કહેનારો હું હવે શું ઊલટું બોલું કે મારી પાસે પણ ધર્મ છે ? છટ્, શિષ્ય ભલે ન થાઓ, એની મને એવી પરવા નથી, પણ હું અસત્ય નહિ બોલું.'' સત્વ હોત તો શિષ્યની લાલચ રોકત, અસત્ય ભાષણ ઉત્સૂત્ર ભાષણ રોકત.

દમયંતીમાં સત્વ હતું, કોઇ લાલચમાં તો તણાતી નહોતી, પરંતુ ભારે દુઃખમાંય મન પર એનો એવો ભાર નહોતો રાખ્યો કે જે એને દીનતા કરાવે ને રોદણાં રોવરાવે, તેમજ કોઇ અકાર્ય કરાવે. મન દુઃખથી ભારે નહિ, પણ ફોરૂં ફૂલ, તેથી જિનભક્તિ અને વિવેક-ગંભીરતાદિ ગુણોમાં ઉજમાલ રહેતી. આ હિસાબ છે.

**જિનભક્તિ અને સદ્ગુણોમાં ઉજમાળ રહેવું છે ? તો દુઃખમાંય મન ભારે નહિ, પણ ફોરૂં ફૂલ રાખો.**

જો સત્ત્વ હણી દુઃખમાં મન ભારે થયું તો પ્રભુભક્તિમાં મન નહિ ચોંટે, અને ક્ષુદ્રતા-ઉકળાટ વગેરે દુર્ગુણો મહાલતા રહેશે.

**દુઃખમાં રોદણાં ન રોવા માટેની વિચારણા -**

એ માટે આ એક ઉપાય કે જીવનનું લક્ષ્ય સુખપ્રાપ્તિ નહિ, દુઃખ-નિવારણ નહિ, પણ સુકૃત-સદ્ગુણ શુભભાવની ભરચક કમાઇ અને પાપનિવારણ બનાવું જોઇએ. એ હોય તો સત્ત્વ કેળવીને દુઃખનું રોદણું ન રોવાય. રોદણું આવે તો આ લક્ષ્ય ઓછું સિદ્ધ થતું હોય એનું આવવું જોઇએ. દા.ત.

(૧) મારા શરીરના રોગને શું રોઉં ? મારા આત્મામાં રાગ દ્વેષાદિ ભરચક રોગ વિકારો ખદબદી રહ્યા છે, એનું મને ભારે દુઃખ છે.'

(૨) 'સંપતિની કમાઇ ઓછી છે એને શું રોઉં ? સદ્ગુણ કમાઇ સરખી થતી નથી, સુકૃત કમાઇ કમી છે, શુભભાવો એટલા ચાલતા નથી એ મોટી આપદા છે !'

(૩) 'પત્ની કે પુત્ર-પુત્રી અનુકૂળ નથી વર્તતા, સ્વભાવના તીખા છે, એને શું રોઉં ? એમની જંજાળમાં આ માનવભવમાં જ સુઆરાધ્ય દેવ-ગુરુ-ધર્મની સેવા સરભરા ચૂંકું છું એ માથે મોટું દુઃખ છે !'

(૪) 'ચીજ વસ્તુની ભયંકર મોંઘવારીને શું રોઉં ?' એ છતાં ખરચા બધા ય નભાવું છું, પણ જિનભક્તિ સાધર્મિકભક્તિ વગેરેમાં ખરચવા દિલ ઉત્સાહિત થતું નથી, એ મોટું દુઃખ છે ! વ્યવહારમાં હજારોના ખરચ હોંશથી કરું છું, કિન્તુ આત્મહિતકર શુભખાતે સેકડો ખરચવા ઉત્સાહ નથી થતો, એ માટે ભારે દુઃખ છે.' રોદણું આવે તો આવું આત્માને લગભગ અહિત થયા કરવાનું જ આવે, હિત ન સધાયાનું આવે. દિલને જો ખરેખર આ ખટકો હોય તો તે દુન્યવી દુઃખનો ખટકો ભુલાવી દે. પરંતુ

**કળિકાળ અને એમાં ય આજનો ભયંકર જડવાદ ઊંધા વેતરણ કરાવે છે !**

દુઃખ સગવડની ઓછપનું ! સુકૃત-સદ્ગુણની ઓછપનું નહિ ! દા.ત. ભાઇ સરખો નથી ચાલતો એનું દુઃખ થાય છે, પરંતુ પોતાના દિલમાં સગા ભાઇ જેવા પ્રત્યે પણ મૈત્રીભાવ સરખો નથી ચાલતો એનું દુઃખ લાગતું નથી, કોઇ લુચ્ચાએ ફસાવ્યા, સેંકડો-હજારો પડાવ્યા, એનું દુઃખ લાગે છે. એની પોક મુકાય છે, પરંતુ એ સેંકડો હજારોથી સુકૃત ન કર્યું એનું દુઃખ લાગતું નથી.

નોકરને કાંક અભિમાનથી ઉતારી પાડ્યો, ને એ સામો થયો, તો અપમાનનું દુઃખ લાગે છે, પરંતુ પોતે અભિમાનમાં ચડીને આત્મામાં એથી પાપકમાઇ અને કષાય-સંસ્કાર દ્રઢ કર્યા એનું દુઃખ લાગતું નથી.

આવાં આવાં ઊંધા વેતરણ જીવનમાં સુમાર વિનાના થાય છે. જમવામાં પારણું કરવામાં અધિક પડતું ખાઇ લીધું, પેટમાં અકળામણ થવા લાગી, ત્યાં અજ્ઞાનતાથી એ રોદણું રોવાય છે કે ફલાણી વસ્તુ બરાબર ન આવી, 'આપણું પુણ્ય કાચું છે, ફલાણાએ ખોટો આગ્રહ કર્યો એટલે આ પીડા ઊભી થઇ,' આવું રોદણું રોવાય છે, પરંતુ પોતે **'સાત્મ્યતો ભોજનમ્'** નો ગુણ ગુમાવ્યો, જીભની ને પેટની લાલસાનું પાપ કર્યું. રસ વિષયનો અને આહારની સંજ્ઞા દૃઢ કરી એનું કશું દુઃખ થતું નથી, રોદણું આવતું નથી, આ ઊંધા વેતરણ છે.





રોગ-પીડા-અપમાન વગેરે દુન્યવી દુઃખમાં ખૂબ સાવધાન રહેવા જેવું છે. એમાં દોષ કોનો ? ને દંડ કોને અપાય છે ? એ જોવા જેવું છે.

**ચિત્તને અસમાધિ-ઉકળાટ-અશાંતિ ઊંધા વેતરણથી જ થાય છે, ખોટી ખતવણીથી જ થાય છે.**

દુઃખ લાગવાનું કાંઇક બન્યું એની પાછળ ખરેખર કારણ પોતાના અશુભનો ઉદય છે, અને વિશેષ કારણ પોતાના રાગ-દ્વેષ છે.

નોકરે કે બીજાએ અપમાન કર્યું તો દુઃખ લાગે છે, એમાં પોતાને માન-સન્માનનો રાગ છે. એ કારણે દુઃખ લાગે છે. જો એ રાગ ન હોત તો શા સારુ, અપમાનમાં દુઃખ લાગે ? મહાત્માઓએ એવા સન્માનના રાગ મૂકી દીધા હોય છે, તો એમને ગોચરીમાં કે બીજે અપમાન થતાં કશું દુઃખ લાગતુ નથી. એ તો ત્યાં દુઃખ લગાડવાને બદલે સામાની દયા ચિંતવે છે,...બિચારો કર્મવશ છે. એની કર્મવશતા જાઓ, અને એને સદ્બુદ્ધિ સદ્ભાવ મળો !'

શ્રી મહાવીર ભગવાને શું કરેલ ? સંગમદેવતા ત્રાસ આપીને જાય છે, એ વખતે હાય ! મને બહુ ત્રાસ આપી ગયો ! એમ ન ચિંતવ્યું, કેમકે સુખાકારિતા પર પ્રભુએ રાગ રાખ્યો નહોતો 'સુખાકારિતા સારી' એવું માન્યું નહોતું, પછી ત્રાસ ખરાબ એવું શાનું લાગે ?

**સુખ સારું લાગે એને દુઃખ ખરાબ લાગે. દુઃખ ખરાબ એવું મનને ન લગાડવા આ ચાવી, કે 'સુખ સારું' એવું ન લગાડવું.**

સુખનો રાગ દુઃખનો દ્વેષ કરાવે છે, અને સુખ માટે રકમબંધ પાપ કરાવે છે, માટેજ દુન્યવી સુખ ભૂંડા.

પ્રભુએ ચારિત્ર લઇ ઘોર કષ્ટ આનંદથી શી રીતે વધાવ્યા ? ભૂંડા સુખનો રાગ મૂકી દીધો હતો.

જીવન જીવતાં આ વિચાર્યા કરવાનું છે કે-

દુનિયાના લક્ષ્મી-લાડી-વાડી-ગાડીનાં સુખ રકમ બંધ પાપો કરાવે છે, કષાયો કરાવે છે, ને એ દ્વારા સંસારમાં ભમાવે છે, માટે એ સુખ ભૂંડા ! શા એના પર રાગ કરવા ? અનંતા કાળ એવા રાગ કરી કરી જીવ ભવમાં ભટકતો રહ્યો.

**'અનંતા જન્મ-મરણની સજા શાના પર ?**

**દૂન્યવી સુખો પર રાગ કર્યો એ ગુનાપર.'**

પ્ર૦-તો રાગ જ ભૂંડોને ? સુખ ભૂંડા કેમ ? ગુનો રાગનો કે વિષય

સુખનો ?

ઉ૦-ગુનો સુખનોય ખરો. દુન્યવી વિષય સુખ છે માટે રાગ થાય છે તેથી રાગ ભૂંડો એમ સુખ પણ ભૂંડું. કુલટા સ્ત્રી લલચાવે ને માણસ ભૂલો પડે તો કુલટા પરના રાગથી ભૂલો પડે છે. ત્યાં માત્ર રાગ ભૂંડો નથી, કુલટાસ્ત્રી પણ ભૂંડી છે, એમ કહેવાય છે. એટલે જ જો એનાથી બચવું હોય તો એને પણ ભૂંડી માનવી પડે છે. એને ભૂંડી મનાય તો જ એનાથી આઘા રહેવાય. એમ દુન્યવી વિષય-સુખો ભૂંડા મનાય તો જ એના પર રાગ કરતાં અટકીએ.

ભગવાને સુખ સુખાકારિતા સારી માની નહોતી એટલે જઇને દુઃખ-કષ્ટ આવ્યાં તો ખરાબ થયું એમ માનવાનું રહે નહિ એટલે પછી દુઃખ આનંદથી વધાવી લે એમાં શી નવાઇ ?

શ્રી મહાવીર પરમાત્માએ તો એથી આગળ વધીને ચાહીને અનાર્ય દેશમાં જઇ ચાહીને કષ્ટ વહોર્યા, કહો કે કષ્ટ આવી પડ્યાં એમ નહિ, પણ જાતે જાણે કષ્ટ ઊભાં કરીએ કષ્ટ વેઠવા માટેજ ચાહીને અનાર્ય દેશમાં ગયા. અનાર્ય દેશમાં જવા પૂર્વે આ વિચારેલું કે 'મારે કર્મ ભારે છે. આર્ય દેશમાં એટલા કષ્ટ નથી આવતા, તેથી અનાર્ય દેશમાં જાઉં તો ભારે કષ્ટ આવે. તેથી ભારે કર્મની નિર્જરા થાય.' શું ?

**ભારે કર્મનો નિકાલ ભારે કષ્ટથી થાય.**

પ્રભુએ આ માન્યું હતું, માટે ભારે કષ્ટ વેઠવા અનાર્ય દેશમાં પધાર્યા ! બોલો ત્યારે, ત્યાં કષ્ટ આવતાં શું વિચાર્યું હશે ? 'હાય ! મારે પાપનો ઉદય છે કે આટલાં બધાં દુઃખ આવે છે !' એવું નહિ વિચારેલું, પરંતુ એમ વિચારતા હશે કે 'હાશ ! આ કષ્ટમાં મારે સારો કર્મ-નિકાલ થઇ રહ્યો છે. કર્મના નિકાલ પર દ્રષ્ટિ હોય પછી કષ્ટમાં દુઃખ શાનું લાગે ? 'હાય' શાનું થાય ? સુખ પર દ્રષ્ટિ હોય છે માટે દુઃખમાં પોક મૂકાય છે. તેથી જ કહો 'સુખનો રાગ ખરાબ, એમ સુખ પણ ખરાબ, કેમ કે જીવ એમાં લહેવાઇ જાય છે !

**કષ્ટમાં પાપનો ઉદય માનતા દીનતા આવે છે, પાપ કર્મનો નિકાલ માનતા આનંદ થાય છે.**

આ જ વિવેક કરવાનો છે કે 'દુઃખ ભોગવતાં એટલાં પાપો ઓછા થયા વિના રહેજ નહિ, તો દ્રષ્ટિ પાપના ઉદય પર શા સારું રાખવી ? પાપ ઓછા થતા જવા પર રાખવી, પાપના નિકાલ પર રાખવી.

મહાપુરૂષો પાપના નિકાલ પર દ્રષ્ટિ રાખીને મહાદુઃખમાં ય સ્વસ્થ રહેતા.





સનત્કુમાર ચક્રવર્તી મુનિએ ૭૦૦ વરસ રોગોનાં દુઃખ ભોગવતાં ભારે સ્વસ્થતા રાખી. કયા બળ પર ? આ માન્યતાનાં બળ પર કે 'સારું છે મારે રોગોની પીડામાં કર્મનો નિકાલ થઇ રહ્યો છે ! પાપોના નિકાલ માટે આ મનુષ્યભવ ઉત્તમ છે કે આમાં સમતા રાખીને કષ્ટ વેઠી લેતાં કર્મનો ભારે નિકાલ થઇ શકે છે. આવી સમતા બીજે મુશ્કેલ છે. એ તો જૈન શાસન સાથેના આવા માનવભવ પામેલાને જ સુલભ છે. એટલે

**ઉત્તમ ભવનું ઉત્તમ કાર્ય પાપનો નિકાલ તે કષ્ટ ભોગવવા દ્વારા પાપનો નિકાલ કાં ન કરી લઉ ?**

આ ભાવના પર જ એ મોટા ચક્રવર્તીએ દેવતાનાં વચનથી રોગોની ખબર પડતાંવેત મોટા ચક્રવર્તીપણાના ઠાઠ-વૈભવ છોડી ચારિત્ર લઇ લીધું ! ને રોગોના કષ્ટ ઉપરાંત ત્યાગ-તપસ્યાનાય કષ્ટ ઊભાં કર્યા.

ચક્રવર્તીને એકદમ સોળ રોગ ફૂટી નીકળ્યાં છતાં છે કોઇ દુઃખનું રોદણું ? એવું રોદણું હોત તો મનને એમ પણ થાત કે 'મને રાજ્યાભિષેક વખતે હીરાનો મુગટ અને હારાનો હાર મોકલી મારું સ્વાગત કરનાર ઇન્દ્ર કેમ અત્યારે ઊંઘે છે ? કેમ એ મારો રોગ મિટાવવાનું કરતો નથી ? કદાચ એને ખ્યાલ ન હોય તો લાવ, આ રૂપ જોવા આવેલા દેવતાને કહું કે જાઓ ઇંદ્રને કહો 'તમે સનત્કુમાર ચક્રવર્તીનો મુગટ હારથી જેમ સત્કાર કર્યો, એમ અત્યારે મારા રોગોનાં નિવારણથી સેવા આપવાનો અવસર આવી લાગ્યો છે.'

સનતકુમાર ચક્રવર્તીને ન કોઇ ઇન્દ્રની આવી અપેક્ષા રહી, કે ન ઇન્દ્રને અધુરા સત્કાર કરનારા તરીકે માનવાનું કર્યું. 'મુગટ-હાર મોકલે ને છતી શક્તિએ રોગ ન નિવારે એ અધૂરો સત્કાર,' એવું ઇન્દ્ર માટે મનમાં લાવ્યા નહિ. કારણ કે મૂળમાં રોગોમાં 'હાય ! પાપનો ઉદય આવ્યો,' એવી અફસોસી નહોતી. એમણે તો એવો હિસાબ માંડ્યો કે-

**રોગો પર તત્ત્વજ્ઞની વિચારણા -**

આ ભયંકર સોળ રોગ સૂચવી રહ્યા છે કે આત્માની અંદરમાં ભારે કર્મનો બિગાડ છે. પણ સારું થયું આ રોગો દ્વારા એનો નિકાલ થઇ જશે. કર્મ વિના રોગ આવે નહિ, ને રોગ આવે એટલે એટલાં કર્મ ભોગવાઇને નાશ પામ્યા વિના રહે નહિ, કર્મ જાય જ. અર્થાત્ રોગ આવ્યા વિના એ કર્મ જાય નહિ, ગુમડા વિના પાકની પીડા થાય નહિ, ને પાકની પીડા વિના ગુમડું મટે નહિ.

**કર્મ એ ગુમડાં છે, ને રોગ એ કર્મગુમડાનો પાક વિપાક છે.**

**પાક વિના ગુમડું મટે નહિ, એમ રોગ વિના કર્મ મિટે નહિ, ખસે નહિ.**

તો આ તો સારૂં થયું રોગો આવ્યાં એટલે કર્મનો નિકાલ ચાલુ થઇ ગયો !

આમ રોગમાં એટલે કે પાપના ઉદયમાં પાપનો નિકાલ માની હાથ કર્યું. પૂછો.

❀ ❀ ❀ ❀ ❀ ❀

પ્ર.-તો ઘરમાં બેસી રોગો સહી લેવા હતા, પણ ઘર સંસાર કેમ છોડ્યો ?

ઉ.- ચક્રવર્તીએ સંસાર એટલા માટે છોડ્યો કે- (૧) સંસાર રાખ્યો એટલે કાયાની માયા-મમતા સહેજે રહે, ને એ માયામાં ભૂલા પડી જવા સંભવ કે 'આ રોગો દ્વારા પાપોનો નિકાલ થાય છે તે તો સારું છે, પરંતુ શરીરે પીડા બહુ, એમ એ વેદનાના આર્તધ્યાનમાં નવાં કર્મ બંધાય. તો આવો વેપલો શા સારુ કરવો કે ચાર છોડતાં બાર બાંધવાનું થાય ? એક બાજુ કર્મ-કચરાની સફાઇ (જાવક), અને બીજી બાજુ કર્મ કચરાની આવક ? આ મૂર્ખાઇ શા સારુ કરવી ? માટે છોડ સંસાર, જેથી સંસારિક બાબતો જ નહિ, એટલે કાયાની માયા કરવાની રહે નહિ.

પ્ર.-ચારિત્રમાં આરાધના પણ કાયાથી કરવાની છે, તો ત્યાંય કાયાની માયા ન રહે ?

ઉ.-રહે, પરંતુ એ આરાધનાની મમતા પૂરતી રહે, એ કાય-મમતાનો ઉદ્દેશ આરાધના.

**મુનિ કાયાને સાચવે તે આરાધનાની મમતાથી સાચવે, કાયાની મમતાથી નહિ.**

**ધર્મની કાયાપરની મમતા મુખ્ય નથી, મુખ્ય છે આરાધનાની મમતા.**

એટલે જ જ્યાં વિશેષ આરાધના દેખાય ત્યાં કાયાને કષ્ટ આપીને પણ આરાધના કરાય છે, અને અંતિમ આરાધનાનો અવસર આવી લાગે તો કાયાની મમતા સર્વથા છોડી દેવાય છે, ને પાદપોપગમન અનશન જેવું ભારે કાયકષ્ટ સહવાનું કરાય છે. ઘરસંસારમાં બીજી બાબતો બગડે છતાં કાયાની મમતા મુકાતી નથી.

આજે કેટલાય માણસો કુટુંબ-ક્લેશ કે ધન-તંગીથી પીડાઇ રહ્યા છે છતાં એમને જો આ કાયાથી આ દુઃખ જોવા પડે છે, તો એ કાયાને મૂકી દેવાની કે અનશનથી-તપથી જર્જરિત કરી દેવાની તૈયારી નથી હોતી. કારણ ? કાયા પર મુખ્ય રાગ છે, મુખ્ય મમતા છે. ત્યારે આરાધના પુરતી કાય-મમતા રાખનાર





મહાત્માઓ આરાધનામાં ખામી દેખતાં તપ-અનશનથી કાયાને સૂકાવી દેતા ! ઘેર ગઇ કાયા !

**બળદેવ મુનિએ ભાવદયા વિચારી**

બળદેવ મુનિએ જોયું કે 'મારાં રૂપને જોઇને કેઇ સ્ત્રીઓ બિચારી પાપ બાંધતી હશે તો 'લાવ હવે આમ નગરોમાં જવાનું જ બંધ કરું જંગલમાં રહીશ, અને ત્યાં ભિક્ષા મળવામાં મુશ્કેલી રહેવાની તે સારું છે, એટલો તપ થશે, ને આ કાયાની માયા ઓછી થશે'. પૂછો

પ્ર.-શું આરાધના માટે કાયાની જરૂર નથી ? અને જરૂર હોય તો કાયાને સાચવવાની નહિ ? તો પછી કેમ મુનિએ તપથી કાયા સુકાઇ જાય એવો રસ્તો લીધો ?

ઉ.-કારણ કે મુનિના દિલમાં સમ્યગ્દર્શનનું અનુકંપા લક્ષણ જળહળતું હતું. એની આરાધનાની મમતા મુખ્ય હતી, હવે જોયું કે મારા રૂપથી સ્ત્રીઓ બિચારી મોહ કરી પાપ બાંધે છે ! એમાં એ પરિણામે દુઃખી થાય. માટે મારે એમને મોહ કરવાનું નિમિત્ત મારી આ કાયાનું દર્શન નહિ આપવું. મારે એ સ્ત્રી-જીવોની દયા કરવી જોઇએ, જીવોની ભાવદયા કરવી એ મહાન આરાધના છે. એ દયાને, મારે ગામનગરોમાં ભમતાં, વાંધો આવે છે, તો ભલે જંગલમાંજ રહેતાં કાયાને વાંધા આવે, પણ દયાની આરાધનાનો વાંધો ન આવવો જોઇએ. દયાની અખંડ જળવાય' આમાં શું મુખ્ય થયું ? કાયાની મમતા નહિ, પણ આરાધનાની લગન.

બળદેવ મુનિનો આ કાયાની મમતા મૂકી આરાધનાની મમતાનો હિસાબ હતો, તેથી એમણે 'મારે ગામ નગરમાં જવું નહિ' એવી પ્રતિજ્ઞા કરી લીધી અને વનમાં રહેવા લાગ્યા ને તપથી કાયાને તપાવવા લાગ્યા. બોલો આમાં કાયાની મમતા ક્યાં હતી ?

**રૂક્મિ ભૂલવા પર રાજકુમાર પોતાની રૂપાળી કાયાનો દોષ દેખે છે.**

'રુક્તિ' સ્ત્રી-રાજા એક બ્રહ્મચારિણી બાઇ, એનાં પવિત્ર દર્શન કરવા પરદેશી રાજકુમાર આવ્યો. એ ય બ્રહ્મચર્યનો ઉપાસક હતો. 'રુક્મિ રાજા છતાં બ્રહ્મચર્ય પાળે છે ? લાવ, એના દર્શનથી પવિત્ર થાઉં તો મારું બ્રહ્મચર્ય વધુ દ્રઢ બને' આ શુભ ભાવનાથી આવ્યો દર્શનાર્થે, પરંતુ જ્યાં રુક્મિની એના પર દ્રષ્ટિ પડી ને રુકમીને રાગ થયો ત્યાં એની દ્રષ્ટિ વિકારી જોઇને આ પરદેશી રાજકુમારના મનને થયું કે 'આ બાઇ મારું રૂપ જોઇ ભૂલી પડી ! તો ધિક્કાર છે મારા રૂપને ને મારી રૂપવાન

કાયાને કે જે આ બ્રહ્મચારી બાઇને ચક્ષુ કુશીલ બનવામાં નિમિત્ત બની ! મારી રૂપવાન કાયાએ એને બિચારીને પાપમાં પાડી ! તો હવે આ રુક્મિને પાપમાં પ્રેરક મારી પાપી કાયાનો નાશ કરી નાંખુ ! પરંતુ એમ અવિધિથી નાશ કરું તો તો, આ માનવ કાયાથી જ સાધ્ય જે સંયમ-ધર્મ છે, એને સાધવાનું રહી જાય. માટે સંયમ લઇ સંલેખના કરી વિધિપૂર્વક અનશન દ્વારા કાયાનો ત્યાગ કરી દઉં' કેટલી બધી ઉચ્ચ વિચારસરણી છે !

**પોતાની ચીજથી બીજો મોહનું પાપ કરે એની દયાળુને દયા આવે ને એ ચીજ પર ઘૃણા થાય.**

પોતાની કાયાથી બીજો મોહિત થાય, મોહનું પાપ કરે, એમાં કાયા નિમિત્ત બન્યાનું માની એના પર ઘૃણા થવી, એ ઉચ્ચ ઉદાર વિચારણા છે. 'શું કરવાની આવી કાયાને ? શું કામ છે એને રાખીને ? બિચારા જીવો એના પર મોહનું પાપ કરી ભવાંતરે એના દુઃખદ વિપાક ભોગવે !' આ વિચારણામાં જીવો પર ભાવ-અનુકંપાનો સ્રોત વહે છે.

અનુકંપાની વિચારણામાં મેઘકુમારે સંસાર ટુંકાવી નાખ્યો ! સંસાર મર્યાદિત કરી નાખ્યો ! જગદગુરુ મહાવીર ભગવાન એને કહે છે.

**एवं खलुं भो मेहा । ताए पाणाणुकंपाए परित्तीकओ ते संसारो ।**

હે મેઘકુમાર ! તું અહીં મુનિઓના પગની રજ માત્રથી વ્યાકુળ થયો, પરંતુ આની પૂર્વનાં હાથીના ભવે દાવાનળથી બચવા કરી રાખેલા વનસ્પતિ વિનાના ભૂમિ-મંડળમાં એકવાર દાવાનળથી બચવા તારી સાથે જંગલના બીજા પ્રાણીઓ આવી ભરાયેલા તને શરીરે ખાજ ઊઠી, તે એક પગ ઊંચો કરી તું ખણી લે છે, એટલામાં ખીચોખીચ ઊભા રહેલ જીવોમાંથી એક સસલું તારા પગઠામની ખાલી પડેલ જગામાં ગોઠવાઇ ગયું. હવે તું ખણીને પગ મૂકવા નીચે જુએ છે, તો સસલું દેખી તને એમ થયું કે 'અરે ! જો પગ મુકુ તો આ બિચારું સસલું છુંદાઇ મરે. માટે પગ ભલે ઉંચો રહે, નીચે નથી. મૂકવો, એમ કરી તેં પગ ઊંચો રાખ્યો ! આ તારી પ્રાણી ઉપરની અનુકંપાએ તેં સંસારને મર્યાદિત કરી નાખ્યો.'

અહીં જોવાનું આ છે કે આમાં માત્ર અહિંસાનો ભાવ નથી, અહિંસાની સાથે જીવપરની દયાનો ભાવ પણ છે. 'મારાથી જીવ ન મરે, હિંસા ન થાય,' એ અહિંસાનો ભાવ છે. 'બિચારા જીવને મારાથી દુઃખ ન પહોંચે બિચારો દુઃખી ન થાઓ, એ દયાનો ભાવ છે.





**અહિંસાના ભાવમાં પોતાનો વિચાર છે. દયાના ભાવમાં સામાનો વિચાર છે.**

'મને હિંસાનું પાપ ન લાગો,' એ અહિંસાભાવમાં પોતાને પાપ ન લાગવાનો વિચાર રહ્યો, 'મારાથી જીવને બિચારાને દુઃખ ન થાઓ,' એમાં સામા જીવનો વિચાર આવ્યો.

ત્યારે જે એમ કહે છે કે 'અહિંસા એ તો ધર્મ છે, પણ દયા એ અધર્મ છે કેમ કે જીવની દયા કરવાથી આપણે એને બચાવ્યો પછી હવે એ જીવ જે પાપ કરે તેમાં આપણી અનુમતિ થાય.' એવું કહેનારા અજ્ઞાન છે. અજ્ઞાનતા આ, કે

પ્ર.-દયામાં બચેલો જીવ પાપ કરે એમાં અનુમતિ થઇ એવું માનનાર અજ્ઞાન શી રીતે ?

ઉ.-એ મિથ્યાત્વ મોહિતને ખબર નથી કે 'અહિંસામાં પોતાને પાપ ન લાગો એવો પોતાના સ્વાર્થનો વિચાર તો આવ્યો, પણ દયા ગુમાવવામાં પર જીવનું દુઃખ દૂર થાઓ એવો પરાર્થનો વિચાર ન રાખ્યો ! એ અધર્મ થયો. 'જય વીયરાય' સૂત્રમાં પ્રભુ આગળ રોજ માગીએ છીએ કે 'ગુરુજણ પૂઆ, પરત્થ કરણં ચ.' 'પ્રભુ ! તમારા પ્રભાવે મને ગુરુજન પૂજા અને પરાર્થકરણ મળો.' આમાં પરાર્થ કરણ શું કામ માગ્યું ? એટલા જ માટે કે એકલા સ્વાર્થ કરણમાં હૃદય ધિટ્ઠુ થઇ જાય. કેમ કે જ્યાં પરાર્થ પરહિતને અવસર છે ત્યાં એની ઉપેક્ષા કરવા જતાં નિષ્ઠુરતા આવવા સંભવ છે. વાત સ્પષ્ટ છે કે કરુણાના સ્થાને કરુણા ન લાવો તો કઠોરતા-નિષ્ઠુરતા આવે, આપણે કાંઇ વીતરાગ નથી કે કરુણા ય નહિ ને કઠોરતા ય નહિ.

**કરુણા એ પ્રશસ્ત રાગ છે. એ ન કરો તો કઠોરતારૂપી અ-પ્રશસ્ત દ્વેષ આવવાનો, મૈત્રી આદિ શા માટે ?**

જ્ઞાનીઓએ મૈત્રી આદિ ચાર પવિત્ર ભાવો કહ્યા છે, સમજપૂર્વક કહ્યા છે. જીવમાં અનંત અનંત કાળથી વૈરભાવ, ઇર્ષ્યાભાવ ક્રૂરકઠોર ભાવ, અને પર દોષ દ્રષ્ટિ, એ ચાર અશુભ ભાવ કહ્યા છે. જે જીવને ભવમાં ભટકતો અને દુઃખમાં રીબાતો જ રાખે છે. એ ટાળવા માટે ચાર શુભ ભાવ છે-મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષાભાવ, એ જીવનમાં જીવતા-જાગતા રાખવાના, તત્ત્વાર્થ મહાશાસ્ત્રમાં કહ્યું-

**'सत्त्व-गुणाधिक-क्लिश्यमाना-ऽविनयेषु !'**

અર્થાત્ -

(૧) સત્ત્વ (જીવ) માત્ર પ્રત્યે મૈત્રીભાવ.

(૨) અધિક ગુણવાળા પ્રત્યે પ્રમોદભાવ.

(૩) પીડાતા રીબાતા પ્રત્યે કરુણાભાવ.

(૪) અવિનીત-અસાધ્ય દોષ-દુષ્ટ પ્રત્યે ઉપેક્ષાભાવ.

આ ચાર મલિન ભાવોમાંનો એક પણ મલિન ભાવ રાખો તો એ ભવ સાગરમાં ડુબાડી દે.

(૧) અગ્નિશર્મા વૈરભાવથી ડુબ્યો.

(૨) કૂળવાલકમુનિ ઇર્ષ્યાભાવથી ડુબ્યો.

(૩) કાલસૌકરિક-સંગમદેવ જેવા અભવીઓ ક્રૂર કઠોર ભાવથી સદા ડુબેલા રહે છે.

(૪) મરુભૂતિ શ્રાવક પરદોષ દ્રષ્ટિથી મરીને હાથી થયો.

એકેક અશુભ ભાવ જીવને દુર્ગતિમાં ઉતારી દે ! એમાં ક્રૂર કઠોરભાવ પણ એજ કામ કરે છે, ને એ કઠોર ભાવ કરુણા ગુમાવવાથી આવે છે.

અભવી જીવમાં સદાને માટે જીવો પ્રત્યે કઠોર ભાવ રમે છે. એ ચારિત્ર પણ લે. અને બાહ્યથી અહિંસા પાળે તો ય એને જીવો પ્રત્યે એના દિલમાં કરુણાભાવ નહિ. અહિંસા તો એટલા માટે પાળે કે એ સમજે છે કે 'હિંસા કરવાથી પાપ લાગે, અને પાપથી દેવતાઇ સુખ ન મળે, દુર્ગતિનાં દુઃખ મળે,' એટલે અહિંસા પાળે છે. બાકી દિલમાં 'આ બિચારા જીવો કર્મથી દુઃખી તો છે જ, એને હું દુઃખ દઉં તો પડ્યા પર પાટુ મારવાની કઠોરતા થાય. એ બિચારા મારાથી દુઃખ ન પામો,' આવો જીવો પ્રત્યે મૃદુભાવ આર્દ્રભાવ-દયાભાવ જ અભવીને ન મળે. અનંતીવાર ચારિત્ર પાળે છતાં એના અંતરમા જીવો પ્રત્યે કોમળભાવ દયાભાવ ન આવે, કેમકે એને ચરમ પુદ્‌ગલ પરાવર્તકાળ આવતો જ નથી. સંસારમાંથી કદી એનો છુટકારો જ નહિ એટલે પછી એના સંસારનો છેલ્લો પુદ્‌ગલ પરાવર્તકાળ શેનો ? ચરમ પુદ્‌ગલ-પરાવર્ત કાળમાં જ દયાભાવ આવે.

એ તો જેના સંસારનો અંત આવવાનો હોય એના સંસાર-કાળમાં અંતિમ પુદ્‌ગલ પરાવર્તકાળ આવે. આ અભવીને સંસારનો અંત જ નહિ એટલે એને અંતિમ (ચરમ) પુદ્‌ગલ પરાવર્ત કાળ નહિ, ચરમાવર્તકાળ જ નહિ.

ત્યારે શાસ્ત્રે કહ્યું કે છેલ્લા પુદ્‌ગલપરાવર્ત કાળમાં આત્માને દુઃખી જીવો





પર હૈયામાં દયાભાવ પ્રગટે 'દુઃષિતેષુ આત્માને દયાત્યંતં પૂછો,

પ્ર. કેમ ચરમાવર્ત કાળમાં જ દુઃખી પર દયા ?

ઉ.-કારણ આ જ, કે ચરમાવર્ત કાળમાં જ જીવ સાથે અનાદિ કાળથી લાગેલો સહજમળ યાને સ્વાભાવિક નિબિડ રાગ-દ્વેષના પરિણામ, ચરમાવર્ત કાળમાં યાને અંતિમ પુદ્‌ગલ પરાવર્ત કાળમાં જ નોંધપાત્ર હ્રાસ પામે છે. સહજમળ-હ્રાસ થાય એટલે દુઃખી જીવ પ્રત્યે દિલમાં દયાનો અંકુર પ્રગટવાને અવકાશ મળે છે. આ સૂચવે છે કે-

**નિબિડ રાગ-દ્વેષ દયાને ન આવવા દે.**

એનું કારણ છે, રાગ દ્વેષ નિબિડ છે, ઘન નક્કર ગાઢ છે, એટલે પોતાના ઇષ્ટ પદાર્થપર રાગ અને અનિષ્ટ પર દ્વેષ ઠસ ભરેલો છે. એના અંધાપામાં એ એકજ વાત જુએ છે કે 'યેન કેન પ્રકારે મારું ઇષ્ટ બનાવી લઉં, સાચવી લઉં, ને અનિષ્ટને હાકી કાઢું પાસે ન આવવા દઉં' આ આંધીમાં સપડાયેલો જીવ દુઃખીનાં દુઃખ શું જુએ ? એનાથી શાનો પીગળે ? શું કામ દુઃખીની દયા ખાય ?

**સ્વાર્થમાંથી માથું ઊંચકે એને જ દયા આવે.**

એ તો ઇષ્ટનો રાગ અને અનિષ્ટનો દ્વેષ ઓછો કરે, ઇષ્ટ પ્રાપ્તિ અને અનિષ્ટ ત્યાગરૂપી સ્વાર્થ સાધવામાં જરા ધીમો પડે, સ્વાર્થમાંથી માથું ઊંચકે, એ જ જીવોનાં દુઃખ પ્રત્યે દ્રષ્ટિ નાખી શકે, દુઃખ પ્રત્યે કરુણાર્દ બને, કહો છો ને કે હૈયો ભૈયો બે ન સચવાય' હૈયો એટલે સ્વાર્થી હૃદય હૃદયમાં નર્યો સ્વાર્થભાવ. ભૈયો એટલે ભાઇ, ભાઇ પ્રત્યે સ્નેહ. પોતાનો નર્યો સ્વાર્થ ભાવ અને ભ્રાતૃ-સ્નેહ ભ્રાતૃકરુણા બેને દિલમાં સાથે જગા ન મળે.

ભાઇ દુઃખી છે, પણ પોતાને જો નર્યો સ્વાર્થ ભાવે છે કે 'હું કેટલો પહોંચું ? હું મારું કુટુંબ સંભાળું મારા કુટુંબને લીલા લહેર કરાવું' આ એકલો સ્વાર્થ ભાવ હોય ત્યાં દુઃખી ભાઇની ને એના કુટુંબની દયા ક્યાંથી આવે ?

**દયા ધર્મને ઉડાવનાર તેરાપંથીની દુર્દશા જુઓ.**

એને ત્યાં જેમ હિંસા એ પાપ, એમ દયા એ પાપ ! કેમકે દયા કરવાથી એ જીવ પછીથી આપણા અન્ન પાણીની દયાથી જીવતો રહી હિંસા કરે એ હિંસામાં આપણી અનુમતિ-સંમતિ થાય. માટે દયા એ પણ પાપ', આવું માનવાવડે તો દુઃખી ભાઇની દયા ન કરવામાં મોટો ધર્મ માને !

પોતાના કુટુંબને અન્ન પાણી વગેરેથી પાળશે પોષશે અને એથી કુટુંબ

હિંસાદિ પાપો કરશે એમાં એને અનુમતિ અધર્મ નહિ લાગે !

એટલે તો પોતાનો છોકરો માંદો પડ્યો તો આ દયામાં પાપ માનનારો એમ નહિ વિચારે કે 'જો આની દવા કરાવું તો આ જીવી જાય ને પછીથી પાપો કરે એમાં મને પાપની અનુમતિનો દોષ લાગે. માટે એ પોતાના કર્મે મરે છે, મારો એમાં કોઇ દોષ નથી, આવું પોતાના છોકરા માટે એને વિચારવાનું હોતું નથી ! માત્ર બીજા જીવ યાવત્ પોતાના જુદા રહેતા ભાઇ માટે જ આવું વિચારવાનું એને આવડે છે ! કેવું કારમું અજ્ઞાન !

આ કહેવાતો ધર્મનો દૂત દીકરાનું દુઃખ જોઇ પીગળી જાય છે, ભાઇ સુદ્ધાં બીજા જીવની પીડા જોઇ એનું દિલ પીગળતું નથી ! 'દયામાં પાપ' એ સૂત્ર પોતાના માનેલા પ્રત્યે નહિ અજમાવવાનું, પણ પારકા ગણેલા પર અજમાવવાનું એને આવડે છે ! સવાલ થાય-

પ્ર. પોતાના કુટુંબની દયાને પણ એ પાપ તો માને જ છે. માટે તો સંસાર-ત્યાગ અને ચારિત્ર-ગ્રહણને ધર્મ કર્તવ્ય ગણે છે. તો એણે દયા એ ધર્મ ક્યાં માન્યો ?

ઉ.-એટલે સંસાર છોડી, દીક્ષા લેવાની, તે આ દયાના પાપથી બચવા માટે ? કે વિષય-વિલાસ અને હિંસાદી-પાપોથી બચવા માટે ?

પ્ર.-એય ખરું ને પેલું ય ખરું.

ઉ.-વાહ ! તો તો પછી સાધુ થયા બાદ પણ સાધુનીય દયા નહિ ખવાય. સાધુ કોઇ નદી ઉતરતાં લપસ્યો, ઊઠી નથી શકતો, પાણીમાં ડૂબી મરે એમ લાગે છે, તો ત્યાં એનીય દયા નહિ કરી શકાય. એને બાવડે પકડી ઉઠાડી નહિ શકાય કેમકે ઉઠાડે ને પછી એ સાધુ જીવતો રહી પ્રમાદ સેવે, કષાય કરે, એ પાપમાં અનુમતિ-સંમતિનો દોષ લાગે ! અગર કહો,

પ્ર.-સાધુ જીવતો રહી પ્રમાદાદિ પાપ કરે એ તો પોતાના કર્મે, પણ ચારિત્ર પાળે એ આ એને બાવડે ઝાલી નદીમાંથી ઊભો કરી બહાર લાવનારના પ્રતાપે, એટલે સાધુની એવી દયા કરે એને એના ચારિત્ર પાલનમાં અનુમતિ લાગે પણ પેલા કર્મજનિત પ્રમાદાદિમાં નહિ, તેથી ત્યાં દયા એ પાપ શાનું ?

ઉ. બસ, એજ રીતે ગૃહસ્થ પણ પોતાના દુઃખી ભાઇ વગેરેની દયા કરે ને પછીથી એ જીવંત રહેલો ભાઇ વગેરે જે થોડી પણ અહિંસા પાળે, માંસાહારાદી ત્યાગનો ધર્મ પાળે, નવકાર ગણે, મારા ભગવાન અરિહંત એવું માને અરે ! છેવટે આપણે એને દુઃખમાંથી છોડાવીએ તેથી એ ચિત્તની સ્વસ્થતા સમાધિ રૂપ ધર્મ





પામે, એમાં જ આપણી અનુમતિ ગણાય. બાકી એ અઢાર પાપ સ્થાનક સેવે એ તો પોતાના મોહનીય કર્મના લીધે. એમાં કાંઇ આપણે જવાબદાર નહિ. જેમ સાધુની દયા કરી બચાવી લેવાય એમાં પછી એ કર્મવશ પ્રમાદ સેવે એમાં આપણને અનુમતિનું પાપ નહિ. એમ જીવની દયા કર્યા પછી એ જીવ કર્મવશ પાપ સેવે એમાં આપણી અનુમતિ નહિ. સાધુ પછી સાધુ ધર્મ પાળે એમાં આપણી અનુમતિ, એમ બચેલો જીવ સમાધિ પામે એમાં આપણી અનુમતિ. આ વિવેક અજ્ઞાનીને દયા ધર્મ ઉડાવનારને નથી આવડતો.

**દયાથી જીવાડેલો જીવ પાપ સેવે એ દયાના લીધે નથી સેવતો પણ પોતાના મોહના લીધે સેવે છે. એટલે જ ન જીવાડીએ ને એ મરે તો ય પરલોકે પોતાના મોહનીય કર્મથી પાપો તો સેવેજ છે.**

ધર્મ કરવો છે તો વિવેક તો કરવો જ જોઇશે.

**વિવેક આ, કે ધર્મનો અંશ ક્યાં ? ને પાપનો અંશ ક્યાં ? એ વિચારવું.**

દયાથી કોઇનું દુઃખ દૂર કરીએ, પછી એ પાપ કરે છે, એમાં આપણે જવાબદાર નથી, પરંતુ એ સમાધિ પામે છે, એનો હિસ્સો આપણા ફાળે આવે છે. એટલે સામા જીવમાં બે અંશ છે, સમાધિ-અનુભવ, અને પાપાચરણ, એમાં પહેલાં અંશમાં આપણે ધર્મ કર્યો. કેમકે એ આપણી દયાથી સમાધિ પામ્યો પરંતુ પાપાચરણમાં આપણો હિસ્સો નહિ, આપણી અનુમતિ નહિ, કેમકે એ પોતાના મોહને લીધે કરે છે. માટે તો અનાર્યદેશમાં ગયેલા મહાવીર પ્રભુ એમની આશાતના કરનાર અનાર્ય લોકોના એ પાપમાં જવાબદાર નહિ.

**મહાવીર પ્રભુ અનાર્યોના પાપમાં કેમ જવાબદાર નહિ ?**

નહિતર, મહાવીર પ્રભુ અનાર્ય દેશમાં વિચર્યા એમને પાપ કરનારા કહેવા પડે ! કેમકે 'પ્રભુ ત્યાં પધાર્યા એટલે જ અનાડી લોકોએ એમને ત્રાસ દેવાની હિંસા કરી, ભગવાન જો ન પધાર્યા હોત તો એ લોકો ક્યાં પ્રભુને રંજાડવાનું દુષ્કૃત કરવાના હતા ?' આમ જો ઉપલક દ્રષ્ટિએ વિચારવા જાય, તો એમ લાગે કે 'મહાવીર પ્રભુએ અનાર્ય દેશમાં જઇને લોકોને દુષ્કૃત કરાવ્યાં એ ખોટું કર્યું,' પરંતુ વિવેકથી વિચારે તો સમજાય કે અનાર્ય લોકોએ પ્રભુની અવગણના આશાતના કરી ત્રાસ આપ્યો એ પોતાની પાપ પરિણતિના હિસાબે કર્યું, પોતાના તીવ્ર મોહનીય કર્મના લીધે કર્યું, પણ પ્રભુએ કાંઇ એમને શિખવાડ્યું નથી કે તમે મારી અવગણના કરો મને ત્રાસ આપો ! અથવા પ્રભુએ એમનું કશું બગાડ્યું નથી, એમના પર કશો

ક્રોધ કર્યો નથી, એમના કશા અપમાન નથી કર્યા, તેથી પેલાઓના હિંસાદી દુષ્કૃતમાં પ્રભુ લેશ પણ જવાબદાર નથી. માટે પ્રભુએ તે દેશમાં જવાનું કર્યું તે જરાય ખોટું કામ નથી કર્યું. ઊલટું, સારું કામ કર્યું છે, કેમકે ત્યાં જવામાં અને અનાડીઓના ત્રાસ અપમાન સહવામાં એજ આશય છે કે આ સહન કરવાથી,

(૧) મારાં ભારે કર્મોનો નિકાલ થાય, તેમ

(૨) કાયકલેશ નામના બાહ્ય તપની આરાધના થાય, ને

(૩) એમાં કાયાનો રાગ ઓછો થતો આવે, તો વીતરાગતાની નિકટ થવાય.

આ ત્રણેય આશય પવિત્ર છે. એ મલિન આશય નથી. માટે હૈયામાં લખી રાખો,-

**ધર્મરૂપે કષ્ટ સહન કરવામાં ૩ શુભાશય.**

**(૧) 'કાયક્લેશ' રૂપી બાહ્ય તપની એટલે કે સંવર-નિર્જરા માર્ગની આરાધના થાય.**

**(૨) આત્મામાંથી અશુભ કર્મનો નિકાલ થાય.**

**(૩) કાયાનો રાગ દબાતાં વીતરાગતા નિકટ થાય.**

તો જેમ મહાવીર પ્રભુએ શુભાશય રાખી અનાર્ય દેશમાં જવાનું કર્યું એ કશું ખોટું કામ નથી કર્યું, એમ જીવની દયા કરનારો દા.ત. પાણીમાં ડૂબતા માણસને બાવડું ઝાલી એને બહાર કાઢવાની દયા કરનારો પણ શુભાશયવાળો છે, તેથી એ દયાનું કામ જરાય ખોટું કામ નથી, પાપ કાર્ય નથી, પણ ધર્મકાર્ય છે. કેમકે એનો આશય પવિત્ર છે.

આશય આ-

'બિચારો ડૂબતો માણસ ગુંગળાઇ મરે, દુઃખી થાય, ઘોર અસમાધિમાં પડે, ને તેથી અધોગતિમાં જાય એને દુર્ગતિની પરંપરા ચાલે માટે લાવ, એને બચાવી લઉં.'

**ડૂબી મરતાને બચાવી લેવામાં એની દુર્ગતિ પરંપરા અટકાવવાનો પવિત્ર આશય છે, એટલે દયાનું કામ એ પાપ કાર્ય નહિ, ધર્મ કાર્ય છે.**

બચેલો માણસ હિંસાદિ પાપો કરશે એમાં જરાય જવાબદાર દયા કરનારો નથી. પાપાચરણ તો એ પોતાની પાપપરિણતિ અને મોહનીય કર્મના લીધે કરે છે.





એટલે તો જો એને ન બચાવ્યો હોત અને એ કમોતે મરી અધોગતિમાં જાત તો ત્યાંય એનાં મોહનીય કર્મ અને પાપ પરિણતિ સાથે જ હોવાના હિસાબે પાપાચરણ તો ચાલુ જ રહેવાના હતા.

આ એના જેવું છે કે કોઇ માણસ સંતના ઉપદેશથી બૂઝી નિયમ માગે કે 'હું આમ તો રોજની પચાસ બીડી પીઉં છું, પણ હવેથી પાંચથી વધારે નહિ પીઉં, અને સંત પુરુષ એને એ નિયમ આપે, તો ત્યાં એમ ન કહેવાય કે 'આ નિયમ લીધા પછી એ માણસ રોજ પાંચ પાંચ બીડી પીવાનો એનું પાપ નિયમ કરાવનારને લાગે, માટે આવો અધૂરો નિયમ આપવો એ ખોટું કામ છે, ના, ખોટું કામ નથી કેમકે નિયમ આપનાર તો પેલો ૪૫ બીડી ત્યાગ કરશે એમાં જવાબદાર છે. ત્યાગમાં જવાબદારી એ સારું કામ છે. વ્યસનીના પાંચ બીડીના ભોગમાં સંત પુરુષ જવાબદાર નથી. એમાં જવાબદાર તો વ્યસનીની એટલી પણ ઊભેલી વિશષયાસક્તિ જ છે. માટે ત્યાગ નિયમ એ તો ધર્મકાર્ય છે, પાપ કાર્ય નહિ.

એમ મુનિ પાંચ વિગઇ ત્યાગનો નિયમ આપે એમાં એ ષડ રસમાંથી પાંચ રસના ત્યાગમાં જવાબદાર છે, પરંતુ નહિ કે હવે એ નિયમ કરનારો બાકીના એક રસને કદાચ વધારે ભોગવશે તો એમાં જવાબદાર દેખીતું દેખાય કે પહેલાં પેલો એક રસ ઓછા પ્રમાણમાં ખાતો હતો, તે હવે પાંચ રસનો ત્યાગ કર્યા પછી એ એક રસ કદાચ વધુ પ્રમાણમાં ખાશે, તો શું પ્રમાણ ખવરાવવાનું પાપ કર્યું ? ના જરાય નહિ, એક રસનું ઓછું પ્રમાણ કે વધુ લે એ તો પોતાની રસ-સંજ્ઞાના પાપના લીધે લે છે, માટે તો ષડરસ ખુલ્લા હતા ત્યારે પણ જરૂર લાગી ને એવી ખણજ ઊઠી ત્યારે એ એક રસ વધુ પ્રમાણમાં લઇજ નાખતો હતો. કહેવાનું તાત્પર્ય,

**રસભોગ કરે છે એ પોતાની રસ-સંજ્ઞાના હિસાબે, અને રસ ત્યાગ કરે છે એ સંત પુરુષની પ્રેરણાના હિસાબે,**

માટે સંતપુરુષ રસ-ત્યાગમાં જવાબદાર છે, રસ ભોગમાં નહિ. તેથી ત્યાગનો નિયમ કરાવવો એ ધર્મકાર્ય છે, પાપકાર્ય નહિ.

બસ, એ રીતે દુઃખની દયા કરનારો માણસ દુઃખીને દુઃખમાં થતી અસમાધિના પાપથી બચાવવામાં જવાબદાર છે, પરંતુ એ દુઃખી દુઃખ ટળ્યા પછી પાપો કરશે એમાં જવાબદાર નહિ. પેલો પાપ કરશે એ તો પોતાના મોહનીય કર્મ અને પાપ પરિણતિના જ હિસાબે કરવાનો. ન બચાવ્યો હોત તો ય મરીને બીજા

ભવમાં જઇ એ કરવાનો જ હતો.

ખરી રીતે એ જોવું જોઇએ કે દયા નહિ કરવાથી એ જીવ અસમાધિમાં વધુ ઘોર કર્મ બાંધી અધમ ભવમાં જાય છે. ત્યાં વધુ પાપાચરણ કરે છે, એનું સમર્થન દયાને પાપ કહી દયા છોડાવનારે કર્યું કે નહિ ? સારાંશ.

**જેમ અહિંસા એ ધર્મ છે એમ દયા એ પણ ધર્મ છે.**

દયાને ઉડાવનારા તો 'હિંસા ય પાપ ને દયા ય પાપ' એવું કહેનારા છે ! એમ કહેનારા એ રાક્ષસથી ભૂંડા છે. રાક્ષસ પોતે દયા કરતો નથી એટલું જ એનું પાપ એને ભારે, પરંતુ એ કાંઇ જગતમાં દયા એ પાપ એવો ઉપદેશ આપવા નીકળી પડતો નથી કે જેથી બીજાઓ દયા ભૂલી નિર્ઘૃણ-કઠોર-નિષ્ઠુર થાય. ત્યારે 'દયા એ પાપ' એવા ઉપદેશ આપનારા બીજાને દયા છોડાવી નિર્ઘૃણ નિર્દય નિષ્ઠુર બનાવી રહ્યા છે. એવા નિષ્ઠુર બનેલાની ભવાંતરે કેવી દુર્ગતિ ! આવું કરાવનાર આ ઉપદેશક બીજા જીવોને દયા ગુમાવરાવનાર બની સ્વયં જાત પૂરતી દયા ગુમાવનારા રાક્ષસને ટપી જાય કે નહિ ! અસ્તુ.

મેઘકુમારના જીવ હાથીએ સસલાની માત્ર અહિંસા પાળી એટલું જ નથી એની દયા પણ ચિંતવી છે, એ વાત જ્ઞાતાધ્યયન આગળમાં કહી ત્યાં પ્રભુએ મેઘકુમારને એ યાદ કરાવતાં 'પાણાણુંક પાએ' શબ્દ વાપર્યો. 'એ પ્રાણીની અનુકંપાથી ' એમ કહ્યું પણ 'એ પ્રાણીની અહિંસાથી' એમ ન કહ્યું. એ પ્રાણીની અહિંસાથી નહિ પણ દયાથી સંસાર મર્યાદિત કર્યાનું કહ્યું, હાથીએ આ દયા ધર્મની આરાધના કરી એમાં પોતાની કાયાની મમતા-માયા બાજુએ મુકી. સાધુ સંયમની આરાધના માટે કાયાને સાચવે છે. પરંતુ ત્યાં કાયાની મમતા નથી આરાધનાની મમતા છે. ગૃહસ્થ કાયાની મમતામાં મરે છે. કાયા એ એક વિષય છે. એના રાગમાં લાતો ખાશે, પણ કાયાને નહિ છોડે. વિષયનો રાગ ભૂંડો-જીવને એ અંધ બનાવે છે. એ સાચું સૂઝવા ન દે. એટલે જ દમિતારિ પોતાનું ચક્ર અનંતવીર્યના હાથમાં જવા છતાં હજી ચક્રને પોતાનું માની રહ્યો છે.

વાત એ હતી કે પ્રતિવાસુદેવ દમિતારિ વિદ્યાધર સમ્રાટ રાજાનું છોડેલું ચક્ર અનંતવીર્યના હાથમાં ગયું, અને હવે અનંતવીર્ય કહે છે-

**દમિતારિ અનંતવીર્યની સામસામે ધમકી -**

'દમિતારિ ! ડાહ્યો થઇને પાછો જા, જીવતો રહે, ને રાજ્ય સુખ ભોગવ નહિતર આ તારા જ ચક્રથી તું કપાઇ મરીશ ! મને તું શું સમજે છે ?'





દમિતારિ કહે 'જવા દે ગુમાન. જેમ કોઇ પારકા પૈસા ઉછીના લાવી પોતાને એ પૈસા પર ગુમાનથી શ્રીમંત તરીકે ઓળખાવે એમ તું મારા ચક્ર પર ચક્ર સ્વામી તરીકેનું ગુમાન કરી રહ્યો છે ! ગુમાન કરવું રહેવા દે, અને મૂકી દે મારી કન્યા, તો જીવતો જવા દઉં. નહિતર તને માર્યા વિના નહિ રહું.'

દમિતારિ પોતાનું ચક્ર અનંતીવર્યના હાથમાં ગયા પછી પણ કેમ આમ કરી રહ્યો છે ? કહો, એ ભ્રમણામાં છે કે 'ચક્ર મારૂં છે, તે અત્યારે ભલે અનંતવીર્ય પાસે રહ્યું, અને એ કદાચ મારા પર છોડે તો ય મારૂં ચક્ર મને શું કરવાનું હતું ? ચક્ર આવતાં જ હાથમાં પકડી લઇશ, આવી ભ્રમણા હેય ત્યાં કેમ ચક્ર હજી પોતાનું હોવાનો દાવો ન રાખે ? દમિતારિની આ ભ્રમણા આ મિથ્યાજ્ઞાન એટલા માટે છે કે એ જોતો નથી કે 'જો ચક્ર સામા પાસે જઇ ઊભું છે ને પાછું આવતું નથી, તો સ્પષ્ટ છે કે ચક્ર પરથી મારો અધિકાર ગયો. ચક્રે માલિક બદલ્યો. એ મારૂં હોત તો દુશ્મન પર છોડેલું પાછું મારી પાસે આવત. પહેલાં એમજ થતું હતું ને ? હવેની ઘડીએ એ કેમ નથી પાછું વળતું ? એ જ સુચવે છે કે ચક્ર પરથી મારી માલિકી ગઇ, ને સામાની માલિકી સ્થપાઇ, આ એને સમજવું નથી, તેથી પોતાની માલિકીની ભ્રમણામાં છે. પૂછો,-

પ્ર૦- ચક્રને ધરાર પાછું ન વળતાં દુશ્મનના હાથમાં રહેલું દેખવા છતાં કેમ દમિતારિને આ ભ્રમણા કે ચક્ર મારૂં છે, મને શું કરવાનું છે ?

ઉ૦-એટલું જ શા માટે પૂછો ? કન્યા કનકશ્રી પણ દુશ્મન પાસે રહી છે, ને બાપ પોતે આટલું હારતો રહ્યો છતાં દીકરી બાપની લાગણીથી પણ બાપની પાસે આવતી નથી. તો ય બાપ દમિતારિ કેમ ભ્રમણામાં છે કે કન્યા મારી છે મારે પક્ષે છે ? કહો-

**આપમતિ દુર્ગુણ એવો છે કે સત્યને ભુલાવે, ભગવાનની ભક્તિ ખરી, પણ ભગવાનનો ઉપદેશ ભૂલાવે -**

માટે તો આપમતિમાં તણાયા ઘણા માણસો સગા સ્નેહી સાથેની સત્ય હકીકત ભૂલી એમની સાથે અંટસ રાખે છે, વૈર વિરોધ રાખે છે. આમ જોઇએ તો પોતે વીતરાગ ભગવાનની ભક્તિ કરતા હશે, પરંતુ આપમતિમાં તણાયા રહી વીતરાગ ભગવાનના ઉપદેશને બાજુ એ મુકશે ! ને સગા ભાઇ બેન કે ઉપકારી સ્નેહી સાથે અબોલા કરશે. અરે ! આપમતિમાં તણાયો જરુર પડયે પોતાની સુશીલ પત્ની પ્રત્યેય દુર્ભાવ-અવગણના તિરસ્કાર કરતો રહેશે.

**અંટસ વિરોધ કેમ થાય છે ?**

કારણ આપમતિમાં માણસ પોતાના મનને બરાબર લાગ્યું એ જ માનવાનો આગ્રહ રાખે છે, પણ સામાની વાત માનવા તૈયાર નથી હોતો અરે ! કેટલીક વાર તો સાંભળવા પણ તૈયાર નહિ. સામાનું સાંભળે તો તો ખ્યાલ પણ આવે કે આ તો જુદી જ વસ્તુ-સ્થિતિ છે, મારી કલ્પના ખોટી છે. કાંઇ પણ ધમધમતા પહેલાં જો આપમતિ બાજુએ મૂકી બીજાનું સાંભળવામાં આવે તો આપમતિની પોતાની ખોટી કલ્પના બાજુએ મૂકીને ખોટું ધમધમવાનું અટકાવી દેવાય, અને આપમતિથી વર્તવા પર ખોટું પરિણામ આવ્યે જે પસ્તાવો રહ્યા કરત તેનાથી બચી જવાય.

રામે સીતાને વનમાં ધકેલી દીધા પછી સીતાને વનમાં છોડી દેવા ગયેલ સેનાપતિએ પાછો આવી જ્યાં સીતાનો સંદેશ સંભળાવ્યો ત્યાં રામને પારાવાર પસ્તાવો થયો. દોડયા સીતાને પાછી લઇ આવવા. વનમાં શોધી પણ સીતા મળ્યા નહિ. શંકા પડી કે 'હાય ! શું ત્યારે સીતાને કોઇ વનચર પશુએ ફાડી ખાધા ?' સંતાપથી રામનું હૈયું શેકાવા લાગ્યું ! આ શાના ઉપર ? આપમતિએ ચાલવા પર. ક્ષણભર એમ લાગે કે

**રામ લોકમતિ નહિ પણ આપમતિ શાથી ?**

પ્ર૦- રામ તો લોકમતિએ ચાલ્યા હતો ને ? આપમતિએ ક્યાં ચાલ્યા હતા ?

ઉ૦- આ ઉપલક દ્રષ્ટિએ જોતાં લાગે, પરંતુ જરા સુંદર ઊતરી વિચારાય તો આપમતિ જણાઇ આવે. જ્યાં સીતા માટેનો લોકોપવાદ સાંભળી એના હિસાબે સીતાને છોડી દેવા માટે લક્ષ્મણને કહ્યું કે ''લોકો આપણી નિંદા કરે છે કે 'પર પુરૂષ રાવણના ઘેર રહી આવેલ સીતાને રામચંદ્રજી જેવા ઘરમાં રાખે છે ? માટે તું સીતાને જંગલમાં છોડી આવ' આમ રામ લક્ષ્મણને જ્યાં કહે છે ત્યાં લક્ષ્મણ કહે છે.

ત્યાં લક્ષ્મણ પૂછે છે,-

'લોક ભલે ગમે તેમ કહે ? ગમે સીતાજીને અસતી માનો છો !'

રામ કહે, 'ના, હું એને મહાપવિત્ર મહાસતી માનું છું.'

ત્યારે લક્ષ્મણ કહે 'તો પછી આવા ઉત્તમ આત્માને ચાર નાદાન લોકોના ખોટા આક્ષેપથી તર છોડાય નહિ. માટે માફ કરજો મારાથી એ નહિ બને,

હવે રામની સામે બે વાત આવી, એક બાજુ લોકનિંદા, અને બીજી બાજુ લક્ષ્મણની સલાહ.





બેમાંથી રામે લોક નિંદાને મન પર લીધી અને બાર બાર વરસ સેવક જેવો થઇને વનવાસમાં સાથે ફરનારા ભાઇ લક્ષ્મણની વાત મન પર ન લીધી ! એ આપમતિ જ કહેવાય લક્ષ્મણ ગમે તે કહે, મને લોકનું માનવું ઠીક લાગે છે, આ બુદ્ધિ કરી, એ આપમતિ જ છે.

શાણા અને સમર્પિત ભાઇ લક્ષ્મણનું કહેવું અવગણીને લોકનાં કહેવા પર મદાર બાંધવાની આપમત્તિ ન હોત તો લક્ષ્મણ તો રામને બહુ પ્રિય હતા, વિશ્વાસપાત્ર હતા, એટલે એનાંય કથન પર વિચારવા બેસત, આ સંબંધમાં લક્ષ્મણ સાથે બાંધ છોડ કરત, ને એમાં એમને સીતાની ઉત્તમતા વિચારવા મળત, પરંતુ અફસોસ !

**આપમતિ સારૂં નીપજવા ન દે. રામે સીતાની શી ઉત્તમતા વિચારવી હતી ?**

(૧) જે સીતાને બાર વરસ મહેલમાં રહેવા અવકાશ હતો કેમકે સાસુ કૌશલ્યા અને પતિ રામ બંનેનો એમને મહેલમાં રાખવાનો આગ્રહ હતો, છતાં એ સીતાએ પોતાના પતિવ્રતા ધર્મથી પોતાની ઇચ્છાથી રામ સાથે કપરો વનવાસ સેવ્યો ! એ એમની મહાન ઉત્તમતા હતી.

(૨) રાવણ સીતાજીને બલાતકારે ઉપાડી ગયો તો એને ત્યાં રામના કુશળ સમાચાર ન મળે ત્યાં સુધી ભોજનનો ત્યાગ રાખેલો ! આ ઉત્તમતા હતી. ઉપરાંત

(૩) રાવણના મહા પ્રલોભનો અને મહાભયને ઠુકરાવી શીલ-સતીત્ત્વ અખંડ જાળવેલું. એ પણ મહા ઉત્તમતા, વળી

(૪) હનુમાનજીએ એમને ખભે બેસાડી રાવણની કેદમાંથી ઉપાડી લઇ જવા તૈયારી બતાવેલી ત્યારે 'પરપુરુષનો મને સ્પર્શ ન ખપે,' એટલી માત્ર શીલ મર્યાદાની વસ્તુ પર કેદના દુઃખમાં પડી રહેલા ! જોતા કે 'મહાદુઃખ તો મહાદુઃખ, પરંતુ શીલમર્યાદા ન ભંગાઓ' કેમ ન ભંગાઓ !

**શીલમર્યાદા એટલે પરલોકમર્યાદા, સદગતિમાં જ ગમન, દુર્ગતિમાં નહિ.**

જ્યાં શીલની મર્યાદા ચૂકવવાનું મન થાય ત્યાં તરત જ વિચારવું જોઇએ કે આથી મારે પરલોકમાં મર્યાદા વિના ગમે ત્યાં ફેંકાવાનું ઊભું થશે.' અસ્તુ.

આવી વિરલ ઉત્તમતાઓ ધરનાર મહાસતી સીતાનો કોઇ જ વાંક-અપરાધ-દોષ નહિ ને ખોટી લોકનિંદાથી એમને ભયંકર દંડી નાખવાનું કેમ કરાય ?

લક્ષ્મણ સાથે બાંધછોડ કરતાં સીતાની આ ઉત્તમતાઓ પર રામનું ધ્યાન જાત, પરંતુ આપમતિમાં તણાયા રામે લક્ષ્મણ અને સીતા બન્નેને અવગણી

લોકનિંદાને વજન આપ્યું. એ રામની આપમતિ નહિ તો બીજું શું ? 'મારે તો ગમે તેટલા પ્રિય અને વફાદાર લક્ષ્મણ અને સીતાને મહત્વ નહિ આપવાનું, મહત્ત્વ લોકોપાદ ટળે એને આપવાનું આ આપમતિ જ છે.

ત્યારે, આપમતિમાં કેટલા સીતા ત્યાગના કાર્ય પર પછીથી એમને કેવો પસ્તાવો કરવાનો અવસર આવ્યો ? સીતાને વનમાં છોડાવ્યા પછી જ્યાં સીતાનો સંદેશો સાંભળ્યો કે 'લોકનિંદાથી મને ભલે છોડી, પણ કાલે ઊઠીને લોક તમારા જૈનધર્મની નિંદા કરે તો તમે જૈનધર્મને છોડતા નહિ, કેમકે મારા ત્યાગમાં મારાં અધમ કર્મ કામ કરી રહ્યા છે, પરંતુ

**જૈનધર્મનો ત્યાગ કરવામાં તમારો અવિવેક, મિથ્યાત્વ અને અસત્ પુરૂષાર્થ કામ કરી જશે અને એથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.'**

**રામનો પસ્તાવો -**

આ સંદેશો સાંભળતાં રામ મૂર્છિત થઇ ગયા પછી એ ભાનમાં આવતાં વિચારે છે,-

'અરે ! આ સીતાની કેટલી બધી ઉચ્ચ કોટિની ઉત્તમતા !'

(૧) હું એની હકાલ પટ્ટી કરું છું, છતાં એમાં એ મારો વાંક ન જોતાં પોતાના કર્મનો વંક જુએ છે !

(૨) આટલા કારમા દુઃખ ઉપર પણ મને કોઇ ઠપકો નહિ, નીસાચા ને રોદણાં નહિ, પરંતુ તત્ત્વચિંતન કરે છે ! ને મહા અપરાધી એવા પણ મારા હિતની ચિંતા કરે છે !

(૩) મારા હિતની ચિંતામાં પણ કેવો સુંદર વિવેક આપે છે કે સીતાનો ત્યાગ એ સીતાન અશુભ કર્મથી, પરંતુ ધર્મનો ત્યાગ એ મારા અવિવેક મિથ્યાદર્શન અને અસત્ પુરુષાર્થથી, જે મોક્ષ અટકાવી ભવમાં ભટકતા કરી દે !

(૪) વળી એ પણ મહત્ત્વની વાત કહેવરાવે છે કે 'લોકનિંદા આપણા ધર્મ અંગે હોય તો એવી નિંદાને તો જરાય નહિ ગણકારવી, ને ધર્મ બરાબર પકડી રાખવાનો.'

રામને હવે પસ્તાવો થાય છે કે 'લોક કરતાં શું, મારા કરતાં ય કેઇ ગુણી ઉત્તમ આવી મહાસતી સીતાનો મેં મારા કરતાં ય કેઇ ગુણી ઉત્તમ આવી મહાસતી સીતાનો મેં મારા જ હાથે ત્યાગ કર્યો ? એને એકલા અટુલાપણે વનના ભયંકર દુઃખમાં મૂકી દીધી ?' રામ તરત ઊઠી મારતે રથે વનમાં સીતાને પાછી લઇ આવવા





દોડયા, પરંતુ ત્યાં સીતા મળી નહિ, ને રામને પારાવાર પસ્તાવો રહ્યો.

**રામને આ પારાવાર પસ્તાવાનો વખત કોણે આપ્યો ?**

**આપમતિએ.**

આપમતિએ પહેલાં લક્ષ્મણનું ન માનતાં, લોકનું માનેલું એ આપમતિએ સીતાના ત્યાગનું ભયંકર દુષ્કૃત કરાવ્યું, તો અત્યારે સીતાને પોતે કરેલા દ્રોહ પર રામને પારાવાર પસ્તાવો થાય છે. આપમતિ ભૂંડી.

એટલા જ માટે મોક્ષનો પહેલો ઉપાય સમ્યગ દર્શન મુક્યો એ શું છે ?

**સમ્યગ્દર્શન એટલે આપમતિ ત્યાગપૂર્વક જિનમતિ-સ્વીકાર.**

જીવ મિથ્યા ધર્મમાં પડ્યો હોય એ શું કરી રહ્યો છે ? સામે સર્વજ્ઞ વીતરાગનો ધર્મ જૈન ધર્મ ઊભો છે, જૈન ધર્મની યુક્તિ-દલીલોના જવાબ પણ પોતાના માનેલા મિથ્યા ધર્મમાં ન મળતા હોય, છતાં મિથ્યા ધર્મની પકડ શ્રદ્ધા નહિ મુકે ! કારણ ? મિથ્યા ધર્મ માટે 'મને આ જ સાચો ધર્મ લાગે છે,' એમ એનું દિલ કહે છે. આ આપમતિ છે. આપમતિ મિથ્યા ધર્મને મુકવા ન દે.

પ્ર૦-મિથ્યા ધર્મમાં પડેલા પણ મધ્યસ્થ દ્રષ્ટિવાળા ય હોય છે ને એને ક્યાં આપમત ત છે ? તો એ કેમ મિથ્યા ધર્મ મુક્તા નથી ?

ઉ૦-વાત સાચી છે કે જગતમાં મધ્યસ્થ પણ હોય છે ને એને આપમતિની પકડ નથી હોતી, છતાં એ સમજે છે કે શાસ્ત્ર ઘણાં મતિ થોડલી' અર્થાત્ જગતમાં શાસ્ત્રો ધર્મો ઘણા છે. એમાંથી 'આ જ શાસ્ત્ર સાચાં ને પેલાં ખોટાં', એવો વિવેક કરવા ને માટે વિશિષ્ટ બુદ્ધિ જોઇએ, ઘણી બુદ્ધિ જોઇએ, પરંતુ મારામાં મતિ થોડી છે, બુદ્ધિ અલ્પ છે, તેથી સત્યતાનો નિર્ણય લઇ શકતો નથી, એ નિર્ણય ન થાય ત્યાં સુધી જે કુળ ધર્મ મળ્યો છે એ ચાલવા દે, આચરવા દે. બાકી બીજા ધર્મોને ખોટા નથી કહેવા.

આવી રીતે મિથ્યા ધર્મને પકડી રહેનારો એ સત્ય ધર્મની નિંદા નથી કરતો, એ મધ્યસ્થ છે.

મધ્યસ્થ એ ગુણિયલ છે, એ સત્ય ધર્મની નજીક છે. એનામાં સત્ય ધર્મનો વિરોધ કરવાનો. ને નિંદા કરવાનો દોષ નથી. એ દોષ આપમતિવાળાને વરેલો છે. મધ્યસ્થમાં એ દોષ નહિ, આપમતિ નહિ, એટલે એને જો કોઇ સાચું સમજાવનાર મળે ને એનામાં વિવેકની બુદ્ધિ જાગી જાય તો મિથ્યાધર્મને ફગાવી દઇ સત્ય ધર્મને પકડતાં વાર નહિ.

આપમતિ નહિ છતાં મિથ્યાધર્મને નહોતો છોડતો એ વિવેકશક્તિના અભાવે. એ શક્તિ કોઇએ જો ખીલવી, તો તરત મિથ્યાધર્મ મૂકી દેતાં વાર નહિ. જુઓ,-

**૧૫૦૩ તાપસો આપમતિ રહિત -**

અષ્ટાપદજી પર પંદરસો ત્રણ તાપસ તપ તપતા હતા, એ મિથ્યાપતિમાં પડેલા હતા, પરંતુ આપમતિવાળા ન હોતા. જાતે સાચું સમજવાની તાકાત ન હોતી, અને કોઇ સમજાવનાર મળ્યું ન હોતું એટલે મિથ્યામતિમાં રહેલા હતા. પરંતુ જ્યાં ગણધર ભગવાન ગૌતમ સ્વામીજી સાચું સમજાવનાર મળ્યા કે તરત જ એમનામાં વિવેક-શક્તિ ખીલી ઊઠી, ને મિથ્યામાર્ગ ફગાવી દઇ સત્ય ધર્મ જૈનધર્મને સ્વીકારી લીધો. આ મધ્યસ્થતાના ગુણને લીધે બન્યું, આપમતિના અભાવે બન્યું.

તાપસો જો આપમતિ હોત તો તો ગૌતમ મહારાજે ગમે તેટલું સમજાવવા છતાં એમજ માનત કે 'આ ગમે તે કહે પણ અમને અમારો ધર્મ જ સાચો લાગે છે,' ને એમ એ મિથ્યામાર્ગ છોડત નહિ.

**તત્ત્વપ્રાપ્તિમાં તત્ત્વપક્ષપાત અને તત્ત્વ ન મળવા સુધીમાં મધ્યસ્થતા એ મહાન ગુણ છે, આપમતિ એ મહા દોષ છે.**

**જમાલિ આપમતિ -**

આપમતિમાં ચડેલા મહા વૈરાગી પણ જમાલિ મુનિએ ગૌતમ મહારાજ વગેરે ઘણા મુનિઓ સમજાવનાર મળ્યા છતાં પોતે પકડેલી કુમાન્યતા ન છોડી. ઊલટું આપમતિમાં સર્વજ્ઞ ભગવાન મહાવીર પ્રભુને ભૂલેલા માન્યા ! 'મને ચોકખું દેખાય છે ને કે કાર્ય શરૂ કર્યું ત્યાં પૂરૂં થયું નથી ત્યાં સુધી કર્યું થયું નથી. તો કાર્ય થયું એમ કેમ કહેવાય ? જ્યારે ભગવાન કહે છે થયું એમ કહેવાય. બસ, ભગવાન ભૂલ્યાં.' આ એની આપમતિ હતી. આપમતિના મહાન દોષે એ નિન્હવ થયો, સર્વજ્ઞની સર્વજ્ઞતાનો અપલાપ કરનારો થયો ઇન્કાર કરનારો બન્યો. ૧૫૦૩ તાપસો આપમતિ વિનાના. તો ગૌતમ મહારાજ મળતાં કેવળજ્ઞાન સુધી પહોંચ્યા.

**મેઘકુમારે આપમતિ મૂકી -**

મેઘકુમાર મુનિ આપમતિની પકડવાળા નહોતા એટલે ભલે રાતના પોતાના સંથારામાં મુનિઓના પગની રજ પડવા માંડી તે ખૂંચી તેથી ઘેર જવાના નિર્ણયવાળા બન્યા પરંતુ રાતો રાત ઘર ભેગા ન થઇ ગયા પણ પ્રભાતે સમજાવ્યા કે,

પૂર્વના હાથી જેવા અજ્ઞાન પશુના અવતારે સમલાની દયા ખાતર તે અઢી





દિવસ પગ ઊંચો રાખ્યો ! ને સખ્ત ભૂખ તરસની વેદના સાથે મરવાનુ આવ્યું તો ય અસમાધિ દુર્ધ્યાન ન કર્યું, તો અહીં માનવભવે તો પવિત્ર મુનિઓની પગ રજ મળે છે ! ને એ જરા શરીરને ખુચી તો એમાં પેલા જેવી કઇ મોટી વેદના છે, તે દુર્ધ્યાન અને અનંત કલ્યાણકર સંયમથી પતનનો વિચાર કરવાનો હોય ? પશુના ભવે ભયંકર વેદનામાં ય દુર્ધ્યાન નહિ, ને ઊંચા માનવભવે સહેજ કષ્ટમાં દુર્ધ્યાન ?

**ઊંચા મનનો આ ઉપયોગ ?**

પેલામાં સસલાની દયા ખાતર ભયંકર સહ્યું એનું ભવપરંપરા પર છીણી પડી ! તો અહી મુનિઓની ભક્તિ ખાતર સહેજ સહવાનું ન બને ? એ બનાવે એનું ફળ કેટલું બધું ઊચું ?'

પ્રભુના આ ઉપદેશ પર મેઘકુમાર મુનિ સ્થિર થઇ ગયા. કેમ ? આપમતિની પકડ નહોતી, એટલે મનમાં એવું ન લાવ્યા કે 'પ્રભુ તો કહે, પણ મારે મારૂં જોવું જોઇએ ને ? હાથી પણામાં તો શરીર કઠણ ખડતલ તે સહન થઇ શકે. અહીં તો મારે સુંવળું ફુલ જેવું શરીર એમાં આ આખી રાત રજ કેમ સહન થાય ?' આવા કોઇ આપમતિ ના લોચા ન વાળ્યા.

અગ્નિશર્મા તાપસ સારો હતો ત્યાં સુધી તો એના બબ્બે માસ ખમણના પારણાં ચુકાવનાર રાજા ગુણસેન પ્રત્યે ક્ષમાશીલ રહ્યો પરંતુ ત્રીજું પારણું ચુકાતાં જ્યાં બગડયો, આપમતિમાં ચડ્યો, તો એનું પતન થયું. એણે આપમતિમાં આ વિચાર્યું -

'મને લાગે છે કે આ ગુણસેન બાળકાળથી મારો વૈરી, તે હજી સુધી એણે વૈર મુક્યું નથી એટલે, મારી હજી પણ ઠેકડી કરે છે ? પારણાનાં નોંતરાનો ઢોંગ કરી મશ્કરીથી મારૂં પારણું ચૂકાવે છે ? પોતે રાજા લ્હાવ લશ્કરવાળો, ને હુ તાપસ સાધુ એટલે અનાથ, ન ધણિયાનો, માટે મારી મશ્કરી ઉડાવવાની ? પણ એને ખબર નથી મારા તપની તાકાત બતાવી દઇશ. આ તપના પ્રભાવે હું એને ભવોભવ મારનારો થાઉં.'

આ બધું 'મને લાગે છે' એ આપમતિના વિચાર છે. એ હવે છુટે નહિ. એના ગુરૂએ અને બીજાઓએ એને કેટલું ય સમજાવ્યો કે આપણે તાપસ એટલે આપણાથી રાજાની નિંદા થાય નહિ. રાજા પર દ્વેષ કરાય નહિ, પરંતુ માનવું છે કોને ? તમે બધા ગમે તે કહો, પણ મને એ ચોકખો દુશ્મનનું કાર્ય કરનારો દેખાય છે. તો તમારૂં કહ્યું શી રીતે માનું ? 'એમ આપમતિમાં ફસાયેલા એણે મોટા ગુરુ

અને બીજા તાપસોની મતિ લીધી નહિ, ને રાજાનો ભવોભવનો વૈરી બની અનંત સંસારી થયો ! આપમતિ ભૂંડી.

**ગૌતમ સ્વામીનો આનંદને મિચ્છામિ દુક્કડં -**

મોટા ગૌતમ મહારાજ આનંદ શ્રાવકને એમ કહીને આવ્યા કે 'ગૃહસ્થાને આટલું મોટું અવધિજ્ઞાન ન થાય, પરંતુ જ્યાં પ્રભુ પાસે આવ્યા ને પ્રભુએ કહ્યું 'ગૌતમ ! તમે ભૂલ્યા, ગૃહસ્થાને પણ એવડું મોટું અવધિજ્ઞાન થાય,' ત્યાં ગૌતમ સ્વામી આપમતિવાળા નહોતા એટલે તરત પ્રભુનું વચન સ્વીકારી લઇ આનંદ પાસે જઇને વાત કરી એમણે 'મિચ્છામિ દુક્કડં' કર્યું.

'અવધિજ્ઞાની આણંદ શ્રાવકને દીયેરે, મિચ્છામિ દુક્કડં ગોયમસ્વામ રે, પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયા રે,

જીવનમાં તપાસજો, આપમતિ ક્યાં ક્યાં લડાવી, અને એમાં કેટલેય ઠેકાણે માર ખાધા ? ને પસ્તાવા થયા ? છતાં હજી આપમતિના ધોરણે અવળા રસ્તા ચાલુ છે ને ?

જ્ઞાનીઓ કહે છે '૮-૧૫ દહાડે અષ્ટમી ચતુદર્શીનો એક ઉપવાસ કર, એમાં કાંઇ દુબળો નહિ પડી જાય,' પરંતુ આપમતિએ શું લાગે છે ? આ જ કે 'હાય ! એક દિવસ ન ખાઉં તો એટલું લોહી ન બને, પોષણ ન મળે, એટલે નબળાઇ આવી જાય,

ભગવાન ઉનોદરી રાખવાનું કહે છે, પરંતુ આપમતિએ એમ લાગે છે કે 'એમ ૨-૪ કોળિયા ઓછા ખાઉ તો એટલું લોકી ઓછું બને, એટલી શક્તિ મળવાનું ગુમાવવાનું થાય.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

**ખાવાનું છોડ્યું કે લોહી ઓછું બને આ આપમતિનું ગણિત છે. હોજરીને આરામ આપવા ખાવાનું છોડાય, તે પછીથી ખાવાનું કરાય તો એ ખાધાથી લોહી વધુ બને, એ શરીર-શાસ્ત્રનું ગણિત છે.**

જેમ આઠ દહાડે એક દિવસ આરામ કરવાથી શરીર સશક્ત બને છે, તેથી પછીથી કામ વધુ સ્ફુર્તિથી થાય છે, એમ આઠ દિવસે એક ઉપવાસ કરવાથી હોજરીને આરામ મળે છે, તેથી પછીથી હોજરી વધુ શસક્ત બનવાથી સારા પાચક રસો ઊભા થાય છે, પછી હોજરી વધુ સ્ફુર્તિવાળા બની વધુ લોહી બનાવે એમાં નવાઇ





નથી.

પરંતુ આપમતિ બાજુએ મુકાય તો આ સમજમાં ઉતરે ને ?

**તપમાં ચોરીની આપમતિ -**

આ તો શરીર-શાસ્ત્રની દ્રષ્ટિની વાત થઇ, બાકી આત્મશાસ્ત્રની દ્રષ્ટિએ પણ ઉપવાસનો મહાન લાભ છે જ. 'આઠ દિવસે એક ઉપવાસ કરવાથી આત્મ-બળ આત્મ-સત્વ વધે છે.' પરંતુ તપમાં ચોરીની આપમતિએ સૂઝવા ન દે. સત્ત્વની કિંમત ન જોવા દે. ત્યાં સત્ત્વ શું ? આ, કે જે જાલિમ આહાર-સંજ્ઞા મહિનાના ત્રીસો ત્રીસ દિવસ ખા-ખા કરાવતી હતી, તે આહાર સંજ્ઞાને આઠ દહાડે એક ઉપવાસ કરીને દબાવી. સત્ત્વ ખીલે તો જ આ દબે. નિઃસત્ત્વ જીવોથી આ થાય નહિ. એમને તો આહાર સંજ્ઞાની ગુલામીમાં 'હાય બાપ ? ભૂખ્યા કેમ રહેવાય ?' એવું થાય ત્યારે તમને ખબર નથી કે,-

**તપથી ભૂખ્યા રહેવાનું સત્ત્વ નહિ ખીલવ્યું, તો અંતકાળે પણ આહાર-સંજ્ઞા મારશે ! પછી કઇ ગતિ ?**

શું ભૂખ્યા રહી શકતા નથી ? દુન્વવી સ્વાર્થ દેખાય ત્યાં તો ખાસું ભૂખ્યા રહેતાં આવડે છે. તો અહીં સત્ત્વ ખીલવવાના આત્મિક સ્વાર્થમાં કેમ એ નથી આવડતું, કે નથી પાલવતું ? કહો, આપમતિ ભૂલાવે છે. નહિતર આજેય કેટલાય ભાગ્યશાળી તપસ્યા કરતા દેખાય છે, ને કશા એવા દૂબળા નથી પડ્યા, આ જોઇને ય તપની ઉર્મિ ન જાગે ? પરંતુ આપમતિ મનાવે છે કે 'એમને પુણ્યનો ઉદય' તે એમને તપ કરવા છતાં શરીર ચાલે. આપણે એવા પુણ્યોદયવાળા નહિ એટલે તપસ્યા કરવા જતાં આઘા જઇને પાછા પડવાનું થાય. પુણ્યના અભાવે આપણા શરીરનું તપનું ગજુ નહિ'. કેવી આપમતિ છે ?

**જિન ભક્તિમાં ચોરીની આપમતિ -**

કોઇની ચડવણીએ ચડવું એમાં આમ તો દેખાય કે બીજાની મતિએ કામ કરી રહ્યા છે, પરંતુ એમાં ય આપમતિ જ કામ કરી રહી હોય છે, કેમકે કોઇ ચડાવે છે એની સામે હિતૈષી એને ચેતાવે છે કે 'આની સંગતિ સારી નથી, એના મીઠા બોલમાં ભરમાઇ જવા જેવું નથી,' છતાં હિતૈષીની સલાહ અવગણી પેલા ચડવણી કરનારનું કહ્યું માની લેવાય છે ! એ પોતાની આપમતિના હિસાબે. એને એમ લાગે છે કે 'મને આનું કહ્યું બરાબર લાગે છે. પેલા વડિલ કે સ્નેહી કહે છે એ ઠીક નથી

લાગતું.' આમાં 'મને લાગે છે' આવ્યું એ આપમતિ છે.

દા.ત. પત્ની માતાની વિરુદ્ધ ગમે તેવી વાતો કરે, અને એનો પતિ એ માની લઇ માતાને ઠપકો આપવા જાય, ત્યાં માતા ખુલાસો કરે ને સાથે કહે 'તારે એકલું એનું કહ્યું માની લેવા જેવું નથી,' પરંતુ એ છોકરાને ગળે ઊતરે નહિ, ને પત્નીને જ સત્યવાદી હરિશ્ચંદ્ર માની લે ! એ એની આપમતિ છે.

આજે આ આપમતિમાં કેટલાય ઘેર સાસુ-વહુના ઝગડા, પુત્રનું જુઆરું, પુત્રનો માતા પિતા પર અભાવ-દુર્ભાવ ચાલી રહેલ છે ને ? માતા-પિતા હિતેચ્છુ છે, દિલનો પ્રેમ રાખનારા છે, છતાં એમનું કહ્યું ન માનતાં આજકાલની આવેલી અને કામરાગમાં સળગતીનું માની લેવાય છે ! એજ દીકરાની આપમતિના હિસાબે. આપમતિ ન હોય તો તો જુએ કે હિતૈષી કોણ છે, મા કે પત્ની ? પત્નીને તો મારી પાસેથી ઘણો બધો પોતાનો સ્વાર્થ પૂરવો છે, માતાને અપેક્ષા હોય તો પોતાના ભરણ-પોષણની. એટલે

**બહુ સ્વાર્થ ભરેલી પત્ની અલ્પ સ્વાર્થવાળી માતા જેવી હિતૈષી શાની હોય ?**

**ભરચક સ્વાર્થ ભરેલા માણસો એવા હિતૈષી ન બની શકે.**

ઘરાક પાસેથી ભરચક કમાતા રહેવાના સ્વાર્થવાળો વેપારી ઘરાકનો હિતૈષી હોય ?

શ્રીમંત દરદી પાસેથી સ્ટેન્ડીંગ આવકની સ્વાર્થ બુદ્ધિવાળો ડાકટર એનો હિતૈષી બની શકે ?

આજે એવા શ્રીમંત દરદી વરસોથી ડૉકટરના પનારે પડ્યા શરીર ખુવાર કરી રહ્યા છે પાછા માને છે કે 'આ ડૉકટરની સલાહે મારું શરીર નભી રહ્યું છે' આ એની આપમતિ છે. એટલે જ બીજા હિતૈષીની અવગણના કરી એને ડૉકટરનો પલ્લો છોડવાની તૈયારી નથી હોતી.

આશ્ચર્ય છે-દુનિયાના ડૉકટરની સલાહ માન્યા, પણ ધર્મના ડૉક્ટર જિનેશ્વર ભગવાનની ત્યાગ-તપ-સંયમ વગેરેની સલાહ માન્ય નહિ ! આમાં ય આપમતિ કામ કરી રહી છે.

આપમતિમાં એને વધી જાય, દૂબળો પડી જાઉં.' પણ એને ખબર નથી કે





સામાન્ય રીતે 'સર્વે રોગાઃ અજીર્ણ-પ્રભવાઃ' બધા રોગો ખોરાક બરાબર નહિ પચવામાંથી ઊઠે છે. એટલે જ હોજરીની તાકાત નહોતી એટલું દૂધ પીધું, તો શું એ શરીરને શક્તિ આપે ? ના, એ દૂધ બરાબર નહિ પચવાથી એમાંથી રસ-રુધિર બનવાને બદલે ખળ મળ ઊભા થાય છે, એ શરીરની અંદર એક યા બીજા પ્રકારનો દોષ ઊભો કરે. આમ રોજ દૂધ ચડાવ્યે જાય ને વાત-પિત્ત કફના દોષ વધારતો જશે, જે પછી વધી જતાં કોઇ મહારોગ સ્વરૂપે બની જશે 'અધિકસ્ય અધિક ફલં' સૂત્ર અહીં લાગુ ન થાય. પણ આપમતિ એ સૂત્ર લાગુ કરાવે છે.

પોતાનું બહુ ઉપયોગી પણ શરીર કોણ બગાડી રહ્યું છે ? પોતાની અક્કલે ચાલી આયુર્વેદ કે ધર્મશાસ્ત્રની સલાહ ન માનવી એ આપમતિ. શરીર બગાડી રહ્યું છે.

**જીવનમાં આવી આવી કેટલીય આપમતિ જીવનને ઊંચા માનવ-ભવને બગાડી રહી છે.**

**આપમતિ અંધાપો છે. સાચું દેખવા ન દે.**

**દમિતારિની આપમતિનો અંધાપો -**

પેલો દમિતારિ આપમતિમાં અંધ બન્યો છે, તે જોતો નથી કે 'હવે જ્યારે મેં છોડેલું ચક્ર અનંતવીર્યનું ગળું છેદ્યા વિના એના હાથમાં જઇ ઊભું છે ને પાછું ફરતું નથી, તો એ ચક્ર હવે મારૂં નહિ' આ એને સૂઝતું નથી, આપમતિમાં હજી ચક્રને પોતાનું માની રહ્યો છે ! ને ખોટા વિશ્વાસે બેઠો છે કે 'ચક્ર કદાચ એ છોડે તો ય મને શું કરવાનું હતું ? હું એને હાથમાં પકડી લઇશ.' આમ માનવું એ એની આંધળી આપમતિ છે. આપમતિમાં તણાવો એ અનંતવીર્યને કહે છે,-

'ભાડુતી નાણા પર શ્રીમંત કહેવડાવનારની જેમ મારા ચક્ર પરંતુ જાતને ચક્રધર માની રહ્યો છે, પણ તારી મને દયા આવે છે. લડાઇમાં મર નહિ, મારી કન્યા આપી દે, ને જીવતો ચાલ્યો જા !'

**અનંતવીર્યનો જડબાતોડ જવાબ -**

**આપમતિ ને અહંકાર ખરા શત્રુઃ-**

અનંતવીર્ય કહે છે 'મારી દયા શું ખાય ? આટ આટલી હાર ખાવા છતાં હજી તું હઠવાદે ચડયો છે, તો હવે કન્યા પાછી દેવાની શી વાત ? કન્યા સાથે તારા પ્રાણ પણ લેતો જઇશ. હવે આ ચક્ર છોડું છું હજી બચવાની તક જોઇતી હોય તો

ચક્ર ન છોડું, તું ચાલ્યો જા.'

આપમતિ ને મદમાં ચડેલો દમિતારિ એમ શાનો નમતું જોખે ? તો ફળ શું આવવાનું ? સર્વ વિનાશ કે બીજું કાંઇ ?

માણસને આપમતિ ને અહંકાર જ ખરેખરા દુશ્મન છે, જે એનો વિનાશ સરજે છે.

બહારના દુશ્મન હજી દયા કરે, હજી પાછા પડે, યા પુણ્યોદયે હજી એના પ્રહારમાંથી બચી જવાય, પરંતુ આપમતિ ને અહંકાર દયા કરે નહિ, એના ઘામાંથી બચી ન શકાય.

**જીવ અનંત કાળથી સંસારમાં ભટકે છે એ બહારના દુશ્મનના કારણે નહિ, કિન્તુ આ આપમતિ અહંકાર વગેરે આંતર દુશ્મનના લીધે જ.**

ભરત ચક્રવર્તી સામે લડવા તૈયાર થયેલા ૯૮ ભાઇને ઋષભદેવ ભગવાને આ જ કહ્યું.

''બહારનાને શું દુશ્મન દેખો છો ? અંદરના ખરા દુશ્મનને દેખો.

**આ ઉચ્ચ કોટિનો માનવભવ આંતર દુશ્મનોનો સર્વ સંહાર કરવા માટે એક માત્ર ભવ છે.**

એમાં એ આંતર શત્રુ નાશ કર્યા વિના જીવન જીવશો તો ભવ એળે જશે. બહાર નાની દુશ્મનાવટ રાખી, એ અંદરવાળા શત્રુને પુષ્ટ કરશે, તગડા બનાવશે, ને તેથી આ ભવમાંથી અનેક દુર્ગતિના ભવ સમજાશે ! માટે કામ આ કરો ભરતે તમને વિચારવા તક આપી છે, વિચારવા, નિમિત્ત આપ્યું છે, તો અંદરના એની સાથે લડી લો. આપમતિ ને અહંકાર એ તમારા દુશ્મનો સામે જુઓ, અને જ આંતરિક દુશ્મન છે. ભરતના નિમિત્તે શા સારૂ એને પોષવા ? ને ભવ ભારે કરવો ?'

**૯૮ ભાઇઓનો વિવેક -**

અઠ્ઠાણું ભાઇઓ પિતા ઋષદેવ ભગવાનની આ તત્વવાણી પર બુઝી ગયા, પરંતુ એમ ન વિચાર્યું કે 'પ્રભુ તો વીતરાગ એટલે આમ જ કહે, પણ અમારે અમારૂં જોવું જોઇએ ને ? અમારે દુનિયાની વચ્ચે ઊભા રહેવું છે, એટલે આવા દુશ્મન સાથે અતિ ભલા ન થવાય' એવો વિચાર અઠ્ઠાણું પુત્રો મનમાં ન લાવ્યા. કારણ ? એ સમજી ગયા કે આપણે તુચ્છ વિચાર ગમે તેવો કરીએ, ને લડીને ભાઇને કદાચ





જીતી પણ જઇએ, ને સામો પડાવવા આવ્યો હતો એનું જ કદાચ પડાવી ય લઇએ, પરંતુ

**એ જીતનો યશ અને પડાવેલો માલ થોડા જ અમર રહેવાના છે ?**

એ તો એક દિ' ચાલ્યા જવાના, પણ એની ખાતર અંતરમાં જે રાગ-દ્વેષ વગેરે આંતર શત્રુઓને મહેકાવ્યા, મજબુત કર્યા, એ અમર જેવા બની ભવાંતરે સાથે ચાલીને જીવને મહા પાપિષ્ઠ બનાવશે ! ને અહીં આમ એને ઢીલા કરી મોક્ષને નિકટ કરવાની ને ભવને ટુંકાવવાની જે સોનેરી તક હતી, તે એળે જશે ! ઉપરથી એ આંતર શત્રુ મજબુત બની જતાં મોક્ષ દૂર બની જશે, ભવના ફેરા વધી જશે.'

આ વિચાર જો પળે પળ ચાલુ હોય તો આંતર શત્રુઓને જીતવાની દબાવવાની આ જનમમાં આવતી કેટલીય તક ઝડપી લેવાય, અને સફળ કરાય. આટલું ધ્યાનમાં રાખી લેજો.

**જીવનના સારા નરસા દરેક પ્રસંગમાં આંતર શત્રુને દબાવવાની સોનેરી તક છે, અને આંતર શત્રુને દબાવે એ મોક્ષની નિકટ, ને થાબડે એ મોક્ષથી દૂર.**

**કષાયોમાં કેવી કેવી ખરાબી ?**

'ભલે અમે મોક્ષથી દૂર ફેંકાઇએ. પણ અમારે આંતર શત્રુ કામ-ક્રોધ-લોભ, આપમતિ-અહંકાર...વગેરે વિના નહિ ચાલે, એ તો અમારે કરવા જોઇશે જ આવો હઠાગ્રહ તો નથી રાખ્યો ને ? હઠાગ્રહ રાખ્યો હોય ને એ કામ ક્રોધાદી નિઃસંકોચ અને ફાવે એટલા પ્રમાણથી કરાતા હોય તો તો તમને કહેવા જેવું શું રહે છે ? પરંતુ એટલું જો જો કે એથી પરલોકના નુકસાનની વાત તો પછી, પણ

કષાયોથી વર્તમાન જીવનમા શાન્તિ મળે છે ?

એ ક્રોધાદીથી ક્યારે ય નુકશાનનો અનુભવ નથી થતા ?

એ કર્યા પછી શું કેટલીયવાર પસ્તાવો નથી થતો ?

વળી એ કામ-ક્રોધાદિની આંધીમાં ભગવાન નથી ભુલાતા ? અને કર્તવ્ય નથી વિસારાતા ?

કેટલીકવાર આપણે કષાયથી લોકમાં ભૂંડા નથી દેખાતા ?

બોલો, લોક કામીના ગુણ ગાય છે ? કે સંયમી બ્રહ્મચારીના ?

શું ક્રોધીને વખાણે છે ? કે ક્ષમાશીલને ?

લોકોને લોભી પ્રત્યે માન ઊપજે છે કે સંતોષી પ્રત્યે ?

**બીજાને આપણા કષાય ગમે ? કે ક્ષમાદિ ?**

અરે ! જાત માટે જ વિચારો ને કે તમારી પ્રત્યે કોઇ ક્રોધ કરતો આવે એ ગમે છે ? કે ક્ષમા રાખે એ ગમે છે ?

જો તમારી પ્રત્યે બીજો કોઇ ગુસ્સો કરે એ તમને નથી ગમતું અને ગુસ્સો કરનાર એ ખરાબ માણસ કહે તો એમાં શું ખોટું છે ? એટલે સમજો કે હોવાનું તમને લાગે છે તો પછી તમારો બીજા પર ગુસ્સો એને ક્યાંથી ગમે ? ને એ તમને ખરાબ માણસ આંતરશત્રુ કામ-ક્રોધાદીને દબાવવા માટે ને નામશેષ કરવા માટે જ આ માનવભવ છે. માટે જ મનને આ કહેતા રહેવું કે-

'બાહ્ય દુશ્મનને શું દબાવે ? અંદરવાળાને દબાવ, બહારના કોઇએ તારું નુકશાન કર્યું, એ તને લાગી આવે છે ! પરંતુ હવે એના પર તું જે ગુસ્સો કરે છે એ તારા પોતાના જ આત્માને મહા નુકશાન સરજે છે એ કાં નથી જોતો ?

**જીવનનો કોઇપણ પ્રસંગ એક તક છે. આંતર શત્રુ પોષવાની યા કચરવાની, કઇ ઝડપવાની ?**

તકનો ઉપયોગ આવડવો જોઇએ. કોઇએ આપણું નુકસાન કર્યું એ પ્રસંગ તક છે, ગુસ્સાની ય તક અને ક્ષમાની ય તક. ત્યાં દ્રષ્ટિ આ રાખવી પડે કે આ નુકસાન અમલ તો મારા અશુભ કર્મથી ઊભું થયું. પરંતુ નુકસાન આવીને એ અશુભ કર્મ-કચરો જઇ રહ્યો છે. હવે હૈયામાં આંતર શત્રુરૂપ અશુભ ભાવથી નવો કર્મ-કચરો દાખલ કરવો એ મૂર્ખતા છે. ક્ષમા સમતાનો શુભ ભાવ રાખી નવો કર્મ કચરો અટકાવવો એમાં ડહાપણ છે. માટે મારે ક્ષમા જ રાખવી. આવા પ્રતિકૂળ અવસરે જ ક્ષમા કેળવવાની તક મળે.

આવા મોકા પર ક્ષમાદિની જ તક સમજી એ જ કેળવાય.

વળી નુકસાન વખતે સત્ત્વ કેળવવાની મહાન તક છે. સત્ત્વ કેળવીએ તો નુકસાન કરનાર પર ગુસ્સો થતો રોકી શકાય.

**સત્ત્વની રક્ષા કરવી હોય તો ગુસ્સો રોકવો જ જોઇએ.**

**ગુસ્સો રોકીએ એ સત્ત્વ ખીલ્યું, ગુસ્સો કરીએ એ સત્ત્વ હણાયું પરસ્ત્રી સામું ન જોઇએ એ સત્ત્વ-વિકાસ, જોઇએ એ સત્ત્વ નાશ વૈભવ પર રાગ કર્યો**





**તો સત્ત્વ હણાયું, વિરકત રહ્યા તો સત્ત્વ ખીલ્યું.**

**સત્ત્વ ગુમાવતાં કેટકેટલું ગુમાવવાનું ? -**

'એક ઠેકાણે સત્ત્વ હણીએ એટલે જેમ ગયું, મુડદાલ બન્યા, પછી બીજા વિષયમાં સારા રહેવાનું જોમ સત્ત્વ નહિ રહે,' એ ધ્યાનમાં રખાય તો ક્યાંય પણ સત્ત્વ હણતાં વિચાર પડે.

સારૂં કરવા માટે જોમ જોઇએ છે. કંજુસાઇ ન કરતાં દાન દેવું હોય તો જોમ જોઇએ છે. એ જો ગુમાવીએ, કંજુસાઇ રાખી સત્ત્વને-જોમને હણીએ તો એનો પડઘો બીજે પડવાનો.

દા.ત. કોઇ કહેતું આવ્યું કે 'પૈસા છે ને શા માટે નથી દેતા ?' તો એના પર ક્ષમા રાખવાનું જોમ નહિ રહે, ગુસ્સો કરાશે. ભાન નથી રહેતું કે આ એક ઠેકાણે પણ સત્ત્વ હણવાથી કેટલું ગુમાવાશે ?

દા.ત. સત્ત્વ ગુમાવી ભાઇ સાથે રીસાયા, ઝગડ્યા, તો હવે કેટકેટલું ગુમાવાશે ? (૧) શુભ વિચારો ગુમાવવા પડવાના ! મૈત્રીભાવ ખલાસ ! ભાઇની નિંદા સુલભ થવાની ! ભાઇના ગુણ ગ્રહણ પર દ્વેષ થવાનો ! વળી આ બધું કરવામાં કશું ખોટું નહિ લાગે, અફસોસી નહિ થાય ! એટલે નિંદાથી પાપ પર કર્તવ્યતાનો સિક્કો મારવાનું મન થશે એથી સમ્યકત્વ ગુમાવવાનું થશે.

એક સત્ત્વ હણવાથી કેટલું હણવાનું થાય ? હિસાબ નહિ. માટે,

**ભલે બહારનું બગડો, પણ સત્ત્વ ન હણાઓ. એ માટે ગુસ્સો ન થાઓ.**

**દરેક પ્રસંગમાં સત્ત્વ રક્ષાની સોનેરી તકઃ-**

**સત્ત્વ હણાતાં મિથ્યાત્વ સુધી ય ઊતરવાનું થાય.**

માટે સત્વ રક્ષા એ મોટી ચીજ છે. જીવનના દરેક પ્રસંગમાં એની મહાન સોનેરી તક જોવી જોઇએ દા.ત. જગતની વચ્ચે રહીએ છીએ એટલે ઇન્દ્રિયોના વિષયો અથડાવાના ત્યાં જો મન મારી ઇન્દ્રિયોને એમાં ન જવા દઇએ, કદાચ અચાનક ગઇ તો વિષય સારો નરસો કરવા ન બેસીએ, તો સત્વ વિકસ્યયું. આ સોનેરી તક સાધી કહેવાય. એમ કષાયના અવસરે ક્રોધ કે અભિમાન, યા માયા કે લોભ રોકીએ તો સત્ત્વ વિકસ્યું.

સત્ત્વહીન બનેલો દમિતારિ પોતાનું ચક્ર દુશ્મનનાં હાથમાં જઇ પડ્યું છે

એ જોયા છતાં અહંકાર ને આપમતિ દબાવી ન શક્યો. અનંતવીર્યને કહે છે- 'છોડ છોડ ભલે ચક્ર છોડ હું જોઉં છું એ શું કરે છે ?'

અનંતવીર્યે છેલ્લી ચેતવણી આપ્યા પછી પણ જોયું કે દમિતારિ પાછો વળતો નથી ને હજીય લડવા ઊભો છે, એટલે પછી એણે ન છૂટકે એના પર ચક્ર છોડ્યું. ચક્ર જેવું દમિતારિની નજીક આવ્યું કે દમિતારિ એને પકડી લેવા હાથ લંબાવે છે, કેમ જાણે ચક્ર મારું છે ને, ? તે મારા હાથમાં આવી જશે ! આ ભ્રમણામાં તણાયો.

કહો જોઉં, દમિતારિની આ સાચી માન્યતા છે. કે ભ્રમણા છે ? અત્યાર સુધી પોતાનું ચક્ર છોડ્યા પછી પાછું વળી પોતાના હાથમાં આવી જતું, તો આ વખતે પણ કેમ પાછું વળી હાથમાં ન આવ્યું ? હાથમાં નથી આવ્યું એ હકીકત છે. એ સૂચવે છે કે હવે ચક્ર પોતાનું માનવું એ ચોકખી ભ્રમણા જ કહેવાય. પરિણામ ?

**ભ્રમણાની પ્રવૃત્તિમાં પછાડ ખાવાની -**

માણસ ધંધામાં એક સોદામાં ગુમાવે, બીજામાં ગુમાવે, ત્રીજા સોદામાં ગુમાવે, છતાં માને છે કે કાંઇ નહિ, હવેના સોદામાં કમાઇ જઇશ.' એને ભાન નથી આવતું કે 'આ મારે એકમાં ગુમાવવાનું થયું, બીજામાં, ત્રીજામાંય ગુમાવવાનું થયું. એ સૂચવે છે કે ભાગ્યની પડતી દશા છે. ચડતી નહિ. માટે હવે ધંધો બંધ રાખી શાંતિથી બેસવા દે. નહિતર કમભાગ્યની લપડાક ખાઇ જઇશ.' પરંતુ આ સૂઝતું નથી. એટલે વેપાર ચાલુ રાખવા જાય છે. એમાં વળી પૂર્વના સોદાઓમાં ખોટ ખાધી છે એટલે એનું વળતર કરવા મોટા સોદા ખેલે છે ને એ ભ્રમણાની પ્રવૃત્તિનું પરિણામ ? મોટી પછાડ ખાય છે.

**ખરી રીતે પોતાના ભાગ્યને ચકાસવા માટે નાનો સોદો કરે તો એમાં કદાચ ખોટ આવે તો નાનકડી ખોટ આવે.**

એમાં મોટી પછાડ ન ખાવી પડે. એવા એક બે નાનકડા સોદાથી ભાગ્ય મપાઇ જાય કે 'એ અત્યારે કેવું ચાલી રહ્યું છે ? નબળું ? કે સબળું ?' પરંતુ એને એ સૂઝતું નથી.

જાણો છો ને પેલા કચ્છના ઠાકોર અને શેઠનો પ્રસંગ ?

**ઠાકોરની ભાગ્ય ચકાસણી -**





ઠાકોરને લાગટ બે વરસ દુકાળથી લેવીની આવક બંધ થઇ ગઇ, તો પોતાના માણસોને પગાર આપી શકવાનું ય બન્યું નહિ, તેથી ઠાકોર કચ્છમાંથી ભાગી છુટ્યો, ચિંથરેહાલ દશામાં જામનગરના રસ્તાઓ પર રખડે છે.

ભાગ્યનું શું કહેવાય કે એ ક્યારે ચડશે ? કે પડશે ? માણસ લાખ પ્રયત્ન કરે, પરંતુ રુઠેલું ભાગ્ય બધા પ્રયત્નના માથે નિષ્ઠુરતા અને નુકશાનીની કલગી ચડાવી દે છે. ભાઇ લેવા ગયા હતા, પરંતુ લેવાના દેવા કરી આવે ! કોણ કરાવે છે એ ? પડતું ભાગ્ય. ઠાકોરને પડતા ભાગ્યમાં નવી આવક તો બંધ થઇ ગઇ ઉપરાંત બિચારાની જુની બચત પણ ખવાઇ ગઇ.

**કશી કલ્પના નહિ, ને ભાગ્ય વારંવાર વિફરે છે. એ સૂચવે છે કે**

**'કરમનકી ગતિ ન્યારી કરે બેરબેર ખુવારી'**

**જીવનના જુગારે કર્મના ભોગ બનવું પડે -**

રાજા નળ, પાંડવો, વગેરે જુગારમાં હારતા જ ગયા હારતા જ ગયા, એ વારવારની ખુવારી કર્મની ન્યારી ગતિને આભારી હતી. આપણે કોઇક મનુષ્ય ભવમાં પાપાચરણો કરી પછી વારંવાર દુર્ગતીઓમાં ભટક્યા એ કર્મની ન્યારી ગતિના લીધેજ બનેલું. છતાં હજી અહીં જીવનનો જુગાર ચાલુ રાખવો છે, એ કરમનકી ગતિ ન્યારીના ભોગ બનવાનો ધંધો છે. અરે ! આ જીવનમાં ય વારંવાર ખોટ ખુવારી, શરીર સંબંધી, પૈસા સંબંધી. સગા સ્નેહીના સદ્ભાવ સંબંધી અનુભવી હોય છે, છતાં હજી કર્મનો ભય નથી લાગતો કે

**હજી પણ અવળા ધંધાને પાપારંભ સેવું ને વિચિત્ર કર્મ નવી ખુવારી સરજે તો ? કેવી દુર્દશા !**

**પુણ્ય પાપને ઠેલે પાપ કાઢવા પુણ્ય ખૂબ સેવો -**

ખરી રીતે પૂર્વના સંચિત પાપકર્મોને છેદવા માટે પુણ્યના માર્ગ ખૂબ સેવવા જોઇએ. પણ કહેવત છે ને કે પુણ્ય પાપને ઠેલે ? પુણ્ય કાર્યો જોરદાર કરતા રહેવાથી પૂર્વનાં પાપકર્મોને ધક્કો લાગી જાય, પાપ રવાના થઇ જાય, ક્ષીણ થઇ જાય, કહેતા નહિ.

પ્ર૦-પુણ્ય નિકાચિત પાપ કર્મને શું ઠેલી શકે ?

ઉ૦-હજી પહેલાં પુણ્ય-માર્ગની શ્રદ્ધા તો કરો કે 'એ પાપને ઠેલે', અને

પુણ્ય માર્ગનું ખૂબ આચરણ તો કરો ? એ કરવું નથી એટલે જ 'પુણ્ય નિકાચિત પાપકર્મોને ક્યાં ઠેલી શકે છે', એવો બચાવ રજુ કરવો છે ? ને એ કરી પુણ્યમાર્ગ સેવવા નથી. પુણ્યમાર્ગ ન સેવવાના બચાવ કરવા માટે જ આ બચાવ ને કે એ નિકાચિત કર્મને ક્યાં ઠેલે છે ?

**કર્મનું વસ્તુ-તત્ત્વ -**

ખેર, પણ વસ્તુ-તત્વ સમજો કે આત્મામાં નિકાચિત કર્મ થોડા છે, ને અનિકાચિત કર્મ ઘણાં છે-એમાં કર્મ-શાસ્ત્રો બતાવે છે. એટલે 'પુણ્યથી અનિકાચિત કર્મ ઠેલાય' એ સૂત્રના અનુસારે એવાં ઘણાં કર્મોને પુણ્ય સેવનથી ધક્કો લાગી જવાનો આ ઓછો લાભ છે ! મનને મનાવો ને કે 'ભલે અનિકાચિત કર્મ ન ખસ્યાં તો ? મારાં પુણ્ય-પ્રયત્ને અનિકાચિત ઘણાં અશુભ કર્મ તો ઠેલાઇ કપાઇ જશે ? બાકી જો એ કર્મોના જથ્થા ન કપાયા, તો ભવિષ્યમાં એનો ભોગવટો કરી નિકાલ કરવામાં કમ્મર તુટી જશે દુઃખ-ત્રાસ-વેદનની દીર્ઘકાળ રિબામણ ચાલશે !'

**ધર્મની કેમ શ્રદ્ધા અને ઉધમ નથી ?**

**પુણ્યથી પાપ ઠેલાય એ વસ્તુ-તત્વ પર શ્રધ્ધા નથી માટે.**

નહિતર જો આ શ્રદ્ધા હોય તો તો મનને વારે વારે થયા કરે કે 'મારે અનિકાચિત પાપકર્મો ઘણાં છે તો લાવ ધર્મ વારંવાર કરતો રહું. પાપકર્મોનો નિકાલ એની જાલિમ પીડા સહન કરીને, થવા દેવા કરતાં ધર્મથી પાપક્ષય કરવો એ સારું ને એમાં ધર્મનાં મામુલી જ કષ્ટ સહી લેવા પડે એમાં ડહાપણ છે.

વિચારી જુઓ, પાપકર્મો ઊભાં રહી જાય ને પછી એના દારુણ વિપાક ભોગવવા પડે એ વેદના કેટલી ? ને પ પક્ષય માટે અહીં ધર્મનાં કષ્ટ ઉઠાવાય એમાં વેદના કેટલી ? ભૂલશો નહિ ઊભા રાખેલાં પાપકર્મોના ભોગવટામાં વેદના જાલિમ અને તે પણ દીર્ઘકાળ આવે છે ? ત્યારે પાપક્ષય માટે અહીં દાનાદિ ધર્મ આરાધાય એમાં જે કષ્ટ ભોગવવું પડે એ મામુલી છે.

આ તો પુણ્યથી અનિકાચિત પાપકર્મોના ફેંસલાની વાત થઇ હવે,-

**નિકાચિત પાપકર્મ પર પુણ્યની અસર જુઓ.**

**અચરમાવર્ત કાળમાં શુભ આચરણ અશુભ ભાવથી -**

પુણ્ય-માર્ગ એ જે શુભ ભાવમાંથી જાગેલું અને શુભ ભાવવાળું શુભ





આચરણ છે, આમાં શુભ ભાવનું બહુ મહત્ત્વ છે, એટલે જ અચરમાવર્ત કાળમાં અનંતા મનુષ્ય અવતારે ચારિત્ર સુધીના જે શુભ આચરણ કર્યા, એ દેવતાઇ સુખ વગેરેની લાલસામાંથી જન્મેલા હતા, અર્થાત્ અશુભ ભાવમાંથી જન્મેલા હતા. આચરણ કરતાં કરતાં પણ એ મલિન ભાવને ચોકખો નહિ કરેલ, તેથી તે અશુભ ભાવવાળું જ રહેલ, તેથી એ શુભ પણ આવરણ ખરેખર પુણ્ય માર્ગનો પુરુષાર્થ નહિ, પણ વસ્તુ સ્થિતિએ પાપ માર્ગનો પુરુષાર્થ હતો. એનાથી જીવને સંસારમાં જકડી રાખનાર પહેલા નંબરનું પાપ જે મહામોહ, એ કેવી રીતે ઠેલાય ?

એ તો વિષય સુખની લાલસા બાજુએ મૂકી ભવની વિટંબણા અને કર્મની પરાધીનતા હટાવવાની આંતરિક ઇચ્છાથી શુભ આવરણ કરાય તો જ એ પુણ્ય, પુણ્ય માર્ગ બની શકે.

**શુભ ભાવનું આ લક્ષણ છે કે એમાં સરવાળે વિષય-સુખની લાલસા ન હોય, ને ભવ વિટંબણા અને કર્મ ગુલામી ટાળવાની તમન્ના હોય.**

આવા શુભભાવની નિકાચિત કર્મ પર કેવી રીતે અસર પડે છે, એ જોઇએ.

ભાવને અધ્યવસાય કહેવાય છે. અધ્યવસાય બે પ્રકારના,-શુભ અને અશુભ.

**શુભ અધ્યવસાયની કેટકેટલી અસરો નીપજે ?**

(૧) શાતા-અશાતા, યશ-અપયશ, ઉચ્ચકુળ નીચકુળ વગેરે. લાવનાર પુણ્ય-પાપકર્મના જોડકા છે. શુભ ભાવના લીધે એમાંથી શાતા, યશ, ઉંચકુળ વગેરે પુણ્યકર્મનો બંધ પડે છે, પુણ્ય કર્મ બંધાય છે.

(૨) બંધાતા પુણ્ય કર્મમાં, એના હરિફ પાપકર્મ જે પૂર્વે બંધાઇ પડ્યા છે. એમાંથી કેટલાંક પાપકર્મના સંક્રમણ થાય છે, ને એ સંક્રમિત પાપકર્મ હવે પુણ્યકર્મનું કામ આપશે. દા.ત. બંધાતા શાતા વેદનીય કર્મમાં કેટલાંક પૂર્વબદ્ધ અશાતા વેદનીય કર્મનું સંક્રમણ થયું તો હવે એ શાતારૂપ બની જાય છે !

(૩) શુભ અધ્યવસાયથી પૂર્વે બંધાયેલ પાપકર્મની સ્થિતિ રસ તુટે છે, મંદ બને છે, આને અપર્વતના કહે છે.

(૪) દસમા ગુણઠાણા સુધી સદા નિશ્ચિત બંધાતાં જ્ઞાનાવરણીયાદિ પાપકર્મના રસ મંદ બંધાય છે. અશુભ ભાવ ચાલતા હોત તો એ રસ તીવ્ર બંધાત.

(૫) શુભ અધ્યવસાયથી બંધાતા પુણ્યકર્મના રસ જોરદાર બંધાય છે.

(૬) શુભ અધ્યવસાયથી શુભ સંસ્કારો ઊભા થાય છે, અને અશુભ સંસ્કારો મોળા પડે છે.

(૭) શુભ અધ્યવસાય જોરદાર હોય તો નવા બંધાતા પુણ્યકર્મમાં શુભ અનુબંધ પડે છે. એમ કહો, અનુબંધવાળા અર્થાત્ સાનુબંધ શુભ કર્મ ઊભાં થાય છે. એનું પરિણામ એ આવે છે કે એ શુભ કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે પેલા શુભાનુબંધના પ્રતાપે બુદ્ધિ સદ્બુદ્ધિ રહે છે, જે વળી નવાં શુભ કર્મ પુણ્યને ઊભાં કરે છે.

**શાલિભદ્ર પૂર્વભવે મજૂરણનો છોકરો સંગમ.** એણે રોઇને મેળવેલી ખીરનું મુનિને દાન કર્યું, તે જોરદાર શુભ અધ્યવસાયથી. એમાં એક કારણ એ બન્યું હોવા સંભવ કે એણે મુનિનું પાત્ર ખાલી જોઇ એમ વિચાર્યું હોય કે મુનિરાજ ભિક્ષાએ ફરતા ફરતા અહીં આવ્યા છે, ને હજી એમના પાત્રમાં ભિક્ષા આવી નથી, તો હેં ? મારી ખીર આ પાત્રમાં જઇ રહી છે. વાહ ! કેવો મારો મહાન ભાગ્યોદય ! મારાં ભાગ્યની અવધિ નથી કે આવી સુંદર ખીર મુનિના પાત્રમાં પહેલ પહેલી જઇ રહી છે. આ વિચારની પાછળ એના હૈયામાં શુભ અધ્યવસાય જોરદાર કામ કરી રહ્યો છે.

એ પણ દાનના અધ્યવસાય નિઃસ્વાર્થ ભાવના છે. દાનથી એને કોઇ દુન્યવી સ્વાર્થ સાધી લેવો નથી કે 'મને આ દાન દ્વારા માન મળો પાન મળો દુન્યવી સુખ મળો', આ કોઇ આશંસા અપેક્ષા નથી. એક જ વિચાર છે કે 'અહો ! આવા મહાન મહાત્માને દેવાનું મારું અહો ભાગ્ય ! ધન્ય જીવન ! ધન્ય દાન !' આ નિરાશંસ દાન ધર્મ છે.

**નિરાશંસ ધર્મ સાધનાથી શુભાનુબંધી પુણ્ય ઊભું થાય.**

શુભાનુબંધી કર્મ એટલે શુભ અનુબંધવાળા કર્મ, એટલે કે એવાં કર્મ કે જેના ઉદય વખતે શુભ ભાવ ઊભા રહેશે. અહીં દાન કર્યું શુભ ભાવથી, મુનિ અને દાન ક્રિયા પ્રત્યેના ઊંચા બહુમાનથી. દાન એટલે કે 'ખીર વગેરે સરસ વસ્તુનો મારે ઉપભોગ નહિ, પરંતુ મુનિ-પાત્રમાં ત્યાગ કરવાનો ધન્ય અવસર મળ્યો ? વાહ ! કેવો સરસ ત્યાગ !' આવા ત્યાગ પ્રત્યેના બહુમાનથી ત્યાગ કર્યો, દાન કર્યું, હવે એ ત્યાગનો ભાવ ભવાંતરે એના જનિત પુણ્યના ભોગવટા વખતે આવીને ઊભો રહેવાનો.

**શુભભાવનું પુનરાવર્તન એ શુભ અનુબંધ.**

આનું એ પરિણામ હતું કે એ સગંમ દાનથી પછીના ભવે શાલિભદ્ર થયો,





ને ઘરે રોજ દેવતાઇ માલની નવાણું પેટી ઉતરે છે, તો એ પેટીઓનો સંગ્રહ નહિ, પણ બીજે દિવસે એઠવાડીયા કૂવામાં એના માલનો ત્યાગ કરી દે છે, રોજ નવી દેવતાઇ પેટી, ને રોજ ગઇકાલની પેટીઓ કૂવામાં ! કેવો અદ્ભૂત ત્યાગ ! એમાં વળી અવસર આવી લાગ્યો ત્યારે સમસ્ત સંસાર ત્યાગ કરી હંમેશ માટે એવી દેવતાઇ પેટીઓ લેવાનો મહાત્યાગ કરી દીધો !

**શુભાનુબંધી પુણ્યકર્મનો આ પ્રતાપ કે એના ઉદય વખતે પૂર્વના શુભ ભાવ ચાલુ.**

જો જો હોં દાનધર્મ કર્યો તે નિઃસ્વાર્થ-નિરાશંસ ભાવે કર્યો એનું આ ફળ છે. દાન કરતી વખતે જો દુન્યવી પૈસા-ટકા, પુત્ર માન-સન્માન વગેરેનાં સુખની અંતરમાં અપેક્ષા રાખી હોત, તો એ દાન ધર્મ આશંસાવાળો થાત ! એટલે કે સોદાબાજી થાત, 'હું પૈસાનું દાન કરું, ને મને બદલામાં સુખ મળો,' એ સોદાબાજી છે. આવા ધર્મથી શુભાનુબંધી પુણ્ય ન બંધાય, કિન્તુ અશુભાનુબંધી પુણ્યનો બંધ થાય. કારણ આ છે, કે ધર્મ કરતી વખતે દુન્યવી વિષયોની આશંસા છે, લાલચ છે. એ ભારે અશુભ અધ્યવસાય છે, ને એ ધર્મજનિત પુણ્યની સાથોસાથ આત્મામાં અશુભ સંસ્કારો ઊભા કરી પરભવે ચાલ્યો આવે એમાં નવાઇ નથી. એ શું કામ કરે ? પુણ્યના ઉદય વખતે પૂર્વના અશુભ ભાવની પુનરાવૃત્તિ કરી આપે અર્થાત્-

**અશુભાનુબંધી કર્મ પોતાના ઉદય વખતે પૂર્વના અશુભ ભાવ ચાલુ રાખે છે.**

ત્યારે નિરાશંસપણે એટલે કે કોઇપણ જાતના અશુભ રાગ દ્વેષથી લેપાયા વિના ધર્મ કરાય, તેથી નવા અશુભ અનુબંધ તો ન પડે, ઊલટું પૂર્વના અશુભ અનુબંધ તુટતા જાય.

**અશુભ અનુબંધ શું છે ?**

દુર્બુદ્ધિ કરાવે એવી બીજશક્તિ એ અશુભાનુબંધ છે. દુર્બુદ્ધિ અર્થાત્ અશુભ અધ્યવસાયની બીજ શક્તિ એ અશુભાનુબંધ છે. શુભ અધ્યવસાય કરતા રહેવાય એટલે ભવાંતર માટે શુભાનુબંધ ઊભા થાય, અર્થાત્ શુભ અધ્યવસાયની બીજ શક્તિ ઊભી થાય, એની સાથે અશુભ અનુબંધો તુટતા આવે એથી ઊલટું, અશુભ અધ્યવસાયમાં શું થાય છે ?

અશુભાનુબંધ ઊભા થતા જાય અને શુભાનુબંધ તુટતા આવે છે.

વિશ્વભૂતિ મુનિ અને સંભુતિ મુનિને શું થયેલું ? વરસો સુધી સંયમ-

તપની આરાધના કરતાં શુભાનુબંધો ઊભા કરેલા, પરંતુ પાછળથી નિયાણું કર્યું કે 'અખૂટ બળનો ધણી થાઉં' ચક્રવર્તીની સમૃદ્ધિ મળો ! આ નિયાણું એ પૌદ્ગલિક વસ્તુની તીવ્ર આશંસાવાળા દ્રઢ સંકલ્પરૂપ હતું, એ ચિત્તનો જોરદાર અશુભ અધ્યવસાય છે. એણે અશુભ કર્મ સાથે અશુભ અનુબંધ પણ ઉભા કર્યા એવું સાથોસાથ શુભાનુંબંધો તુટતા ગયા ! કેટલું મોટું નુકશાન ?

પરિણામ એ આવ્યું કે તપ-સંયમના ફળ રૂપે દેવલોક અને પછી વાસુદેવ ચક્રવર્તીનાં સુખ ભોગવવા તો મળ્યાં, પણ શુભાનુબંધ ખત્મ હતા તેથી પૂર્વના તપ-સંયમ-વૈરાગ્યના શુભ અધ્યવસાય જોવા ન મળ્યા ! અશુભ અનુબંધના લીધે એકલા તીવ્ર વિષય-રાગ અને કષાયના અધ્યવસાય ભભૂકતા રહ્યા. એવા જોરદાર કે એથી ત્રિપૃષ્ઠ વાસુદેવને પછીથી સાતમી નરક ઉપરાંત સિંહ અવતાર ચોથી નરક અને અગણિત ક્ષુદ્રભવ કરવા પડ્યા. આ ચોખ્ખો હિસાબ છે કે-

**શુભાનુબંધ સદ્બુદ્ધિ કરાવે, ને અશુભાનુબંધ દુર્બુદ્ધિ.**

વિશ્વભૂતિ મુનિએ મહાવૈરાગ્યથી રાજશાહી સુખ છોડી સંયમ લીધેલું અને નિરાશંસભાવે સંયમ તથા ઘોર તપસ્યાની આરાધના એવી કરેલી કે એનાથી લબ્ધિ ઉત્પન્ન થઇ ગયેલ ! જેના બળે મુનિએ તપથી અત્યંત કૃશ કાયાએ પણ ગાયને ઊંચે આકાશમાં ઉછાળેલ, ને પડતાં ઝીલી લીધેલ. ગાયની સહેજ હડફેટ પડી જતાં પિતરાઇ ભાઇ વિશાખાનંદી મશ્કરી સાથે હસ્યો. એ હસવા પર મુનિએ એ આત્મલબ્ધિના બળે પોતાની કૃશ કાયાથી પણ ગાયને શિંગડાથી પકડી ઊંચી કરી ચક્કર, ચક્કર ઘુમાવી ઊંચે ગગનમાં ઉછાળેલી, અને પાછી પડતી એને પોતાના હાથ પર ઝીલી લીધેલી ! જેથી એ બિચારી જમીન પર પછડાઇ મરે નહિ.

આટલી જબરદસ્ત આત્મ-લબ્ધિ શે ઉત્પન્ન થાય ? પરંતુ તપસંયમની વિશુદ્ધ આરાધના કોઇપણ જાતની પૌદ્ગલિક આશંસા વિના કરેલી, એથી એ લબ્ધિ ઉત્પન્ન થયેલી. ત્યારે એ તપ-સંયમની સાધનામાં અંતરમાં કેટલાક જવલંત વૈરાગ્ય સાથે ઊંચા શુભ અધ્યવસાય ઉછળતા હશે ? એ સમજી શકાય છે. આવા પવિત્ર અને ઊંચા શુભ અધ્યવસાય શુભ અનુબંધ ઊભા કરે, એમાં નવાઇ નથી. આના યોગે,

નિરાશંસભાવના સહકારથી ઉત્કટ તપ-સંયમ દ્વારા જે પુણ્ય ઊભું થયું હતું તે શુભાનુબંધ યાને પુણ્યાનુંબંધી પુણ્ય ઊભું થયું.

કહો આટલા ઊંચા શુભાનુબંધ હજાર વરસ સુધી ભેગા કરેલા, એ પછીના વાસુદેવના અવતારે ક્યાં ગયા, તે એના ફળરૂપે કશો વૈરાગ્ય કશી સદ્બુદ્ધિ જોવા





ન મળી ?

ત્યારે માનવું પડે કે અંતકાળે જે મનમાં પાપ નિયાણાનો અશુભ અધ્યવસાય થયા, એણે એક બાજુ જોરદાર અશુભાનુબંધ ઊભા કર્યા, અને બીજી બાજુ પેલા શુભ અનુબંધોને કેટલાકને તોડી નાખ્યા, તો કેટલાકને એવા દબાવી નાખ્યા કે જે નજીકના ભવિષ્યમાં કશું ફળ દેખાડી શકે નહિ. બસ આ હકીકત છે, કે

**પ્રબળ અશુભ અધ્યવસાય શુભાનુબંધોને તોડી અશુભાનુબંધો ઊભા કરે, એમ**

**પ્રબળ શુભ અધ્યવસાય અશુભ અનુબંધોને તોડી નાખી જોરદાર શુભ અનુબંધોને ઉત્પન્ન કરે.**

આ ઉપરથી ધ્યાનમાં લેવા જેવું છે કે-

(૧) આપણે ધર્મ તો કરીએ, પરંતુ જો એમાં દુન્યવી સ્વાર્થ સાધી લેવાના ભાવ રાખીએ તો ધર્મથી પુણ્ય તો મલશે, પરંતુ અશુભ અધ્યવસાયથી જે અશુભ અનુબંધ ઊભા થયેલા હશે એ એના વિપાકમાં કેવી જાલિમ રાગદશા અને દુર્બુદ્ધિ કરાવશે ! આપણને કેવા પાપિષ્ઠ બનાવશે !

બીજું એ, કે શુભ ભાવથી ધર્મ તો કર્યો, પરંતુ જો પછીથી વેપાર ધંધામાં કે બીજી સાંસારિક બાબતમાં યા કોઇની સાથેના વ્યવહારમાં આંધળી રાગ-આસક્તિ રચ્યા-પચ્યાપણું યા તીવ્ર દ્વેષ વૈર-વિરોધ કર્યા, તો એનાથી કેવા અશુભ અનુબંધ ઊભા થશે ! અને ધર્મજનિત શુભાનુબંધ કેવા નષ્ટ થઇ જશે ! એનાં ફળમાં કેવી દુર્બુદ્ધિ અને પાપિષ્ઠતા આવશે ! ત્યારે જનમ કેવા મળવાના ? અને ત્યાં કેવા જીવન બનવાના ?

આ બે વસ્તુ જો બરાબર નજર સામે સદા રમતી રહે તો હૈયું બગાડતા પહેલાં લાખ વિચાર થાય.

**શુભ ભાવ નિકાચિત કર્મ ન તોડે, પણ એની સાથેના અશુભ અનુબંધ તોડી શકે.-**

શુભ અધ્યવસાયની નિકાચિત પર શી અસર પડે એ સવાલ થયેલો. હવે એ સમજાઇ જશે કે એ શુભ ભાવ ભલે નિકાચિત અશુભ કર્મનું શુભમાં સંક્રમણ, ન કરી શકે, અને એ અશુભ કર્મના રસમાં અપર્વતન ભલે ન કરી શકે, પરંતુ એ નિકાચિત અશુભ કર્મની સાથે અશુભ અનુબંધ પડેલા હોય એને તોડી શકે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ પહેલાં અશુભ ચિંતન કરેલું, એમાં સાતમી નરક સુધીના કર્મ બાંધેલા પરંતુ પછી જ્યાં શુભ ચિંતનમાં ચડ્યા ત્યાં અશુભ અનુબંધો એવા તુટતા ચાલ્યા તુટતા ચાલ્યા 'કે સર્વથા નષ્ટ થઇ ગયા. તો જ કાયમ માટે એ વીતરાગ બની ગયા ને, ? વીતરાગ બનવાનો અર્થ જ આ, કે હવે ક્યારેય કશો અશુભ ભાવ, દુર્બુદ્ધિ, મલિન વૃત્તિ થવાની નહિ. એ નહિ થવાની એટલે એને જમાવનાર અશુભ અનુબંધ તુટી ગયા. કોણે તોડ્યા ? શુભ ચિંતને શુભ અધ્યવસાયે.

**શુભ અધ્યવસાય બે પ્રકારે -**

**(૧) સુકૃતનો રાગ, અને (૨) દુષ્કૃતની ઘૃણા.**

**સુકૃતનો પ્રબળ રાગ શુભ અનુબંધો ઊભા કરે, ને દુષ્કૃતની ઘૃણા અશુભ અનુબંધો તોડે.**

પ્રસન્નચંદ્ર રાજર્ષિને પહેલા અશુભ ચિંતન થયેલું, પરંતુ પછીથી શુભ ચિંતન ચાલ્યું એમાં શુભ અધ્યવસાય કામ કરતા હતા, એ શુભ અધ્યવસાયમાં સંયમનો તીવ્ર રાગ હતો, અને અસંયમના કરેલા દુષ્ટ ચિંતન પર પ્રબળ ઘૃણા સમાયેલી હતી. એણે અશુભ અનુબંધો તોડવાનું કામ કર્યું, તે નિકાચિત કર્મોનાં પણ અશુભ અનુબંધ સાફ થતા ચાલ્યા પછી તો ક્ષપક શ્રેણીમાં જ્ઞાનાવરણ આદિકર્મ સમૂહમાં નિકાચિત કર્મ હશે તે પણ તૂટી ગયાં ! ને કેવળજ્ઞાન પામ્યા !

ક્ષપક શ્રેણિમાં ઘાતી કર્મોનો અમુલ નાશ થઇ જાય છે, એટલે એમાં નિકાચિત અનિકાચિત સર્વ કર્મોનો ક્ષય થાય એ સહજ છે. બાકીની પરિસ્થિતિમાં એટલે કે-

**ક્ષપકશ્રેણિ સિવાયના સમયમાં નિકાચિત કર્મો ભોગવાઇને જ નાશ પામે.**

એટલે ?

ઊંચા શુભ અધ્યવસાયથી અ-નિકાચિત કર્મો ભોગવાયા વિના પણ ક્ષય પામી શકે, પરંતુ નિકાચિત કર્મો નહિ. તો પછી આ પ્રશ્ન રહે,

પ્ર.-શુભ ભાવમાં રહીએ ત્યાં અ-નિકાચિત કર્મો નાશ પામે એટલે એના પર તો શુભ ભાવની અસર પડી, પરંતુ નિકાચિત કર્મો પર શુભ ભાવની કશી અસર નહિ ?

ઉ.-આ જૈન શાસન સુંદર ખુલાસો આપે છે. એ કહે છે કે શુભ ભાવની અંતર્ગત અશુભ ભાવ પ્રત્યે અણગમો હોય, નિંદા-ગર્હા હોય, એ દુષ્કૃત-ગર્હા છે, અને એનાથી નિકાચિત કર્મોની સાથે રહેલા અશુભ અનુબંધો તુટે છે, ક્ષય પામે





છે. એટલે આ કે-

**શુભ અધ્યવસાયની નિકાચિત કર્મો પર અસર આ, કે-ભલે એથી નિકાચિત કર્મો ન તુટે, પરંતુ એની સાથે રહેલા અશુભ અનુબંધો તુટતા આવે.**

દા.ત. ક્ષમાનો ભાવ એ શુભ ભાવ છે. ક્યારેક ક્રોધનો અશુભ ભાવ આવી જવાનો અવસર છતાં ક્રોધ ન કરતાં સારી સમજ પૂર્વક ક્ષમા રાખી, એટલે સહજ છે કે ક્રોધ પ્રત્યે અણગમો રહ્યો. ત્યાં સારી સમજ એટલે પોતે પૂર્વે ક્રોધ કરેલા ? એ ક્રોધે જ મારો સંસાર વધારેલો પરંતુ હવે જિનાશાસન પામ્યો છું કે જેણે ક્રોધ ન કરતાં ક્ષમા રાખવા કહેલું છે તેથી હવે મારે ક્રોધથી સર્યું. હવે મારે ક્ષમા જ આદરવા જેવી છે. ક્ષમા રાખું એટલે મેં જિનવચન પામ્યાને સાર્થક કર્યું, જિનવચનની આરાધના કરી.

**જિનવચને કહેલું પાળ્યું એ જિનવચનની આરાધના છે.**

ગુણસેન રાજા હૈયાના ભાવથી સંસાર ત્યજી, સંયમના ભાવમાં ધ્યાનમાં બેઠા છે. ત્યાં અગ્નિશર્મા દેવતાએ ધગધગતી અગ્નિમય રેતીનો એમના પર વરસાદ કર્યો. એથી ગુણસેન રાજાના શરીરના રોમરોમ સળગી ઊઠ્યા, રોમરોમ શેકાઇ રહ્યા છે, એ વખતે આ ગુણસેન મહાત્મા આકુળ વ્યાકુળ નથી થતા, ક્રોધ નથી કરતા, પરંતુ આ વિચારે છે-

**ગુણસેનની ઉપદ્રવમાં શુભ ભાવના–**

'હે જીવ ! તું ધ્યાન રાખજે કે આ અપાર સંસારમાં તને અમૃતસમાં અતિદુર્લભ જિનવચન મળ્યાં છે ! તો એ મળેલાને સાર્થક કરજે, જિનવચનની જ આરાધના કરજે, કાયા, સુખ શીલતા, અહંત્વ વગેરે સંસારની આરાધના નહિ.

એટલે ? જિન વચન ક્રોધને અટકાવી ક્ષમા રાખવાનું શીખવે છે. ત્યારે કાયાની મમતા ક્રોધ કરાવે છે. કાયાની મમતાને લીધે જ 'હાય ! મારી કાયાને કોણ બાળે છે ? બાળનાર હરામખોર શું સમજે છે ?' એમ બાળનાર પર ક્રોધ થાય છે. કાયાને બદલે જો જિનવચન પર મમતા હોય તો મનને એમ થાય કે 'મારાં જિનવચન શું કહે છે ? ક્રોધ નહિ, પણ ક્ષમા કરવાનું કહે છે. તો હું એ જિનવચને કહેલું જ કરું.' એમ કાયાની આરાધના બાજુએ મૂકી જિનવચનની આરાધના કરવાનું રાખ્યું. એટલે સમજો કે-

**ક્રોધ કરવો એ કાયાની આરાધના છે.**

**ક્ષમા રાખવી એ જિનવચનની આરાધના છે.**

બેમાંથી શું સારું ? શું પસંદ કરવા જેવું ? કાયાની આરાધના ? કે જિનવચનની આરાધના ? ભૂલશો નહિ, કાયાની આરાધનામાં ક્રોધ કરવાનું તો જનમ જનમ કર્યું, અનંતા જન્મ કર્યું, તેથી તો હજી સુધી સંસારમાં ભટકતા છીએ. પરંતુ હવે જ્યારે સંસારનો અંત લાવનારી ક્ષમાનો ઉપદેશ કરનારાં જિનવચન મળ્યાં છે, તો એથી સમજ આવી કે 'ક્રોધ ખતરનાક, ને ક્ષમા તારણહાર.' તો પછી હવે તો ક્રોધનો પલ્લો મૂકીએ ? ને ક્ષમાનો પલ્લો પકડીએ ? ક્ષમાનું આલંબન કરીએ ?'

આમ ક્રોધ ન કરતાં ક્ષમા રાખીએ એ જિનવચન આરાધ્યું કહેવાય, જિનવચનની આરાધના અપનાવી ગણાય. મહાત્મા ગુણસેન પછીથી જનમ જનમ ક્ષમા રાખી જિનવચનની આરાધના કર્યે ગયા તો નવભવની એ આરાધનાના અંતે સમરાદિત્ય કેવળી થઇ મોક્ષ પામ્યા, જ્યારે અગ્નિશર્મા જનમ જનમ ક્રોધ કરતો રહ્યો, કાયા અહંત્વ વગેરેની આરાધના કરતો રહ્યો, તો પરિણામે અનંત સંસાર ઊભો કરી ગયો.

**શું પસંદ ? જિનવચનની આરાધના ? કે કાયા અહંત્વાદિની આરાધના ?**

મહાત્મા ગુણસેન જે ક્ષમારૂપી શુભ ભાવમાં રમે છે એની અંતર્ગત ક્રોધ પ્રત્યે તીવ્ર અણગમો ગર્ભિત છે, ક્રોધની ગર્હા છુપાયેલી છે.

શુભ ભાવમાં અશુભ ભાવની અરુચિ-ગર્હા છે. એનાથી અશુભ અનુબંધો તુટે છે. ચાહ્ય એ અનુબંધો અનિકાચિત કર્મો પર હો, કે નિકાચિત કર્મો પર લાગેલા હો.

શુભ અધ્યવસાયનો શુભભાવનાનો કેટલો મોટો લાભ ? પૂર્વે અજ્ઞાનતાવશ નિકાચિત પાપકર્મ બાંધી દીધા હતા, પરંતુ હવે અજ્ઞાન બનવું છે ? કે સારા ભાવ લાવી મન સુધારવું છે ? તો એ કરો, એનું આ ઇનામ છે,

**શુભ અધ્યવસાયના પ્રતાપે નિકાચિતની સાથે લાગેલા અશુભ અનુબંધો તુટે છે.**

એમ કહેતા નહિ,

❀ ❀ ❀ ❀ ❀ ❀





પ્ર૦-ગમે તેટલા શુભ ભાવ કર્યા ને અશુભ અનુબંધો તુટ્યા, પણ નિકાચિત કર્મો તો ઊભા રહ્યાને ? એ જીવને દુઃખ તો દેવાના. નિકાચિત મોહનીય કર્મ હશે તો એ કર્મ વિપાકમાં મોહ તો કરાવવાના, પછી અશુભાનુબંધો તુટ્યાનો શો લાભ ?

ઉ.-આવું ન કહેવાય, કેમ કે

**અશુભ અનુબંધ તુટવાથી મોટો લાભ એ છે કે નિકાચિત કર્મના ઉદયે આવનાર દુઃખમાં કે મોહમાં બુદ્ધિ નહિ બગડે, દુર્બુદ્ધિ નહિ થાય, પાપબુદ્ધિ-કષાયો-દુર્ધ્યાન જાગવાના નહિ.**

જુઓ-

ભગવાન મહાવીર પરમાત્માના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવેલું, ને તેથી જે લાંબું નિકાચિત અશાતા વેદનીય પાપકર્મ બાંધ્યું એનો ભોગવટો કરતાં કરતાં છેવટે છેલ્લા ભવમાં બાકીનું એવું ભોગવવામાં આવ્યું કે ગોવાળિએ પ્રભુના કાનમાં ખીલા ઠોક્યા, ને તીવ્ર અશાતા ઉપજી ! પરંતુ અશુભ અનુબંધો તુટયાનો મહાલાભ આ થયો કે એટલી ઘોર અશાતામાં પણ પ્રભુનું મન બગડ્યું નહિ, દુર્બુદ્ધિ ન થઇ, ક્રોધ ન આવ્યો, 'હાય ! કેવી ઘોર પીડા !' એવું આર્તધ્યાન ન ઊભું થયું. ઊલટું, આટલી ઘોર વેદનામાં પણ ક્ષમા રહી કરુણા રહી અને પાપકર્મના નિકાલનો સંતોષ ઊભો રહ્યો. ચારિત્ર લઇને ચલાવેલું શુભ ધ્યાન ને તત્વચિંતન ચાલુ રહ્યાં.

'ક્રોધ નહિ ક્ષમા રહે, સામા પાપી જીવ પ્રત્યે કઠોરતા નહિ કરુણા રહે, હાયવોયનું આર્તધ્યાન નહિ પણ કર્મક્ષયના સંતોષનું શુભધ્યાન રહે.' આ ઓછા લાભ છે ? આ તો એવા મોટા લાભ છે કે હવે આગળ નવાં પાપ કર્મ નહિ ઊભા થવાના, પૂર્વે પાપ સેવેલ એની હવે પરંપરા નહિ ચાલવાની, ને જીવન ઉચ્ચ ઉચ્ચત્તમ બનતું જવાનું.

**અશુભ અનુબંધ તોડ્યાના આ મહા લાભ છે. પાપની પરંપરા ન ચાલે એ ચલાવનાર દુર્બુદ્ધિ-કષાય-દુર્ધ્યાન અટકી જાય.**

**ત્યારે સમજો કે જીવનમાં દુઃખ ન આવે એ મહત્વનું નથી. પરંતુ દુર્બુદ્ધિ-કષાય દુર્ધ્યાન ન આવે એ મહત્વની ચીજ છે.**

પુણ્યોદય ચાલતો હોય એટલે સુખ સગવડ, માન સન્માન, યશ-કીર્તિ

મળ્યા કરે, પરંતુ જો એ વખતે બુદ્ધિ ભ્રષ્ટ હોય, અભિમાનાદિ કષાયો ઝળક્યા કરતા હોય તેમજ હિંસા, જૂઠ, ચોરી, અનીતિ, વગેરેના ભાવ થયા કરતા હોય તો સમજવું જોઇએ કે એ પેલા પુણ્યની સાથે ચાલી આવેલ અશુભ અનુબંધોનું પરિણામ છે. ઉદયમાં આવેલા પુણ્ય તો સુખ સન્માન આપીને પૂરા થઇ જશે, એટલે પુણ્ય પૂરા થઇ ગયે સુખ સમાપ્ત, પરંતુ અશુભ અનુબંધાદિ બુદ્ધિ બગાડી નવા પાપ ઊભા કરશે, જે ભવિષ્યમાંજ દુઃખની ફોજ લઇ આવશે.

તો પછી શું મહત્ત્વનું ?

પુણ્યોદય મહત્વનો ? કે શુભાનુબંધનો ઉદય મહત્વનો અર્થાત્ સુખ સગવડ મહત્વનાં ? કે સદ્‌બુદ્ધિ મહત્વની ?

એમ શું ખરાબ ?

પાપકર્મનો ઉદય ખરાબ ? કે અશુભાનુબંધનો ઉદય ખરાબ ? એટલે કે દુઃખ આપત્તિ ખરાબ ? કે દુર્બુદ્ધિ ખરાબ ?

સ્પષ્ટ વાત છે કે

**સુખ-દુઃખ બહુ મન પર લેવા જેવી વસ્તુ નથી, કિન્તુ સદ્‌બુદ્ધિ દુર્બુદ્ધિ પર બહુ લક્ષ દેવા જેવું છે.**

**આત્મા સુખ પર મહાન નથી, કિન્તુ સદ્‌બુદ્ધિ પર મહાન છે. પ્રસંગ પર શું જોવાનું ? મહાન બનવું છે કે અધમ ?**

મહાન બનવું હોય તો સુખ દુઃખ સામે ન જુઓ, સદ્‌બુદ્ધિ જાગે છે, કે દુર્બુદ્ધિ ? એ પર ધ્યાન રાખો, ને દુર્બુદ્ધિ અટકાવતા રહી સદ્‌બુદ્ધિ જાગતી રાખવા મથો, મહેનત કરો. જીવનમાં અવનવા પ્રસંગો તો આવ્યા કરવાના, પરંતુ એમાં એ જોતા ન બેસો કે 'આ પ્રસંગમાં મને સુખ મળે કે દુઃખ ?' કિન્તુ એ જોતા રહો કે આમાં મને

સદ્‌બુદ્ધિ બની રહો, દુર્બુદ્ધિ અટકો.

શુભ ધ્યાન રહો, દુર્ધ્યાન અટકો.

ક્ષમાદિ ગુણો જાગતા રહો, ક્રોધાદિ કષાયો અટકો.

બાહ્યમાં ગરબડ છતાં આંતરમાં જિન-જિનશાસન આદિ વ્યવસ્થિત હોવાથી મારું મન સ્વસ્થ રહો, સમાધિમાં રહો, મનમાં ગરબડ આકુલ-વ્યાકુલતા અ-સમાધિ થતી અટકો.

જીવન સારું જીવવાની આ ચાવી છે.





**મન સદ્‌બુદ્ધિ-સદ્‌ગુણો-સમાધિ સત્શાસન-પ્રાપ્તિને સ્વસ્થતાને મુખ્ય કરે, તો જીવન સારું જીવાય.**

પ્રસંગ ગમે તેવા આવો મનને દુર્બુદ્ધિમાં નથી પડવા દેવું, દુર્ગુણ તરફ નથી જવા દેવું. મનથી હાયવોય કે હરખ-હરખ નથી કરવો, આ ધ્યાન રખાય તો જીવન નહિ બગડે, અધમ નહિ બનાય, સાવધાની રખાશે.

વાત આ હતી કે પેલો દમિતારિ પ્રતિવાસુદેવ હારતો ગયો છે, ને અનંતવીર્ય વાસુદેવ થનાર જીતતો ગયો છે, ને છેવટે હવે દમિતારિનું ચક્ર અનંતવીર્યના હાથમાં જઇ પડ્યું છે ને એ દમિતારિને છેલ્લી ચેતવણી આપે છે કે 'હજી ઘર ભેગો થઇ જીવતો રહે ને સુખેથી રાજ્ય ભોગવ, નહિતર આ ચક્ર છોડું છું તને છેદી નાખશે.' છતાં દમિતારિ મદમાં ચડ્યો છે, તે પોતાના પડતા ભાગ્યને જોતો નથી, એટલે આશામાં છે કે 'ભલેને એ ચક્ર છોડે, ચક્ર મારું જ છે ને ? એ મારી પાસે આવતાં હું એને પકડી લઇશ !'

કેવી મદદુર્ગુણથી ભ્રમણમાં પડેલાની દુર્દશા છે !

મદાંધ પોતાના ભાગ્યના ઝોકને ચકાસી વિચારતો નથી. કે 'આનો અત્યારે કેવો ઝોક ચાલી આવે છે ? જો પતન તરફ ઝોક છે તો હવે મારે એની ઉન્નતિની આશા વ્યર્થ છે !'

ભાગ્યની ચકાસણી પર પેલા કચ્છી દરબાર અને શેઠની વાત હતી. દરબારને બે વરસના લાગટ દુકાળથી લેવીની જરાય આવક નહિ તે ખિચડા ખૂટ્યા, ને રાજ્ય મૂકી ભાગ્યો. જામનગરના રસ્તા પર ચિંથરેહાલ જેવો રખડતો હતો ને પરિચિત શેઠ એને જોઇ આશ્ચર્ય ચકિત થઇને પૂછે છે-'રાણા આ શું ?'

દરબારે બધી વાત કરી, તો શેઠ તરત શાહુકારને ત્યાંથી રૂપિયા ત્રણ લાખ અપાવી દેતા કહ્યું,

''જુઓ, આ તમારું બે લાખનું દેવું વાળજો, ને લાખ રુપિયા નવી આવક સુધી ખાવા વાપરજો.''

આ કળિકાળની આ વાત છો હોં. આટલી બધી ઉદારતા શે આવે ? એમ તમને લાગે. પરંતુ.

**જ્યાં જીવનમાં સુખથી મહાનતા નહિ પણ સુકૃતથી મહાનતા લાગે ત્યાં પૈસાનું સુખ જતું કરી સુકૃતની કમાણી કરતાં આનંદ થાય.**

**એજ મહાનતા કે સુખમાં આનંદ નહિ, સુકૃતમાં આનંદ આવે.**

અધમને ઊંધું સૂઝે-'એને સુકૃતથી નહિ, સુખથી મહાનતા લાગે એટલે સુકૃતના અવસરે પણ સુકૃત જતું કરી પૈસાના સુખને પકડી રાખવાનું સુઝે. આનંદ સુકૃતમાં નહિ પણ સુખમાં લાગે !' આ અધમની ઊંધી સૂઝ છે.

અહીં આપણી કસોટી થાય છે કે 'આપણને દિલના ઊંડાણમાં સુખ વધુ પસંદ કે સુકૃત વધુ પસંદ ?' એ પરથી માપ નીકળે કે 'આપણે દેહના પૂજારી છીએ કે આત્માના ? આપણને મહાનતા શેમાં લાગે, સુખમાં કે સુકૃતમાં ?

પુણ્યે પૈસા મળ્યા છે, હવે દિલમાં ઊંડે ઊંડે શું ગમે છે ?

પૈસાનું સુખ બરાબર ટકાવી રાખવાનું ગમે ? કે

એ સુખ જતું કરી સુકૃત વધારવાનું ગમે ?

આપણને મહાનતા એટલે કે વડાઇ શામા દેખાય છે ? પૈસાનો સંચય રાખવા વધારવામાં ? કે સુકૃત સંચય કરવામાં વડાઇ લાગે ?

**આત્માના સગાને સુકૃત સંચયમાં વડાઇ લાગે.**

**દેહના પૂજારીને પૈસાના સુખમાં વડાઇ લાગે છે.**

કેમ કે એ જુએ છે કે 'સારા પૈસાથી લોકમાં માન મળે છે.' યા ભલે પૈસા ગુપ્ત રાખ્યા હોય, લોકને ખબરેય ન હોય છતાં મનને ધરપત છે કે 'અવસરે પૈસાથી મને કશી આંચ નથી આવવાની' આમાં 'લોકમાં મળતું માન' એટલે કોને મળતું માન ? દેહને માન, આત્માને નહિ. કેમ કે આ દેહ છોડી આત્મા પરલોક જતાં ત્યાં એને કશું માન નથી મળતું. એમ 'મને કશી આંચ નહિ' આમાં 'મને' એટલે કોને ? દેહને,' 'આત્માને' નહિ. કેમ કે અહીંના પૈસા હજી અહીં દેહને ઓથ-સુખસગવડ આપે પણ પરલોકે આત્માને કશી ઓથ નથી આપી શકતા.

ખાનપાન, મોજ-મજાહ, માન-સન્માન,-એ બધાં દેહની સાથે સંકળાયલા છે. દેહને એ બધું છે, આત્માને નહિ, એટલે

**માનપાનમાં જ વડાઇ માનનારો એ દેહનો પૂજારી છે.**

**આત્માનો પૂજારી સુખ જતું કરી સુકૃતમાં વડાઇ જુએ.**

**સ્થૂલભદ્ર હવે આત્માના પૂજારી**

એટલે તો સ્થૂલભદ્રની સામે નંદરાજા તરફથી મંત્રીપણું ધરવામાં આવ્યું ત્યારે, સ્થૂલભદ્રજી અત્યાર સુધી વેશ્યાના સંગમાં બાર વરસથી પડી રહી દેહના પૂજારી બનેલા હતા, તે હવે આત્માના પૂજારી બની વિચારે છે કે

જો મંત્રીપણામાં વેશ્યાના ચોવીસે કલાકના સુખને હાની પહોંચે. તો આ





સંસારમાં પડી રહેવાથી મારા આત્માના મોક્ષના અનંત સુખને કેટલી હાની થઇ રહી છે ?

મંત્રી થાઉં તો વેશ્યાના મીઠા સંગ જાય છે, તો પછી સંસારી ઘરબારી બન્યો રહું તો મોક્ષસુખ જાય છે.

આ જનમમાં મારે દેહનું રૂડું જોવાનું ? કે મારા પ્રાણ પ્યારા આત્માનું રૂડું થાય છે કે નહિ એ જોવાનું ?

વેશ્યાના સુખ તો દેહ જતાં જવાનાં જ છે. પણ પછી આત્મા પરલોક ઊભો છે, એની પરલોકે કઇ દશા ?

આ વિચાર પર ત્યાંજ સાધુ-દીક્ષા લેનારા બની આત્માના પૂજારી બનેલા સ્થૂલભદ્રજીએ માનવ જનમમાં વડાઇ મહાનતા સંયમ-સુકૃતમાં જોઇ, દુન્યવી વિષય સુખમાં નહિ. તો એ લોકમાં ખરેખર મહાન બની ગયા. શું !

**સ્થૂલભદ્રજીએ વડાઇ વિષય સુખમાં નહિ, વડાઇ સંયમમાં જોઇ.**

પેલો શ્રાવક કચ્છી દરબારને ચિંથરેહાલ રખડતો જોઇ, એને મળી, એની પરિસ્થિતિ જાણી લઇ તરત જ એને સાહુકારની દુકાન પરથી પોતાના નામે લખાવી ત્રણ લાખ રુપિયા અપાવી દે છે ! કેમ ? જીવનમાં મહાનતા સુકૃત સંચય કરી લેવામાં જુએ છે, ધન સંચય રાખી મૂકવામાં નહિ.

દરબાર કહે, 'અરે પણ મારે દેવું તો બે લાખનું જ છે.'

શ્રાવક શેઠ કહે ''વાત ખરી, પણ દેવું ચુકાવ્યા પછી નવા વરસાદે નવી આવક ન આવે ત્યાં સુધી તમારે ખાવા ય જોઇશે ને ? લઇ જાઓ ચિંતા ન કરો, આ તમારું જ છે ને તમે લઇ જાઓ છો એમ માનજો. આ તો મને સુકૃત કમાવાનો અવસર આપી મારા પર મહાન ઉપકાર કર્યો છે !''

**સુખ જતું કરાય તો જ સુકૃત આવે.**

શું છે શેઠના મનને ? શેઠને મન ત્રણ લાખ રુપિયાનું સુખ જતું કરી સુકૃત કમાઇ લેવામાં વડાઇ મહાનતા છે. એવું શેઠના મનને કેમ ? કહો, શેઠને દેહના પૂજારી મટી આત્માના પૂજારી બનવાનું ગમે છે, એટલે ૩ લાખથી સુખ મૂકી સુકૃત પકડે છે, દરબાર પર ઉપકાર કરે છે, એ પરોપકારનું સુકૃત છે.

પાછું ખૂબી એ છે કે દરબાર પર ઉપકાર પોતે કર્યો છતાં દરબારને મનાવે છે કે 'તમે મારા ઉપર ઉપકાર કર્યો !' દેહનો પૂજારી ઉપકાર કરીને પણ દેહને ઉપકારી તરીકેનું માન મળે એ જુએ છે, આત્માનો પૂજારી ઉપકાર કરીને પોતાના

આત્માને યાચક તરફથી સુકૃત લાભનો ઉપકાર થયો માને છે. શું સમજ્યાં !

**સુખ લાલસા એ દેહપૂજા છે, સુકૃત લાલસા એ આત્મપૂજા છે.**

સાથે સાથે ઉપકારી તરીકેના માનની ઇચ્છા એ દેહની પૂજા છે.

સેવા કરનારમાં જો આ આત્મ-પૂજા આવી જાય તો વાતાવરણ કેવું પવિત્ર બને ! સેવા કરીને પણ એ સામાને કહે છે 'આ તો મેં તમારું નહિ પણ તમે મારું ભલું કર્યું, મને સેવા સુકૃત કમાવવાનો અવસર આપ્યો.' આમાં સેવા લેનારા કેવા કૃતજ્ઞ બને ! અને સેવા કરનાર પણ કેવો નિરભિમાની બને ! એટલું જ નહિ, પણ અવસરે, પેલા સેવા લેનારા તરફથી કશો બદલો ન મળે તો પણ, સેવા કરનારને કશો ખેદ ન થાય. અહીં જ એ દેખાશે. જુઓ-

**શેઠ નિર્ધન થતાં બદલાની ઇચ્છા નહિ.**

દરબારને એકદમ જ રૂપિયા ત્રણ લાખ દઇ દેનાર શ્રાવક શેઠ વખત વીતતાં કર્મ સંજોગે નિર્ધન થઇ ગયો, ને શ્રાવિકાના આગ્રહથી એને એજ હવે સંપન્ન બની ગયેલ કચ્છના દરબાર પાસે સહાય માટે જવું પડયું ને દરબારે સભામાં એમનું માન કરી ખજાનચીને કહે, 'આમને એક ઘર અને એક સારી બકરી આપો.'

શેઠને કહે 'લ્યો આ બકરી લઇ જાઓ, એનું દુધ વેચી રોટલો કમાવજો.'

**૩ લાખના બદલામાં બકરી ?**

બોલો, શેઠના મનને લાગી ન આવે કે 'હેં ? હું એકી કલમે આને ત્રણ લાખ રૂપિયા દેનારો, ને મને આ બકરી પકડાવે છે ?'

ના, શેઠ ખુશીથી બકરી લઇને જાય છે, કેમ કાંઇ લાગી ન આવ્યું ? કારણ એ શ્રાવિકાને બતાવે છે જુઓ.

શ્રાવિકા કહે 'આ દરબારને એની પરિસ્થિતિમાં તમે ત્રણ લાખ રુપિયા આપેલા, ને હવે આ એ રકમ પાછી બાળવાને બદલે તમને માત્ર બકરી આપે છે ? કેવો એ નગુણો ? કેવો કૃતજ્ઞતા વિનાનો ?'

શેઠ કહે 'આ તમે શું બોલ્યા ? શું આપણે એ સુકૃત કરેલું તે એનું અહીંજ ફળ લઇ લેવા માટે કરેલું ? આપણું સુકૃત તો પરલોકના ચોપડે જમા થઇ ગયું છે, પરલોકે એનાં મહાફળ મળવાના છે, તેથી ધીરજ ધરો. તમે એ વિચારો કે દરબારે આપણા પર એ સુકૃત-કમાઇ કરાવવાનો એક મહાન ઉપકાર કરેલો. હવે આપણી કપરી સ્થિતિમાં આ ઘર અને બકરી આપવાનો બીજો ઉપકાર કરી રહ્યો છે. ઉપકાર કરનારને નગુણો કહેવાય ? બકરીથી આપણો રોટલો નીકળી રહેશે.'





કોણ આ શબ્દ બોલાવે છે ? કહો, શેઠને સુકૃત કર્યાનું અભિમાન નહોતું, પરંતુ સુકૃત કમાયાનો આનંદ હતો. સુકૃત કરાવનાર દરબાર ઉપકારી લાગતો હતો. દેહના પૂજારીથી આ ન બને. આત્માના પૂજારીને આવે ઉમદા દિલ હોય.

ગોખી રાખો-

**આત્માનો પૂજારી સુકૃત કર્યાનું અભિમાન ન કરે, પણ સુકૃત કમાયાનો આનંદ માને.**

તેથી જ

આત્માનો પૂજારી પોતાનાથી ઉપકૃત ને સુકૃત કમાવનાર તરીકે ઉપકારી માને.

અસ્તુ-પણ દરબારે આમ કેમ કર્યું એ જાણો છો ? જુઓ ચારેક મહિનામાં બકરી મરી ગઇ ! શેઠ દરબાર પાસે ગયા, તો દરબારે એક ગાય અપાવી. છ સાત મહીને ગાય પણ મરી ગઇ તો દરબારે એક ભેંસ અપાવી. હવે શેઠ, વરસ દોઢ વરસ થઇ ગયું તોય, દરબાર પાસે ન ગયા, એટલે દરબારે એમને બોલાવી પૂછ્યું-

'હવે કેમ ચાલે ? ભેંસ બરાબર ?'

શેઠ કહે, 'દેવ ગુરુની મહેરબાની છે. ભેંસ દૂધ સારી રીતે આપે છે ને હવે તો એ ભેંસ વિયાએલી, તે વાછડી જન્મી, હવે એ પણ મોટી થઇ, એટલે એનું પણ દૂધ મળશે.'

દરબાર ખજાનચીને કહે, 'શેઠને રૂપિયા દસ લાખ આપી દો.

ખજાનચી ને બીજા મંત્રી અમલદારો આ સાંભળીને દિઙ્ થઇ ગયા કે આ શું ? પહેલાં બકરી, પછી ગાય, પછી ભેંસ, ને હવે એકદમ રૂપિયા દસ લાખ ?'

મંત્રીએ એ જ પૂછ્યું, ને દરબારે ખુલાસો કર્યો,

**કેમ પહેલાં બકરી ને હવે ૧૦ લાખ ?**

તમે લોકોએ જ્યારે મેં પહેલાં શેઠને બકરી અપાવેલી ત્યારે મોં બગાડેલા એ મેં જોએલું. તમને આંચકો લાગેલો કે ત્રણ લાખ રૂપિયા એકી કલમે કાઢી આપવાનો મહાન ઉપકાર કરનારને હવે નિર્ધનતામાં માત્ર ઘર અને બકરી જ દેવાની ? એમ તમને ચમકારો લાગ્યો હશે, પરંતુ તમને ખબર નથી કે મારે શેઠના ભાગ્યની કસોટી કરવી હતી કે એ કેવું છે, સબળું કે નબળું ? કેમકે ભાગ્ય નબળું હોય તો માત્ર બકરી જ નહિ, પણ પાંચ લાખ રૂપિયા પણ અપાવું તો તે ય ઊડી જવાના, એટલે

આપ્યું ન આપ્યા બરાબર થાય. તો એવા પાંચ લાખ વેડફી નાખવાનો શો અર્થ ?

'ત્યારે તમે જુઓ છો કે બકરી ૩-૪ માસમાં મરી ગઇ એ બતાવે છે કે શેઠનું ભાગ્ય એવું નબળું હતું કે બકરીના દૂધની આવક જેટલું ય ટકે નહિ. એમ ગાયમાં ય બન્યું એવા નબળા ભાગ્યમાં જો પાંચ લાખ આપ્યા હોત તો સમજો છો તે પણ સાફ થઇ જાત પરંતુ હવે ભેંસમાં એમ ન બન્યું, ઊલટું ભેંસ સારું દૂધ દેવા લાગી ને વધારામાં બીજી ભેંસનો વધારો થયો. એટલે એના દૂધની ય આવક વધી. આ પરથી શેઠનું ભાગ્ય ચડતું લાગ્યું તેથી હવે જો મોટી રકમ અપાય તો તે રકમ પણ વધતી જવાની.'

**સબળા ભાગ્યમાં સંપત્તિ વધે, નબળામાં ઘટે.**

**ભાગ્ય સમજીને વેપાર.**

દરબારે શું કર્યું શેઠના ભાગ્યની કસોટી કરી, ને ભાગ્ય સમજીને દેવાનું રાખ્યું, તો રકમ વેડફાઇ ગઇ નહિ. એમ સમજીને વેપાર.

આ પરથી બોધ લેવાનો છે કે જીવનમાં એક પછી બીજા પ્રસંગમાં, ને બીજા પછી ત્રીજા પ્રસંગમાં ભાગ્યની પડતી દેખાય, તો એમાં કામ કરતાં અટકી જવું. આમ ન કરનાર કેટલાય સટોરિયા ને કેટલાય વેપારી પાયમાલ થઇ ગયા. સમજ્યા જ નહિ કે,

એક સોદામાં ખોટ, બીજામાં ખોટ, ત્રીજામાં ખોટ, એ સૂચવે છે કે ભાગ્ય નબળું ચાલી રહ્યું છે. ઉપરા ઉપર ખોટ એ પડતા ભાગ્યની નિશાની છે. પહેલાં કમાઇ પર કમાઇ થયે જતી એ પુણ્યનો ઉદય હતો. હવે,

**ખોટ પર ખોટ એ પાપનો ચાલુ ઉદય છે. એમાં વેપાર ચાલુ રાખ્યે ખોટ જ આવે.**

નબળા ભાગ્યમાં સોદા કર્યે જવા, એ ખોટ જ આપે.

આ ન સમજ્યા, એટલે પહેલાના ચડતા ભાગ્યના ભરોસે રહી મોટા સોદામાં ઝંપલાવ્યું. પાપ ઉદયમાં આ પાયમાલ ન કરે તો બીજું શું કરે ?

ભાગ્યની કસોટી કરવી જોઇએ કે ભાગ્ય કઇ દિશામાં ચાલી રહ્યું છે ? ઉન્નતિની દિશામાં ? કે અવનતિની દિશામાં ?

દા.ત. એકવાર સોદો કર્યો, ગુમાવ્યું, બીજી વાર કર્યો, ગુમાવ્યું, ત્રીજી વારના સોદામાંય ખોટ ગઇ, આ પરથી શું સમજાય નહિ કે હમણાં ભાગ્ય અવનતિની





દિશામાં કામ કરી રહ્યું છે ? સમજીને તો એક વારની ખોટમાં સમજાઇ જાય છે કે અત્યાર સુધી કમાઇ ચાલતી હતી, ને હવે આ ખોટ આવી એ ભાગ્યની નબળાઇ સૂચવે છે. માટે હમણાં શાંતિથી બેસવા દે, ધંધો નથી કરવો.

કહે છે મારવાડી સટોડિયા ખરીદી કર્યા પછી તેજી ચાલી ભાવ વધતા ચાલ્યા, તો ખરીદી કરતા ગયા, પણ તરત નફો કરી લેવા વેચાણ ન કર્યું. પરંતુ જ્યાં ટકો બે ટકા પણ ભાવ ઘટ્યો ને જોયું કે 'હવે આ મંદીના પવન લાગે છે,' તો તરત બધા માલનું વેચાણ કરી નાખ્યું. દા.ત. ત્રીસના ભાવ વધતાં વધતાં પચાસે પહોંચ્યા ત્યાં સુધી ખરીદી, પરંતુ ભાવ પચાસના અડતાલીસ બોલ્યા કે બધું વેચાણ ! સરવાળે નફામાં એવું મંદીના વાયરામાં વેચાણ કરી કરી જ્યાં બે ટકા પણ તેજી દેખી કે વેચેલા બધા માલની ખરીદી કરી લઇ નફામાં રહ્યા. શું આ ? ભાગ્યનું પારખું.

**ભાગ્ય નબળું પડતું દેખાતાં એ ધંધો બંધ કરવો એ ભાગ્ય પરખીને પાયમાલીથી બચવાની બુદ્ધિમત્તા છે.**

**ભાગ્ય પરખવા ન રહે અને આંધળિયા કરે તો પાયમાલ થાય.**

પેલા કચ્છી દરબારે ઉપકારી શેઠ માટે આ જોયું કે 'શેઠનું ભાગ્ય કેવું છે પરખવા દે,' તેથી શેઠની નબળી સ્થિતિમાં પહેલાં બકરી આપી એમ કહેતા નહિ કે-

પ્ર.-તો પછી દરબારની જ્યારે નબળી સ્થિતિ શેઠે જોઇ, ત્યારે કેમ શેઠે દરબારના ભાગ્યનું પારખું કરવા ન રહેતાં કેમ એકી કલમે ત્રણ લાખ રૂપિયા દરબારને દઇ દીધા ?

ઉ.-કારણ આ છે, કે બંનેની નબળી સ્થિતિમાં તફાવત છે. શેઠને ભાગ્યની પડતી ક્રમશઃ ચાલલી, તેથી ધીમે ધીમે ગુમાવતા ગયેલા એટલે દરબારને જોવું હતું કે 'હજી પણ શેઠનું ભાગ્ય પડતું છે કે હવે ચડતું છે ?' માટે ભાગ્ય પરખવા બકરીથી શરુઆત કરેલી. ત્યારે,

**દરબારની નબળાઇમાં જુદી સ્થિતિ હતી માટે એક સાથે ૩ લાખ.**

એક સાલ દુકાળ પડ્યો, બીજી સાલ પડ્યો, ઉપરા ઉપર આવક થઇ નહિ ને દરબાર દેવામાં આવી ગયો ને રાજ્ય મૂકી ચિંથરેહાલ સ્થિતિમાં ભાગ્યો.

ત્યાં શેઠે જોયું કે 'હવે જો આને તરત ઊભો કરવામાં ન આવે, રાજ્ય ગાદી પાછી સંભાળી લે એવું ન કરાય, તો સંભવ છે બીજો કોઇ સંપન્ન માણસ રાજ્યગાદી બથાવી લે, તો પછી સ્નેહીઓ અને અમલદારો ભાયાતો વગેરેના પેટ ભરી દે,

એટલે સૌને વહાલો રાજા થઇ જાય. એ સ્થિતિમાં પછી આ દરબારને ગાદી મળવી મુશ્કેલ, તેથી પહેલી તકે આ કરવું જોઇએ કે જે કારણે રાજ્ય મુકી ભાગવું પડ્યું એ કારણને હટાવવું.' એટલા માટે શેઠે એકી કલમે ત્રણ લાખ દઇ દીધેલા ત્યાં ભાગ્ય પરખવાનો સવાલ ન હતો.

આમ દરબાર અને શેઠ બંનેની નબળી સ્થિતિમાં પરિસ્થિતિ જુદી જુદી હતી, તેથી બંનેએ સામ સામે કરેલ ઉપકારની જુદી જુદી પદ્ધતિ વાજબી હતી.

**પરિસ્થિતિને પરખ્યા વિના એકજ દંડે કામ હલાવે તો લાભ બાજુએ રહી જાય.**

બંનેની ઉપકાર પદ્ધતિમાં આ દેખાય છે શેઠે દરબારને થોડી થોડી સહાયતા વધારવાનું કર્યું હોત તો કોને ખબર એ ગાળામાં દરબારનું રાજ્ય બીજો બચાવી ગયો હોત ત્યારે દરબારે શેઠની નબળી સ્થિતિમાં જો એકી કલમે લાખો દઇ લીધા હોત તો શેઠની ચાલુ ભાગ્યની પડતીમાં એ બધા ગુમાવ્યા હોત, એટલે એવું કાંઇ નથી કે દરબારને શેઠના અવસરે ભાગ્ય પરખવાની બુદ્ધિ ન હોતી. શેઠમાં અક્કલ સારી હતી, માટે તો જોયું કે 'આ મારે એક મહાન સુકૃત કરવાનો અવસર છે એક સારા રાજાને જો ટકાવી લઉં તો એનેય ભારે સમાધિ મળે અને એવો રાજા સ્વસ્થ થવાથી પ્રજાનેય સારી શાંતિ રહે.'

**અવસરના મહાન સુકૃતના લાભ ઘણાં.**

આવાં સુકૃત કરતાં તમને આવડે ? ના, 'હું મારી ને મારા કુટુંબની સુખ-શાન્તિ સંભાળુ. બહાર હું ક્યાં બધે પહોંચુ ? પૈસા મહામહેનતે કમાયો છું, આ બાપાજીએ બહુ મહેનત કરી પૈસા કમાઇ મને દીધા છે, તે શું આમ જાતનું ભૂલી પારકાનું ભલું કરવામાં ઉડાડી નાખવાનાં ?' આવું બધું જ મનમાં બેઠું છે ને ? એટલે તો નજર સામે સાધર્મિક બહુ સીદાતા દેખાય છતાં એમાંના એક-બેનો પણ ઉદ્ધાર કરવાનું સૂઝતું નથી ! કેવી પાપાનુબંધી પુણ્યની દુર્દશા ! નહિતર, એવા સાધર્મિક-ઉદ્ધારમાં કઇ આખી કે અડધી મુડી ખલાસ થઇ જવાની હતી ?

**સમજતા નહિ, કે પૈસો પૈસાને કમાવે છે, ના, પુણ્ય પૈસાને કમાવે છે.**

પુણ્ય ઊતરી ગયા પછી પૈસાએ કરાવેલ મોટા વેપારોએ પૈસા ગુમાવરાવવાનું કર્યું ! ખરી રીતે પુણ્ય જ પૈસો કમાવરાવે. તેથી પૈસા દઇને સુકૃત કરતા રહ્યા ત્યાં સુકૃતોનાં પુણ્યે પૈસા પાછા વાળ્યાં. આજે આવા દાખલા છે.





પ્ર.- સુકૃત કરીને પુણ્ય ઊભાં તો થયાં પરંતુ એથી અહીં ધનનો લાભ થાય જ એવું થોડું જ છે ?

ઉ.- ભલેને ધનલાભ ન ય થયો, પરંતુ પુણ્યની મુડી તો વધેજ છે ને ? એ અહીં નહિ તો ભવાંતરે ફળવાની જ છે. પછી અધિરાઇ શા માટે કરવી કે અહીં ન ફળી તે શું કામનું ?

**સુકૃત કરો એટલે પુણ્ય વધે એ નિયમ છે.**

**જીવનમાં સુકૃત એ સાચી મૂડી છે-**

બીજી વાત એ છે કે સુકૃત પોતે એક મૂડી છે. સુકૃત કર્યે જાઓ, એટલે સુકૃતની મૂડી વધતી ચાલી. જીવનમાં સાચું ધન આ સુકૃત મૂડી છે. પૂછો-

પ્ર. સુકૃત દા.ત. કોઇ જિનભક્તિ, કોઇ દાન, કોઇ તપ, એ કર્યું એટલે તો એ સુકૃત કર્યા પછી નષ્ટ થઇ ગયું એ થોડું જ ઊભું રહે છે ? તો એ મૂડી રૂપે શી રીતે ગણાય ? મૂડી તો ઊભી રહેનારી હોય.

ઉ. વાત સાચી, પરંતુ અહીં દિલથી કરેલ સુકૃતના શુભ સંસ્કાર ઊભા થાય છે, ને એ ઊભા રહે છે. એટલે કહો કે-

**સુકૃત નષ્ટ થઇ સુસંસ્કારરૂપે ઊભા રહે છે,**

**સુકૃતના સુસંસ્કારો પરભવે ધન જેમ વધતું ચાલે છે તેમ તેમ આત્મામાં વધેલી સુકૃત-શક્તિથી સુકૃત સુલભ થઇ જાય છે.**

આવી સુકૃત શક્તિ સારી ઊભી થઇ હોય એટલે જ્યાં સુકૃતનો પ્રસંગ ઊભો થયો ત્યાં ઝટ એ શક્તિ એ સંસ્કાર આત્માને સુકૃત સુલભ કરી દે છે. જીવ સહેલાઇથી સુકૃત આચરે છે. જો આ સુકૃત શક્તિ ન હોય તો સુકૃત કરવા માટે મનને કેટલું ય મનાવવું પડે ! કેમકે મનને તો સરળતાથી દુષ્કૃત કરવું હોય, સુકૃત નહિ. એટલે ત્યાં મનને મારવું પડે, દબાવવું પડે, અને સુકૃત કરવાનું થાય.

દા.ત. જુઓ કોઇએ કાંક આપણું પ્રતિકૂળ કર્યું ત્યાં મનને સરળતાથી ગુસ્સો જ ઉપડી આવે છે ક્ષમા નહિ. કેમ આમ ? કહો હજી ક્ષમા-સુકૃતની એવી શક્તિ નથી ઊભી થઇ. પૂર્વ ભવોમાં જ્યાં ક્રોધનો મોકો આવ્યો ત્યાં ક્રોધ જ કર્યે ગયા છીએ, ક્ષમા રૂપી સુકૃત નહિ, તેથી અહીં ઝટપટ સહેલાઇથી ક્ષમા શી રીતે સ્ફુરે ?

**અહીં વારંવાર ક્ષમા આદરતાં ક્ષમા સુકૃતની શક્તિ વધે. તેથી પરભવે ક્ષમા સહેજે સુલભ થાય.**

વાત આ છે.

સુકૃતનો સંચય કર્યે જાઓ.

સુકૃતની મૂડી વધારતા ચાલો.

સુકૃત કરી એનું સંસ્કાર ધન વધારતા રહો.

સુકૃત-શક્તિ વધારતા રહો.

આ સુકૃત-શક્તિ એ બહુ મોટી ચીજ છે. માટે ખાસ ધ્યાન રાખવાનું છે કે બીજા વિપરીત વિચાર વિપરીત કલ્પના વગેરેથી આ સુકૃત-શક્તિ ક્ષીણ ન થઇ જાય. નહિતર.

**સુકૃત શક્તિ ક્ષીણ થયા પછી સારા અવસર ગમે તેટલા આવે, પણ સુકૃત કરવાનો ભાવ જ નહિ થાય.**

જુઓ મમ્મણ શેઠે પૂર્વ ભવે મુનિને બહુ હોંશ ઉલ્લાસથી દાન દીધેલું, અને એના ઉપર અનુમોદના કરતાં કરતાં જીવન ધન્ય ધન્ય માનેલું. તેથી અઢળક પુણ્ય ઊભું થવા સાથે સુકૃત સંસ્કાર અને સુકૃત-શક્તિ ઉત્પન્ન કરેલા. પરંતુ પછીથી વિપરીત કલ્પના આવી કે 'હાય ! ક્યાં મેં આવો સારો લાડુ દાનમાં દઇ દીધો ?' અને એ મર્યો ત્યાં સુધી એ દાનનિંદા ગઇ નહિ. પરિણામ ? સુકૃત-શક્તિ ક્ષય પામી ગઇ. અલબત પુણ્ય ઊભું હતું તેથી પછીના મમ્મણ શેઠના ભવે અઢળક ધન મળ્યું, રતનનો બળદિયો ઊભો કર્યો, પરંતુ સુકૃત-શક્તિ ક્ષીણ થઇ ગઇ હોવાથી મહાવીર ભગવાનના કાળમાં અને ધર્મી રાજગૃહી નગરીમાં જન્મેલો છતાં, ને બીજાઓનાં દાન, મહાદાન, જોવા મળવા છતાં, એને લેશ માત્ર સુકૃત-બુદ્ધિ થઇ નહિ, તે પરિણામ કેવું આવ્યું ? એ મરીને સાતમી નરકે ગયો. અત્યારે સાતમીમાં જ છે, ને એના સમુદ્ર જેટલા આયુષ્ય-કાળમાંથી હજી એક ટીપા જેટલો ય કાળ ખૂટ્યો નથી. શું સમજ્યા ?

**સુકૃત-શક્તિ વિપરીત કલ્પનાથી નષ્ટ થયે સુકૃત બુદ્ધિ ન થાય.**

**સુકૃત-બુદ્ધિ વિનાની લક્ષ્મી દુર્ગતિમાં તાણી જાય.**

પાપ-નિયાણું કરનારને શું થાય છે ? પહેલાં તો ધર્મ સારી રીતે કર્યો એટલે કે સુકૃત સારાં કર્યાં એનાથી સુકૃત સંસ્કાર યાને સુકૃત-શક્તિ ઊભી થઇ





ગઇ. પરંતુ પાછળથી 'મને આ ધર્મના પ્રતાપે દુન્યવી આ વસ્તુ મળો' એવું પાપ-નિયાણું કરવા જતાં એ વિપરીત કલ્પના ઊભી થઇ, અને એણે સુકૃત-શક્તિનો ક્ષય કરી નાખ્યો એટલે ભવાંતરે સુકૃતની સામગ્રી છતાં સુકૃતની લેશમાત્ર ભાવના ન થાય.

વિશ્વભૂતિ મહાવિરાગી મુનિ, હજાર વર્ષ તપ તપી કાયા ઓગાળી નાખી ! મહા સુકૃત-શક્તિ ઊભી થતી ગઇ ! પરંતુ એમણે છેવટે 'હું ભવાંતરે બળનો ધણી થાઉં' એવું પાપ-નિયાણું કર્યું, તો સુકૃત-શક્તિ નષ્ટ થઇ ગઇ. તે ભવાંતરે મહાબળવાન ત્રિપૃષ્ઠ વાસુદેવ તો થયા, પરંતુ સુકૃતની બુદ્ધિ જરાય થતી નથી ! તો પરિણામે સાતમી નરકે જવું પડ્યું.

આ બતાવે છે કે-

**સુકૃત કરવાની હોંશની જેમ સુકૃત અંગે મનમાં કોઇ વિપરીત કલ્પના ન આવી જાય એ તકેદારી પણ ખાસ રાખવાની.**

માનો ને સુકૃતમાં પૈસા ધાર્યા કરતાં વધુ ખરચાઇ ગયા, તો પછીથી 'હાય' ! ખરચ વધારે થઇ ગયો ! એવો સંતાપ નહિ કરવાનો. ખરચાયા એ ન ખરચાયા થવાના નથી, પછી સંતાપ શા સારુ કરવો ? ડહાપણ તો એ છે કે ખુશી અનુભવવી કે આમ તો હું વધારે પૈસાનું સુકૃત કરવાનો ન હોતો, પણ સારું થયું વધુ પૈસા સુકૃતમાં ગયા ! ભગવાનની કે ગુરુની ભક્તિમાં ગયા ! યા સાત ક્ષેત્રમાં ગયા ! નહિતર આ પૈસા તો રંગવિલાસ ને જીવોના આરંભ સમારંભમાં જઇ પરભવે મને મારનારા થવાના હતા.'

આમ સુકૃતની અનુમોદના-ખુશી અનુભવીએ એમાં શું બગડી જાય ? મન એથી ફોરું રહે.

**મન સુકૃતાનુમોદનથી ફોરું રહે, સુકૃત સંતાપથી ભારે થાય.**

વાત આ હતી કે આપત્તિના પ્રસંગથી ભાગ્યની ચકાસણી કરવી જોઇએ કે 'ભાગ્ય હવે કેવું ચાલી રહ્યું છે ? સારું કે નરસું ?' વેપારમાં એકવાર બેવાર ખોટ ચાલી તો સમજી જવું જોઇએ કે 'ભાગ્ય નબળું ચાલી રહ્યું છે માટે હવે એવો નવો વેપાર કરવો રહેવા દે.' ને પછી વેપાર ન કરે તો નવી ખોટથી બચી જાય.

**પ્રતિવાસુદેવ ચાલુ નબળા ભાગ્યને પરખી ચાલતો નથી.**

પેલો દમિતારિ-પ્રતિવાસુદેવ અનંતવીર્ય-વાસુદેવની સામે હારતો આવ્યો છે, તે ત્યાં સુધી કે એનું છેલ્લું શસ્ત્ર ચક્ર હવે વાસુદેવના હાથમાં જઇ પડ્યું છે. ને હવે વાસુદેવ કહે છે પણ ખરો, કે 'જા ભાઇ ! જા, સીધે સીધો ઘર ભેગો થઇ જા,

નહિતર આ જ ચક્રથી તારું માથું છેદાઇ જશે,' છતાં દમિતારિ હઠે ચડેલો પાછો વળવા તૈયાર નથી ને હજી પણ વિજય માટે એને લડવું છે !

વારંવારની હાર પછી ભાગ્યને પરખી લઇ પાછું ન વળવું હોય તો શું પરિણામ ? વિજય મળે ? કે મહાવિનાશના મુખમાં જવાનું થાય ?

વાસુદેવે ચક્ર છોડ્યું, પ્રતિવાસુદેવ એને હજી પોતાનું જ ચક્ર સમજી જેવું એ નજીક આવ્યું કે એને પકડી લેવા હાથ લંબાવે છે, પરંતુ ચક્રે સહેજ દિશા બદલી એકદમ જ પાછળ જઇ એના ગળાને છેદી પાછું વાસુદેવ પાસે ચાલી ગયું-હઠમાં શું પામ્યો દમિતારિ ? મહાવિનાશ.

**નબળા ભાગ્યને પરખ્યા વિનાની ચાલુ ચાલે ચાલવાની હઠ મહાવિનાશ લાવે.**

**આકાશવાણી વાસુદેવને શરણે જાઓ -**

દમિતારિનું ધડ ને ડોકું બંને જમીન પર જુદા પડી ગયા ! હજી પણ એની સેવામાં આવેલા આજ્ઞાંકિત વિદ્યાધર રાજાઓ વાસુદેવની સામે ઘુરકિયા કરતા હશે, ત્યાં આકાશવાણી થઇ 'હે વિદ્યાધર રાજાઓ ! આ અનંતવીર્ય હવે પછી આ પૃથ્વી પર અખંડ શાસનવાળા વિદ્યાધર સમ્રાટ થાય છે, માટે એમને શરણે જાઓ !

રાજાઓ તરત સમજી ગયા, અને અનંતવીર્યના ચરણે પડી માથું ઝુકાવી દઇ કહે છે-'અમારા ગુના માફ કરો. આજથી આપ અમારા શિરોમાન્ય આજ્ઞાકારી મહારાજા છો, અને અમે આપના શરણે આવીએ છીએ.'

પુણ્યના ખેલ જોવા જેવા છે. બે ભાઇ એકલ દોકલ નીકળેલા, તે હવે વિદ્યાધર સમ્રાટ વાસુદેવ થઇ પાછા ફરે છે !

**મહિમા પુણ્યનો એટલે કે પૂર્વભવના ધર્મ સેવનનો.**

દેવોએ ત્યાં અનંતવીર્ય પર પુષ્પ-વૃષ્ટિ કરી.

અપરાજિત અને અનંતીવીર્ય હવે એ વિદ્યાધર રાજાઓના કાફલા સાથે આગળ ચાલ્યા છે. એ રાજાઓ રસ્તામાં અનંતવીર્યનો જય જયકાર બોલાવી રહ્યા છે. દમિતારીની કન્યા કનકશ્રીએ તો અનંતવીર્યને પહેલેથી પતિ તરીકે સ્વીકારી લીધેલ છે, એમાં અનંતવીર્યનું આ પરાક્રમ એ જુએ ત્યાં એ એના પર ઓવારી જાય એમાં શી નવાઇ ?

**કનકશ્રીને વસવસો :-**





પરંતુ કનશ્રીના મનને એક વસવસો રહી ગયો કે 'અહો ! મારે કેવો કુટુંબ આખાયનો વિયોગ થયો ! ને મારા પિતાનું કેવું દુઃખદ મૃત્યુ થયું !' જો જો આ પ્રસંગમાં એને મનગમતો મોટો માંધાતા વાસુદેવ સમ્રાટ પતિ તરીકે મળી ગયો છે, અને એના બાપે હઠે ચડી અનંતવીર્યને ખત્મ કરવા ધાંધલ કરેલી યાવત્ છેલ્લે છેલ્લે એનું ગળુ. છેદી નાંખવા ચક્ર છોડેલું, એટલે સહેજે 'હેં ? મારા પતિને મારી નાખવાનો પેંતરો ?' એમ બાપ પર કન્યાને નફરત થાય, બાપ પર લાગણી વસવસો ન થાય, પરંતુ કનકશ્રી પૂર્વ ભવની ધર્મ-સાધના લઇને આવેલી છે તેથી એનું દિલ ઉમદા છે, ક્ષુદ્ર નથી, અધમ નથી, દ્વેષની ગાંઠ બાંધનારું નથી, તેથી એને વસવસો થાય છે કે 'અરેરે ! મારા બાપુ બિચારા આમ કપાઇ ગયા ?' આ પરથી ધડો લો.

**મહાન બનવું છે ? તો જીવનમાં પ્રસંગો બનતાં દિલ ક્ષુદ્ર નહિ, પણ ઉમદા રાખો, ઉમદા વિચારસરણી રાખો, એ માટે દ્વેષની ગાંઠ ન બાંધી રાખો.**

**ઉમદા દિલ દ્વેષની ગાંઠ ન બાંધે.**

કનકશ્રીએ આ ઉમદા દિલ રાખ્યું છે, તો જોજો આગળ એને એ કેવી મહાન બનાવે છે ! નહિતર એના બાપે તો એનું મનગમતું ઊંધું વળે એવા કેટલા ધમપછાડા કર્યા છે ? તો શું બાપ પ્રત્યે દ્વેષની ગાંઠ ન બંધાઇ જાય ? પણ ના, ઉમદા દિલને દ્વેષની ગાંઠ બાંધતા ન આવડે. એટલે મોકો આવતાં દ્વેષ સહેજે છૂટી જાય.

ધર્મ સાધવો છે તો આ ઉમદા દિલની ખાસ જરૂર છે, કેમકે ધર્મબિન્દુ શાસ્ત્રે ધર્મની વ્યાખ્યામાં મૈત્રી આદિ ભાવની આવશ્યકતા કહી છે. કહ્યું છે-

**ધર્મ શું ?**

**સર્વજ્ઞ વચનના અનુસારે કરાતું અને મૈત્રી આદિ ભાવોવાળું અનુષ્ઠાન એ ધર્મ.**

ધર્મના સ્વરૂપમાં કેમ મૈત્રી આદિ ભાવ ઘાલ્યા ? સર્વજ્ઞ વચનના અનુસારે દાનાદિ અનુષ્ઠાન કરે પછી બીજું શું જોઇએ ? પરંતુ જ્ઞાનીઓએ દેખ્યું છે કે દિલમાં મૈત્રી આદિ ભાવ ન હોય અને વૈર દ્વેષ, ઇર્ષ્યા, દુઃખી પ્રત્યે કઠોરતા અને પરસંતાપ વગેરે ઉકળાટ હોય એવા દિલમાં ધર્મ સ્થાન ન પામી શકે.

**ધર્મનો ભાવ તો અલબેલો છે, દિલને એ દિલાવર બનાવી દે.**

**પરંતુ ત્યાં બાધક દ્વેષાદિના ઉકળાટ હોય એ દિલને શાનું દિલાવર**

બનવા દે ?

**દિલાવર દિલ દ્વેષાદિની ગાંઠવાળું ન હોય.**

જો જો જીવનમાં કોક એવું પાપ કરી નાંખ્યું, પછી એની ગુરુ આગળ આલોચના પ્રાયશ્ચિત્ત કેમ કરાય એવી શરમ લાગી, ને એ ન કર્યું, તો દિલમાં એ પાપનું શલ્ય રહી ગયું. એ અભિમાનની ગાંઠ છે. એ દિલને દિલાવર ન બનવા દે.

દિલ ઉમદા દિલાવર ન રાખે ને દ્વેષ અભિમાનની ગાંઠ બાંધી રાખે તો એ શું બહુ ખાટી જાય છે ? બહારમાં માન હોય તો એ તો એનું એ ઊભું રહે છે, માત્ર ગુરુ આગળ માન મૂકી દેવાનું છે, ને પોતાનું પાપ કહી દેવાનું છે. પાપની આલોચના કરી પ્રાયશ્ચિત્ત લેવાનું છે. ત્યાં કેમ સંકોચ થાય છે ? કેમ દિલમાં પાપનું શલ્ય રાખી મૂકાય છે ? કહો, દિલ દિલાવર નથી, ઉમદા નથી, એ માટે જોઇતી સૌમ્યતા નથી, ઉકળાટ છે.

**સૌમ્ય દિલ જ દિલાવર બની શકે.**

દિલ સૌમ્ય નહિ પણ ઊકળતું હોય ત્યાં ક્ષુદ્રતા આવે છે, ત્યાં ધર્મ ન જામે.

આટલા જ માટે કે દિલમાં મૈત્રી-પ્રમોદ આદિ ભાવ ન હોય ને વૈર-દ્વેષ-ઇર્ષ્યા વગેરે ભાવો હોય, તો એ ઉકળાટ છે. દિલમાં ઉકળાટ હોય તો ત્યાં ધર્મનું સ્વરૂપ ન જામે.

માટે પ્રભુને સ્તવતાં પહેલું વિશેષણ 'અભયદયાણં' મૂક્યું-પ્રભુ અભયદાતા છે, ને 'અભય' એટલે 'ચિત્ત સ્વાસ્થ્ય' કહ્યું, અર્થાત્ ચિત્તની સ્વસ્થતા શાંતતા પ્રભુ પહેલી આપે છે, પછી ચક્ષુમાર્ગ શરણબોધી અને ધર્મ આપે છે.

**ધર્મ તો જીવનમાં અંશે ય શાંતતા શીતળતા સૌમ્યતા લાવનારો છે.**

ઉકળાટ હોય ત્યાં એ શી રીતે આવે ? માટે ઉકળાટ શાંત કરવો પડે. એ શાંત કરવા માટે દિલમાં દ્વેષની ગાંઠ ન વાળી રખાય. કદાચ ક્યારેક કોઇના પ્રત્યે કોઇ કારણથી દ્વેષ-અરુચી જાગ્યા હોય તો ય એની ગાંઠ બાંધી ન રખાય તો જ અવસર આવ્યે એના પ્રત્યે મૈત્રી-સ્નેહભાવ, એના ગુણ પ્રત્યે પ્રમોદ ભાવ એનાં દુઃખ પ્રત્યે કરુણાભાવ, ને એના દોષો પ્રત્યે ઉપેક્ષાભાવ આવી શકે. માટે જ આના સારુ દિલ ઉમદા રાખવું જોઇએ, દિલાવર રાખવું જોઇએ.

દિલાવરતા આ, કે દ્વેષ વગેરેની ગાંઠ નહિ.

કનકશ્રીએ પૂર્વ જનમમાં ધર્મની શુદ્ધ આરાધના કરી છે એટલે અહીં દિલ





દિલાવર લઇ આવી છે, તેથી એના પિતાએ એની વિરુદ્ધમાં ભારે ધમપછાડા કરેલા ને એથી એને પિતા પ્રત્યે દિલમાં અરુચિ દ્વેષ થયો હશે, છતાં હવે એ જ્યારે પોતાની હઠમાં ચક્રથી કપાઇ મર્યો છે, પછી હવે એના પ્રત્યે કરુણા આવી જાય છે કે 'બિચારાને અંતે કપાઇ મરવાનું થયું !' આનો કેવો પડઘો પડે છે એ જુઓ.

**અનંતવીર્યને તીર્થ મળે છે**

અનંતવીર્ય આજ્ઞાંકિત વિદ્યાધર રાજાઓની ફોજ મોટાભાઇ અપરાજિત અને કનકશ્રી કન્યા સાથે આકાશમાં જતાં વચમાં તીર્થ આવ્યું તો વિદ્યાધરોએ ઉપયોગ આપ્યો કે 'નીચે તીર્થ છે.'

**'તીર્થને યાત્રા કર્યા વિના ઓળંગીને ન જવાય.'**

મોટા વિદ્યાધર રાજાઓ સંસાર-વાસમાં છે, પરંતુ એમને દેવાધિદેવની ભક્તિ અને એમના પ્રત્યે ઔચિત્ય ચૂકતા નથી, દિલમાં વસેલો ભક્તિભાવને નિષ્ફળ જવા દેતા નથી. રાજા અનંતવીર્યનો વાસુદેવ તરીકે રાજ્યાભિષેક કરવા સાથે ચાલ્યા છે, પરંતુ તેથી શું એની એવી ઉતાવળ હોય કે દેવાધિદેવની પ્રત્યેની ભક્તિ ઔચિત્યનાં કાર્યને વિસારીને પેલું કાર્ય કરવા દોડવાનું ? ના, 'આપણે તો ભાઇ ! સંસારમાં એટલે સંસારના કામ કરતાં વચમાં ભક્તિ-ઔચિત્યને ક્યાં બજાવવા રહેવાય ?' કારણ ? એમના દિલમાં ભક્તિ-આચિત્યનું સ્થાન ઊંચું હતું અને સાંસારિક પ્રવૃત્તિનું સ્થાન નીચું હતું એનું નામ ધર્મપ્રેમ.

**ધર્મપ્રેમનું લક્ષણ આ, દિલમાં ધર્મનું સ્થાન (મહત્ત્વ) ઊંચું, ને દુનિયાદારીનું સ્થાન (મહત્ત્વ) નીચું, જેવી અવસર પર દુનિયાદારી બાજુએ રાખી ધર્મ આગળ કરાય.**

વિદ્યાધરોના ઉપયોગ આપવા પર, અનંતવીર્ય વગેરે નીચે ઉતર્યા અલબત અનંતવીર્યને પણ (૧) વાસુદેવપણાનો રાજ્યાભિષેક, અને (૨) અતિ રૂપાળી ગુણિયલ અને મોટા પ્રતિવાસુદેવની કન્યા કનકશ્રી સાથે લગ્ન-આ બે દુન્યવી મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ઉતાવળ છે, પરંતુ એને દેવાધિદેવ પ્રત્યેનો ભક્તિભાવ અને વચમાં આવતું તીર્થ લંઘવું નહિ એ ઔચિત્ય, દિલમાં રહેલા છે તેથી એ તીર્થદર્શન માટે નીચે ઉતરે છે. એ ઉતરે છે એટલે સાથે બધી ફોજ નીચે આવે છે.

**જંગલમાં કેવળજ્ઞાની**

નીચે ઉતરી તીર્થમાં દેવાધિદેવનાં દર્શન વંદન સ્તુતિ કરી પછી ત્યાં પર્વત આસપાસ કુદરતનું સૌંદર્ય જોઇ જરા ત્યાં લટાર મારવા નીકળ્યા. ત્યાં કેવળજ્ઞાની ભગવાનને ધર્મ-દેશના આપતા જોયા એટલે અહીં પણ અંતરના ધર્મપ્રેમે મહર્ષિને વંદન કરી દેશના સાંભળવા બેસી ગયા. અહીં હવે ચમત્કારિક ઘટના જેવું બને છે.

**આ કેવળજ્ઞાની કોણ છે ?**

દમિતારીના પિતાએ ચારિત્ર લીધેલું તે જ અશ્વઘોષ મહામુનિ છે, ને એમણે તપમાં આગળ વધતાં બાર મહિનાના સળંગ ઉપવાસ કરેલા, તે એ સાધનાના બળ પર ધર્મધ્યાનની તન્મયતામાં આગળ વધતાં શુક્લધ્યાનની ધારાએ ચડ્યા, અને ક્ષપકશ્રેણિ દ્વારા જ્ઞાનાવરણીય આદિ ઘનઘાતી કર્મોનો સર્વથા નાશ કરી કેવળજ્ઞાન પામ્યા છે.

**કેવળજ્ઞાનીની ઓળખ કરવા જેવી છે.**

કેવળજ્ઞાની ભગવાન જનરલ સર્વ સામાન્ય ઉપદેશ વગર પૂછ્યે આપે, પણ વ્યક્તિગત વાત હોય ત્યાં પ્રશ્ન સામો પૂછે તો જ બોલે. જાણતા તો બધું જ હોય છે, પરંતુ બોલવાનું તો પોતાના જ્ઞાનમાં જરૂરી લાગે તો જ અને ઠીક લાગે તે જ બોલે.

મરીચિ ઋષભદેવ ભગવાન પાસે ચારિત્ર માગે છે, પ્રભુ જાણે છે કે 'આ ચારિત્ર લઇને પાછળથી પતિત થનાર છે.' છતાં મરીચિએ ય ત્યાં ચારિત્ર લેતા પુછ્યું નહિ કે 'ભગવંત ! હું ચારિત્ર બરાબર પાળી શકીશ કે નહિ ? તેમ પ્રભુએ કહ્યું પણ નહિ કે 'તું ચારિત્રથી ભ્રષ્ટ થશે. પ્રભુ એ બોલ્યા પણ નહિ, અને ચારિત્ર ન આપ્યું એમ પણ નહિ. મરીચિને ચારિત્ર આપ્યું. અહીં એક પ્રશ્ન થાય.

**જ્ઞાની જીવનું પતન જાણવા છતાં ચારિત્ર આપે એનાં ૨ કારણઃ**

પ્ર.-મરીચિ ચારિત્ર લીધા બાદ કેટલાક વખત પછી ચારિત્ર મૂકી દઇ પરિવ્રાજક થાય છે, ને એમાં આગળ જઇને ઉત્સૂત્ર ભાષણ કરી એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સંસાર વધારી મૂકે છે, તો ભવિષ્યમાં ચારિત્ર પછી આવું બનવાનું જાણવા છતાં પ્રભુએ કેમ ચારિત્ર આપ્યું ?

ઉ.-આનો મુખ્ય જવાબ આ છે કે કેવળજ્ઞાની પોતાના જ્ઞાનમાં યોગ્ય લાગે તે કરતા હોય છે. ત્યાં પ્રશ્ન ન થાય કે આમ કેમ કર્યું ? ને આમ કેમ ન કર્યું ? સર્વજ્ઞાની અનંતજ્ઞાન મૂલક પ્રવૃત્તિને અજ્ઞાની આપણે શું સમજીએ ? અનંતજ્ઞાની છે, જ્ઞાનમાં ઠીક લાગે તે કરનારા હોય છે. મુખ્ય જવાબ આ.





અને ગૌણ જવાબ એ, કે 'પ્રભુએ જોયું હોય કે આ જીવનું આમ જ કલ્યાણ થવાનું છે તેથી એમ કરે એ સહજ છે. દા.ત. મરીચિ ઉત્સૂત્ર-ભાષણ કરી સંસાર વધારવાનો ખરો, પરંતુ પહેલાં એને જે માત્ર સમવસરણ-દર્શનથી વૈરાગ્ય થઇ ગયો અને હવે ડાળ પાંખળા તુલ્ય દુન્યવી ઋદ્ધિ-સમૃદ્ધિને લાત મારી મૂળતુલ્ય ચારિત્ર-ધર્મ લેવા તૈયાર થાય છે, તો એ ચારિત્ર લેતાં એને જે જોમભર્યા ને જોસભર્યા શુભ ભાવની સ્પર્શના થાય એ ચારિત્ર લેતાં અટકવામાં ન થાય. ચારિત્ર-ગ્રહણ એકવાર તો જીવને ધર્મકલ્યાણ દેનારું હોય છે. એનું આત્મામાં પડેલું બીજ પતન પછી આગળ પર જીવને ઊંચે લાવનારું બનવાનું.' એવું જ્ઞાની જોતા હોય એટલે અત્યારે ચારિત્ર આપે' એમ પણ વિચારી શકાય ને ?

માટે તો જુઓ, ભગવાન મહાવીર પ્રભુએ ગણધર ગૌતમ મહારાજને એકવાર ખેડુતને પ્રતિબોધ કરવા જવાનું કહ્યું. ગૌતમ મહારાજ ગયા ને ખેડુતને પ્રતિબોધ કરી સાધુ બનાવી દઇને લઇ આવ્યા, પરંતુ ખેડુતમુનિ સમવસરણ પાસે આવી પ્રભુને જોતો જ પ્રભુના જીવ પ્રત્યે પૂર્વના અભાવના સંસ્કારથી પ્રભુ પ્રત્યે અભાવ અરુચિ કરી ચારિત્ર મૂકીને ભાગ્યો. એથી ખિન્ન થયેલા ગૌતમ મહારાજને પ્રભુ કહે છે. ''ગૌતમ ! ખેદ ન કરશો. ખેડૂત પામી ગયો,''

પ્ર.-શું ચારિત્ર ભંગ કરી નાઠો એમાં પામ્યો, કે ચારિત્રમાં આવ્યો જ ન હોત તો પામ્યો ?

ઉ. - કહો, ચારિત્ર સુધી આવ્યો જ ન હોત અને ખેતર ખેડતો એટલે કે સંસાર ચલાવતો બેઠો હોત તો તો કશું કલ્યાણ પામતો નથી. એ તો એક વાર ઉત્કટ વૈરાગ્ય જગાડી ચારિત્ર લેવા સુધી શુભ ભાવમાં ચડ્યો, તો જ કલ્યાણ પામ્યો ગણાય. એ એને બીજ રૂપે રહી ભવિષ્યમાં ધર્મમાં લાવનાર બનશે, એ જોઇને જ પ્રભુ કહે છે 'ગૌતમ ! ખેડુત પામી ગયો, ખેદ ન કરશો.'

**જ્ઞાનીની પ્રવૃત્તિ જુદી આપણી જુદી**

પરંતુ આ તો અનંતજ્ઞાનીની વાત કે ખેડુત ચારિત્ર લીધા પછી પડવાનો છે એવું જ્ઞાનમાં જોવા છતાં એને ચારિત્રમાં લાવવાનું ગૌતમ સ્વામીને કહે છે, પણ આપણે પ્રભુનું અનુકરણ ન થાય. એટલા જ માટે સામો ચારિત્ર લઇને પાળવાનો નથી એવું જ્યાં જણાય ત્યાં પ્રભુનો દાખલો લઇ સામાને ચારિત્ર અપાય નહિ. માટે તો

**આપણે ચારિત્ર આપતા પહેલાં સામાની યોગ્યતા જોવાની છે.**

યોગ્ય લાગે કે આ ચારિત્ર લઇને પાળવાનો છે તો જ એને ચારિત્ર અપાય. ત્યાં એમ ન વિચાર કરાય કે 'ભલેને આ ચારિત્રથી પતિત થવા જેવો લાગતો હોય છતાં એને ચારિત્ર આપો ને, એ એકવાર પામી તો જશે ?' આવું આંધળિયું આપણાથી ન કરાય.

**તીર્થંકર ભગવાનનો રાહ જુદો, ને આપણો રાહ જુદો. એમની જ્ઞાન-મૂલક પ્રવૃત્તિ, આપણી આજ્ઞા-મૂલક પ્રવૃત્તિ.**

એ જ્ઞાનમાં જુએ તે પ્રમાણે કરે, ત્યારે આપણે તો એમની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરવાની. તો પ્રભુની આજ્ઞા છે કે 'અયોગ્યને ધર્મ ન દેવાય.' ત્યાં દલીલ ન કરાય કે 'દો ને ? એકવાર ધર્મમાં આવેલો પામી તો જશે ?' ના, ત્યાં તો જ્ઞાનીની આજ્ઞા જોવાની. આજ્ઞા આ છે કે અયોગ્ય લાગે એને ધર્મ ન દેવાય' કેમ કે

જેમ કાચા ઘડામાં નાખેલું પાણી ઘડાને મજબુત નથી કરતું, પરંતુ નષ્ટ કરી દે છે, ઘડાની કાચી માટી પાણીથી પિગળી જાય છે, ઘડો ખલાસ થાય છે, એવી રીતે અયોગ્ય જીવને આપેલા ધર્મથી એનું કલ્યાણ નથી થતું. ઊલટુ એ લઇને પછી એ વધુ ઉન્માદી બને છે, ને ધર્મનો ને પોતાનો વિનાશ સરજે છે.

પ્રભુની આ આજ્ઞા છે. તેથી આપણે ધર્મ દેતા પહેલાં જોવાનું કે આ જીવ ધર્મ માટે યોગ્ય છે ને ? અયોગ્ય નથી ને ?' અયોગ્ય લાગે તો એને ધર્મ નહિ દેવાનો.

આ આપણો રાહ કે 'જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે આપણે વર્તવાનું' ત્યારે અનંતજ્ઞાનીનો રાહ એ-કે જ્ઞાનમાં દેખાયા પ્રમાણે પ્રવર્તે.'

અનંતજ્ઞાની અને આપણી વચ્ચે આ ભેદ હોવાથી જ આપણાથી એ ચાળો ન કરાય કે ગમે તેવાને ધર્મ દઇ દો ને ? જ્ઞાનીના જ્ઞાનમાં બનવાનું લખ્યું હશે તે પ્રમાણે બનશે' સારાંશ

**પાપ ત્યાગ અને ધર્મ માટે ભાવી ભાવ પર નહિ છોડવાનું, કિન્તુ આજ્ઞા પ્રમાણે સમ્યક્ પુરુષાર્થ કરવાનો.**

જ્ઞાનીની આજ્ઞા આ છે કે 'ધર્મની બાબતમાં ભાવીભાવ ભવિતવ્યતા પર ન છોડો કે બનવાનું હશે તે બનશે. ''કિન્તુ સત્પુરુષાર્થ કરવાનો.''

એક વાત સમજી રાખવાની છે કે સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માએ જ્યારે કહ્યું કે 'આમ કરો, ને આમ ન કરો, દાનાદિ ધર્મ આરાધો હિંસાદી કષાયાદિ પાપ છોડો.' તો એ શું બતાવ્યું ? એ જ ને કે એમ કરવા-છોડવાનો પુરુષાર્થ કરો ?





ભવિતવ્યતા પર આધાર રાખવાનો હોત કે 'જે કાળે જે બનવાનું તે બનવાનું જ છે,' તો તો પુરુષાર્થની આજ્ઞા શા સારુ કરત ? ધર્મપુરુષાર્થ કરવા આગળ આવ્યા એમને ભગવાને કેમ રોક્યા નહિ કે 'ઊભા રહો ભાવી બનવાનું તે બનવાનું જ છે, તમારો પુરુષાર્થ નકામો છે, માટે રહેવા દો પુરુષાર્થ કરવો,' આમ પ્રભુએ કેમ પુરુષાર્થ કરતા અટકાવ્યા નહિ ? ઊલટું.

**પ્રભુએ પુરુષાર્થહીન બનતાને પુરુષાર્થ માટે કેમ પ્રેર્યા ?**

મેઘકુમાર મુનિ પડતા હતા, ચારિત્રનો પુરુષાર્થ મૂકી દેવા જતા હતા, એમને શ્રી મહાવીર ભગવાને પ્રેરણા કરી 'અરે ! મેઘકુમાર ! રાતના આ શું દુર્ધ્યાન કર્યું ? પૂર્વ ભવે સસલાની દયા ખાતર અઢી દિવસ પગ ઊંચો રાખી પ્રાણ છુટવા સુધી પહોંચ્યો, છતાં એ તિર્યંચના અવતારે પણ દુર્ધ્યાન ન કર્યું કે 'હાય ! ક્યાં આ દયા કરી ને ભયંકર ભૂખ તરસ ને મોતની પીડા આવી ?' અજ્ઞાન અબુઝ હાથીના ભવે તેં આ દુર્ધ્યાન ન કર્યું, તો જ અહીં આ માનવ ભવ પામ્યો. ત્યારે અહીં બુદ્ધિયુક્ત આ મનુષ્ય જન્મે શું આ વિચારી રહ્યો છો કે હાય ! ક્યાં મેં સંયમ લીધું ને મુનિઓની પગની ધૂળ સહન કરવાની આવી !'

પશુ-અવતારે સુકૃત પાછળના કષ્ટ પર આકુળ વ્યાકુળ નહિ, ને ટુંકા માનવ અવતારે આકુળ વ્યાકુળ ? ત્યાં મરણાન્ત કષ્ટ આવ્યું છતાં હાયકારો નહિ, ને અહીં સામાન્ય રજ-સ્પર્શના દુઃખે હાયકારો ? ત્યાં એક ક્ષુદ્રપશુ અંગેના કષ્ટ પર કકળાટ નહિ, ને અહીં સંયમમી મુનિઓ અંગેના કષ્ટ પર કકળાટ ?'

પ્રભુએ આમ સાવધાન કરી સંયમના પુરુષાર્થને પકડી રાખવાની પ્રેરણા કેમ કરી ? કેમ પ્રભુએ ભવિતવ્યતા પર ન છોડયું કે 'હશે જીવનું જેમ થવાનું હશે એમ થશે ?' કહો,

**ધર્મની બાબતમાં ભવિતવ્યતાને આગળ કરી હાથ જોડીને બેસી ન રહેવાય, પરંતુ પુરુષાર્થનું મહત્ત્વ સમજી ધર્મ પુરુષાર્થ જ કરવો જોઇએ.**

વાત આ છે-જ્ઞાનીઓનો રાહ પોતાના જ્ઞાનમાં દેખે તે પ્રમાણે કરવાનો, ને આપણો રાહ શાસ્ત્રની જે આજ્ઞા હોય તે પ્રમાણે કરવાનો, એટલે કેવળજ્ઞાનીઓની પ્રવૃત્તિ એમના અનંતજ્ઞાન પ્રમાણે હોવાથી એના પર અજ્ઞાની એવા આપણાથી પ્રશ્ન ન કરાય કે 'એમણે આમ કેમ કર્યું, ને આમ કેમ ન કર્યું ?' ને કદાચ આપણને પ્રશ્ન ઉઠે તો એનું આ જ સમાધાન કરી લેવું જોઇએ કે 'એ અનંતજ્ઞાની છે એટલે

જ્ઞાનમાં યોગ્ય દેખ્યું તે પ્રમાણે એમણે કર્યું.' અલબત જ્ઞાનીની પ્રવૃત્તિ સામાને અહિતકર ન હોય એટલે મરીચિનું પતન અને એની પછી સંન્યાસી વેશે ઉત્સૂત્ર ભાષણ જ્ઞાની ઋષભદેવ ભગવાને પહેલેથી જોવા છતાં મરીચિને જે ચારિત્ર આપ્યું, એ મરીચિને હિતકર જ પ્રવૃત્તિ માનવી રહી.

વાત આ હતી કેવળજ્ઞાનીની પ્રવૃત્તિની બલિહારી છે. માટે તો કવિ કહે છે.

**'જગપતિ ! તું પ્રભુ અગમ અપાર, સમજ્યો ન જાયે મુજ સારીખે.'**

જમાલિએ ઉત્સૂત્ર-ભાષણ કર્યું, ગૌતમસ્વામીજી એને સમજાવવા પ્રયત્ન કરે છે. ભગવાન મહાવીર પ્રભુ જુએ છે કે આ સમજાવ્યો સમજવાનો નથી, છતાં ગૌતમસ્વામીને પ્રભુ રોકતા નથી કે 'વ્યર્થ મહેનત ન કરો, એ સમજવાનો નથી ! પ્રભુએ કેમ એમને રોક્યા નહિ ?

એમ, જમાલિને દીક્ષા આપતી વખતે પ્રભુ જુએ છે કે 'આ સાધુ થઇને આગળ ઉત્સૂત્ર ભાષણ કરી સંસાર વધારવાનો છે,' છતાં પ્રભુએ એ જમાલિને દીક્ષા કેમ આપી ?

એમ, પ્રભુ તો પહેલેથી જાણે છે કે 'દેવશર્મા બ્રાહ્મણ બુઝવાનો નથી' છતાં ગૌતમસ્વામીજીને એને પ્રતિબોધ કરવા મોકલે છે. કેમ પથરાને બુઝવવા મોકલવાનું ? જ્ઞાનીની વાતો અગમ્ય છે. કેમકે એ એમના અનંતજ્ઞાનની રૂએ છે, આપણે અનંતજ્ઞાન વિનાના એ શું સમજી શકીએ ?

### કનકશ્રીનો કેવળજ્ઞાનીને પ્રશ્ન

બળદેવ અપરાજિત અને વાસુદેવ અનંતવીર્ય તથા પ્રતિવાસુદેવની કન્યા કનકશ્રી અને વિદ્યાધર રાજાઓ કેવળજ્ઞાનીની સભામાં જઇ વંદન કરીને બેઠા દેશના સાંભળે છે. એમાં કનકશ્રી જ્ઞાનીને પ્રશ્ન પૂછે છે-

'ભગવંત ! એવું તે મેં પૂર્વે શું પાપ કરેલું કે મારે અહીં કુટુંબીઓનો વિયોગ પડ્યો, ને મારા પિતાને મારા નિમિત્તે આ રીતે નજર સામે કપાઇ મરતા જોવાનો અવસર આવ્યો ?'

કેવળજ્ઞાની કહે છે-'તેં પૂર્વે ભવે ધર્મનાં ફળમાં સંદેહ કરેલો એ પાપે બંધાયેલ કર્મથી તારે આ આપત્તિ આવી.'

'પ્રભુ ! પૂર્વ ભવે શી રીતે આ પાપ કરવાનું આવ્યું ?' કેવળજ્ઞાની કહે છે- 'તારો પૂર્વ ભવ સાંભળ.'





### કનકશ્રીનો પૂર્વ ભવ

પૂર્વ ભવમાં તું દુર્ગતા નામની બ્રાહ્મણી હતી. એટલી બધી ગરીબ હતી કે લોકોના વાસણ માંજવા, પાણી ભરવા વગેરે મજૂરી કરે એમાંથી રોટલો માંડ કાઢે. આ સ્થિતિમાં એકવાર એવું બન્યું કે એ નગરની બહાર ગયેલી, ત્યાં મુનિને દેશના આપતા જોયા. પોતે મુનિની ધર્મવાણીથી જરા આકર્ષાઇ, એટલે દેશના બાદ મુનિની પાસે જઇ હાથ જોડીને પ્રાર્થના કરે છે.

શાની પ્રાર્થના !

'મહારાજ ! હું અત્યન્ત ગરીબ છું, તમારે ભક્ત અનેક છે મને કાંઇક અપાવો.' શું એવી પૈસાની પ્રાર્થના ?

ના, મુનિની દેશનામાંથી સમજી છે કે,

**માનવ જીવનનો સાર ધર્મ છે, પૈસા કે રોટલાપાણી નહિ,**

**પૈસા ને રોટલા પાણી તો પૂર્વના ભાગ્યના અનુસારે મળે છે એ માટે કાંઇ પુરુષાર્થ શક્તિ વેડફી ન નખાય.**

કારણ કે પૈસા અને રોટલા પાછળ પુરુષાર્થ લગાડ્યો તો ખરો, પરંતુ ભાગ્ય જ મુખ્ય ભાગ ભજવવાનું છે.

**પુરુષાર્થ-શક્તિનો ઉપયોગ તો ત્યાં કરાય કે જ્યાં પુરુષાર્થ મુખ્ય પણે ભાગ ભજવે.**

દુન્યવી બાબતોમાં પુરુષાર્થ તો ગૌણ પણે કામ કરે, અંતે તો ભાગ્યાનુસાર જ નીવડવાનું એટલે આમાં પુરુષાર્થ મુખ્યપણે ભાગ ભજવનાર ન કહેવાય, જ્યારે ધર્મ જ એવી ચીજ છે કે એમાં લગાવેલી પુરુષાર્થ શક્તિ સારી ફળીભૂત થાય. પાપનો પુરુષાર્થ પાપ વધારે ધર્મનો પુરુષાર્થ ધર્મ વધારે.

### ધર્મ પુરુષાર્થનાં બે ફળ

(૧) એક પાપક્ષય સાથે પુણ્યોપાર્જન, અને

(૨) અંતરમાં ધર્મભાવનું સર્જન અને વૃદ્ધિ.

મુનિરાજે દેશનામાં આ સમજાવ્યું છે કે 'માનવ જીવનનો સાર ધર્મ, માટે પુરુષાર્થ ધર્મમાં જ લગાવવા જોઇએ, તેથી સારની કમાઇ થાય.

**પૈસાની કમાઇ ભાગ્યાધીન છે, પણ ધર્મની કમાઇ પુરુષાર્થને આધીન છે.**

માટે ગરીબ બ્રાહ્મણી પૈસાની પ્રાર્થના નથી કરતી, પરંતુ ધર્મની પ્રાર્થના કરે છે. એ મુનિરાજને કહે છે.

'પ્રભુ ! હું અત્યન્ત ગરીબ છું, એક પૈસાનો ય ધર્મ કરી શકતી નથી. તો મારું કલ્યાણ શી રીતે થશે ? મને બીજું કાંઇ બતાવો.'

મુનિ કહે છે 'તું ધર્મ ચક્રવાલ તપ કર' એમ કહીને એની આટલા આટલા ઉપવાસ જિનભક્તિ વગેરે વિધિ બતાવી.

ગરીબ બ્રાહ્મણી સાંભળીને રાજીની રેડ થઇ ગઇ. મુનિનો ઉપકાર માને છે પ્રભુ ! આપે મારા જેવી પર મહાન દયા કરી, ને ખરેખર ! સંત મહાત્મા વિના આ દયા કોણ કરે ? આપનો ખૂબખૂબ આભાર માનું છું,'.

બ્રાહ્મણી કઇ પરિસ્થિતિમાં હતી ? ને એને મુનિ મળ્યા તો મુનિ પાસેથી શી અપેક્ષા રાખી ? ને શું માગ્યું ? એ કાળ ઉંચો ? કે આ કાળ ઊંચો ? આજે કેટલાક શ્રાવકના દીકરા ભીખ માગતા દેખાય છે ! ખૂબી પાછી એ કે ભીખ માગીને મળ્યા પછી પણ ધર્મ ધંધો નથી સૂઝતો ! બાકી.

**ધર્મ પામ્યાની કસોટી છે કે આપત્તિમાં શું સૂઝે છે ? માત્ર આપત્તિ ટાળવાનું ? કે ધર્મ વધારવાનું ?**

મુનિનેય બિમારી તો આવે, અને એના ઉપચાર પણ કરે કિન્તુ બિમારી શાન્ત થવામાં લક્ષ ક્યાં ?

(૧) મારો ભૂલાઇ જતો સ્વાધ્યાય જ્ઞાનસંપત્તિ તાજી થઇ જાય.

(૨) બીજાને મારું શાસ્ત્રજ્ઞાન આપું તો શાસ્ત્રજ્ઞાન એટલે કે શાશનની પરંપરા આગળ ચાલે.

(૩) મુનિઓની મહા કિંમતી વૈયાવચ્ચ બરાબર કરી શકું.

(૪) ચિત્તની અસમાધિ ટળે એટલે ચારિત્રના યોગો સારી રીતે સાધી શકું.

આવા લક્ષ્યથી દવા ઉપચાર કરતાં મુનિને આર્તધ્યાન નથી. નહિતર જો આ લક્ષ્ય ન હોય ને ? ને મનમાં એમ આવ્યા કરે કે 'હાય ! બહુ વેદના ! મારું શરીર બગડ્યું. ક્યા વૈદ્યને શોધું ? કઇ દવા લઉં ? દવાનો સમય થયો ? પથ્ય આવ્યું ?'...આવી આવી ચિંતામાં તો નકરું આર્તધ્યાન જ લાગે. 'ધ્યાન શતક' શાસ્ત્રમાં મુનિને વેદનાનુબંધી આર્તધ્યાન કેમ નહિ, એ પ્રશ્નના સમાધાન માટે આ બતાવ્યું છે કે બિમારીમાં પડેલા મુનિને આગળ કહ્યા તે પૈકી કોઇને કોઇ લક્ષ્ય હોય છે તેથી વેદના ટાળવા ઔષધો પસાર કરવા છતાં એમને આર્તધ્યાન નહિ.





જૈન ધર્મ પામ્યાની અહીં કસોટી છે કે રોગમાં આપત્તિમાં શું સૂઝે છે ? માત્ર એ ટાળવાનું સૂઝે છે ? કે મુખ્યપણે ધર્મ સૂઝે છે ? ધર્મ સૂઝતો હોય તો ધર્મ પામ્યા ગણાઇએ. માત્ર આપત્તિ ટાળવાનું સૂઝતું હોય તો હૈયે ધર્મ ક્યાં ?

**આપત્તિમાં મુખ્ય પણે ધર્મ સૂઝતો હોય એ અંતરમાં જૈન ધર્મ ફરસ્યાનું લક્ષણ છે.**

બિમારીમાં સાજા થવા પાછળ એવો કોઇ ધર્મનો ઉદ્દેશ ન હોય અને માત્ર શરીર ડાકટર દવા પથ્ય અને નીરોગીતાનું જ ધ્યાન રહેતું હોય તો અંતરમાં ધર્મ ક્યાં સ્પર્શો ? એમ ગરીબીમાં માત્ર પૈસા રોટલા અને પેટનો ખાડો પૂરવાની જ લેશ્યા રહેતી હોય તો હૈયે ધર્મ-સ્પર્શના ક્યાં રહી ?

એટલા માટે તો શ્રાવકને 'જય વીયરાય' સૂત્રમાં 'ઇટ્ઠફલ સિદ્ધિ' બોલતા આ ભાવવાનું કહ્યું કે 'દેવદરશનાદિ કાર્ય સમાધિપૂર્વક થાય. એ માટે આજીવિકાદિની અનુકૂળતા થાઓ.' આમાં લક્ષ્ય શું રાખ્યું ? દેવદર્શનાદિ ધર્મની સમાધિપૂર્વક સાધના.

એટલે હવે સમજાશે કે શ્રાવક પણ બિમારીની વેદના ટળે એવું ઇચ્છે, પરંતુ શા માટે ? તગડો થઇને સંસારનાં કામો સારી રીતે કરી શકું એટલા માટે નહિ, કિન્તુ ચિત્તની સમાધિપૂર્વક ધર્મ સાધના થાય એ માટે. એમ તો બિમારીનાં કારણે સંસારિક આરંભ-સમારંભ-પરિગ્રહાદિનાં કાર્ય અટકતા હોય તો તો એ બિમારી તો શ્રાવકને આશીર્વાદ રૂપ થઇ ગણાય કે જે પાપનાં કાર્ય અટકાવે છે ! શું શ્રાવક પાપનાં કાર્યો અટકે એને શ્રાપરૂપ માને ? અને પાપ કાર્યો સારી રીતે થતા રહે એને આશીર્વાદ લેખે ? એવું તો અધર્મીય માને છે કે 'પાપકાર્ય અટક્યા ? ભૂંડું થયું. પાપ સારી રીતે થાય છે ? સારું થયું.' ધર્મહીન માણસ આવું માને એની જેમ ધર્મી માણસ પણ આવું જ માને ? ના,

**ધર્મી જીવ આ માનનારો હોય કે, 'પાપ કાર્ય અટક્યાં, સારું થયું. પાપકાર્ય સારી રીતે ચાલે છે, ભૂંડું છે.'**

પ્ર.-તો પછી પાપકાર્ય અટકાવનારી બિમારી શ્રાવક કેમ હટાવવા ઇચ્છે છે ?

ઉ.-કહો શ્રાવક પરલોક-પ્રધાન જીવન જીવનારો હોય. પરલોક સુધરે એ પહેલું જોનારો હોય. પરલોક ધર્મથી સુધરે, તેથી ધર્મને મુખ્ય કરનારો હોય.

એટલે જ શ્રાવકને બિમારીમાં સમાધિપૂર્વક દેવભક્તિ આદિ ધર્મસાધના નથી થઇ શકતી એનું જ મુખ્ય દુઃખ હોય, તેથી સમજે છે કે 'આરોગ્ય હોય તો

ધર્મ-સાધના સારી રીતે થઇ શકે.' એટલા માટે એ બિમારી હટાવવા ઇચ્છે છે.

બસ, બિમારીમાં ધર્મી અધર્મી બંને નીરોગી થવા ઇચ્છે, પણ બંનેમાં આ ફરક છે-ધર્મીમાં વિવેક છે, તત્ત્વ-દ્રષ્ટિ તત્ત્વ-બુદ્ધિ છે.

આ વિવેક છે-પાપ કાર્યો અટકે એ તો સારું, પરંતુ જીવન-નિર્વાહ સાથે એ કાર્યો સંકળાયેલા હોઇ એ અટકતાં જીવન-નિર્વાહને હાની પહોંચવાથી ચિત્તમાં સમાધિ રહેતી નથી એ ખોટું છે, તેમજ સમાધિ પૂર્વકના ધર્મકાર્ય અટકી જાય છે એ પણ ખોટું છે. તેથી બિમારી કે આપત્તિ ટળે એ માટે યોગ્ય પ્રયત્ન કરું.

તત્ત્વ-દ્રષ્ટિ આ, કે માનવજીવનમાંથી સાર ખેંચવાનો હોય તો તે ધર્મ જ છે. ધર્મ જ સારભૂત છે, દુનિયાદારી નહિ. દુનિયાદારી તો આખું જગત ચલાવે છે, ઢેડભંગી ને અનાર્યોય ચલાવે છે. એ જો સારભૂત હોત તો તો આખું જગત એ સાર પકડીને ભવપાર કરી ગયું હોત. માટે એ સાર નહિ, સારભૂત તો ધર્મ જ છે એટલે હવે બિમારી જાય એમ ઇચ્છું તે આ સારભૂત ધર્મને સાધવા માટે. આનું નામ તત્ત્વબુદ્ધિ, તત્ત્વદ્રષ્ટિ. 'બિમારી જાય તો દુનિયાદારી બરાબર ચાલે' એ બુદ્ધિ અતત્ત્વની છે, અતત્ત્વ દ્રષ્ટિ છે.

કેવળજ્ઞાની મહર્ષિ વાસુદેવ અનંતવીર્યને પરણી લેવા તલસતી કનકશ્રી રાજકુમારીને કહી રહ્યા છે કે 'તું પૂર્વ ભવે નિર્ધન બ્રાહ્મણી મુનિને પ્રાર્થના કરે છે.'

'ભગવન ! પૂર્વ જનમમાં ધર્મ નથી કર્યો એટલે અહીં કાળી ગરીબી ભોગવી રહી છું. હવે અહીં પણ ધર્મ ન કરું તો આગળ પર તો મારી કેવી ય દુર્દશા થાય ? ધર્મ કરવા માટે મારી પાસે એકે પૈસો ય ખરચવાના સંજોગ નથી તો મને બીજો કોઇ ધર્મ બતાવો, જેથી મારો પરલોક ન બગડે.'

એનો વિવેક જુઓ, ધર્મ કરીને અહીં એના ફળમાં ગરીબી નથી હટાવવી, અર્થાત્ ધર્મ કરીને અહીં પૈસા નથી મેળવવા, પરંતુ ધર્મથી પરલોક સુધારવો છે એટલે કે પરભવ ધર્મવાળો બનાવવો છે. અહીં ધર્મ નથી થઇ શકતો એનું એને દુઃખ છે. એ દુઃખ ભવાંતરે ન રહે ક્યારે ? પરભવે ધર્મ મળે તો દુઃખ ન કરવું પડે.

**આ વિવેક છે, આ તત્ત્વબુદ્ધિ છે, કે અહીં એવો ધર્મ કરું કે પરલોકે સારો ધર્મ કરવાનું મળે.**

મુનિ મહારાજ બ્રાહ્મણીને ધર્મ ચક્રવાલ તપ કરવાનું કહે છે સાથે જીવદયા, જિનભક્તિ, સાધુ સેવા, સત્સંગ વગેરે પણ અવશ્ય રાખવાનું ફરમાવે છે.

બ્રાહ્મણી ખુશી થઇ, ગુરુનો ઉપકાર માને છે, ને ઘેર જઇ તપ શરૂ કરી દે છે.





બહુ શ્રદ્ધાથી તપ શરૂ કર્યો છે એટલે પહેલા પારણાની આગલી રાતે જ એને સ્વપ્ન આવે છે, અને સ્વપ્નમાં સુંદર ખીરનું કરે છે પ્રભાતે જિનમંદિરે જઇ પ્રભુની આગળ સ્વપ્ન કહે છે ને સારાં ફળની માગણી કરે છે.

આ સ્વપ્નનું સારું ફળ શું ? પારણે ખીર ખાવા મળે એ ? જોજો ભૂલા પડતા, કારણ કે એટલું જ ફળ માન્યા પછી, નથી ને કદાચ પારણે ખીર ન મળી તો ઝટ મનને દુઃખ થશે કે 'હાય સ્વપ્ન નકામું ગયું.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

માટે સારું સ્વપ્ન આવે તો એનું તુચ્છ ફળ માનશો નહિ. બે પૈસા કમાવાના મળે કે સારાં ખાનપાન મળે, એ તુચ્છ ફળ છે. તુચ્છ કેમ ? આટલા જ માટે કે-

**પૈસા ખાનપાન મળવા છતાં ત્યાં લખલુટ જાલિમ કર્મોના ભાર માથે રહેતા હોય, રોગ-અકસ્માત્-મોતની તલવારો માથે લટકતી હોય, તો એ પૈસા, એ ખાનપાન, શું તુચ્છ ફળ ન કહેવાય ?**

એમ પૂછવાનું મન થશે.

પ્ર.-તો પછી ઉદાર ફળ શું ?

ઉ.-ઉદાર ફળ ધર્મ.

પ્ર.-તો શું ધર્મ મળ્યા પછી માથે જાલિમ કર્મોના ભાર લદાયેલા ઊભા નથી રહેતા ? શું રોગ-અકસ્માત્-મોતની તલવારો લટકતી નથી રહેતી ?

ઉ.-સમજ્યા નથી, ઉદાર ફળ ધર્મને કહ્યું એમાં ધર્મ એટલે શું સમજ્યા ? ધર્મમાં સારું સારું ઘણું મળવાનું આવે, દા.ત. સદ્બુદ્ધિ, શુભ ભાવના, સમાધિ, વિવિધ તપ, જપ, દયા, દાન, વ્રત, નિયમ, ઉદારતા, સંયમ, સહિષ્ણુતા વગેરે સદ્ગુણો...આવું બધું ઘણું ધર્મ ફળમાં સમાય. ધર્મ મળતાં એ બધું મળે.

**રોગ આપત્તિ એ તો કર્મ નિકાલનાં સાધન છે**

ત્યારે હવે જુઓ કે ધર્મ તરીકે જો સદ્બુદ્ધિ અને શુભભાવના મળી, તો તો પછી સમજે છે કે જિનશાસન આરાધવા મળ્યું છે પછી કર્મોના ભારનો ભય નથી, એ ભાર ક્રમસર ઉતરતા જ જવાના છે. ત્યારે રોગ-અકસ્માત્ વગેરે તો, એવાં જાલિમ કર્મ હોય તો જ, આવે ને વળી એ કર્મ એમ ભોગવાઇને નષ્ટ જ થવાના છે. એટલે રોગ, અકસ્માત્ વગેરે તો એવાં કર્મોના નિકાલમાં સહાયક રહેવાના, પછી એનો સંતાપ શો ? તેમજ સદ્બુદ્ધિ-શુભ ભાવના આ પણ શીખવે છે કે મોતની

લટકતી તલવારની ચિંતા નહિ, જનમ પાછળ મોત તો સ્વાભાવિક વસ્તુ છે.

**વળી મૃત્યુ એ તો સારી જગાએ મૂકવાની ટ્રાન્સફર-વિધિ છે.**

આવી આવી સદ્‌બુદ્ધિ હોય, શુભ ભાવના હોય, ત્યાં કર્મો રોગ, આપત્તિ. મૃત્યુ વગેરે શા એવા ભાવરૂપ ગણાય કે એની ચિંતા સંતાપ રહે ? ધર્મમાં આવી સદ્‌બુદ્ધિ શુભભાવના વગેરે મળે છે, માટે ધર્મ એ ઉદાર ફળ છે. જ્યારે પૈસા ટકા ખાનપાન એ તુચ્છ ફળ છે.

પેલી ગરીબ બ્રાહ્મણી સ્વપ્નનું તુચ્છ ફળ નથી વિચારતી કે 'ખીરના પારણાનું સ્વપ્ન આવ્યું છે તો એ ખીર અપાવવામાં ફળશે', પછી ખરેખર એવું પારણું ન મળ્યું એની એને કોઇ ચિંતા નથી.

પરંતુ સ્વપ્નનું ફળ એ આવ્યું કે એને મોટા અને ઊંચા શ્રીમંત ઘરમાં કામકાજ કરવાનું મળ્યું, ને એના મહેનતાણાની સારી રકમ મળવા લાગી. તપસ્યા ચાલુ છે ને મજૂરીનાં કામકાજ પણ કરતી રહે છે, એનું મહેનતાણું સારું મળતું રહે છે.

ત્યારે જાણો છો બ્રાહ્મણીનું હવે દિલ ? મહેનતાણાની રકમનું એ શું કરે છે ? એક બાજુ ઉપવાસો ચાલ્યા છે એટલે ખાવાનો ખરચ બચતો ગયો છે, ત્યારે બીજી બાજું મહેનતાણાની રકમ સારી મલતી રહી છે. પરંતુ એ પૈસાનો સંગ્રહ નથી કરતી કે મોજ શોખમાં નથી ઉડાવતી, કિન્તુ જિનભક્તિમાં ખરચે છે. સારાં સારાં દ્રવ્યોથી પ્રભુની પૂજા કરે છે અવસરોચિત સાધુભક્તિ પણ યથાશક્તિ કરે છે. સાધર્મિક-ભક્તિ ને અનુકંપા પણ શક્તિ અનુસાર કરતી રહે છે.

શું આમ કરવામાં ગરીબ બ્રાહ્મણીને આનંદ વધારે ? કે આવું ન કરનાર અને પૈસાનો સંગ્રહ કરી રાખનારને આનંદ વધારે ?

આનો સાચો જવાબ બ્રાહ્મણીની જેમ સ્વયં આચરણ કર્યા વિના નહિ આપી શકો, એ આનંદ સમજી પણ નહિ શકો.

**ખાવા કરતાં તપમાં કેવોક અનેરો આનંદ છે એ ખાવકલો માણસ શું સમજી શકે ?**

**ક્રોધ કરવા કરતાં ક્ષમા-સમતા રાખવામાં કેવોક અદ્‌ભુત આનંદ છે એ ક્રોધના ટેવાયેલા શું જાણી શકે ?**

આવું બધે સમજવાનું છે,

**સંગ્રહ કરતાં દાનનો આનંદ કેઇગુણો ચડિયાતો.**





વૈર વિરોધ કરતાં મૈત્રી વાત્સલ્યનો આનંદ અનેરો.

અક્કડતા ને અતડાપણા કરતાં મળતાવડાપણાનો આનંદ અદ્‌ભુત અલબત દુર્જનની સાથે મળતાવડાપણું નહિ. એનાથી તો અતડા ને અલિપ્ત જ રહેવું પડે.

વિષયસેવન કરતાં બ્રહ્મચર્યનો આનંદ અતિ અદ્‌ભુત.

ઇષ્ટ અનિષ્ટમાં રતિ-અરતિ કરતાં ઉદાસીન ભાવનો આનંદ અસીમ અમર્યાદિત.

જાતે સેવા લઇએ કે હરામ હાડકા કરીએ એના કરતાં બીજાની સેવા કરીએ એનો આનંદ પારાવાર.

ખાવા કરતાં ખવરાવ્યાનો આનંદ અતિશય.

જાતે યશ લેવા કરતાં ભગવાનને, ગુરુને અને વડિલને યશ અપાવીએ એનો આનંદ ગજબનો !

સારાંશ, દુર્ગુણ-દુષ્કૃત-સ્વાર્થ માયાના આનંદ તુચ્છ, એના કરતાં સદ્‌ગુણ-સુકૃત-પરાર્થકરણના આનંદની અવધિ નહિ. પરંતુ આ જાત અનુભવ કરે તો જ ખરેખરો સમજાય. એકલું ખાઇ જ જાણનારાને શી ગમ પડે કે ખવરાવવામાં કેવોક આનંદ છે ? વિષયના લંપટ પામર જીવને 'બ્રહ્મચર્યમાં કેટલી બધી મનની શાંતિ આનંદ અને પ્રસન્નતા છે' એની શી કલ્પના જ આવી શકે ? એ તો બિચારો સમજતો હોય છે કે બ્રહ્મચર્યમાં શોષાઇ જવાનું થાય ! હરામ હાડકાવાળો સમજતો હોય છે કે 'મારે આમાં આનંદ છે, ને સેવાનાં કષ્ટ ઉપાડનારો બિચારો દુઃખ ભોગવે છે !' એને સેવાના અદ્‌ભુત આનંદની ગંધ જ નથી.

પરંતુ જીવનમાં આપણા ક્રોધાદિ દોષને મન મારીને ય દબાવી ક્ષમા-પ્રેમ આદિના અનુભવ વારંવાર કરવા જેવા છે, તો એ સદ્‌ગુણ-સુકૃતના અભ્યાસ પણ થાય અને એના અનેરા આનંદનો અનુભવ જોવા મળે.

**તપ-જપ દીપાવવા સાથે શું જોઇએ ?**

પેલી બ્રાહ્મણીને તપ આદર્યા પછી મજૂરી મહેનતાણું સારું મળતું જાય છે, એ રકમ ભેગી ન કરી રાખતાં જિનભક્તિ આદિમાં ખરચી દે છે, ને એમ કરીને અતિશય આનંદ અનુભવે છે, તેમજ પોતાના તપને દીપાવી રહી છે. શું ?

(૧) કોરા તપ કરતાં પ્રભુભક્તિમાં ભોગ આપવા સાથેનો તપ દીપે.

(૨) કોરા નવકાર જાપ કરતાં મૈત્રી, કરૂણા, વિનયભાવ, સદાચાર, ને

સાધર્મિક પ્રેમ આદિ સદ્‌ગુણો સાથેનો નવકાર જાપ દીપે.

(૩) કોરી તીર્થયાત્રા કરતાં ઉપવાસ સાથેની યાત્રા સુશોભિત બને.

(૪) કોરા સંયમપાલન કરતાં તપસાધના સાથેનું સંયમપાલન અલંકૃત બને, દીપે. માટે તો શાલિભદ્ર મુનિ, ધન્નો અણગાર વગેરે મહા મુનિઓ પંકાઇ ગયા. એમની સંયમ સાધના કઠોર તપસ્યાથી દીપતી હતી, આ હિસાબ છે.

ધર્મની સાધના સદ્‌ગુણોના પરિવારવાળી હોય તો એ દેદીપ્યમાન બને.

બ્રાહ્મણીની તપસ્યા જિનભક્તિ આદિ સદ્‌ગુણોથી દીપતી હતી તેવી એના નૂર ફરી ગયા હતા, એનું ભવ્ય પરિણામ આગળ દેખાશે. આજે કેટલાય માણસો 'અમે દર્શન પૂજા કરીએ છીએ' કરીને સંતોષ માને છે, છતાં એમના આત્માના દેદાર ફરતા દેખાતા નથી. કારણ કાંઇ ? આ જ, કે એની સાથે સદ્‌ગુણોનો પરિવાર નથી વીતરાગનાં દર્શનનો મહાન ધર્મ કરવા છતાં તુચ્છ બાબતથી સગા ભાઇ સાથે લડવા જોઇએ છે ! અબોલા રાખવા ગમે છે ! નિન્દા-ઇર્ષ્યા-અભિમાનનું પૂતળું બનવા જોઇએ છે ! આમાં દેદાર શે ફરે ?

**ધર્મ સાધવા સાથે સદ્‌ગુણોનો ખપ કર્યા વિના આત્માના દેદાર ન ફરે.**

**આત્માના દેદાર ફર્યા વિના ભવના ફેરા ન કપાય.**

પ્રદેશી રાજા નાસ્તિક હતો ત્યાં સુધી હતો. પણ ગુરુ કેશીગણધર મળ્યા, એમનાથી નાસ્તિકતા ગઇ, ધર્મનો બોધ પામ્યો, ને એણે આત્મામાં એવા ગુણ પ્રગટ કર્યા કે એ ગુણોના પરિવાર સાથે ધર્મ સાધન કરતો રહ્યો તો એના દેદાર રહી ગયા, સમકિત સાથે શ્રાવકના વ્રત લઇને ઘરે આવ્યો ત્યારે મોહને બદલે તત્ત્વ દ્રષ્ટિ, ક્ષુદ્રતા ને બદલે ગંભીરતા, કંચન-કામિનીના રાગને બદલે વીતરાગ વીતરાગના ધર્મનો રાગ વગેરે ગુણો લઇને આવ્યો એણે દેદાર એવા ફેરવ્યા કે રાણી સૂર્યકાન્તા વર્તી ગઇ કે 'આ હવે પહેલાનો પતિ નહિ. આનાથી હવે મને ઉદ્‌ભટ અને યથેચ્છ રંગવિલાસ ન મળે.' આત્માના દેદાર ફરે એ સામાને જણાઇ જાય.

છોકરી પરણી નહોતી ત્યાં સુધી તે કહેતી હતી વિધવા માતાને કે 'મા ! તું, મને બહુ ગમે મારે તો તું જ છે,' એ પરણી ગયા પછી પતિ બહુ ગમી ગયો હવે આવીને માતાને ભલેને કહે 'મા ! તું મને બહુ ગમે. મારે તો તું જ છે', પરંતુ એના ફરી ગયેલા દેદાર માતાને જણાયા વિના રહે ? બે દહાડા રહીને કહેશે 'મા ! હવે ઘરે જાઉં. એમને મારા વિના ગમતું નથી.' શું આ પરથી એના દેદાર ફરેલા ન





વર્તાય ?

**ધર્મ સાધીએ ને આત્માના દેદાર ન ફરે ?**

પણ કેમ દેદાર નથી ફરતા ? કહો, ધર્મ સધાય છે પરંતુ સાથે જરૂરી જે ગુણ-પરિવાર તે વિનાનો ધર્મ સધાય છે. વીતરાગ ભગવાનનાં દર્શન-પૂજન કરવાં છે, પરંતુ કૃપણતા સાથે ! પ્રભુ પર પ્રેમ કરતાં પૈસા પર વધુ પ્રેમ સાથે, એ અવગુણ છે.

**ગુણ પરિવારનું દેવાળું કેવું ?**

સાંસારિક બાબતોમાં ઢગલો ખરચ કરી નખાય છે, પ્રભુ-પૂજામાં ખરચ પાલવતો નથી. કેવી રાંકડી દશા છે ? કહે છે, શેઠિયાઓને છોકરાની વાર તહેવારમાં ખુશાલીનો ખર્ચ સેંકડો રૂપિયાનો કરવા જોઇએ છે, દિવાળીમાં એક દારુખાનાનો ખર્ચ હજાર રૂપિયાનો ! પણ એમની પ્રભુ-પૂજાનો ખર્ચ ? સાધર્મિક ઉદ્ધારનો ખર્ચ ? કદાચ એક ખુશાલીના ખર્ચ જેટલોય ખર્ચ નહિ ! આત્માના દેદાર શે ફરે ? તો એ ફેરવ્યા વિના ભવના ફેરા ટૂંકાય ક્યાં થવાના હતા ?

**શાસન પામ્યા છતાં એ કેમ હૈયે નથી વસતું ?**

જિનશાસન પામ્યા છતાં આત્માના દેદાર ન ફેરવીએ તો શાસન હૈયે નથી વસતું. જિનશાસન પામ્યા ખરા, પરંતુ હૈયે ન વસાવ્યું તો ગમારિતા છે, મૂઢતા છે, કેમ હૈયે નથી વસતું ? કહો, હૈયે ધન-માલ-પરિવાર સજ્જડ બેસી ગયા છે માટે વ્યવહારમાં જુઓ, જવાનિઓ પરણે છે ને એના દેદાર ફરી જાય છે એનાં હૈયે માતાપિતાનું હવે એવું સ્થાન નહિ જેવું પત્નિનું ! હૈયે હવે પત્ની મુખ્યપણે વસી જાય છે. પછી માતાપિતા વગેરે સાથેના વ્યવહારના ઢંગ ફરી જાય છે. આર્ય સંસ્કૃતિ ભૂલે એની આ વાત છે. બાકી તો જુઓ રામચંદ્રજી એ કાળની અવ્વલ રાજકન્યા સીતાને પરણી લાવ્યા પછી પણ એમના હૈયે માતાપિતાનું સ્થાન ઉચ્ચ કોટિનું હતું ! આજે પણ એવા આર્યસંસ્કૃતિને જીવનમાં જીવનારા સુપુત્રો દેખાય છે, જેમના પરણ્યા પછી પણ માતા-પિતા પ્રત્યેના વ્યવહારના ઢંગ ફરી ન જતાં એવા જ વિનય-મર્યાદા અને સત્કારભર્યા ચાલે છે.

પરંતુ આજે તો ઘણાય પરણેલા દીકરાના માતા-પિતા પ્રત્યેના વ્યવહારના ઢંગ બદલાઇ ગયા છે. કેમ ? પરણ્યા એટલે પછી દેદાર જ ફરી ગયા હૈયે હવે મુખ્ય સ્થાન માતાને બદલે પત્નીનું જમાવી દીધું. દેદાર ફરી જવાનો આ દાખલો માત્ર છે.

એ રીતે જિનશાસન પામ્યા સમજ્યા પછી આત્માના દેદાર ન ફરે.

**હૈયે જે મુખ્ય સ્થાન પહેલાં સંસારનું હતું એ મુખ્ય સ્થાન હવે શાસનનું ન જમાવે, તો શાસન પામ્યો શું ? શાસન સમજ્યો શું !**

જૈન શાસન સમજાયું પછી હૈયામાં શું પૈસાટકા, પત્ની-પરિવાર, પ્રતિષ્ઠા, માન-સન્માન વગેરે પ્રત્યે એટલો જ પ્રેમ-શ્રદ્ધા-આદર ને બહુમૂલ્યતા ઊભા રહે ? કે એ પ્રેમ-શ્રદ્ધા વગેરે ઓછા થઇ જાય ને એના બદલે દાન-સુકૃત-પરોપકાર દેવભક્તિ-સાધુભક્તિ, ત્યાગ, શીલ-વ્રત-નિયમ, તપસ્યા વગેરે અવ્વલ ઊભા રહે ? આત્માના દેદાર બદલાયાનો આ સવાલ છે, વાત આ છે,

**જિનશાસન હૈયે વસ્યું, સમજાયું એનું નામ કે હૈયે હવે સંસારને બદલે શાસન મુખ્ય સ્થાન પામે.**

જિનશાસન સમજાય એટલે આત્માનું દિલ બદલાઇ જાય, અને દિલ બદલાય તો આત્માના દેદાર ફરી જાય.

પેલી કનકશ્રી પૂર્વ ભવે ગરીબ બ્રાહ્મણીને જિનશાસન સમજાયું છે, એટલે એનું હવે દિલ બદલાઇ ગયું છે. પહેલાં મજૂરી અને રોટલો એને જીવન સમજતી હતી તે હવે ધર્મઆરાધનાને જ સાચું જીવન સમજે છે, ને મજૂરી રોટલા ને તો ધર્મારાધનાને ટકાવનાર સાધનમાત્ર તરીકે, જુએ છે. શું ?

**'ધંધો ખાનપાન એ જીવન નહિ, પણ ધર્મ સાધના એ જીવન.'**

**આ જોવાની દ્રષ્ટિ ફરી એ દિલ ફર્યાનું લક્ષણ છે.**

ધંધો, અર્થકમાઇ, એ જીવન, 'ધંધો મુખ્ય, ને ધર્મગૌણ, ધર્મ તો એ ધંધો સારો ચલાવવા એક સાધનમાત્ર' આ સંસાર રસિયાની દ્રષ્ટિ છે, દિલ છે એટલે જ એનાં દેદાર એવા કે (૧) ત્યાં ધંધો ગુમાવીને ધર્મ નહિ કરે, પણ ધર્મ ગુમાવીનેય ધંધો સાચવશે. (૨) ધંધામાં પૂરી હોંશ અને તન્મયતાથી જોડાયો રહેશે, ત્યારે ધર્મમાં માંદલાની જેમ કરશે, ને ચંચળ રખડતા ચિત્તે કરશે. ફરિયાદ કેમ છે-

પ્ર.-ધર્મ કરીએ છીએ પણ દિલ એમાં ચોંટતું કેમ નથી ? કેમ રખડતું અસ્થિર રહે છે ?

ઉ.-કારણ આ જ, કે દિલ સંસાર-રસિયું છે. સંસારને મુખ્ય કરનારું છે. જીવને જેનો રસ એમાં એને હોંશ ને સ્થિરતા, સસારનો રસ સંસારની બાબતોનો





રસ, એટલે ધંધામાં હોંશ અને સ્થિરતા તન્મયતા, ધર્મ તો એને ન છૂટકે કરવાની વસ્તુ લાગે છે. તેથી એમાં માંદલા-કલાસ, તે જાણે પરાણે કરવો પડતો હોય એટલે એમાં તન્મયતા ન મળે. ધર્મ હોંશ વિના કરાય તે ન છૂટકે કરવો પડે છે માટે કરે છે. તેથી હોંશની વસ્તુ ધર્મ એ ધંધા સાચવવા ધર્મ ગુમાવવો પડે એની કોઇ અફસોસી સંતાપ નહિ, આ સંસાર-રસના દેદાર છે.

મોક્ષનો રસ હોય એને ધર્મ એ જીવન સમજે છે. તેથી જીવનમાં ધર્મને જ મુખ્ય કરે છે દુનિયાદારીને ગૌણ કરે છે, દુનિયાદારીને જીવન જ સમજતો નથી. એ તો ધર્મને ટકાવી રાખવા ધર્મ શાંતિ સમાધિથી કરવા ધંધા વગેરેને એક સાધનમાત્ર ગણે છે. તેથી એ ધંધા વગેરેમાં ધર્મ જેવી હોંશ ને તન્મયતા નહિ, હોંશ તન્મયતા ધર્મ-આરાધનામાં.

**મોક્ષ રસિયાને ધર્મ ન છુટકે કરવાની વસ્તુ નહિ, પણ દુનિયાદારીએ ન છૂટકે કરવાની વસ્તુ લાગે છે.**

કેમ બજારે ચાલ્યા ? ધર્મ રસિયો કહેશે, 'ભાઇ ! શાંતિથી ધર્મ કરવા માટે ન છૂટકે પેટિયા માટે બજારે જવું પડે છે.

સંસાર રસિયાને પૂછો 'કેમ બજારે ચાલ્યા ?' તો એ કહશે 'બજારે ચાલ્યા શું પૂછો છો ? શું એદીની જેમ ઘરે બેસી રહીએ ? બજારે જઇએ તો ઉદ્યમી સમજુ ગણાઇએ, પ્રતિષ્ઠા જળવાઇ રહે, પૈસા મળે, એનાથી વટબંધ જીવાય, માથું ઊંચું રાખીને રહેવાય, વસુ વિનાનો નર પશુ, પૈસા ન હોય તો લોક પશુ જેવો ગણે. વળી પૈસા હોય તો અમન ચમન ઉડાવાય.'' સંસાર રસિયા પાસે આવા બધા હિસાબ-લેખાં છે.

છે આમાં ક્યાંય ધર્મનું નામ ? બજારે જવાની કેટલી બધી હોંશ છે ? ને તે એદીપણાની બેઆબરુથી બચી ઉદ્યમી તરીકેની પ્રતિષ્ઠા જાળવવા, પૈસા કમાવવા, પૈસા કમાઇ વટબંધ રહેવા. ને અમન ચમન ઉડાવવા આ જ દ્રષ્ટિ સંસાર રસિયાની. એને પૂછો 'તો ધર્મ કેમ કરો છો ?'

તો એ સંસાર રસિયો કહેશે,-'ધર્મ તો ન છૂટકે કરવો પડે, નહિતર ધર્મી સમાજમાં સ્થાન ન મળે. લોક નિંદા કરે 'જોયા આ ધર્મહીન ?' વળી ધર્મ કરીએ તો પરભવે રોટલો પામીએ, સારી ગતિ પામીએ તો દુર્ગતિનાં દુઃખ ન જોવા પડે ! છે આમાં ક્યાંય એ વિચાર કે

**અહીં ધર્મ ન કરીએ તો ભવાંતરે ધર્મ ન મળે, દુર્ગતિનાં પાપિષ્ઠ જીવન મળે.**

એવા જીવનમાં પાપ પાપ ને પાપ જ આચરવાનું મળે. વિચારમાં પાપ, વાણીમાં પાપ, ને વર્તાવ-આચરણમાં પાપ. ધર્મહીન અનાર્યો કે પશુ પંખીની આ દશા છે સવારે ઊઠ્યા ત્યારથી રાતે જપે ત્યાં સુધીમાં વિચારણા પાપની, બોલ પાપના, ને આચરણ પણ પાપનાં ! અહીં ધર્મ ન કરીએ તો પરભવે ધર્મ નહિ, ને પાપિષ્ઠ જીવન, એનું પરિણામ દુર્ગતિની પરંપરામાં ફેકાઇ જવાનું થાય. ત્યાં ધર્મ શાનો ? ધર્મ નહિ, તો ભવનાં ફેરામાંથી છુટવાની વાતેય શી ?'

સંસાર રસિયાને આ કોઇ વિચાર નહિ, એને તો ધર્મ કરીને પણ પરભવે રોટલાનો વિચાર, એટલે ધર્મ ન છૂટકાનો કરવાની વસ્તુ ! ધર્મ ઓછામાં ઓછો કરવાની વાત ! મનને પતાવી લે છે કે 'દેવદર્શન પૂજા કરીએ એટલે ધર્મ થઇ ગયો, ને એનાથી પરભવે સદ્ગતિ અને રોટલાનું સુખ મળી જવાનું'.

એમાં એય નહિ માને કે 'દર્શન-પૂજામાં આપણું દ્રવ્ય ખરચવું જોઇએ. એ તો માને છે કે પ્રભુને કોઇ ભેટણું ધર્યા વિના હાથ જોડી આવીએ એટલે દર્શન થઇ ગયા. પારકા દ્રવ્યોથી પ્રભુને તિલક પ્રભુની પૂજા કરી આવ્યા એટલે પૂજા થઇ ગઇ. જીવનમાં ધંધો ને પૈસા મુખ્ય છે એટલે શું કામ ધર્મ પાછળ પૈસા નાખું' 'પૈસા તોડીને ધર્મ કરીએ તો ધર્મ કર્યો કહેવાય' એવું શું કામ માને ?

મુશ્કેલ કામ છે. જ્યાં સુધી દિલ ન ફરે ત્યાં સુધી દેદાર ન ફરે, જેવી સમજ સંસારની છે, સંસારના ધંધા ધાપા ને દુનિયાદારીની છે, કે 'એ બરાબર ચાલવા જોઇએ. એ ચાલે તો જ આપણી વડાઇ, આપણો વટ, ને આપણા રંગરાગ સલામત' જેવી આ સમજ દુનિયાદારી અંગે છે, એવી સમજ એના બદલે શાસનની ધર્મની થઇ જાય કે-

**ધર્મ કરીએ એજ આપણી વડાઇ છે, એજ આપણા જ્ઞાનીની દ્રષ્ટિએ વટ છે, ને એમાં જ આપણી સલામતી છે,' આ સમજ આવે એ દેદાર ફર્યા.**

**એકલી દુનિયાદારી કરવામાં પૂણ્ય સફાચટ થાય છે, ને પાપની કોઠી ભરાય છે.**

**ધર્મ કરવામાં પુણ્યની ભરતી થાય છે.**





**પુણ્ય સફાચટ કરે એ પુણ્યશાળી નહિ, એ તો અભાગિયો.**

**પુણ્યની ભરતી કરે એ પુણ્યશાળી.**

ધર્મ સારો રાખવા આ હિસાબ હોય. જીવનમાં કેમ જરૂર પડ્યે સગાભાઇ કે માબાપ જોડેય રગડા ઝગડા ને અબોલા કરાય છે ? પોતાની માનેલી દુનિયાદારી સારી રાખવા માટેસ્તો. 'ક્ષમા મૈત્રી-ઉદારતાનો ધર્મ સાચવવામાં જીવનની વડાઇ છે, ને એમાં જ આપણા આત્માની સલામતી છે એ ક્યાં સમજે છે ?' જો આ સમજ જ નહિ, પછી એ ક્ષમા-મૈત્રી-ઉદારતાનું દિલ ક્યાંથી લાવવું ? એ ન લવાય તો અધર્મીના દેદાર ક્યાંથી ફરે ?

શાસનની ને ધર્મની સમજ આવી ગયા પછી તો દિલ ધર્મની મુખ્યતાનું બને, ને દેદાર અધર્મી ફરતાં જુદા બને. એને દુનિયાદારી ન છૂટકે સાચવવાની વસ્તુ લાગે, ને ધર્મ હોંશથી કરવાની વસ્તુ લાગે એટલે વિવાદ રગડો ઝગડો થવાનો પ્રસંગ દેખાય ત્યાં ભલે દુનિયાદારીમાં દુન્યવી ચીજ વસ્તુમાં ખામી પડતી દેખાય પણ એની બહુ પરવા નહિ કરે, કિન્તુ ક્ષમા-મૈત્રી-ઉદારતા ધર્મને હોંશથી કરવાનું દેખશે.

**દિલ જ ધર્મનું એટલે પછી દેદાર આચરણ પણ ક્ષમાદિ ધર્મના રહેવાના.**

**ધર્મી દિલ ધન કમાઇ પર ન ઓવારી જાય, ધર્મ પર ઓવારી જાય**

બ્રાહ્મણી આ કરી રહી છે. જિનશાસન જિનધર્મ સમજી છે, તેથી ધર્મને જીવન સમજે છે, 'જીવનમાં ધર્મ મુખ્ય, ને મજૂરી રોટલો તો એને ટકાવવા પૂરતા ન છૂટકે જ કરવા પડે' એમ સમજે છે, એટલે દિલ ધર્મ પર ઓવારી ગયેલું છે. ધર્મ કરતી થયા પછી મજૂરી સારી મળવા માંડી, પૈસા સારા મળવા લાગ્યા, તો એ મજૂરી ને પૈસાપર ઓવારી જતી નથી, પણ ઊલટું ધર્મ પર ઓવારી જાય છે કે 'અહો ! ધર્મનો કેવો પ્રભાવ !' એમ ધર્મ પ્રત્યે વધુ ને વધુ હોંશવાળું દિલ, ને ધર્મ આરાધનામાં વધુ વધુ તન્મયતા કરતી જાય છે. ક્યાંક ધનવાનના ટોણાં ઠપકા-અભિમાન જોવા મળે તો ત્યાં માત્ર પોતાના કર્મનો વાંક સમજી સામા પર લેશમાત્ર દ્વેષ દુર્ભાવ નહિ, પણ ક્ષમા-મૈત્રી ઉદારતા, રાખે છે ? સમજે છે,-

'જીવનમાંથી શું કમાઇ જવાનું છે ? પોતાના માન સાચવ્યા, ઠસ્સો ને સ્વાભિમાન અહંત્વ સાચવ્યા, પરંતુ એ બધું અહીં પડતું મુકાવવાનું, ને એનાં કુસંસ્કાર અને કારમા પાપ સાથે લઇ ચાલવું પડશે. કમાઇ કરવાની વસ્તુ તો ક્ષમા-

સમતા છે. મૈત્રી-સ્નેહ છે, ઉદારતા-ઉમદાદિલ છે. એના શુભ સંસ્કાર ભવાંતરે આપણને મહાન બનાવે, ને અહીં પણ એ ક્ષમા-મૈત્રી ઉમદા દિલ સાચા સુખી રાખે.

**સાચો સુખી તે જેના દિલમાં દ્વેષ અમૈત્રી દુર્ભાવ વગેરેના સંતાપ ન હોય.**

મહાન આત્માઓ આ સમજતા હોય છે એટલે દુનિયાદારી દુન્યવી વટ-ઠસ્સો-માલમિલકત ન છૂટકાના સમજી આવા અવસરે એને બાજુએ મૂકી એને જતા કરી સાચા સુખનાં સાધનભૂત મૈત્રી-ક્ષમા-ઉદારતાને પકડી રાખે છે. પોતાનું સ્વમાન ગયું તો ગયું, દ્વેષ અમૈત્રી વેરવિરોધ કરી પોતાનું જ હૈયું બગાડવાનું નહિ, મૈત્રી ભાવ-ક્ષમાભાવ પકડી રાખવાના. ઉદાર અને ઉમદા દિલ બન્યું રાખવાનું છોડવાનું નહિ, આ નિર્ધાર હોય છે.

બ્રાહ્મણી જે આવા મૈત્રી-ક્ષમા-ઉમદા દિલના મજબુત પાયા પર ધર્મ આચરી રહી છે. એનું ફળ સમજો છો ? એ પોતાના સંસારને બહુ મર્યાદિત કરી રહી છે, સંસાર કાળને કાપી રહી છે.

જુઓ પેલા મેઘકુમારના જીવ હાથીએ દાવાનળ વખતે પોતે તૈયાર કરેલા માંડલામાં નાના મોટા બધા જીવોને પેસવા ને બેસવા દેવાનું ઉમદા દિલ સાચવ્યું. સર્વજીવ-સ્નેહપરિણામરૂપી મૈત્રી દાખવી, વળી પોતાનો પગ અઢી દિવસ ઊંચો રાખીને પણ નાના સસલા પર દયાનું ઉમદા દિલ રાખ્યું તો સંસારકાળ કેવો કપાઇ ગયો ? ત્રણ ભવમાં જ સંસારકાળ પૂરો ! બ્રાહ્મણીને પણ એ જ થઇ રહ્યું છે. એને તો પછીના ભવે જ સંસારકાળ સમાપ્ત થવાનો છે. કારણ ? ધર્મના પાયામાં મૈત્રી-કરુણા ઉમદાદિલ એણે સદ્ધર બનાવેલ છે, ને એ સંસારકાળ કાપી આપે એમાં નવઇ નથી. બોલો-

**મૈત્રી-ક્ષમા-કરુણા ઉમદા ઉદારદિલ સંસારને સીમિત કરી આપે છે, સંસારકાળને કાપી આપે છે.**

તો હવે જીવનમાં ધર્મનો કેટલો ખપ કરશો ? ને મૈત્રી-ક્ષમા, ઉદાર-ઉમદા દિલનો ખપ કેટલો કરશો ? આ નક્કી કરો એટલે હવે પછી એ પ્રમાણે પ્રયત્નમાં રહેવાય. એ માટે પેલી બ્રાહ્મણીને નજર સામે રાખવાની.